
ગૃહપ્રવેશ
સુરેશ જોષી

# ગૃહપ્રવેશ

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – કથાસાહિત્ય : ટૂંકી વાર્તા

## સુરેશ જોષી

ગૃહપ્રવેશ Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.

# Contents


ગૃહપ્રવેશ vi

સર્જક-પરિચય 1

અર્પણ iii

રમણીય રૂપસૃષ્ટિમાં – ગુલાબદાસ બ્રોકર v

કિંચિત્ xiii

જન્મોત્સવ 34

દ્વિરાગમન 40

અભિસાર 45

વૈશાખ સુદ અગિયારસ 53

પાંચમો દાવ 59

પરાક્રમકાણ્ડ 66

નળદમયન્તી 73

વિચ્છેદ 80

સાત પાતાળ 94
ત્રણ લંગડાની વાર્તા 98
'વારતા કહો ને!' 103
સેતુબન્ધ 109
કાલીયમર્દન 115
રિગર મોટિર્સ 122
પરગજુ વ્રજભૂખણદાસ 127
કાદવ અને કમળ 132
રાત્રિર્ગમિષ્યતિ! 137
વાતાયન 144
ચુમ્બન 148
પ્રિયતમા 152
ગૃહપ્રવેશ 158

# ગૃહપ્રવેશ

## ગૃહપ્રવેશ

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – કથાસાહિત્ય

**સુરેશ હ. જોષી**

સંકલન: શિરીષ પંચાલ

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શક્તિવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ

પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને ‘ક્ષિતિજ’ વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. ‘ગૃહપ્રવેશ’(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. ‘જનાન્તિકે’(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

# અર્પણ

My happiness wears a sad face, sometimes so sad that
I almost mistake it for unhappiness.

'Art has no right to exist if, content to reproduce reality, it uselessly duplicates it. Its mission is to conjure up imaginary worlds. That can be done only if the artist repudiates reality and by this act places himself above it. Being an artist means ceasing to take seriously that very serious person we are when we are not an artist.

– Ortega Y Gasset
[The Dehumanization of art; p.45]

'It is a great handicap and a great necessity to start with the smallest. I want to be as though newborn; knowing nothing absolutely about Europe; ignoring poets and fashions, to be almost primitive. Then I want to do something very modest; to work out by myself a tiny, formal motif, one that my pencil will be able to hold

without any technique. One favourable moment is enough. The little thing is easily and concisely set down. It's already done ! It is a tiny but real affair, and some day, through the repetition of such small but original deeds, there will come one work upon which I can really build.'

– Paul Klee

સદ્‌ગત પ્રિય

સુધાકરભાઈની સ્મૃતિને –

# રમણીય રૂપસૃષ્ટિમાં – ગુલાબદાસ બ્રોકર

અનુભૂતિ જ્યારે નવા નવા આકારો દ્વારા આવિષ્કાર પામે છે ત્યારે હંમેશાં આકર્ષક બની જાય છે. એક ને એક જ નહીં, તો એક ને એક જ ધાટીના આકારો જોવા ટેવાયેલી આંખોને તે કોઈ રમણીય વૈવિધ્ય પૂરું પાડે છે, અને એ વૈવિધ્યની રમણીયતા દ્વારા અનુભૂતિની આગવી ચોંટને પણ તે, ઘણીયે વાર, વધારે ધારદાર, વધારે વેધક અને વધારે સત્ત્વશીલ બનાવી મૂકે છે. ખાસ કરીને જ્યારે આકારોની એકવિધતા બંધિયારપણાની હદ સુધી પહોંચી ગઈ હોય ત્યારે તો, આ નવી રૂપસૃષ્ટિ સવિશેષ કાર્ય કરે છે. એના આગમન દ્વારા બંધિયાર પાણી વહેતાં થાય છે, અને નવી નવી ભૂમિ નીરખવાનો, નવાં નવાં ક્ષેત્રોને પલ્લવિત કરવાનો અને નવી નવી શક્યતાઓ તરફ પ્રસ્થાન કરવાનો બૃહત્ લાભ એ જલને મળે છે. અને એ રીતે ‘હવે આમાં તો કશુંયે જોવા જેવું રહ્યું નથી’ એવી માન્યતા પેદા કરી રહેલાં, અને એમ પોતાનું સાર્થક્ય ખોઈ બેસવા આવેલાં, એ જલ ફરી પાછાં લહેરાતાં જાય છે, અને નવાં નવાં સૌંદર્ય પ્રાપ્ત કરે છે.

શ્રી. સુરેશ જોષીના આ પ્રથમ વાર્તાસંગ્રહ ‘ગૃહપ્રવેશ’ની એકવીસ વાર્તાઓ ઉપર નજર નાખતાં વેંત તેમનાં રૂપરંગ, આકારની નવીનતા પ્રથમ જ ધ્યાન ખેંચી રહે છે; અને તેનું આકર્ષણ ઉપર લખ્યા તેવા વિચારો પ્રેરે છે. આપણે ત્યાં બીબાંઢાળ બની ગયેલા ઘાટોમાં લગભગ સરકી ગયેલી, અને એ રીતે પોતાનું વ્યક્તિત્વ લગભગ ગુમાવવા આવેલી, હમણાં હમણાં લખાતી મોટા ભાગની વાર્તાઓથી પોતાની નવીન શૈલી, નવીન

આયોજનપદ્ધતિ, નવા જ આકાર અને નવીન ઉપમા અલંકાર પ્રતીકાદિથી સ્પષ્ટ રીતે જુદી પડી આવતી આ વાર્તાઓ ટૂંકી વાર્તાના સાહિત્યના રૂપરંગના રસિક અભ્યાસીને જોઈતું આકર્ષણ પૂરું પાડે તેમ છે; અને એ સાહિત્યના અંતરતત્ત્વના મર્મગામી વિવેચકને પણ નિરાશ કરે તેમ નથી. એટલું જ નહીં, પણ ટૂંકી વાર્તામાં જે અનંત શક્યતાઓ સમાયેલી છે તેમાંની થોડીક શક્યતાઓ તરફ એ આપણને બળપૂર્વક દોરી લઈ જાય છે, એ એનું વિશિષ્ટ અર્પણ છે.

નિદર્શનરૂપે આપણે વાર્તા જ જોઈએ. ‘ગૃહપ્રવેશ’ સંગ્રહને એનું નામ અર્પનારી વાર્તા છે. વસ્તુ સાદુંસીધું છે. પ્રફુલ્લ નામનો એક માણસ પોતાના ઘરમાં બે છાયાઓને જુએ છે. એક છાયા એની પત્નીની છે, બીજી.....બીજી.....? અસહ્ય યાતનાથી એ ખ્યાલે એ પીડાઈ મરે છે. કશા ધ્યેય કે કોઈ સ્પષ્ટ ખ્યાલ વિના એ પીડાના ભારે પીડાતો આમ તેમ આંટા મારે છે, એક મિત્રને ઘેર ડોકાય છે, બીજો મિત્ર મળે છે તેની સાથે તેને ઘેર ઊપડે છે, આડીઅવળી અસંબદ્ધ, અને આ સંદર્ભમાં અતિશય છીછરી અને બેહૂદી લાગે એવી વાતો કરે છે... પોતે પોતામાંથી દૂર ઘસડાઈ જવા જાણે ન માગતો હોય! અંતે એ મિત્ર સુહાસની જોડે પોતાના ઘર તરફ જાય છે. પત્ની માયાની, માયાવિની માયાની, છાયા હજી પેલી બીજી છાયા સાથે જ એ ઘરમાં પુરાયેલી છે. ઉમેરાયું છે માત્ર પોતાની તરફ ધસી આવતું માયાનું મુક્ત હાસ્ય. પ્રફુલ્લ હતબુદ્ધિ, હતપ્રભ બહાર ઊભો રહે છે. સુહાસ અંદર જાય છે, પેલી બીજી છાયાને બોચીએથી પકડી ભોંય પર પછાડે છે, ને પ્રફુલ્લ અંદર જાય છે: ‘ગૃહપ્રવેશ’ કરે છે: પણ એ અંદર નથી ગયો, એનો પડછાયો જ અંદર પ્રવેશ્યો છે તેમ તેને લાગે છે.

એટલે વાત તો સાદીસીધી જ છે: વ્યભિચારિણી પત્નીની વિલાસિતાના દ્રષ્ટા બનેલ કમભાગી પતિની યાતનાના નિદર્શનની; પણ જે રીતે એ આખી વાત કહેવાઈ છે તે એટલી બધી નવીન છે કે આપણા ગુજરાતી સાહિત્યમાં તો એ રીતે બીજી એક્કે વાત કદાચ કહેવાઈ નહીં હોય, તેમાં માંડીને વાત કહેવાતી નથી, આગળપાછળની ભૂમિકા અપાતી નથી, એ સ્ત્રી કોણ હશે, એનો પ્રેમી કોણ હશે, કેમ એ બધું થયું, પ્રફુલ્લે એ બધું શી રીતે જોયું, એ કશુંય એમાં આવતું નથી. માત્ર પ્રફુલ્લ એ બે છાયાઓને જોઈને શું શું અનુભવે છે એનું સબળ અને નવીનતાની તાજગી ભરી વાણીમાં કરેલું વર્ણન એમાં આવે

છે. અને એ દ્વારા જ એ વાત પોતાનો આખોય મર્મ ખુલ્લો કરે છે. પોતાની જાતમાંથી મુક્ત થવાનો, સમજેલા શબ્દોને – 'પ્રેમ, ઈર્ષ્યા, ઘૃણા, દયા આદિ શબ્દોને બાઝેલા અધ્યાસપિણ્ડને ખંખેરી' નાખવાનો પ્રફુલ્લનો પ્રયત્ન એ સ્થિતિમાં મુકાયલા માણસની આખીયે યાતના, જે એને પોતાને પણ એક પડછાયા રૂપ જ બનાવી મૂકે એવી યાતના, એના સઘળાયે દર્દમય સંવેદન સહિત વાત વાંચતાં સાથે જ મૂર્ત થઈ જાય છે.

હાં, તો પરિસ્થિતિના આઘાત દ્વારા સર્જાતી માનસિક ભૂમિકા અને તેને અંગે સર્જાતી ભૌતિક-આચરણ, પ્રસંગ ઘટના વગેરેની લીલાનું દર્શન અને નિરૂપણ પોતાની જ આગવી અને અનોખી રીતે કરવાનું શ્રી. સુરેશ જોષીને ગમે છે. એ આ વાર્તા દ્વારા જ માત્ર નહીં, પણ આ સંગ્રહની બીજી વાર્તાઓ દ્વારાયે સ્પષ્ટ જોઈ શકાય છે. 'નળદમયંતી'ની વાર્તા જોઈએ તો તેમાં પણ એ જ સ્ફુરણલીલા જોવા મળશે. પોતાની જાતને ઘડીભર માટે બીજાનું રમકડું બનવા દેવાની પરિસ્થિતિમાં મુકાયેલી સ્ત્રી એ પરિસ્થિતિના આઘાત નીચે કઈ માનસિક કક્ષાએ વિચરે, અને શી રીતે વર્તે, તેનું તેમાં અત્યંત આકર્ષક લાગે એવું વર્ણન નિરૂપણ છે. 'કાલીયમર્દન'માં એ છે, 'રાત્રિર્ગમિષ્યતિ'માંય એ છે. વાર્તાલેખક તરીકે શ્રી. સુરેશ જોષીનો આખોએ વાર્તાકાર જીવ પરિસ્થિતિના આઘાતથી સર્જાતી ભૂમિકા – ભૌતિક, માનસિક, અને અન્ય – સમજવામાં, અને એનું સર્જનાત્મક નિરૂપણ કરવામાં રાચે છે. અને એટલું જ થઈ શકે તો એમાં જ વાર્તાની ઇતિશ્રી અને વાર્તાકારની સફળતા આવી ગઈ છે એમ એ માનતા હોય તોયે નવાઈ નહીં, એટલું તો વાર્તાઓ વાંચતાં સ્પષ્ટ થઈ જ જાય છે.

એટલું જો થઈ શકતું હોય તો પછી બીજી વાતો એમને મન, કદાચ ગૌણ બની જતી હોય એમે બને. એ વિના આ વાર્તાઓમાં ડોકાઈ આવતી ઘટનાવિભાગની અસંગતિઓ શી રીતે સમજી કે સમજાવી શકાય? દાખલા તરીકે 'ગૃહપ્રવેશ'ના નાયકની માનસિક ભૂમિકાનો એ વાર્તામાં અદ્‌ભુત ખ્યાલ આવ્યો છે. પણ પ્રશ્ન તો આપણને એ થાય કે એમાં એ માણસ જે રીતે વર્તે છે એ રીતે એના જેવાં શિક્ષણ અને સામાજિક દરજ્જો ધરાવતો માણસ વર્તે ખરો? એણે જે જોયું છે એ અસહ્ય છે. એનો આઘાત પણ એવો જ અસહ્ય હોવાનો – છે જ, એટલે તો એ પોતે પોતામાંથી છટકી જવા મથે છે, શબ્દોને બાઝેલો આખોયે અધ્યાસપિણ્ડ ખંખેરી નાખવા મથે છે, પણ તો એવા આઘાતથી ઘવાયેલો

માણસ જે ગુહ્યાતિગુહ્ય છે એવી પોતાની અંગત વાતમાં ‘વફાદાર કૂતરો જેમ માલિકને કપડું મોઢામાં ઘાલીને ખેંચે’ તેમ સુહાસને પોતાના ઘર તરફ ખેંચે ખરો? અને સુહાસ પેલા માણસને બોચીએથી પકડી પછાડે પછી જ પોતે – પોતાનો પડછાયો, ભલે ને – એ ઘરમાં દાખલ થાય ખરો? માનસિક ભૂમિકા ગમે એવી સાચી હોય, ઘટનાઓની પરંપરા કંઈ બરોબર લાગતી નથી.

‘નળદમયંતી’માં પણ ઘટનાઓની પરંપરામાં કંઈક આવી જ અસંગતિ દેખાય છે. એક તો ભૌતિક અને આર્થિક પરિસ્થિતિ લેખકે એવી નથી ઉપજાવી જેથી ચિત્રા જેવી સ્ત્રી જે માર્ગ અંગીકાર કરે છે તે કરવા લલચાય. લલચાયા પછી પણ તે જે રીતે વર્તે છે – થિયેટરમાં નહીં, ઘેર આવ્યા પછી પતિ સાથેની વાતચીતમાં, અને તે પછીના તે રાતના તેની સાથેના તેને ‘કોઈ અભૂતપૂર્વ ઉલ્લાસની ભરતીમાં ઝબકોળી દેતા’ આમોદપ્રમોદમાં – તે ગમે તેટલું સરસ રીતે લખાયેલું હોય છતાં પ્રતીતિકર તો નથી જ લાગતું. જોકે આ વાતમાં આલેખન એવું અદ્‌ભુત નવીન સુંદર રીતે થયું છે કે માનસિક ભૂમિકા પણ પ્રતીતિકર લાગી જાય, કદાચ; પણ લેખકે સર્જેલા એ સૌંદર્યની જાળ ભેદતાં એયે કદાચ એટલું પ્રતીતિકર ન લાગે તો નવાઈ નહીં.

‘રાત્રિર્ગમિષ્યતિ’માં પણ લીલાનો માનસિક પ્રત્યાઘાત ગમે તેટલો સાચો હોય છતાં પણ એના પરિણામરૂપ ઘટના જે રીતે આવિષ્કાર પામે છે એ વાત પણ કંઈ બંધ બેસતી લાગતી નથી.

દાખલાઓ તો હજીયે ઉમેરી શકાય, પણ આ બધા દ્વારા જે એક વાત પ્રતિપાદિત થાય છે તે આટલા દાખલાઓથી પણ એવી સ્પષ્ટ બની જાય છે કે એવા વિશેષ ઉમેરાની કશી જ જરૂર રહેતી નથી.

તે વાત તે આ.

કલામાત્ર સત્યને પ્રકાશિત કરવા મથે છે: વાણીની કલા તો ખાસ. પણ વાણીનું વાર્તારૂપી કલાનું વિશિષ્ટ સ્વરૂપ તથ્યના ઉપાદાન દ્વારા જ સત્યને પ્રકાશિત કરી શકે છે. એનો અર્થ એમ ન થયો કે સત્ય તથ્યનું, એટલે કે ‘તથા’નું, હકીકતોનું, આશ્રિત છે; સત્ય

તો તથ્યથી પર, એને અતિક્રમીને, ઘણીયે વાર, પડેલું હોય છે, અને કુશળ કલાકાર વ્યંજના દ્વારા એને, એ તથ્યનું અવલંબન લઈને પ્રકાશિત કરી મૂકે છે: રાત્રિના ભીષણ અંધકારમાંયે વીજળીનો એક લિસોટો આકાશના સૌંદર્યને પ્રકાશિત કરી મૂકે તેમ. એટલે સત્ય એ તો સ્વયંજ્યોતિ છે, પણ છતાંયે, આ સ્વરૂપના સંદર્ભમાં તો એને તથ્યની ગોઠવણી દ્વારા જ પોતાનો પ્રકાશ ફેલાવવાનો રહે છે. એ ગોઠવણી ખામી ભરી હોય તો? સત્ય એટલું ઝંખવાય નહીં? એનાં વીજતેજ એટલાં ઝાખાં ન પડે? તથ્ય આલંબન ભલે હોય, ઉપાદાનમાત્ર ભલે હોય, પણ કલાના આવા નાનકડા અને માર્મિક સ્વરૂપમાં એની અવગણના તો મુદ્દલે થઈ ન શકે.

શ્રી. સુરેશ જોષીની વાર્તાઓમાં એની અવગણના થતી વારંવાર દેખાઈ આવે છે એ તરફ જો અંગુલિનિર્દેશ ન કરવામાં આવે તો અનેક શક્યતાઓથી ભરેલા એ યુવાન લેખક પ્રત્યે અન્યાય કર્યો ગણાય.

એ તો સાચું જ છે કે તથ્યની પૂરેપૂરી કાળજીભરી ગોઠવણી, રસિક ગોઠવણી, જો સત્ય તરફ વાચકને દોરી ન જતી હોય તો, એ જે કાગળ ઉપર લખાયેલી હોય એટલી કિંમતની પણ નથી હોતી; પણ સાથોસાથ તથ્ય તરફની બેદરકારી પણ, પ્રકાશિત થવા મથતા સત્યના માર્ગમાં અંતરાય નાખતી હોઈ, આવકારયોગ્ય ન જ ગણાય. આ વાર્તાસંગ્રહનું બળવાન તત્ત્વ સત્યને પ્રકાશિત કરવાની લેખકની સહજ અભિરુચિ અને આવડત છે, પણ એની નબળી કડી પ્રતીતિકર તથ્ય પ્રત્યેની થોડી અવગણના કે ઉપેક્ષાવૃત્તિ છે. કદાચ, જે આવેગ લેખકને એના સર્જન જોમમાં ઢસડી જાય છે, પોતાને અભિપ્રેત કથનને ઉજાળવા, એ આવેગ જ એમને આ તૂટતી કડી વિશે જરા ઉપેક્ષામય બનાવી દેતો હોય તોયે નવાઈ નહીં.

જરા લંબાણથી આ વાર્તાઓ વિશે વાત કરી; પણ સંગ્રહની માત્ર આટલી જ ચર્ચાયોગ્ય વાર્તાઓ છે એવું નથી. ‘વૈશાખ સુદ અગિયારસ’ નામની વાર્તા, એ અગિયારસ આ ધરતીને ઉજાળી દે છે એવી જ સહૃદયના ચિત્તની ધરતીને ઉજાળી મૂકે એવી સુંદર વાર્તા છે. વાર્તા છે તો માત્ર સાડાપાંચ પાનાંની – સંગ્રહની ઘણી ખરી વાર્તાઓ આટલી જ નાની છે એ પણ આ લેખકની લેખનકલાની એક વિશિષ્ટતા છે: આડાઅવળા ફંટાયા વિના પોતાને અભિપ્રેત વાતને થોડામાં થોડા શબ્દોમાં, થોડાંમાં થોડાં પાત્રો દ્વારા, થોડામાં થોડા

પ્રસંગોની મદદથી રજૂ કરવાની – પણ એમાંથી, વિધવા બન્યા પછી પોતાની જાતને કુટુંબના નાનામોટા સહુના કામમાં ડુબાડી દેવાની, અને કુટુંબની દરેકે દરેક વ્યક્તિને માટે વિશ્રંભ મૂકી શકાય જેના ઉપર એવું વિરામસ્થાન બની જવાની કેતકીની જે તમન્ના છે તે તો દેખાય જ છે; પણ એના હૃદયની જે અપાર અને અકથ્ય વેદના છે – જેને એ થોડી એક પળો પૂરતી જ અવકાશ આપવા લાચાર બની જાય છે – તે વેદનાનું એમાં જે સૂક્ષ્મ અને મર્મગામી આલેખન થયું છે તે કદાચ એ વાર્તાને આ સંગ્રહની જ નહીં પણ આપણા વાર્તાસાહિત્યની ઉત્તમ કૃતિઓમાંની એક તરીકે સ્થાન અપાવે તો, આ લેખકને તો આશ્ચર્ય નહીં જ થાય. અલ્પકથન, જો કલાના સામર્થ્યપૂર્વક થયું હોય તો, કેટલું સાર્થ નીવડે છે એ આ વાર્તા સિદ્ધ કરી જાય છે.

આ વાર્તાસંગ્રહ વાંચતાં જે એક છાપ સ્પષ્ટ રીતે વાચકોના ચિત્ત ઉપર છપાઈ જવાનો સંભવ છે તે તેના વિષયોની પસંદગી વિષે હશે. સ્ત્રીપુરુષોના જાતીય સંબંધો વિશે સંગ્રહમાં વાર્તાઓ છે; અને તેના વિવરણમાં લેખકે ડોળ દંભ કે ચોખલિયાપણાનો બિલકુલ આશ્રય લીધો નથી. એટલું જ નહીં, પણ ઘણી બધી વાર સુકુમાર રુચિતંત્રવાળા વાચકોની રસવૃત્તિ દુભાય એવી રીતે પણ જાતીય વૃત્તિના અનેકાનેક આવિષ્કારોનું તેમણે નિર્ભેળ અને નિર્ભય વિવરણ અને વર્ણન કર્યું છે. એ બધું કેટલે અંશે નિવાર્ય, કેટલે અંશે અનિવાર્ય, ને કેટલે અંશે નિર્વાહ્ય એ રસિક ચર્ચાનો વિષય થઈ પડે: સાહિત્યમાં શ્લીલ અને અશ્લીલ હંમેશાં રસિક ચર્ચાનો વિષય થઈ પડે છે જ ને? પરંતુ એ બધી ચર્ચા કરવાને બદલે સમભાવી વાચકે તો એક જ પ્રશ્ન પોતાની જાતને પૂછવો જોઈએ: આ બધું ગમે તે આવે તે જીવનના સત્ય તરફ અંગુલિનિર્દેશ કરે છે કે નહીં? જે કંઈ એ કરતું હોય એ બધું કલાની સૃષ્ટિમાં નિર્વાહ્ય ગણાય; જે કંઈ એ ન કરતું હોય તે, ધાર્મિક કે નૈતિક કે એવી સફ્લી સફ્લી અનેક વાતો કરતું હોવા છતાં કલાની મહોર કદીયે પામી શકે જ નહીં. એ દૃષ્ટિએ જોતાં ‘કાલીયમર્દન’ કે ‘નળદમયંતી’ જેવી વધારે પડતી ઉઘાડી લાગતી વાતમાં પણ સહૃદયને અશ્લીલતા કરતાં કલાપ્રિયતાનાં જ, સત્યને સમજવા મથતી અને તેને ઢાંકી રાખતું આવરણ ખસેડવા મથતી સર્જક કલાવૃત્તિનાં જ દર્શન થશે એમાં મને કશી શંકા નથી.

એ બધીયે વાતો પણ ક્યાં એવી જાતીય જીવનના કાદવની જ વાતો છે? ‘કાદવ અને

કમળ' કાદવની જોડે જોડે જ, કાદવની વચમાં જ ઊગેલા કમળની એક ભાવનામય વાત છે, તો 'વાર્તા કહો ને' તો એની દેખીતી અશ્લીલતા છતાં અત્યંત શ્લીલ અને સ્પૃહણીય ભાવની વાર્તા છે. નાની એવી એ વાત પણ સંગ્રહની ઉત્તમ વાતોમાં સહેજે પોતાનું સ્થાન પ્રાપ્ત કરી લે છે.

ને જાતીય ભાવને સ્પર્શ ન કરતી હોય એવી વાતોય સંગ્રહમાં ક્યાં નથી? 'જન્મોત્સવ' એના કુશળ સંચાલન દ્વારા બે પરિસ્થિતિને એક સાથે એવી સુંદર રીતે રજૂ કરી જાય છે કે એની કરુણતા આપોઆપ આપણા મનમાં સ્થપાઈ જાય છે; તો 'પ્રિયતમા' રોમાનોફની એક વાર્તાની મધુર યાદ આપતી હોવા છતાં, પોતાની સ્વતંત્ર રીતે જ, આત્મવંચના ઉઘાડી પડતાં થતાં નૈરાશ્યનું, થોડું ઘણું સહેલું અને થોડું કહેવાઈ ગયેલું છતાંયે મનોરમ નિદર્શન કરે છે. 'ત્રણ લંગડાની વારતા' એક રૂપક દ્વારા જીવનની નિરાધાર કરુણતાને જ ગુંજતી કરવા મથે છે. તો 'વાતાયન' ખરેખર લંગડાની મંથનમય મનોદશાને પોતાની આગવી રીતે સ્પષ્ટ કરે છે.

શરૂઆતમાં કહ્યું છે તેમ, આ વાર્તાઓ દ્વારા શ્રી. સુરેશ જોષી આપણી ટૂંકી વાર્તાના સાહિત્યમાં એક નવીન ભૂમિને સ્પર્શ કરે છે. આમાંની કોઈ પણ એક વાર્તા ઉઘાડતાં અને તેની શૈલી, ભાષા આયોજનરીતિ, પ્રતીકયોજના વગેરે જોતાં એ વાત સ્પષ્ટ થઈ જાય છે. લેખક સાહિત્યમાં પ્રતીકવાદના અત્યંત પુરસ્કર્તા છે અને તેમની આ વાર્તાઓમાં પણ પ્રતીકયોજનાનો આશ્રય તેમણે વારંવાર લીધો છે. તેમણે નવીન રીતિ સજી છે. ને નવીન રીતિને જેમ એનાં આગવાં આકર્ષણ હોય છે તેમ એની મુશ્કેલીઓ પણ હોય છે, જ્યાં જ્યાં લેખક સફળતા પામ્યા છે ત્યાં પરિણામ સુંદર આવ્યું છે, પણ જ્યાં એ નવીનતાના આકર્ષણમાં મૂળ વાતને પૂરો ન્યાય નથી આપી શક્યા ત્યાં પરિણામે કશુંક ધૂંધળાપણું, કશીક અસ્પષ્ટતા અને કશુંક ઉપરછલ્લાપણું દેખાયા વિના રહેતું નથી. ક્યાંક, એવે વખતે, વાર્તા માત્ર ચાતુરીની કરામત જેવી જ બની જાય છે – 'પાંચમો દાવ' વગેરે બની ગઈ છે તેમ; ક્યાંક ઉપરછલ્લાપણાનાં નિદર્શન જેવી – 'ચુમ્બન' વગેરે બની ગઈ છે તેમ. કેમ કે આ નવીન રીતિનો આગ્રહ એક વસ્તુ તો આ લેખકના પ્રસંગમાં કરે છે જ, તે – વાર્તાના પિણ્ડને પૂરો પુષ્ટ, પૂરો ઘન, ઘણી વાર, બનવા નથી દેતો. એ લેખકના મનમાં પોતાને કહેવી છે એ વાત એટલી સ્પષ્ટ છે, અને વ્યંજના શક્તિનો વધારે વધારે

ઉપયોગ કરીને ઓછામાં ઓછા શબ્દો પાત્રો અને પ્રસંગો દ્વારા એ વાત કહેવાનો એમના મનમાં એવો જબરજસ્ત અભિનિવેશ છે કે એ પોતે કેટલીક વાર જ્યાં વાર્તાને સંપૂર્ણ બની ગઈ માને ત્યાં વાર્તા – 'સાત પાતાળ'ની વાર્તા બની છે તેમ – એક ઘટનાવિશેષ માત્ર, કોઈક વાર્તાના એક ખંડ જેવી માત્ર બની જાય, 'અભિસાર' વગેરે બની છે તેમ, દર્દ અને વેદનાને વ્યક્ત કરવા મથતો એક પ્રયોગ માત્ર બની રહે છે. દર્દ અને વેદનાને વ્યક્ત કરવા માટે લેખકે બુદ્ધિપૂર્વક યોજેલ પ્રતીકોના પ્રયોગોનો આ સંગ્રહના રસિક વાચકોએ અભ્યાસ કરવા જેવો છે.

પરંતુ એ બધી વાતનો ઝાઝો અફસોસ કરવા જેવું નથી; કેમ કે ટૂંકી વાર્તાના આપણા ક્ષેત્રમાં આ વાર્તાઓ નવતર તેટલી જ સબળ પ્રયોગો રૂપ છે – જે પ્રયોગોમાં અનંત શક્યતાઓ ભરેલી છે તેવા, અને જેને ઘણીયે વાર સુંદર અને સુસ્પષ્ટ સિદ્ધિઓ મળી છે તેવા પ્રયોગો રૂપ. લેખકનું બહુશ્રુતત્વ, તેમની કવિત્વમય ભાષાશૈલી, ઊંડી નજરે જોવાની અને વસ્તુના ઊંડાણમાંથી તેનો તાગ મેળવવાની તેમની કુદરતી બક્ષિસ વગેરે સમર્થ ગુણો આ પ્રયોગોને માત્ર પ્રયોગો ન રહેવા દેતાં, તેમના સામર્થ્ય દ્વારા અનેક શક્યતાઓભર્યા નવા પ્રસ્થાનના પહેલા પગલા તરીકે તેમને અત્યંત આકર્ષક બનાવે છે. અને એમાં શ્રી. સુરેશ જોષીનું જ માત્ર નહીં, પણ આપણા ટૂંકી વાર્તાના સાહિત્યપ્રકારનું પણ શ્રેય જ સમાયેલું છે.

એટલે એ શ્રેયના દર્શને આનંદિત થઈને, અને આપણી બંધિયાર બની રહેવા આવેલી વાર્તા સૃષ્ટિને નવીન દિશા સુઝાડવામાં મદદરૂપ થનાર આ વાર્તાસંગ્રહને યોગ્ય માન આપીને, આપણે લેખકને એટલું જ કહીએ કે તમારો પ્રફુલ્લ ભલે પડછાયા રૂપે જ 'ગૃહપ્રવેશ' કરે પણ તમે તો ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં આદરપૂર્વક ગૃહપ્રવેશ પામો છો જ.

અને એ રીતે આપણે આ લેખકને અને આ સંગ્રહને સત્કારીએ.

**– ગુલાબદાસ બ્રોકર**

વિલેપાર્લે

# કિંચિત્

આ વાર્તાઓ લખતાં નવલિકાના સ્વરૂપ વિશે અને સાહિત્ય સમસ્ત વિશે કેટલાક પાયાના પ્રશ્નો મનમાં ઉદ્‌ભવ્યા. એ પ્રશ્નોનો ઉકેલ, કદાચ વાર્તાઓ લખતાં લખતાં જ, કોઈક વાર હાથ લાગશે. અહીં તો એ પ્રશ્નો સહૃદયો સમક્ષ રજૂ કરવા જ ધારું છું.

ઘણી વાર હું કોઈકને કહેતાં સાંભળું છું: ‘આ પ્રસંગ એવો છે કે એમાંથી એક સરસ નવલિકા બનાવી શકાય.’ કોઈક વાર છાપામાં આવેલા સમાચાર પરથી પણ વાર્તાકાર વાર્તા બનાવી કાઢે છે. મારા મનમાં આ વિશે કુતૂહલ ઉદ્‌ભવ્યું. જીવનમાં જે બને છે તે સાહિત્યને સ્વરૂપે અભિવ્યક્ત થાય ત્યારે એમાં કેવાં પરિવર્તનો થતાં હશે? જાતઅનુભવ વિના આનો જવાબ કદાચ નહીં જડે એમ મને લાગ્યું. આથી વિશ્વના પ્રથમ પંક્તિના સર્જકોની કૃતિઓને આ દૃષ્ટિએ મેં વાંચી. એ દરમિયાન ‘મનીષા’ સામયિક શરૂ થયું. એમાં દર અંકે એક વાર્તા આપવાનું અમે નક્કી કર્યું. આ અંગે વર્જિનિયા વુલ્ફ, ફ્રાન્ઝ કાફ્કા, ઓસામુ દઝાઇ, ગ્રેહામ ગ્રીન, ઇઝાક બાબેલ, વિલિયમ સારોયાન, વિલિયમ સેન્સમ વગેરે વાર્તાકારોની નવલિકાઓ વાંચી. સર્જકના ચિત્તની અનેકવિધ લીલા જોઈને મન કૃતાર્થ થયું; ને કદાચ આ કૃતાર્થતાએ જ મને નવલિકા રચવાની લીલા કરવા પ્રેર્યો.

લીલા? સાહિત્યસર્જનને ગમ્ભીરતાથી જોનારને આ શબ્દ જરા ખૂંચશે તે જાણું છું. અહીં પહેલો પ્રશ્ન ઊભો થાય છે: સર્જનનું પ્રયોજન શું? પ્રશ્ન કાંઈ નવો નથી. પણ જ્યારે એ પ્રશ્ન સાથે આપણો પ્રત્યક્ષ સમ્બન્ધ બંધાય છે ત્યારે એનું સ્વરૂપ વધુ સ્પષ્ટ થાય છે. ઘણી વાર વાર્તા વાંચીને વાચક કે વિવેચક પ્રશ્ન પૂછે છે: પણ આ વાર્તા દ્વારા તમે કહેવા

શું માગો છો? આ એકવીસ વાર્તાઓ પૈકીની કેટલીક વાર્તાઓ વિશે જ્યારે કોઈએ આવો પ્રશ્ન પૂછ્યો છે ત્યારે હું જવાબ આપી શક્યો નથી. એમાં કાંઈ અગમનિગમની વાત નથી આવતી, કાંઈ ગહન રહસ્ય નથી ને છતાં પ્રામાણિકપણે કહું છું કે મારે આ કહેવું છે એમ નિશ્ચિતપણે આંગળી મૂકીને જવાબ આપી શકાતો નથી.

જેમાં ઘટના બનતી હોય, એ ઘટનાના કર્તા મનુષ્યો હોય, એ ઘટના સ્થળકાળનાં પરિમાણમાં બનતી હોય એવા વાર્તાસાહિત્યના વિવેચનમાં હંમેશાં એ ઘટના ને એને રચનાર મનુષ્ય તથા એનાં સ્થળકાળ વિશે પ્રશ્નો પૂછવામાં આવે તે સ્વાભાવિક છે. ઘટનામાં વાસ્તવિકતા નથી, પરિસ્થિતિના અંકોડા પ્રતીતિકર રીતે મેળવ્યા હોય એમ લાગતું નથી, પાત્રોનું ઘડતર અસંગતિભર્યું છે, વાર્તા જીવનને ઉપકારક મૂલ્ય ઉપજાવી આપતી નથી – આ પ્રકારનું વિવેચન મોટે ભાગે થતું જોવામાં આવે છે. આમાંની કેટલી વીગત પ્રસ્તુત છે ને કેટલી અપ્રસ્તુત છે તેનો વિચાર કરતાં આપણે ફરીફરીને પેલા જ પ્રશ્ન આગળ આવી પહોંચીએ છીએ: વાર્તા લખવાનું પ્રયોજન શું?

ને મારું મન તો એનો એક જ જવાબ આપે છે: લીલા. તો કોઈ પૂછશે: ભાઈ, એ તમારી લીલા શી વસ્તુ છે એ તો કહો? વાત જરા અઘરી છે. છતાં પ્રયત્ન કરી જોઉં. હમણાં જ છબિઓનું પ્રદર્શન જોવા ગયો હતો. કાચના ત્રણ ગ્લાસને અમુક રીતે ગોઠવ્યા હતા ને એમાંથી પસાર થતા પ્રકાશના પ્રતિબિમ્બને કારણે કોઈ પતંગિયું પાંખ પ્રસારીને બેઠું હોય એવું લાગતું હતું. હતો તો ફોટોગ્રાફ જ પણ એણે વસ્તુની કેવળ પ્રતિકૃતિ નહોતી આપી. છબિઓની વસ્તુમાંથી સામાન્ય રીતે નહીં નીપજી આવતી એવી એક નવી વસ્તુનું એણે આ વિશિષ્ટ આયોજનને પ્રતાપે નિર્માણ કર્યું હતું. ને આ નિર્માણનો કશો હેતુ નહોતો. એ કોઈ અન્ય પ્રયોજનનું સાધન નહોતું. એ સ્વયંપર્યાપ્ત નિર્માણ હતું.

તો લીલા એટલે આવા અહૈતુક નિર્માણની પ્રવૃત્તિ. અહીં તો એ પતંગિયાની પાંખ હોય એવું લાગ્યું. પણ કેટલીક વાર જેનું નિર્માણ થાય તેને આપણને સામાન્યત: પરિચિત એવી કોઈ વસ્તુ, ઘટના કે સ્મૃતિ સાથેની સદૃશતા કે વિસદૃશતાની મદદ લઈને સમજવાનું પણ શક્ય બનતું નથી. શિલ્પી પથ્થરમાંથી એક આકાર ઉપસાવે છે, એ આકાર આપણને કોઈ પરિચિત આકારની યાદ આપતો નથી તે છતાં એ જોવો ગમે છે. અહીં જે આસ્વાદ્ય છે તે એ આકારની નિર્મિતિ. કળાકાર એનું નિર્માણ કરવા કેમ

પ્રેરાયો? એના જવાબમાં આપણે શું કહીશું? એના મનને એવી લીલા કરવાનું મન થયું એથી વિશેષ શું કહી શકાશે?

આ લીલા જોઈને વિસ્મય થાય છે. સ્થાયી ભાવ આઠ કે નવ ગણાવાયા છે પણ એ બધામાં વિસ્મયનો અંશ અનિવાર્યતયા રહ્યો જ હોય છે. આ વિસ્મય જ આપણી ચેતનાને વિસ્તારે છે. રસ માત્રનો આદિ સ્રોત આ વિસ્મય જ છે. એને ચમત્કાર કહો કે ચેતોવિસ્તાર કહો, એ જ સર્જન માત્રનું પ્રયોજન છે. આઠે રસથી જેનો પિણ્ડ બંધાયો છે એવા આપણા ચૈત્યપુરુષને સંવર્ધવો, ચેતનાના પરિધિને વિસ્તારવો એ જ સકલ પ્રયોજનોનું મૌલિભૂત પ્રયોજન છે. મારાં અન્ય સંકીર્ણ પ્રયોજનોના સન્દર્ભમાં હું જેને પ્રત્યક્ષ કરી શકું છું તેટલી જ મારી વાસ્તવિકતા નથી. એ પ્રયોજનોની બહાર પણ અનન્ત શક્યતાઓનો વિસ્તાર છે; પળે પળે ત્યાંથી ઇજન આવે છે. પ્રાણ ચંચળ થઈ ઊઠે છે. એની આ અધીરતા સંકીર્ણ પ્રયોજનોની પાળને તોડી નાખે છે. એ અજ્ઞાતના અક્ષુણ્ણ માર્ગે કોઈની પગલી નથી, ચીલા નથી. એ માર્ગનું પાથેય છે કેવળ સાહસને માટેનો ઉત્સાહ.

સાવ સાદીસીધી વસ્તુ લઈને બેસીએ છીએ તોય ક્યાં ને ક્યાં પહોંચી જવાય છે! કેવો વિસ્મય થાય છે! ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. ઊભો ઊભો કાચની બારીમાંથી એ અર્ધપારદર્શી પડદાની પેલે પારની દુનિયા જોતો હતો. એ પરિચિત દુનિયાની અતિપરિચિત વિગતો એકાએક અપાર્થિવ બની ઊઠી! ને મને થયું: કોઈ પંગુની દૃષ્ટિએ આ ચંચલની લીલા જોઈએ તો? આ જલબિન્દુનું સરકવું, આ હવાનું આછું સ્ફુરણ, આ તૃણાંકુરનું ડોલન ને સૌથી વિશેષ તો આ એકાએક ચંચલ બની ઊઠેલા મનનું અકારણ કમ્પન! એની પડછે વિરોધમાં પંગુની સ્થિતિજડતા મૂકીએ તો? કુતૂહલ થયું. ને જુઓ તો... જડ શિલા તારો બનીને આકાશમાં દોડવા મંડી. આપણા હાથની વાત ન રહી! મનને આનન્દ થયો, તૃપ્તિ થઈ. તમે કહેશો કે એમાં પંગુની મનોવ્યથા વર્ણવી છે માટે અમને એ વાર્તા ‘(વાતાયન’) ગમી. તો ભલે, એ અંગે મારે ઝઘડો નથી કરવો.

પણ મને આ વાર્તા લખતાં એક બીજી વાત સૂઝી: આપણે જે કહેવા ઇચ્છીએ છીએ તેને એનાથી જેટલે દૂર જઈને કહીએ તેમ વધારે મજા પડે. રમતમાં પ્રતિપક્ષી જેમ વધારે હંફાવે એવો હોય તેમ વધારે મજા. કાફકા એક સ્થળે કહે છે: Our strength

flows from our adversaries. ટોમસ માન 'ટોનિયો ક્રોગર'ની વાર્તામાં આ જ વસ્તુને બીજી રીતે કહે છે: The real artist never talks about the main thing. માનસશાસ્ત્રીઓએ કહ્યું છે કે આ મનુષ્યની એક આદિમ વૃત્તિ છે. એને એ લોકો કહે છે: Enantiodromia ૬ the tendency to reach out for the opposite. કાલિદાસે પણ રામગિરિ પરનો પંગુ બનેલો યક્ષ અને અલકાનગરીના વિલાસવૈભવ વચ્ચે પંગુ બનીને બેઠેલી યક્ષકાન્તા – આ બે નિશ્ચલતાની વચ્ચે જ અષાઢના પ્રથમ દિવસની ચંચલતાને મૂકીને આલેખી છે ને? કોઈ વિરહિણી સીધેસીધું એમ કહે કે આજે મારું મન પ્રિયવિરહથી ખિન્ન છે તો એની અસર પડતી નથી; પણ પોતાના દુ:ખની વાતને સાવ ટાળીને એ કહે કે આજે આંગણામાંની કૃષ્ણચૂડાની કળીઓ ખીલી નથી તો એના મનની વિષણ્ણ સ્થિતિની આપણને અસરકારક રીતે પ્રતીતિ થઈ જાય છે. સાચી રીતે જોઈએ તો અલંકાર માત્રનો ઉદ્દેશ આ જ હોય છે – મુખ્ય વસ્તુનું બને તેટલું તિરોધાન, બને તેટલો પરિહાર. 'આ મુખ ચન્દ્ર જેવું છે'થી શરૂઆત કરીને અપહ્નુતિમાં મુખનો છડેચોક બેધડક નિષેધ કરી બેઠા ને કહ્યું: આ મુખ નથી પણ ચન્દ્ર છે. અરે, એથીય આગળ જઈને ઉપમેયને સાવ ગળી જઈને કહી દીધું: આ ચન્દ્ર છે. ક્યાં ચન્દ્ર ને ક્યાં મુખ? સાધર્મ્યનું તો માત્ર ઓઠું, બહાનું. આપણું મન કેવી લીલા કરે છે, જોયું ને!

'તિરોધાન', 'પરિહાર' – સર્જનમાં આ બે ભારે મહત્ત્વના શબ્દો છે. વસ્તુનું સાધારણીકરણ નહીં પણ વિલીનીકરણ કળામાં થવું જોઈએ એમ કદાચ હવે કહેવું જોઈએ. હું આમ શા માટે કહું છું તે જરા સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરું. પ્રવાહની અંદર બિન્દુની સ્થિતિ શી હોય છે? એનું વર્ણન શી રીતે કરીશું? એ પ્રત્યેક ક્ષણે બિન્દુ બનીને સ્થગિત થવાની સ્થિતિને ઉલ્લંઘી જાય છે ને એમ બિન્દુ બની શકતું નથી. કળામાં પણ આવું જ છે. હું કળીને જોતો નથી, કળીની ફૂલમાં પરિણમવા તરફની ગતિને જોઉં છું. પાઉલ ક્લે આથી જ તો કહે છે: The work of art... is experienced primarily as a process of formation, never as a product. કળાને અમુક ચોક્કસ પરિણતિની સ્થિતિને પ્રાપ્ત કરેલી સ્થગિત સ્થિતિમાં જોવાનો પ્રયત્ન કરવા જઈએ છીએ ત્યારે મુશ્કેલી ઊભી થાય છે. આથી ખરું જોતાં કળામાં વસ્તુનો પિણ્ડ બંધાતો નથી ને પિણ્ડ બાંધવાનો આગ્રહ રાખીએ ત્યારે એને અમુક કૃત્રિમ

મર્યાદાથી બાંધી લેવી પડે છે. આ કૃત્રિમ મર્યાદાનું હેતુપુરઃસર કરેલું નિર્માણ એ કળાના ક્ષેત્રની અનીતિ છે કારણ કે કળાને માટે એ વિઘાતક નીવડે છે.

આપણી પરિચિત વાસ્તવિકતાની એક ઘટનાનું આપણે અસંખ્ય રીતે આકલન કરી શકીએ છીએ. ખુરશી જેવો જડ પદાર્થ જ લો ને! આછા અન્ધકારમાં એ જુદું વ્યક્તિત્વ ધારણ કરે છે. પરિચિત વ્યક્તિ એના પર બેઠી હોય છે ત્યારે ને ખાસ કરીને એ વ્યક્તિ પ્રિય હોય છે ત્યારે ખુરશી જાણે પોતાની જાતને સાવ લુપ્ત કરીને પેલી વ્યક્તિની સત્તામાં પોતાને ભેળવી દે છે; પણ જેનાથી મનને અણગમો થતો હોય એવી વ્યક્તિ બેઠી હોય ત્યારે એ પોતાના આકારને પેલી વ્યક્તિના આકારની આડે ફરી ફરી આગળ આણીને આપણી આંખને ક્લેશ કરાવે છે. વાન ગોગનું ‘યલો ચેઅર’નું ચિત્ર જોઈને ચિત્રકાર ગોગાંએ આનન્દનો ઉદ્‌ગાર કાઢ્યો હતોઃ No one ever painted a chair like that before! એ જડ ખુરશી સજીવ થઈ, product મટી ગઈ, એના કેવળ ખુરશી હોવાપણાને એ અતિક્રમી ગઈ. અરૂપમાંથી રૂપ અને રૂપમાંથી અરૂપ – એમ આખું વર્તુળ ફરી લઈએ ત્યારે પૂરું નિર્માણ થયું કહેવાય. સર્જાઈને વિસર્જન પામવાની આ ઝંખનાનો સૂર રિલ્કેને કાને પડ્યો ને એણે કહ્યુંઃ

Earth, is it not just that you want : to arise invisibly in us? Is not your dream to be one day invisible? Earth ! Invisible ! What is your urgent command, if not transformation?

ને રવીન્દ્રનાથે પણ ગાયુંઃ

રૂપ સાગરે ડૂબ દિયે છિ અરૂપરતન આશા કરિ.

તો, ઉપમેયનું નિગરણ (serialization) સર્જનની પ્રક્રિયામાં એક મહત્ત્વનું અંગ છે. પ્રશ્ન થયોઃ આમ શા માટે? ‘ચુમ્બન’ અને ‘રાત્રિર્ગમિષ્યતિ’ની વાર્તાઓ લખવા બેઠો ત્યારે મનમાં જે હતું તેનાથી જુદું જ લખી બેઠો. લખ્યા પછી એમ કેમ થયું તે સમજવાનો પ્રયત્ન કર્યો. પૂરેપૂરું સમજાયું એવો મારો દાવો નથી. થોડું ઘણું સમજાયું. પ્રતીકનું સર્જન કેમ ઘણી વાર અનિવાર્ય બને છે તે પણ થોડુંઘણું સમજાયું. વાત કંઈક

આવી છે: એક ઘટના બનતી હોય છે ત્યારે સ્થળ અને કાળના એક બિન્દુથી શરૂઆત થાય છે. શરૂઆત અમુક કક્ષાએ થઈ એમ નિશ્ચિતપણે કહી શકાતું નથી. એના થોડાક છેડા પાછળ મૂકી આવીએ છીએ ને જ્યાં ઘટના પૂરી થઈ એમ માનીએ ત્યાંથી આગળ પણ એના તન્તુ લંબાતા હોય છે. ઘટનાનું આ એકમ આપણે જુદું પાડીને જોવા મથીએ છીએ ત્યારે એની આજુબાજુ રહેલા અનેક તન્તુઓનો આભાસ તો આપણને થાય જ છે. અમુક પ્રયોજનના સન્દર્ભમાં ઘટનાનો આકાર ઘડાય છે; આથી એ સન્દર્ભને જે અનુપકારી તેનો પરિહાર કર્યો, તેનો સર્વથા લય થયો એમ તો માની શકાય નહીં જ. એ બધું આપણે આઘું ઠેલી દઈએ છીએ – તત્કાલ પૂરતું – એટલું જ. પણ ઘટના સાથેના એ અધ્યાસ(association)નો પિણ્ડ બંધાતો જાય છે આપણાથી અગોચરે; ને જ્યારે એ ઘટનાનું ફરી ઉદ્ભાવન કરવા જઈએ છીએ ત્યારે આ અગોચરમાંના અનેક અધ્યાસપિણ્ડ અને સંસ્કારના દ્રાવણની રાસાયણિક અસર એના પર થઈ ચૂકી હોય છે. આને પરિણામે જે નિષ્પન્ન થાય છે તે મૂળ ઉપાદાન રૂપે બનેલી સામગ્રીથી સાવ ભિન્ન પણ લાગે છે. એટલે કળામાં તથ્યની માનસી છાયા પ્રતિફલિત થાય છે એમ કહેવા કરતાં એનું સહજસ્ફુરિત પ્રત્યક્ષીકરણ(intuitive actualization) થાય છે એમ કહેવું વધુ ઉચિત લેખાશે. કળામાં સત્યને સિદ્ધ કરવાનો કદાચ આ જ માર્ગ હશે. ઘટના જે સન્દર્ભમાં બની ચૂકી હોય છે તે સન્દર્ભને સ્થાને કળાકારને એક બીજા સન્દર્ભનું નિર્માણ કરવું પડે છે. એ સન્દર્ભમાં ઘટના એની સ્થગિતતાને ખોઈને સજીવતા પ્રાપ્ત કરે છે, કેવળ spatio-temporal continuumની કડી બની રહેવાની અનિવાર્યતાને અતિક્રમી જાય છે.

તો કળાનું સત્ય એટલે શું? ભારે વિકટ પ્રશ્ન છે. પણ એનો જવાબ જે ઉપર કહ્યું તેમાં એક રીતે સમાઈ ગયો છે: સત્ય એટલે the pure state of existing – સન્તતિ. ‘રાત્રિર્ગમિષ્યતિ’ની નાયિકાને આની ઝાંખી થાય છે. ‘નળદમયન્તી’ની ચિત્રા પણ પોતાના વ્યક્તિત્વની આ સન્તતિને સિદ્ધ કરે છે. આ સન્તતિ સિદ્ધ નથી થઈ હોતી ત્યાં સુધી સાધન અને સાધ્યની જટાજાળ અટપટી લાગે છે. તર્કશાસ્ત્રે આદેશ દઈ દીધો કે અલ્યા દ્વ, રખે તું દ્વ સિવાય બીજું કશું બનતો! પણ કળામાં એ મુક્તિ પામ્યો. દ્વ સિવાયનું બીજું બધું બનવાના જન્મસિદ્ધ હક્કને એણે ફરી પ્રાપ્ત કર્યો. તો પછી સંગતિનું શું? મારી પ્રતીતિ મને શી રીતે થાય? એક બિન્દુ ક્યાંક સ્થિર રાખવું પડે, તો

જ ગતિ સમ્ભવે, સંગતિની વાત તો દૂર રહી! કબૂલ, પણ એ બિન્દુ એવું રાખો કે જેથી બ્રહબીહિબ એવાં અનેક વર્તુળો વિસ્તર્યા કરે; એ વિસ્તારનો આધાર બને, વિસ્તારમાં અન્તરાય ન બને. કળાની અપેક્ષા કંઈક આવી હશે એમ વરતાય છે.

માટે તો હમણાં હમણાં સમય અને કાળના પરિમાણનો પ્રશ્ન કળામાં વધુ અકળાવનારો બનતો જાય છે. પ્રૂસ(Proust)માં સમયનું પરિમાણ કેટલું બદલાયું છે! પથારીમાં એક બાજુથી બીજી બાજુ પડખું બદલવામાં તો કેટકેટલું બની જાય છે! આથી જ તો પ્રૂસને માટે કોઈકે કહ્યું છે: He has created a new distance between ourselves and the world. વર્જિનિયા વૂલ્ફને માટે the moment મહત્ત્વનો શબ્દ બની રહ્યો. હેમિંગ્વે સમયના એક કેન્દ્રમાં થતા ઘનીભવન(convergence)ને પસંદ કરતો લાગે છે. એ એનાં પાત્રોને precarious presentના સોયની અણી ટકે એટલા બિન્દુ પર લાવીને મૂકી દે છે: યુદ્ધક્ષેત્રમાં મોખરાની હરોળમાં, ગૅન્ગ્રીન જેવા રોગની દાઢમાં, આખલા સાથેના દ્વન્દ્વમાં; ભૂત અને ભવિષ્ય બધાં એ બિન્દુએ આવીને ઘનીભૂત થાય છે. કાફકામાં સમય સાવ થંભી જાય છે, એક પ્રકારનો નર્યો શુદ્ધ પ્રસાર એમાં અનુભવાય છે. આપણનેય આવો અનુભવ થાય છે. કેટલીક વાર સમય આપણી આગળ નીકળી જાય છે, કેટલીક વાર સમયને આપણે પાછળ મૂકી આવીએ છીએ. ‘ગૃહપ્રવેશ’નો પ્રફુલ્લ સમયની પાછળ રહી જાય છે, માટે એનો પડછાયો એના કરતાં વધારે જીવે છે! ‘સાત પાતાળ’ લખવાની પાછળ આવું જ કુતૂહલ કામ કરી રહ્યું હતું: જોઈએ વારુ, જરાક સમયના પરિમાણને છંછેડી જોઉં! ને સાથે સાથે મનમાં એક બીજી વાત ઊગી આવી. હું મારા ઘરમાં અસબાબ વચ્ચે જીવું છું. ઘરનું કેન્દ્ર મને માનું છું. પણ ઘડીભર હું કેન્દ્ર મટી જાઉં ને એ અસબાબને જીવવા દઉં – જોઈએ વારુ, શું થાય છે! આપણી ચેતના અને આ નિર્જીવ પદાર્થો વચ્ચે આપણાથી અજાણપણે આદાનપ્રદાન ચાલ્યા જ કરે છે પણ જ્યાં સુધી આપણે આપણી જાતને કેન્દ્રમાં રાખીએ ત્યાં સુધી એ એકમાર્ગી બની રહે, કનચા લાગે. કોઈક વાર સામે છેડેથી પણ આખી પરિસ્થિતિ જોવી જોઈએ, ને એમ કરવા જઈએ ત્યારે બધા બૂમ પાડી ઊઠે: કપોલકલ્પિત, fantastic. બરાબર છે, સત્યનો સામો છેડો તે fantasy. આમ સૃષ્ટિના સર્જનનું કેન્દ્ર માનવી છે એ માન્યતાને ઘડીભર અળગી કરીએ ને સામે છેડેથી જોઈએ તો ફરી આવીને ઊભા રહીએ કચહાચજઅ આગળ! નહીં ખાતરી થતી હોય તો બાળકની ક્રીડા જુઓ. એમાં ખુરશી

ગુસ્સે થાય છે, લાકડી ઘોડો બને છે. બાળકમાં જીવનનો એવો તો ઉચ્છલ સ્રોત વહે છે કે એ પૂરવાળી નદીની જેમ વસ્તુવસ્તુના પાર્થક્યના કાંઠાને તોડીને બધું સમથળ કરી મૂકે છે. લાકડી, ખુરશી, ખીલો, ઢીંગલી – બધું એની સમકક્ષ બનીને જીવવા માંડે છે. બાળક છુટ્ટે હાથે બધાંને જીવનની લહાણ કરે છે. કળાકાર પણ ઉદાર છે. અમેરિકાના ફિલસૂફ જ્યોર્જ સાન્તાયનાએ કળાકારને બાળક સાથે જ, ઉચિત રીતે, સરખાવ્યો છે.

એટલે સત્યના સર્વાશ્લેષી પ્રસારમાં તો fantasy ને absurdity પણ સમાઈ જાય છે. સત્યના આલંગિનની જે બહાર રહ્યું તેની का गता! સત્યના ઘણા મૂલ્યવાન અંશો આ fantasy અને absurdityની અંદર દટાઈને પડ્યા રહ્યા છે. કળાકાર સિવાય એનો ઉદ્ધાર કરવાનું બીડું કોણ ઝડપે? રવીન્દ્રનાથે ‘ગલ્પસલ્પ’માં બે પ્રકારના સત્યની વાત કરી છે: સત્ય અને આરો સત્ય (સવાઈ સત્ય). કળાકારનો પ્રદેશ તે આ સવાઈ સત્યનો પ્રદેશ છે.

તો પછી સંગતિ, પ્રતીતિકરતા વગેરેનું શું? એને કળાકાર નેવે મૂકતો નથી. પણ એનું નિર્માણ કળાકૃતિને હાથે જ થવા દે છે. આપણે પૃથ્વીના જીવ. પૃથ્વીના વાયુમણ્ડળમાં જ શ્વાસ લઈ શકીએ. ચન્દ્રલોકની હવા આપણને કામ ન આવે. ‘નળદમયન્તી’માંની ચિત્રા સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર કે નીતિશાસ્ત્રના પ્રાણવાયુના આધારે જીવતી નથી. એવો જુલમ કરવા જઈએ તો એનો પ્રસ્તરીભૂત અવશેષ જ હાથ લાગે. બાળક રમે છે ત્યારે રમત રમત રહે એટલા પૂરતા નિયમો એ અસમ્પ્રજ્ઞાતપણે ઘડી લે છે; કળાકારને પણ આ સંગતિ ને પ્રતીતિકરતાનું અસમ્પ્રજ્ઞાતપણે ભાન હોવું જોઈએ. શ્રાવણ માસને માટે કરેલો નિયમ ફાગણમાં બદલાઈ જ જાય કારણ કે દક્ષિણાનિલના આવવાની સાથે જ સુકાન ફરી જાય, એ બાબતમાં સ્થિતિચુસ્ત રહેવાનું શી રીતે પાલવે?

ને સ્થિતિચુસ્ત તો ઇચ્છીએ તોય નથી રહેવાતું! જાગૃતિમાં જે જોઈએ છીએ તે તન્દ્રાની આબોહવામાં કેવું બદલાઈ જાય છે! પણ એ તન્દ્રા કે સ્વપ્ન તો આપણાં જ છે ને આપણી બહાર ક્યાં એની સ્થિતિ છે? તો એને પણ સત્યના આકલનમાં લેખે લગાડીએ એમા ખોટું શું? પણ વિશ્વને અવગત કરવાની ભાવગત રીતિનું આપણા જમાનામાં યથાયોગ્ય ગૌરવ થયું નથી. તર્કશ્રદ્ધેય ને કોષ્ટકમાં મૂકી શકાય તેટલું જ આપણે માન્ય રાખીએ છીએ. આથી જ્ઞાનજગતમાં વ્યવસ્થા આવતી હશે પણ એની સાથે જે જ્ઞાનજગતમાં

સ્વીકૃત બન્યું તે જ ભાવજગતમાં પ્રવેશ પામે એવું એક વલણ વધતું જાય છે. ક્રમ પલટાયો છે: અંત:સ્ફુરણાથી જે ભાવ દ્વારા આપણને અપરોક્ષ રૂપે ગોચર થાય તેને પછીથી જ્ઞાનની content રૂપે સ્થાન આપીએ, તેને બદલે તર્કશ્રદ્ધેય નહીં લાગે તેને, તેટલા જ કારણે શંકાની નજરે જોઈને, ભાવજગતમાંથી પણ બહિષ્કૃત કરીએ. જ્ઞાનગત સત્યો તો ગોચર છે જ; એને પ્રકટ કરવામાં કળાનો વિશેષ રહેલો નથી. કળાનો વિશેષ રૂપવિધાનમાં છે, નવ-નિર્માણમાં છે. આ નિર્માણ પર ભાર મૂકવાની જરૂર હવે વિવેચકોને વરતાવી જોઈએ.

આ નિર્માણને માટે continuous shifting of perspectives ખૂબ જરૂરી બની રહે છે. એના જ પરિણામ રૂપે distortion, unified focusને સ્થાને multiple focus, simultaneity, transparency, movement – આ બધાંનો આશ્રય લેવો પડે છે. આ બધાંની વિગતમાં ઊતરવાને અહીં અવકાશ નથી. માત્ર જરૂર પૂરતી થોડી જ વાત કરવી ઉચિત ધારું છું. આપણને અમુક ઘટનાના પ્રતિભાવ રૂપે એક લાગણી થાય છે એમ માનીએ છીએ ત્યારે વાસ્તવમાં અનેક સંવાદીવિસંવાદી લાગણીનું જૂથ ચિત્તમાં ઉદ્ભાસિત થઈ ઊઠતું હોય છે. આ ambivalence of emotion – ભાવશબલતા શી રીતે નકારી શકાય? અત્યન્ત નિકટના મિત્રે ફાંસો ખાઈને આપઘાત કર્યો છે. મિત્રપત્ની ગભરાઈને દોડી આવે છે, આધાર શોધતી વળગી પડે છે; એ નારીદેહના સ્પર્શે કેવળ એના દુ:ખથી વિગલિત થવાનો માત્ર અનુભવ થતો નથી. એ નારીદેહના સ્પર્શથી એક ઝણકાર પણ શરીરમાં દોડી જાય છે. પણ હું દુ:ખથી વિગલિત થવાનો જ ભાવ વ્યક્ત કરું અને બીજી અનેક સંવેદનાઓ એ વખતે ઉદ્ભવી તેને બાદ કરું તો સત્યનો દ્રોહ ન ગણાય? આથી એક પળે થતી અનેકવિધ સંવેદનાનું એક જ બિન્દુએ એકસાથે આલેખન અનિવાર્ય બને. પ્રેમની લાગણીનાં મૂળ ખૂબ ઊંડાં છે, એ જ્યારે ઉદ્ભાસિત થાય છે ત્યારે ચિત્તના ઊંડાણમાં રહેલી એટલી જ ઉત્કટ બીજી અનુભૂતિઓ પણ સપાટી પર આવે છે. પ્રેમને જો વેદનાથી શબલિત કરીને જોઈએ તો? 'અભિસાર'માં પ્રેમને એ રૂપે જોવાનું કુતૂહલ થયું. ભાવનું શબલિત રૂપ અનોખી જ છટા પ્રગટાવે છે; ને સાચું પૂછો તો શબલિત બન્યા વિનાનો કયો ભાવ આપણે માણી શકીએ છીએ? સાચી વાસ્તવિકતાને માટે એ અનિવાર્ય પણ લાગે છે.

એક બીજી સમસ્યા ભાષાને અંગે ઊભી થાય છે. ભાષા વ્યવહારમાં પણ પ્રયોજીએ છીએ અને સાહિત્યમાં પણ પ્રયોજીએ છીએ. એનાં આ દ્વિવિધ કાર્યને લીધે થોડી મુશ્કેલી ઊભી થાય છે. સર્જકે ભાષાનો પણ નવો સંસ્કાર કરવો પડે છે. રૂઢ પ્રયોજનના સન્દર્ભમાંથી એને મુક્ત કરી એને આગવું રૂપ આપવું પડે છે. માધ્યમને પ્રયોજવાની રીતિ એ પણ વિચારવા જેવો પ્રશ્ન છે. શિલ્પી પથ્થરમાંથી અમુક આકાર કંડારે છે. એ આકાર કંડારવાને માટે એ પથ્થરનો પ્રયોગ કરે છે એમ નહીં પણ પથ્થરનું પથ્થરપણું પૂરેપૂરું સમર્થ રીતે પ્રકટ કરવામાં એ આકારનો માત્ર સાધન તરીકે ઉપયોગ કરે છે. આ દૃષ્ટિબિન્દુ વિચારવા જેવું છે. મેં એક એવું કાષ્ઠશિલ્પ જોયું છે જેમાં ઝાડની છાલની સ્વાભાવિક બરછટતાને એમ ને એમ રાખીને એમાંથી ક્રૂસ પર ચઢેલા ઇસુનો આકાર ઉપસાવી કાઢ્યો છે. એમાં ઝાડની છાલ ભુલાઈ જતી નથી ને ઇસુ પણ દેખાય છે. માધ્યમનો આ ઉપયોગ સાધનસાધ્યના ભેદને ઘણો ઓછો કરી નાખશે. ભાષાને માંજીમાંજીને પારદર્શી કરી નાખીએ તો એનો અર્થ અમેય વિસ્તારને પામે. પણ પછી એમાંથી અમુક નિશ્ચિત અર્થ પ્રતિબિમ્બિત થવો જોઈએ એવો દુરાગ્રહ રાખવો નહીં પાલવે. તો તો વળી, કાચની પાછળ પારો લગાડવો પડે છે તેમ શબ્દમાં અર્થને પરાવર્તિત કરવા માટેની નિયત મર્યાદા મૂકવી પડે.

સાહિત્ય જીવનનું પ્રતિબિમ્બ છે એ વાતથી તો આપણે ઘણા દૂર નીકળી ગયા છીએ. સાહિત્ય આપણામાં સાક્ષીરૂપ ચેતનાનો આવિર્ભાવ સાધી આપે છે, જેને કારણે પરિમિત વ્યક્તિત્વનું તિરોધાન સિદ્ધ કરીને તાટસ્થ્યપૂર્ણ તાદાત્મ્યથી આપણે અનુભૂતિઓને નહીં પણ અનુભૂતિઓના આકારને ઓળખતા થઈએ છીએ. આ આકારોને નિર્માણ દ્વારા ઓળખવાનો આનન્દ કળાનો આગવો આનન્દ છે. કળાનું કામ મૂલ્યબોધનું વ્યાકરણ આપવાનું નથી, વિધિનિષેધભરી સ્મૃતિઓ રચવાનું નથી; ને છતાં આપણાં મૂલ્યોની રચનાને પહેલો ઘાટ કળા જ આપે છે – પ્રકટ રીતે નહીં, પ્રચ્છન્ન રીતે. એ ઘાટના થતા ફેરફારોની પહેલી એંધાણી કળા જ આપે છે. સ્પેઇનના ફિલસૂફ ઓર્તેગા ઇ ગાસેત એમના પુસ્તક The Dehumanisation of art' (p. 39)માં કહે છે: 'It is in art and pure science, precisely because they are the freest activities and least dependent on social conditions, that the first signs of any changes of collective sensibility

become noticeable. A fundamental revision of man's attitude towards life is apt to find its first expression in artistic creation and scientific theory. The fine texture of both these matters renders them susceptible to the slighest breeze of the spiritual tradewinds. As in the country, opening the window of a morning, we examine the smoke rising from the chimney stalks in order to determine the wind that will rule the day, thus we can, with a similar meteorologic purpose, study the art and science of the young generation.'

મને તો આ નવલિકાના કળાસ્વરૂપની ઘણી શક્યતાઓ દેખાય છે. આ સાહિત્યસ્વરૂપના નાના ફલક પર, હાનોપાદાનના સૂક્ષ્મ વિવેકને કામે લગાડીને, સંવેદનાના સ્તર પછી સ્તરમાં ડૂબકી મારીને જેને આપણે વાસ્તવિકતા કહીએ છીએ તેનાં જૂજવાં રૂપો રજૂ કરી શકાય. હજુ આપણું ગદ્ય વિકસ્યું નથી. બૃહદારણ્યકમાં કહ્યું છે કે આ જગત ઈશ્વરનું ઉચ્છ્વસિત છે. ઈશ્વરના ઉચ્છ્વાસના સ્પર્શે જગતને આકાર મળ્યો. હજુ આપણા ભાવોચ્છ્વાસનો પૂરો સ્પર્શ ગદ્યને થયો નથી. વ્યાકરણશાસિત પદવિન્યાસની ટેકણલાકડીએ એ ખોડંગાતું ચાલે છે. ક્રોધ, ઈર્ષ્યા, લજ્જા, નિર્વેદ – આ વિવિધ ભાવોચ્છ્વાસના સ્પર્શે એના વિન્યાસમાં જે જુદી જુદી રચનાભંગીઓ પ્રકટવી જોઈએ તે પ્રકટતી નથી. વાન ગોગનો સ્વૈર રંગવિન્યાસ જુઓ. સંઘર્ષ કે ક્લેશ બતાવવો હોય તો પરસ્પરવિરોધી એવા બે રંગોને એ જોડાજોડ મૂકી દેશે. એ રંગ એકબીજાથી દૂર નાસી જવાને માટે મરણિયા બનીને મથતા લાગશે ને એમાંથી નવી શક્તિ પ્રગટ થતી લાગશે. શબ્દમાં પણ આવો વિન્યાસ શક્ય બનવો જોઈએ. વળી આપણી ભાષામાં ક્રિયાને વર્ણવનારા શબ્દો કેટલા ઓછા પડે છે! ભાષાની ગતિ જ મન્થર લાગે છે. વિશેષણોની પ્રચુરતા ને ક્રિયાવાચક શબ્દોની ન્યૂનતા – એવું કેમ બન્યું હશે તે વિચારવા જેવું છે.

આ વાર્તાઓ વાર્તારસિયા વાચકોને ભાગ્યે જ સન્તોષે. કોઈ પાત્રનાં સુખદુઃખ વિશે મેં

ઝાઝી ચિન્તા કરાવી નથી, કશુંક બનવાની અપેક્ષામાં ઊંચે જીવે વાચકોને બેસવું પડે એવુંય નથી. ઘટનાનો બને તેટલો હ્રાસ સિદ્ધ કરવા તરફ મારો પ્રયત્ન છે. મને રસ હોય તો તે આકારની રચનામાં છે. લાગણીઓને બીબાં પૂરતી વાપરી છે, આકાર ઢાળ્યા પછી એને વર્જ્ય ગણીને એનો પરિહાર કર્યો છે. વાચકોને મુશ્કેલી પડશે, રુચિને કષ્ટ પડશે એ બદલ લાચાર છું.

ઘરમાં બાળકોને રમતાં જોઉં છું. રમત બરાબર જામી હોય છે. ત્યાં પ્રણવ કહે છે: ચાલો ને, આપણે રાજા રાજા રમીએ. કલ્લોલ ઉત્સાહમાં આવી કહે છે: હા, ચાલો ને! નિશાળ નિશાળની રમત અર્ધેથી તૂટી પડે છે ને રાજાની સવારીની નોબત વાગે છે. આ સર્જનની રમતમાં પણ આવું બને છે. અર્ધેથી રમત છોડીને વળી અવળચંડું મન બીજી રમતમાં પડે છે. આ વાર્તાઓ પરથી મન ક્યારનું ઊઠી ગયું છે. મારે મન તો એ બની ચૂકી. વળી નવા ઘાટ, નવા દાવ, નવી ગિલ્લી.

તો પછી આ પ્રસિદ્ધ શા માટે કરું છું? આ પ્રયોગોની નોંધ છે. હું જે દિશાએ જવા પ્રયત્ન કરું છું તેની એમાં એંધાણી માત્ર છે. એ ગન્તવ્ય સ્થાને હું પહોંચી ન શકું, કદાચ મારાં તપ ઓછાં પડે. પણ બીજો કોઈ મારાથી વધુ સમર્થ બડભાગી કળાકાર હોય તો તેને આ ખપમાં આવે કદાચ. આથી ઝાઝો લોભ નથી ને નમ્રતાના ડોળ ખાતર આ લખતો નથી.

મુ. ભોગીલાલભાઈએ આવા પ્રયોગોને પ્રસિદ્ધ કરવાનો સદ્ભાવ બતાવ્યો. ધંધાદારી દૃષ્ટિએ તો આ ડહાપણ વિનાનું પગલું જ છે. પણ નવા ઉન્મેષોને પ્રગટ થતા જોવામાં એમના રસિક જીવને સન્તોષ થતો જોઉં છું ને ઋણમુક્તિનો આનન્દ અનુભવું છું. મુ. ગુલાબદાસભાઈએ અત્યન્ત મમતાપૂર્વક સામેથી આવીને મારો હાથ ઉમળકાથી ઝાલ્યો અને મને વહાલથી આવકાર્યો, અમારી વચ્ચે પાયાના અનેક મતભેદ છતાં, તે માટે હું એમનો ઋણી છું. જે મારાં અત્યન્ત આત્મીય છે તેમનો ઔપચારિક આભાર માનવાનું પાપ કરવું નથી. મારા વિદ્યાર્થીમિત્રોએ આ વાર્તારચનામાં ઉત્સાહભર્યો રસ લીધો ને એને કારણે આ અમારી સહિયારી લીલા બની ગઈ તેનું સુખદ સ્મરણ હંમેશાં સાચવી રાખીશ.

કિંચિત્

– સુરેશ હ. જોષી
વડોદરા, 20-12-1956

મુરબ્બી ગુલાબભાઈ,

હું આ રજાઓમાં મુંબઈ આવવા ધારતો હતો, પણ હવે આવી શકું એમ લાગતું નથી. જેની રૂ-બ-રૂમાં ચર્ચા કરી હોત તેને કાગળમાં લખીને સંતોષ માનું છું. તમે વડોદરા આવવાનું કહેતા હતા. એ જો શક્ય હોય તો વળી ચર્ચા જામે. અલબત્ત, મને મુ. ભાયાણીની ખોટ જરૂર સાલે.

થોડુંક મારી વાર્તાઓ વિશેઃ મારે લખવું જરા મુશ્કેલ તો છે જ. પૂરું તાટસ્થ્ય જાળવવું કદાચ શક્ય નહીં બને. છતાં આપણી વચ્ચેની આત્મીયતાના પર ઇતબાર રાખીને થોડુંક, સ્પષ્ટતા કરવા પૂરતું, લખું છું.

સાહિત્યના પ્રયોજન પરત્વે એક જ વસ્તુ મહત્ત્વની લેખું છુંઃ ચેતોવિસ્તાર. એને જ જો Paul Valeryના શબ્દમાં કહેવું હોય તો કહીએ – increase of consciousness. વાર્તામાં પણ આથી વિશેષની અપેક્ષા મને નથી. જુદા જુદા Modes of being, આપણી સંવેદનાના જુદા જુદા contours જોવા, આલેખવા – આ સિવાય વધુ સર્જકને શું કરવાનું પણ હોય!

પણ સાથે એક વસ્તુ મહત્ત્વની સમજું છુંઃ ટૂંકી વાર્તાનું ફલક તે needlepoint of now છે. સમયના લાંબા ફલક પર એને પ્રસારીએ તો એની એકાગ્રતા – unity of impressionમાં વિક્ષિપ્તતા આવી જાય. આ ઉપરાંત, ને તે પણ આ જ કારણે, બીજી મહત્ત્વની વસ્તુ તે utmost economy – સાધનસામગ્રીના વિનિયોગ પરત્વેનો સૂક્ષ્મ વિવેક, હેયઉપાદેય નક્કી કરવાની સૂઝ.

આ સમ્બન્ધમાં તમારે ને મારે મતભેદ કદાચ ખાસ નહીં હોય. સંગ્રહમાં પહેલી મૂકવા ધારું છું તે વાર્તા ‘વિચ્છેદ’ તમારી ‘એક પ્રણયકથા’ની જોડાજોડ ‘ફાલ્ગુની’માં છપાયેલી. એમાં economy નથી, વિસ્તાર વધારે છે, થોડો lyricismનો પુટ આપેલો છે ને એ કારણે કદાચ સુવાચ્ય તો બની રહે છે. પણ આજે મને એમ લાગે છે કે એ વાર્તાની

નાયિકાના ચિત્તમાંનો સંઘર્ષ વ્યંજિત થવો જોઈએ તે સ્પષ્ટ રજૂ કરાયો છે ને તે પણ કાંઈક લંબાણપૂર્વક. તમારી દૃષ્ટિએ કદાચ નાયિકાના પાત્રની પશ્ચાદ્ભૂ સમજવા માટે એ લંબાણને સાર્થ ઠરાવી શકાય. પણ એ વાર્તા હું મૂકું છું કેવળ ઐતિહાસિક દૃષ્ટિએ. એની સમસ્યાનું સ્વરૂપ એક રીતે ત્યારથી જ મારા વલણને સ્પષ્ટ કરે છે. સંઘર્ષ – સંકુલ અને સૂક્ષ્મ સ્વરૂપનો –માં મને રસ છે. ત્યારે સત્ત્વ કસોટીએ ચઢે છે, ચેતનાના નવા contours દેખાય છે, new stature of being દેખાય છે. દેહનું સૌન્દર્ય સ્વીકારવા જતાં આત્માનું સૌન્દર્ય ખોવું પડે એવી પરિસ્થિતિ નાયિકાના જીવનમાં ઊભી થાય છે. આજે કદાચ એ સંઘર્ષ હું પોતે જુદી રીતે આલેખું. એ વાર્તામાં stream of consciousnmessની આલેખનરીતિ તરફનો મારો પક્ષપાત દેખાશે.

1944માં લખાયેલી એ વાર્તા પછી ‘નળદમયન્તી’ 1955માં લખી. તે દરમિયાનની બે વાર્તા પણ આ સંગ્રહમાં મૂકવા ધારેલી બે વાર્તા પણ આ સંગ્રહમાં મૂકવા ધારી છે. ‘છૂટકારો’માં ખૂન જેવી અસાધારણ ઘટનાની પાછળની માનસિક પ્રક્રિયાના નિરૂપણનો પ્રયત્ન છે. જે કાયદાકાનૂનની દૃષ્ટિએ અપરાધરૂપ ગણાય તેની પાછળ સંપ્રજ્ઞાત કે અર્ધસંપ્રજ્ઞાત કેવાં ને કેટલાંક સંકુલ બળો કામ કરતાં હોય છે! ઘૃણા-જુગુપ્સા-દયા-હિંસા- આવું ambivalence નિરૂપવાનો પ્રયત્ન છે; જે દલસુખમાંથી મુક્ત થયું તેણે તેના મુક્ત કરનારમાં જ આશ્રય લીધો! આ વક્રતાનું પણ એમાં સૂચન છે. અહીં નાહકનું લંબાણ ટાળ્યું છે. મનના અન્ત:શીલ પ્રવાહો તરફ જ દૃષ્ટિ રાખી છે. આમ વાર્તા ઘટનાપ્રધાન બનવા કરતાં મનની પ્રક્રિયાનો નકશો આપનારી વિશેષ બને છે.

પછીની વાર્તા ‘નવોઢા’માં નારીને મુખે જ એના દુર્ભાગ્યની કથા વિલાપરૂપ – melodramatic – ન બને એ રીતે કહેવડાવી છે. એમાં છેલ્લે એને આવતાં દુ:સ્વપ્ન દ્વારા પતિના સ્વભાવને આલેખવાનો પ્રયત્ન કર્યો છે. એ રીતે પ્રતીકનો આશ્રય લઈને વ્યંજનાત્મક રીતે વસ્તુ રજૂ કરવાનો આ પ્રારમ્ભ છે જે પાછળથી ‘રિગર મોર્ટિસ’માં વધારે વિકસે છે. ‘નવોઢા’માં પરિસ્થિતિઓની યોજનામાં ગણતરી દેખાઈ આવે છે ને તે વાર્તાની નબળી બાજુ છે. છતાં આલેખનરીતિના વૈવિધ્યની દૃષ્ટિએ એને રજૂ કરવી ઠીક ધારી છે.

‘નળદમયન્તી’ વિશે ઘણી ચર્ચા થઈ ચૂકી છે. એ pornographic છે એમ કહેવાની

હદે પણ માણેક જેવા ગયા! એવી વાર્તા લખવાનું પ્રયોજન શું એમ કોઈકે અકળાઈને પૂછ્યું. મારો તો એક જ જવાબ છે: ચેતોવિસ્તાર. તમે પાત્રની consistency – સંગતિનો પ્રશ્ન ઉઠાવ્યો. મને એ પ્રશ્ન અપ્રસ્તુત લાગે છે.

સંગતિની વિભાવના mechanical સ્વરૂપની તો ન જ હોઈ શકે ને? જો એમ હોત કે અ અમુક સંજોગોમાં અમુક રીતે વર્તે તો માનવસ્વભાવ વિશેનું આપણું કુતૂહલ ઘણું ઓછું થઈ જાત. વાર્તાકારે રજૂ કરેલી પરિસ્થિતિમાં એ જે રીતે વર્તે છે તે પ્રતીતિકર છે કે નહીં તે જ માત્ર ચર્ચાને પ્રસ્તુત એવો પ્રશ્ન છે. આર્થિક મુશ્કેલી, તેથી જીવનમાં આવતી કરુણતા – આ મારે મન ગૌણ વસ્તુ છે. મારી ભૂલ એ છે કે મેં એને કદાચ જાણ્યેઅજાણ્યે વાર્તામાં વધારે મહત્ત્વ આપ્યું છે. એક પરિસ્થિતિમાં આપણે એ પ્રત્યે કેવો પ્રતિભાવ બતાવીએ તેનું કોઈ ધારાધોરણ મુજબનું ચોક્કસ સમીકરણ હંમેશાં માંડી શકાતું નથી. એવાં સમીકરણો માંડવાનો પ્રયત્ન કોઈ વાર્તાકાર ન કરે. સમાજશાસ્ત્રી કદાચ કરે. આ વાર્તામાં ચિત્રાના પ્રતિભાવ પર જ મેં મારું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આયોજનરીતિ પરત્વે અહીં મને juxtaposition અને u slow motion cameraથી ચિત્રો આલેખવાની રીતિ વધુ કારગત નીવડે એમ લાગ્યું, માટે એ બે રીતિ અખત્યાર કરી. એથી વ્યંજનાનો જ એક રીતે મેં આશ્રય લીધો એમ કહેવાય. આ નાયિકાનો પતિ નળની જેમ સભાનપણે પત્નીની મર્યાદાને ઢાંકતું અર્ધું વસ્ત્ર ખેંચી લેતો નથી, પણ પરિસ્થિતિની અગતિકતામાં એ નિમિત્તરૂપ તો છે જ. પેલાં પુરાણવાળાં નળદમયન્તી તો કળિના જતાં આખરે ખાધુંપીધું ને રાજ કર્યુંની સ્થિતિને પામ્યાં. પણ ચિત્રા એ સ્થિતિમાં નથી – આ વિરોધ મને અભિપ્રેત છે. પણ મુખ્ય વાંધો નાયિકાના વર્તન પરત્વે – પેલા માણસને ખભે એ માથું ઢાળી દે, ઉદાર બને, પાછળથી કશો અનુશોચ ન અનુભવે – હોય એમ લાગે છે. અહીં ambivalence જ આલેખ્યું છે. કુતૂહલ-ભીતિ-તત્સમતા-દયા-ઔદાર્ય આવો ક્રમ છે. આ વાર્તા જે રીતે લખાઈ છે તે સિવાયની બીજી કોઈ રીતે આ બધું ન કહી શકાત એમ હું માનું છું. એનું સ્થાપત્ય મને આથી અનિવાર્ય સ્વરૂપનું લાગે છે. pornography તો ક્યાં છે? નગ્ન શરીરનાં કામોત્તેજક વર્ણનો વીગતે કરવાનો અહીં અવકાશ ક્યાં છે? અહીં economy મેં વધુ સિદ્ધ કરી છે. મનના એક વધુ પાતાળમાં ડૂબકી મારી છે, જ્યાં તિરસ્કાર જ ઉદ્ભવે ત્યાં સહાનુભૂતિ ઉપજાવવાની ભૂમિકા રચવાનો પ્રયત્ન કર્યો છે. માણસનું મન કેવું! એમ માનો ને કે એક મિત્રે આપઘાત

કર્યો છે ને એ મિત્રની પત્ની ગાભરી બનીને મારી પાસે દોડી આવે છે. ટેક્સી કરીને હું એની સાથે ઘટના બની છે તે સ્થળે જવા નીકળું છું. આઘાતથી પટકાઈ પડેલી એ મારા ખભાનો આશ્રય લે છે. એક નારીશરીરની સંનિધિ આવી પરિસ્થિતિમાં પણ મારા શરીરને ઉત્તેજિત કરી જાય છે ને છતાં આ પરિસ્થિતિની ગમ્ભીરતા, કરુણતાથી હું અપરિચિત નથી. મારી ચેતના જાણે એક સાથે બે ભિન્ન સ્તર પર વ્યાપારશીલ બને છે. આ સંઘર્ષ હું નિરૂપું – મને એમાં રસ છે. પરમ્પરાગત દૃષ્ટિએ આ કદાચ આઘાત આપે. પણ એ આઘાત આપવાના હેતુથી પ્રેરાઈને હું લખતો નથી. મારું ધ્યાન સંઘર્ષ પર છે. ‘નળદમયન્તી’ વિશે પણ મારું આ જ દૃષ્ટિબિન્દુ છે.

‘કાલીયમર્દન’માં economy વધુ સાધી છે. એમાં રહેલો સંઘર્ષ રસિકે સમજાવેલો. છતાં અહીં જરા વધુ વિશદ કરવાનો પ્રયત્ન કરું. આપણને જે અનુભવો ને સંવેદનો થાય છે તે ચેતનાના જુદા જુદા સ્તર પર રહીને આપણે ગ્રહીએ છીએ. આ એક અત્યન્ત મહત્ત્વની વસ્તુ છે. હું જે સમાજમાં રહું છું તેનો જે accepted pattern of behaviour છે તેની સાથે તત્સમ થવાનો હું પ્રયત્ન કરું પણ બધાં જ સંવેદનો ને ઇચ્છાવાસનાઓ વિશે એ શક્ય ન પણ બને. અનેક જ્ઞાતઅજ્ઞાત કારણોને લઈને અમુક ઇચ્છાવાસનાઓને હું ચેતનાના નિમ્ન સ્તર પર રહીને જ ગ્રહી શકતો હોઉં ને છતાં સામાજિક માન્યતા પામી ચૂકેલા વર્તનના ચોકઠામાં એને ગોઠવવાનો પ્રયત્ન મારે કરવો પડે – આ સંઘર્ષનું એક સ્વરૂપ. આપણી ઇચ્છાવાસનાઓને આપણે rationalize કરવાનો પ્રયત્ન કરીએ ને એમાં કુશાગ્ર બુદ્ધિને કામે લગાડીએ તો આખી વસ્તુ કેવી અટપટી બની જાય! ને છતાં કોઈક વાર એવું બને કે rationalize કરવાના આપણા પ્રયત્નો ભાંગી પડે, elemental forceનો જુવાળ બધી પાળ તોડી નાંખે, આપણી ચેતનાના દર્પણમાં આપણને આપણી સાચી છબિ દેખાઈ જાય. સોનલને કારણે આવા રીઢા માણસનું મન કેમ વિક્ષુબ્ધ થયું એ તમારો પ્રશ્ન છે. પણ સોનલ તો નિમિત્તરૂપ છે. એ subconsciousમાં એકઠા થયા કરતા ભાવને માત્ર એક push, last push આપવાના કામમાં આવે છે. અહીં પણ consistency અને mechanical સ્વરૂપમાં જાળવી નહીં શકાય. અહીં જે પ્રશ્ન છે તે નૈતિક નથી, માણસ પોતાની વ્યક્તિતાના બે ખણ્ડને સાંધીને સ્થિર રહેવાને હવાતિયાં મારે છે. એને અંગે આત્મપ્રવંચનામાં પણ પડે છે. કર્યા વગર રહેવાતું નથી તેને અનેક રીતે પોતાને અનુકૂળ

રીતે ગોઠવવાનો પ્રયત્ન કરે છે – આ બધી પ્રક્રિયામાં મને રસ છે. એક બાજુ elemental forceને બીજી બાજુએ sophisticated refined sensibility – આ બે અહીં સામસામે ટકરાય છે. નાયકનું અન્તિમ ક્ષણનું હાસ્ય તે પોતાના પ્રયત્નની વ્યર્થતા જાણ્યા પછી પોતાના પ્રત્યેનું જ હાસ્ય છે. હવે રહ્યો પેલી સ્ત્રીનો સવાલ. તમે કહો છો કે એ એકાએક ક્યાંથી ટપકી પડી? એની આગળપાછળની મેં કશી વાત કહી નથી. મને લાગે છે કે એ કહેવાની જરૂર નથી. એને વિશે જે કહ્યું છે – સૂચવ્યું છે તે પરથી બધું સમજાઈ નથી જતું? કદરૂપી, ઉપેક્ષિત, યૌવનસહજ વૃત્તિઓ સંતોષાઈ નથી માટે એ પરત્વેની બુભુક્ષાને આજ સુધી ઢાંકીને બેસી રહેલી, આવા સોહામણા, એને માટે દુર્લભ એવાના અનુગ્રહથી કૃતાર્થતા અનુભવતી ને આખરે આખી પરિસ્થિતિના logical end સુધી હડસેલાઈ જતી એવી એ નારી છે. પણ એના સંઘર્ષની એક બીજી બાજુ જુઓ: જેને સોહામણો ને સુસંસ્કૃત માનીને એણે આદર અનુભવ્યો તેનાં બધાં trappings અળગાં થતાં કદાચ પોતાની કુરૂપતા કરતાંય વિશેષ જુગુપ્સાજનક એવું એણે જોયું – આનો એને આઘાત લાગ્યો. એ કાંટાળા થોરની પ્રાકૃત તીક્ષ્ણતાનો ભોગ બની, કૌમાર્ય ખોયું – કૌમાર્યને આ પશુ તોષવા વધેર્યું – માટે લોહીની વાત. આ કાંટાળા થોર અને લાલ ચણોઠીના પ્રતીકની સાભિપ્રાયતા. વળી થોડો વખત સંસ્કારિતા વગેરેનો ખ્યાલ રાખીને માણસ વૃત્તિઓને સંયત રાખે પણ આદિમ બળની પીઠ કરીને ભાગવું, આત્મપ્રવંચનાની ઢાલથી એનો સામનો કરવો એ કાંઈ કારગત નીવડે નહીં. માટે સડેલાં માંસને પણ આખરે સિંહ આરોગે – એની ભૂખ જ એને ઉશ્કેરે. જુગુપ્સાનો સંચય કરીને એનો પેલી બુભુક્ષાના મારણ તરીકે ઉપયોગ કરવો તેમાં બુદ્ધિની કુશાગ્રતા ખરી – આપણે શિક્ષિતો એવું કરીએ, ટકી રહેવા મથીએ. પણ એ આખરે તો પ્રવંચના જ છે. તો શું મારે એમ કહેવું છે કે માણસ આવી પરિસ્થિતિમાં લાચાર છે, સંયમ શક્ય જ નથી? ના, એવું કશું મારે કહેવું નથી. બહુ બહુ તો એટલું કહી શકાય કે આજનું આપણું એક કાર્ય આમ એક દેખાતું હોવા છતાં એની પાછળ ભૂતકાળનાં અનેક સંવેદનો, અધ્યાસો – ને એ બધાંથી ઘડાતાં માનસિક વલણો કામ કરી રહ્યાં હોય છે. એક કાર્ય કરીને આપણે એ કાર્ય દ્વારા જ આપણી free choiceના ક્ષેત્રને મર્યાદિત કરતા જઈએ છીએ, કારણ કે કાર્યોની શૃંખલા ગૂંથાય છે. દરેક કાર્ય એક એક કડી છે. એ કડી વિખૂટી નથી, આગળની કાર્યપરમ્પરા સાથે એ ગૂંથાયેલી છે. we

are forging our own chain. આ એક દૃષ્ટિ છે. આ પરત્વે મતભેદ હોઈ શકે – પણ એ પ્રશ્ન ફિલસૂફીનો છે, સાહિત્યનો નહીં.

'કાલીયમર્દન' પૂરી ગમ્ભીરતાથી લખી છે માટે મેં વધુ સ્પષ્ટ થવાનો ખાસ પ્રયત્ન કર્યો. છતાં પણ સમ્ભવ છે કે એ વાર્તા કોઈને આથી સાવ જુદા જ કારણે આસ્વાદ્ય કે વર્જ્ય લાગે. એ વિશે હું કશો દુરાગ્રહ સેવતો નથી. વાત નીકળી છે ત્યારે એક મુદ્દો અહીં યાદ આવે છે તે કહી નાંખું. એમ પણ બને કે મને વિચારની contentમાં રસ ન હોય, પણ બે વિચાર કે બેથી વધુ વિચાર કે ભાવ કે સંવેદન જ્યારે એકબીજા સાથે confront થાય ત્યારે એના સમ્બન્ધની ભાત કેવી પડે, એ relationship કયું form લે તેમાં જ મને રસ હોય. હું ધારું છું કે કલાકારનો રસ આ પ્રકારનો હોય છે. એક કરતાં વધુ વસ્તુ ભેગી થાય એટલે આપોઆપ એ અમુક પ્રકારના સમ્બન્ધથી જોડાય – આ સહોપસ્થિતિ જ મારે મન આશ્ચર્યનો વિષય છે. કળાકાર તરીકે મારું કુતૂહલ એ વિશે છે. મારી વાત સ્પષ્ટ થઈ કે નહીં, કોણ જાણે!

ચાલો, આગળ વધીએ. એની પછી તરત લખાયેલી 'રિગર મોર્ટિસ' હવે લઈએ. લખવી સૌથી મુશ્કેલ લાગી હોય તો એ અને 'સેતુબન્ધ.' અહીં stream of consciousnessનો વધુ સ્પષ્ટ ઉપયોગ છે. 'રિગર મોર્ટિસ'માં વંદરાવનદાસ એક રીતે આજની આખી માનવજાતિના પ્રતિનિધિ છે. એ સુખ શોધે છે, જીવન જીવવાને માટેનું પ્રયોજન શોધે છે, મૂલ્યો ડહોળાયેલાં છે, સ્થિર નિશ્ચિત કશું નથી. પરપીડનમાંથી સુખ લેવાનો પણ એ પ્રયત્ન કરે છે – એટલી હદે એ મરણિયા બને છે. પણ પાછલી અનુભૂતિઓની આખી શૃંખલા એને ઘેરીને પડી છે. એની મડાગાંઠમાંથી એ શી રીતે છૂટે? એને કોઈકના વિશુદ્ધ સ્મિતની, આલિંગનની હૂંફની અપેક્ષા છે. પણ એ મેળવવા માટે એણે કેટલો પોતાની જાતનો પુન:સંસ્કાર કરવો પડે! માટે આખરે એને મડદાનું આલિંગન મળે છે. આપણી સંસ્કૃતિની પણ આજે રિગર મોર્ટિસની જ અવસ્થા છે. આ વસ્તુ છૂટાં amorphous – નિશ્ચિત આકાર વગરનાં, વિશૃંખલ છતાં કેવળ સાથે સાથે ગોઠવાયાં હોવાને કારણે કશોક અર્થ ઉપસાવતાં એવાં દુ:સ્વપ્નો દ્વારા પ્રકટ કરવાનો પ્રયત્ન છે. આખરે તો એક પ્રયત્ન છે. આખરે તો એક પ્રયત્ન છે. અહીં તમારો એક મુદ્દો ચર્ચવો પડશે. તમે કહો છો કે આ બંને વાર્તામાં પિણ્ડ બંધાતો નથી.

એક circle પૂરું થતું નથી. પણ એ જ તો મારે સિદ્ધ કરવું છે. આપણા બધા પ્રયત્નો છતાં આપણી મનની સમજમાં ખૂબ gaps રહી જાય છે, ચોક્કસ રેખા આપણે બધે જ બાંધી શકતા નથી. અને તેથી જ એ હાર્દને પ્રકટ કરવા માટે એને અનુરૂપ form યોજવું જોઈએ. સિદ્ધરાજ જયસિંહની વાર્તામાં પિણ્ડ ન બંધાય તો મહા દોષ કહેવાય – એને માટે મારે એની પાસે યુદ્ધ ખેલાવવાં જોઈએ, પ્રેમ કરાવવો જોઈએ, ઘોડા કુદાવવા જોઈએ. પણ અહીં જો એ જાતનો નક્કર પિણ્ડ બાંધું તો મારા વસ્તુનો મેં દ્રોહ કર્યો ગણાય. નવલકથાના મોટા પટ પર જ આ બને એમ તમે કહો છો પણ નવલકથા ખણ્ડોની બને છે. એ ખણ્ડો સુગ્રથિત હોય તોય દરેક ખણ્ડને પોતાનું વ્યક્તિત્વ હોય છે. તમે કોઈ નવલકથાની વાત કરતા હો ત્યારે રસદર્શન-પરિશીલન માટે એકાદ ઘટનાને નથી નિદર્શન રૂપે લેતા? એમ કરતાં આપણને કશું વિઘ્ન નડે છે? તો આ એવો એક ખણ્ડ છે, એને પોતાનું વ્યક્તિત્વ છે ને એ ખણ્ડ જે સમસ્તનો પ્રતિનિધિ છે તેને એ વ્યંજિત કરે છે. મારું આ દૃષ્ટિબિન્દુ છે.

હવે ‘સેતુબન્ધ.’ ક્રમ સ્વાભાવિક છે. એ આજે જે disintegration શરૂ થઈ ગયું છે – વ્યક્તિઓનું, રાષ્ટ્રોનું, મૂલ્યોનું – અરે કાળનું સુધ્ધાં – તેની વાર્તા છે. આપણે બધા, લાઇબનિત્સની ભાષામાં કહીએ તો, windowless monads થઈ ગયા છીએ. અંગેઅંગ છૂટાં પડતાં જાય છે, ક્ષણ અને ક્ષણ વચ્ચે શૂન્યની ગર્તા છે – એ શૂન્યમય અવકાશના પર કોઈ સેતુ નથી. બે પેઢી વચ્ચે સેતુ નથી, એક વ્યક્તિ પોતાની અંદર જે ભિન્ન ભિન્ન અંશો લઈને જીવે છે તેની વચ્ચે સેતુ નથી, હું જે શ્વાસ લઈને જીવું છું તે બે શ્વાસોચ્છ્વાસ વચ્ચે સેતુ નથી(મારા દમના રોગની અસર આ વાર્તા પર લાગે છે, નહીં?) – ને છતાં પ્રેમનો અંકુર ફૂટે છે. વાર્તાનો નાયક એક સૃષ્ટિમાંથી બીજી સૃષ્ટિમાં જાય છે – પૂરેપૂરો જઈ શકે છે? એ સેતુબન્ધ બંધાય છે ખરો? માટે એની પ્રેયસી તે એક ભાંગી પડેલી સૃષ્ટિના ભંગાર પર હસતી ઢીંગલી જેવી લાગે છે. એની બકુલની માળા સેતુબન્ધ બાંધી શકશે ખરી? ન જાને! પક્ષાઘાતથી સ્થિર થયેલી દાદાજીની સ્થિર આંખ, ચામડી ખોતરતો વંદો, આંચકા સાથે ખસતો ઘડિયાળનો મિનિટકાંટો – આ બધાં એ જ વિશ્લિષ્ટતાને સૂચવે છે. જો આ વિચ્છિન્નતા અસરકારક રીતે કહેવાઈ હોય તો આ વાર્તા સફળ. એ તો હું શી રીતે કહું? પણ વાર્તામાં મેં જે કરવા ધાર્યું છે તે એ જ.

પછીની વાર્તા ‘પાંચમો દાવ’ પણ પૂરી ગમ્ભીરતાથી લખી છે. તમે એને એક રમત ગણીને હસી કાઢી પણ મારે પ્રામાણિક મતભેદ છે. આપણે પળે પળે એકબીજાના વર્તનનો ન્યાય ચૂકવવા બેસતાં હોઈએ છીએ. પણ જુઓ આ વિચિત્રતા કે હું જેને મારા વર્તનને ચકાસનાર ગણીને અપરાધના ડરથી જ કમ્પતો હોય છે. આમ પરસ્પરનો છેદ ઊડી જાય છે. ને છતાં આપણા આ સંસારમાં પ્રત્યેક પળે આવા દાવ ખેલાતા રહે છે. આપણે એકબીજા સમક્ષ કદી છતા થઈ જવા ઇચ્છતા નથી, એને માટે મરણિયા બનીને પ્રયત્ન કરીએ છીએ. આપણી આખી સંસ્કૃતિનો પાયો એના પર છે. પણ એ બધું કેટલું વ્યર્થ ને હાસ્યાસ્પદ છે! જો આટલું કહી શકાતું હોય બસ – એને એક રમત ગણો તોય મારે વાંધો નથી but I am damn serious about it.

નવમી વાર્તા ‘પરગજુ વ્રજભૂખણદાસ’માં મેં બેધડક પાત્રની consistencyને નેવે મૂકી છે. સાધનસંપન્ન આબરૂદાર વ્રજભૂખણદાસ અંધેરીથી તે મરીન લાઇન્સની મુસાફરી દરમિયાન એક જણનું ખિસ્સાપાકીટ કાઢી લે છે. બધી ભીડની અંદર એમનો એક હાથ એમનાથી છેટો પડી જાય છે, એ હાથની ને એમની વચ્ચે માનવીની દીવાલ છે – ને આ કારણે એ હાથને નવું આગવું વ્યક્તિત્વ પ્રાપ્ત થાય છે. એ સ્વતન્ત્ર રીતે વર્તે છે. વ્રજભૂખણદાસનો એના પર કાબૂ નથી. જ્યારે એ હાથ એમનું એક અંગ બનીને પાછો prodigal’s returnની જેમ પાછો ફરે છે ત્યારે જેણે પાકીટ ગુમાવ્યું તેને એઓ ઠપકો આપીને પરગજુ બનવાની તક ઝડપી લે છે. અહીં પણ આ છૂટો પડેલો હાથ તે disintegrationનું જ symbol છે.

છેલ્લી દસમી વાર્તા ‘વારતા કહો ને’માં વળી કોઈને pornography દેખાય – એથી વધારે આકરું અપમાન મારે માટે બીજું નથી. જે પેનયચ ◌િછે તે સંવેદનશીલતાનો અભાવ, રુચિતંત્રની જડતા! ‘નવોઢા’વાળી નારીની જ કથા જાણે કે આગળ ચાલે છે. એનામાં જ કશી ખામી છે એમ માનીને એના સ્ત્રીત્વને વન્ધ્ય કહી કલંકિત કર્યું છે. પણ નીકળે છે સાવ ઊંધું – એનો પતિ જ દોષિત છે – sterile છે. આ જાણ્યા પછી એનામાં જે પરિવર્તન થાય છે, એની સંતાનને માટેની વાસના પ્રબળ થાય છે, એની યૌવનસહજ ભૂખ છંછેડાય છે – એ બધાં સ્થિત્યન્તરો એમાં બતાવવાનો પ્રયત્ન છે – ને આખરે તો એ અણસમજુ બાળક જ છે. માટે જ તો પતિએ એને ભ્રમણામાં રાખેલી. આ નિર્દોષ

અકૈતવની લાચારી ને એની સાચી પરિસ્થિતિ જાણ્યા પછીની વધતી લાચારી, એમાં રહેલી કરુણતા – આ બધું મારે વાર્તામાં કહેવું છે. એ વાર્તા તમે વાંચી નથી. ‘મનીષા’માં આ વખતે વાંચશો. ‘પરગજુ વ્રજભૂખણદાસ’ પણ કદાચ ‘ઊમિર્’માં વાંચશો.

બસ. અહીં હવે અટકું. વાર્તાના વસ્તુ પરત્વે, નિરૂપાયેલી સમસ્યા પરત્વે, નિરૂપાયેલી સમસ્યા પરત્વે, નિરૂપણરીતિ પરત્વે, સાધન તરીકે વાપરેલી ભાષા પરત્વે તો તમારે કહેવાનું. એ વિશે કશું કહેવાની ધૃષ્ટતા હું ન કરું. સર્વે મુરબ્બીઓ તથા સ્નેહીઓને યાદ. રસિકને આ વંચાવજો.*

સુરેશના સવિનય વંદન

- સુરેશ જોષીનો આ પત્ર તેમની વાર્તાકળા વિશેની વિભાવનાને અને સાથે સાથે ગુલાબદાસ બ્રોકર સાથેનો વૈચારિક મતભેદ પણ પ્રગટ કરે છે. આ પત્ર એતદ્ના સૌજન્યથી અહીં પ્રગટ કરીએ છીએ.

આપણા ઘણા લેખકો એક જાતનું મિથ્યા ગૌરવ અનુભવે છે, પેલી ચેતનાને કુંવારી રાખવાનું. આ ખોટા અભિમાનમાં, પશ્ચિમ પ્રત્યેના ખોટા દ્રોહમાં કે દ્વેષમાં એ લોકો આ જગતની શ્રેષ્ઠ ચેતનાના સમ્પર્કમાં આવતા નથી. એ લોકો બીજી ભાષાની નાખી દેવા જેવી કૃતિઓ પર વારી જાય છે, પણ પશ્ચિમમાં જે નીવડેલી પ્રશિષ્ટ કૃતિઓ છે, એનું કેટલાને જ્ઞાન છે?

- સુરેશ જોષી

# જન્મોત્સવ

ઘડિયાળમાં સાડા અગિયાર થયા હતા. હવે અર્ધા કલાકની જ વાર હતી. લાલ કિનખાબના પડદાની પાછળ કૃષ્ણજન્મની બધી તૈયારી થઈ ચૂકી હતી. વૃન્દાવનદાસનો મોટો દીકરો અસિત અમેરિકા જઈને ઇલેક્ટ્રિકલ એન્જિનિયરીંગનું ખાસ શિક્ષણ પ્રાપ્ત કરી આવ્યો હતો, એણે બધાંને આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખે એવી તરકીબ રચી હતી. કારાગૃહમાં કૃષ્ણનો જન્મ, વર્ષા, વસુદેવનું કૃષ્ણને લઈને જમુના ઓળંગીને ગોકુળ જવું – આ બધું વીજળીની કરામતથી તાદશ બનતું એ બતાવવાનો હતો. આથી બધાં આતુર હતાં. લાલ કિનખાબનો પડદો ક્યારે ખૂલે તેની રાહ જોઈ રહ્યાં હતાં.

સ્ટેશનના ઘડિયાળમાં સાડા અગિયારનો ટકોરો હમણાં જ પડ્યો હતો. જનતા એક્સપ્રેસમાંથી ઊતરેલા પેસેન્જરોને લઈને બસ શહેર ભણી ઊપડી ચૂકી હતી. બસસ્ટૅન્ડ સૂમસામ હતું. પાસેની ખુલ્લી જગ્યામાં ફાટીતૂટી ગુણપાટ ને કેરોસીનનાં કાટ ખાધેલાં પતરાંનું છાપરું કરીને ત્રણચાર કુટુંબ આશ્રય લઈ રહ્યાં હતાં. એમાંના એક ઝૂંપડામાં ફગફગિયો દીવો ટમટમતો હતો. કોઈ સ્ત્રીના કણસવાનો અવાજ એ નિસ્તબ્ધતામાં સંભળાતો હતો પણ એ ઝૂંપડાની વસતિએ એના પર ધ્યાન આપ્યું હોય એમ લાગતું નહોતું. ત્યાં અર્ધા ઊંઘમાં ને અર્ધા જાગતા એવી અવસ્થામાં કોઈ બોલતું સંભળાયું: ‘એલા કાનજી, માણકી કણસે છે. જરા જઈને જો તો ખરો!’

બીજાએ પણ એવા જ અવાજે જવાબ વાળ્યો: ‘એમાં હું જોવા જાવું’તું. વખત થિયો લાગે છે.’

અંધારે ખૂણેથી કોઈ ડોસી ખોખરા કર્કશ અવાજે બબડી: 'માણકીય જબરી ને ઇના પેટમાંનું છોરુંય જબરું માળું! ટંકણખાર દીધો તોય કાંઈ નો વળ્યું. હવે કાંઈ આવનારને પાછું ઠેલાય? કર કાંઈ બાપલા! છૂટકો છે!' ઘડિયાળનો કાંટો આગળ વધતો હતો, માણેક કરાંજતી હતી, આકાશને કદીક કદીક વીજળી વીંધી જતી હતી, ભારે કડાકો થતો હતો ને ભારે વરસાદ માથે ઝઝૂમી રહ્યો હતો.

ઘડિયાળનો કાંટો આગળ વધતો હતો. ઉપરના ઓરડામાં વિશાખા અને ધનંજય ટોળા વચ્ચેથી સરી જઈને વિશ્રમ્ભે વાર્તાલાપ કરી રહ્યાં હતાં. તેમનેય એમ લાગ્યું કે હવે તો નીચે જવું જ પડશે. વૃન્દાવનદાસ અને એમની મંડળી બેઠકમાં ભાગવતનું શ્રવણ કરતી હતી તે પણ હવે વખત થવા આવ્યો જાણી ઠાકોરજીના ઓરડા તરફ આવવાની તૈયારીમાં હતી. મધુસૂદન અને એની મિત્રમંડળી બ્રિજનાં બે રબર પૂરાં કરીને અસિતની કરામત જોવા યથાસ્થાને ગોઠવાઈ જઈને ટોળટપ્પા હાંકી રહી હતી. અસિત સાવ નિશ્ચિત બનીને એક બાજુએ રીટા જોડે વાત કરતાં કરતાં હસીહસીને બેવડ વળી જતો હતો. ત્યાં શણિયું પહેરીને મુખિયાજી આવ્યા. નિજમંદિરમાં જઈને છેલ્લી તૈયારીમાં એ પરોવાઈ ગયા. કૃષ્ણજન્મનું મુહૂર્ત નિકટ ને નિકટ આવતું ગયું. ભીંત પરના ઇલેક્ટ્રિક ઘડિયાળનો મોટો તથા નાનો કાંટો ધીમે ધીમે એકબીજાની નજીક આવવા લાગ્યા.

સ્ટેશનના ઘડિયાળના કાંટા પણ એકબીજાની નજીક આવવા જતા હતા. માથા પર ઝઝૂમી રહેલાં વાદળ તૂટી પડ્યાં હતાં. વરસાદની ઝડી વીંઝાવા લાગી હતી. બસસ્ટૅન્ડ પાસેનાં છાપરાં ઊડું ઊડું થઈ રહ્યાં હતાં. સૂસવતા પવનના અવાજમાં, હમણાં જ સ્ટેશનને ગજાવી મૂકીને આવેલા ગુજરાત મેલના અવાજમાં માણેકના કરાંજવાનો અવાજ સ્પષ્ટ સંભળાતો ન હતો. પેસેન્જરોને કારણે બસસ્ટૅન્ડ વળી થોડી વારને માટે જાગતું હતું. પળવારમાં એ લીલા સમેટાઈ ગઈ. ધીમે ધીમે નિસ્તબ્ધતા છવાઈ ગઈ. વરસાદ એકધારો પડવા માંડ્યો. એકાએક ફગફગિયો દીવો બુઝાઈ ગયો ને નિસ્તબ્ધતાને વીંધીને નવા જન્મેલા બાળકનું રુદન ગાજી ઊઠ્યું.

ઘડિયાળના બે કાંટા ભેગા થતાંની સાથે જ કિનખાબનો લાલ પડદો સરરર કરતોકને સરી ગયો. આકાશમાંથી તેજનો પુંજ અવતરતો હોય તેમ ઝબકારો થયો. દેવકીના ખોળામાં બાળકને રૂપે એ તેજપુંજ ઝૂલવા લાગ્યો. કારાગૃહના અન્ધકારમાં એ તેજપુંજ

અજવાળું પાથરતો હતો. ઘડીક બહારની વીજળીનો ઝબકારો અંદર ડોકિયું કરી જતો હતો. એકાએક કાંસાં, ઝાલર, મંજીરા ને શંખનો તુમુલ ધ્વનિ થયો. બહાર બેઠેલા રામદીન શરણાઈવાળાએ પ્રભાત નહોતું થયું છતાં બિભાસના સૂર છેડ્યા. પ્રેક્ષકો ઊભાં થયાં. કૃષ્ણજન્મના રંજન કાર્યક્રમનું એક પર્વ પૂરું થયું.

ઝૂંપડાની દુનિયા સળવળી ઊઠી હતી. જન્મ થઈ ચૂક્યો હતો. જુદા જુદા અવાજો સંભળાતા હતા: 'દેવજી, હું કઉં છું ઇમ કર ને, ઇમાં કાનજીનું કામ નંઈ.'

'પણ ઇ વેલજી ડોહાની આ ઘડીએ કુણ ભાળ કાઢે? લો તારે, અમને કહો છો તિ તમે જ જાવ ને મારા ભાઈ!'

બીજો જરાક ધીમો અવાજ સંભળાયો: 'એલા ઇ ગમાર, જરા ધીમે બોલતો જા, માણકી હાંભળહે ને તો બચાડી દખી થાહે.' જેને ઉદ્દેશીને આ કહેવામાં આવ્યું તે કટાક્ષમાં બોલ્યો: 'દખી તો થઈ જ છે ને, નંઈ તો મેઘલી રાતે ભીંજાતી આપણા ભેગી હોત કાંઈ? હોનાને હિંડોળે ઝૂલતી ના હોત?'

ત્યાં કોઈએ અધીરા બનીને કહ્યું: 'અરે ભાઈલા, ઝાઝી લપ મેલો ને, હાલો મારી હારે, પરતાપગંજમાં જતાં પેલું નાળું નથી ભાળ્યું'લ્યા, ત્યાં ઓલ્યાં છાપરાં દીઠાં કની, ત્યાં જવાનું છે.'

એના જવાબમાં કોઈ બોલ્યું: 'ના ભાઈ, નંઈ આપણું કામ, આ પાણી પડે છે ઈ તો જુઓ! ઘૂંટણ હમાં પાણી ના હોય તો મને કે'જો.'

બીજો વધારે આકળો થઈને બોલ્યો: 'લ્યા, મેલ્ય ને ઇને પડતો! હાલ કાનજી, લઈ લે છોરાને, લે હું મોરે થાઉં છું.' બાળકના રુદનનો અવાજ બહાર આવ્યો. કાદવ ખૂંદતાં ચાર પગલાંનો ડબડબ અવાજ એ રુદનમાં ભળી ગયો. વરસાદ વરસતો રહ્યો, પવન વીંઝાતો રહ્યો, ઘડિયાળના કાંટા છૂટા પડ્યા, છૂટા પડીને આગળ વધવા લાગ્યા.

ઘડિયાળ તરફ હવે કોઈની નજર નહોતી. અસિતની માયાવી સૃષ્ટિને બધાં સ્તબ્ધ બનીને જોઈ રહ્યાં હતાં. સામે મુખિયાજીએ રચેલો અન્નકૂટ હતો. એમાં પણ રંગોની

યોજના ભારે ચાતુરીપૂર્વક કરી હતી. હવે વસુદેવ કૃષ્ણને લઈને ગોકુળ જવાની તૈયારીમાં હતા. દેવકી કેમે કરી માનતી નહોતી. હાથ હલાવીને કરગરતી હતી. પશ્ચાદ્ભૂમાં શરણાઈનો કરુણ સૂર ઘૂમી રહ્યો હતો. અસિતની તરકીબથી હવે ગાઢ વર્ષાનું દશ્ય આબેહૂબ રજૂ થયું હતું. આખરે વસુદેવે કૃષ્ણને હાથમાં લીધા, છાબમાં જાળવીને મૂક્યા; અંગૂઠો ધાવતા, વટપત્રમાં સૂતેલા ભગવાનના મોઢા પર ભુવનમોહન હાસ્ય હતું; વસુદેવ આગળ ચાલ્યા.

કાનજી ને દેવજી આગળ ચાલ્યા, ઘૂંટણ સમાં પાણીને ડખોળતાં આગળ ચાલ્યા, બાળકના રુદનનો ભાર ઊંચકીને આગળ ચાલ્યા. માણેકના કરુણ ચિત્કારે એમનો પીછો પકડ્યો તોય આગળ ચાલ્યા; ઘૂંટણ સમાં પાણીને ખૂંદતાં કાનજી ને દેવજી આગળ ચાલ્યા; માણેકની ચીસ એમની પાછળ દોડતી દોડતી આગળ ચાલી, ઘડિયાળના કાંટા એકબીજાથી છૂટા પડીને આગળ ચાલ્યા.

વસુદેવ વરસતા વરસાદમાં જમનાજીને કાંઠે આવ્યા, નદી તો બંને કાંઠે છલકાય! અસિતે ભારે કરામત કરી હતી. દીવા બધા બુઝાઈ ગયા હતા. તેજપુંજ જેવા કૃષ્ણ ભગવાન ને વચ્ચે વચ્ચે ઝબકી જતી વીજળી સિવાય બીજું કશું હવે દેખાતું નહોતું. ઘડીભર તો આ કરામત છે તેય બધાં ભૂલી ગયાં. જયાવતી શેઠાણી તો હાથ જોડીને ભક્તિભાવથી ઊભાં જ રહી ગયાં! વસુદેવે જમનાનાં પાણીમાં પ્રવેશ કર્યો ન કર્યો ત્યાં એકદમ પાણીને ડહોળતો સરરર કરતોકને અવાજ આવ્યો, બધાં ઘડીભર ચમકી ગયાં. કૃષ્ણ ભગવાનને માથે નાગે છાયા કરી. ભક્તોએ હાથ જોડ્યા. બીજાં કુતૂહલથી વિસ્ફારિત નેત્રે જોઈ રહ્યાં ને વસુદેવ આગળ વધતા ગયા.

‘વેલજી ડોહા! છો કે?’

‘કુણ સે?’ ઘોઘરા અવાજે દમિયલ ડોસાએ ઊધરસનો ઠણકો ખાતાં ખાતાં જવાબ વાળ્યો. ‘ઇ તો હું ને કાનજી, ઝટ આવો બ્હાર. આ છોરો લાવ્યા છીયેં, જરા ઇના ટાંટિયા વાળી ઘો ને.’

ડોસો બોલ્યો: ‘હાવ બેઠો રિયે ઇમ કરવું છે કે પછી લાકડીને ટેકે હાલીને ભીખ માંગે ઇમ કરવું છે?’

કાનજી બોલ્યો: ‘હાવ પાંગળો ના કરતા, દાદા; અક્કરમીએ મધરાતે આંઈ જનમ લીધો. નકર...’ એનો અવાજ ગળગળો થઈ ગયો.

દેવજીએ કહ્યું: ‘હાલ્ય હવે, ગાંડા મા કાઢ્ય. છોરો આયવો છે તે રોટલાની જોગવાઈ કરવી કે નંઈ? તું તો ઇને ભણાવીગણાવીને લાટસાહેબ બનાવવાનો હતો, નંઈ?’

‘દેવા, છોરો છે તો હાવ કિસન ભગવાન જેવો, આખરે છોરો તો માણકીનો ને!’ એમ કહેતાંકને વરસોના અનુભવી હાથોએ પળવારમાં બાળકના ઘૂંટણને મરડીને ટાચકા ફોડી નાંખ્યા. બાળકની ચીસ હવાને વીંધી ગઈ.

દેવજી બોલ્યો: ‘કાલ્ય હવારે રૂપિયો દઈ જાશું. લે, હાલ્ય’લ્યા કાનજી, હવે તારો છોરો ભૂખે નંઈ મરે.’

પાણીમાં પડતાં પગલાંના ડબડબ અવાજ સંભળાયા. એ પગલાંને બાળકના રુદનનો ભાર જાણે ઘૂમરીઓ ખાઈને વળગતો હતો, ભીંસતો હતો ને એ પગલાં ડબડબ અવાજ કરતાં આગળ વધી રહ્યાં હતાં.

ભગવાન ગોકુળ પહોંચ્યા, ગોકુળમાં ઉત્સવ મચ્યો. જશોદામૈયાએ કૃષ્ણકુંવરને શણગાર્યા, નજર ન લાગે માટે ગાલે મેશનું ટપકું કર્યું, ગોકુળ આખું ટોળે વળ્યું. ગોપબાળના આનન્દરવથી વનરાજિ ગાજી ઊઠી, પંચાજીરી વહેંચાઈ. શરણાઈએ લલિત રાગ છેડ્યો. અસિત ખેલ પૂરો કરીને બહાર આવ્યો. બધાં એને વીંટળાઈ વળીને શાબાશી આપવા લાગ્યાં. બ્રિજની મંડળી ફરી જામી, વિશાખા અને ધનંજય ફરીથી અધૂરી રહેલી પ્રણયગોષ્ઠિને પૂરી કરવા ઉપલા માળે બધાંની નજર સરકાવીને ચઢી ગયાં. વૃન્દાવનદાસની મંડળીનું ભાગવત્પારાયણ આગળ ચાલ્યું. જયાવતી શેઠાણીએ હાલરડું ઉપાડ્યું:

જાગો નન્દ કે લાલ, ભોર ભયી...

માણેકની ચીસે પાછા ફરેલા કાનજી અને દેવજીને વધાવ્યા: ‘મને ઇનું એક વાર મોઢું તો દેખવા દેવું’તું! લાવો મારે ખોળે, લાવો મારા નન્દકુંવરને...’

દેવજીએ કહ્યું: ‘ગાંડી થા મા, માણકી. તારા નન્દકુંવરને કોઈ ચોરી નથી ગયું. લે, આ તારો છોરો.’

કાનજીની સામે ચિત્ર ખડું થયું: ધખતી બપોરે માણેકની સાથે એ પતરાની નાનકડી ગાડીમાં પાંગળા કિસનને શહેરના રસ્તા વચ્ચે થઈને ખેંચી રહ્યો છે. પોતે આંધળો છે, દીકરો પાંગળો છે, દુનિયા દેખતી છે, ભગવાન કૃપાળુ છે, મોંમાં ધાન છે, દુનિયા પર વૈકુણ્ઠ છે. ભગવાન ગોકુળથી પધારીને મથુરાના રાજા થયા છે, બધાં સુખી છે.

માના ખોળામાં બેસીને માતાની અશ્રુધારામાં નહાતો કિસન જાણે કે પિતાની આંખ સમક્ષ તરવરી ઊઠેલા ભાવિના દર્શનને જોતો હોય તેમ એકાએક હસી પડ્યો પણ મેઘલી રાતના એ અંધારામાં માણેકને એ હાસ્ય દેખાયું નહિ.

# દ્વિરાગમન

બરાબર સાડા છને ટકોરે હર્ષદરાયે હંમેશની જેમ ઓફિસની બહાર પગ મૂક્યો. પછી રાબેતા મુજબ એઓ નજીકના સાર્વજનિક પુસ્તકાલય તરફ વળ્યા. વર્તમાનપત્રની દોઢ ઇંચના અક્ષરોવાળી હેડલાઇનનું એમને જબરું આકર્ષણ હતું. સનસનાટીભર્યાં અપહરણ, આપઘાત અને ખૂનના સમાચારો સૌથી પ્રથમ, ત્યાર પછી પણ્ડિત નહેરુ, વિનોબાજી વગેરે એમના માનીતા નેતાઓનાં વ્યાખ્યાનોનો સાર આવ્યો હોય તો તે અને છેલ્લે આન્તરરાષ્ટ્રીય રાજનીતિના પ્રવાહો – આવો એમનો નિશ્ચિત ક્રમ હતો. બરાબર સાતને ટકોરે પુસ્તકાલયમાંથી નીકળીને એઓ શાકમાર્કેટ તરફ વળ્યા. શાકની ખરીદીમાં આજે એમને વધારે વખત લાગ્યો નહીં. આથી ઘર તરફ જવાનો લાંબો રસ્તો એમણે લીધો ને જ્યારે સાડા સાતને ટકોરે એમણે ઘરમાં પગ મૂક્યો ત્યારે આજે નિયમનો વ્યતિક્રમ પોતે થવા ન દીધો તે બદલ પોતા પ્રત્યે એમને ખુશી ઊપજી.

ઘરમાં પ્રવેશતાં જ બધી ક્રિયાઓ એના ક્રમ પ્રમાણે આગળ ચાલી. પાટલો માંડવાનો અવાજ, પાણી ભરવાનો અવાજ, હાથમોં ધોવા માટેનું પાણી તૈયાર રાખીને મોટી દીકરી રમાનો એમને વાળુ કરવાને બોલાવવાનો અવાજ, એમનો પાવડી પહેરીને રસોડામાં જવાનો અવાજ – આ અવાજો પોતપોતાનો ક્રમ જાળવીને થતા ગયા. માણસના બોલવાના અવાજથી એ ગભરાતા કારણ કે એ અવાજ હંમેશાં કોઈ ક્રમને સ્વીકારે એવું બનતું નથી. આથી એમના ઘરમાં ઓછામાં ઓછી ભાષાનો ઉપયોગ થતો. ઘરની અંદર શાન્તિનું ઊંડાણ જાણે કે પ્રશાન્ત મહાસાગરનાં જેટલું ઊંડું હતું. એના પેટાળમાં રહેતાં આ પ્રાણીઓ કાંઠે આવીને બીજો કશો અવાજ સાંભળવાની કદી હિંમત કરતાં નહીં.

કોઈ આવા વાતાવરણમાં ખડખડ હસી પડે તો ગાંડપણનો વહેમ જાય. કોઈ મોટે સાદે બોલે તો યુદ્ધપર્વ શરૂ થવાની દહેશત ઊભી થાય. બધી જ ક્રિયા શાન્તિના આચ્છાદનની અંદર રહીને સહીસલામતીપૂર્વક થતી ને એમ સંસારનો રથ ચાલતો.

હર્ષદરાય વાળુ કરીને ઊઠ્યા. ત્રીજી ચોપડીમાં ભણતો નરેશ પાટીદફ્તર લઈને હાજર થઈ ગયો. રસોડામાં એમનાં પત્ની સુમતિ તથા મોટી દીકરી રમા વાળુ પતાવીને બધું સંકેલવામાં ગૂંથાયાં. હર્ષદરાય ઓફિસમાંથી આણેલી ફાઇલ લઈને કામમાં પરોવાયા. ઘડિયાળમાં સાડા આઠના ટકોરા પડ્યા. સામે ઘેર લગ્ન હતાં. ત્યાંથી ચાલુ ફિલ્મોનાં ગાયનોના ઘોંઘાટનો એકાએક આ ઘરની શાન્તિ પર હુમલો થયો: આયે, દિન બહાર કે આયે, સોને કે દિન ઔર ચાંદી કી રતિયાં...

હર્ષદરાય ધૂંધવાયા ને ઊભા થયા. ઘરનાં બધાં જ ચોંક્યાં. બધાંની દૃષ્ટિ એમની તરફ મંડાઈ. 'હવે શું થશે?' એવો પ્રશ્ન બધાંનાં મુખ પર અંકાઈ ગયો. હર્ષદરાયની પાવડી ખખડી ને એની સાથે તરત જ જોરથી બારી બંધ થવાનો અવાજ આવ્યો. સંગીતના સૂર બંધ બારી સાથે અથડાઈઅથડાઈને પાછા જવા લાગ્યા.

હર્ષદરાય ફરી કામે વળગ્યા. નરેશનો અભ્યાસ આગળ ચાલ્યો, રસોડાનું કામ આગળ ચાલ્યું. વાસણ ધોવાનો અવાજ, નરેશની પાટી પર ચાલતી પેનનો અવાજ – આ અવાજ ફરી ઘરની શાન્તિને ખોળે ઘૂમવા લાગ્યા. નરેશને શ્રુતલેખન લખવાનો સમય થયો. હર્ષદરાયે ચોપડી હાથમાં લીધી ને બોલ્યા: સીતાજીને અશોકવનમાં એકલાં એકલાં ગમતું નહોતું (એમણે અનુસ્વારનું અત્યન્ત સ્પષ્ટ ઉચ્ચારણ કર્યું). એમની આજુબાજુ બિહામણી રાક્ષસીઓ વીંટળાઈને બેસતી. રામચન્દ્રજી તો ખૂબ દૂર હતા. વચ્ચે મોટો સાગર હતો. સીતાજી સાગરના પર મીટ માંડીને કશું બોલ્યા વિના ગુપચુપ બેસી રહેતાં. એમ કરતાં કરતાં એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ – ઘણા દિવસ ને મહિના વીત્યા તોય રામચન્દ્રજીના કશા સમાચાર આવે નહીં ને સીતાજી રાક્ષસીઓની વચ્ચે અશોકવનમાં એકલાં એકલાં ઝૂર્યાં કરે.

શ્રુતલેખન પૂરું થયું. એને તપાસવામાં આવ્યું. ભૂલ બતાવવામાં આવી. ભૂલ સુધારવામાં આવી. નવનો ટકોરો થયો. નરેશનો અભ્યાસ પૂરો થયો. એ જઈને પથારીમાં સૂતો.

રસોડાનું કામ પૂરું થયું. સુમતિ વચલા ઓરડામાં આવ્યાં. એ દેવના દીવા માટે ઘીનાં પૂમડાં બનાવવા બેઠાં. રમા વાંચવા બેઠી. હર્ષદરાય ઓફિસના કામમાં આગળ વધ્યા. સંગીતના સૂર બંધ બારી સાથે અથડાતા ગયા. સમય આ ઘરમાં ચોરપગલે ચાલતો ચાલતો આગળ વધ્યો.

ઘડિયાળમાં સાડા નવના ટકોરા પડ્યા. આજે શુક્રવાર હતો. આજે ઘડિયાળને ચાવી આપવાનો દિવસ હતો. હર્ષદરાય સ્ટૂલ ઉપર ચઢીને ચાવી આપવા લાગ્યા. એ ચાવી ફરવાનો અવાજ આખા ઓરડામાં ઘૂમી વળ્યો. એથી જાણે આ આખા ઘરના જીવનને પણ ચાવી અપાઈ ગઈ. હવે અઠવાડિયા સુધી નિયમિત ક્રમે બધું ચાલ્યા કરશે, કશો વાંધો આવશે નહિ એવી તૃપ્તિની ભાવના હર્ષદરાયના મુખ પર અંકાઈ ગઈ. એઓ નીચે ઊતર્યા.

રમાને સૂવાનો સમય થયો. હવે હર્ષદરાય ને સુમતિ – બે બાકી રહ્યાં. પાણ્ડવોના સ્વર્ગારોહણની જેમ આ ઘરમાં સવારથી તે રાત સુધી જાણે કે સમયના શિખર પર આરોહણ ચાલતું. એમાં એક પછી એક વ્યક્તિ બાદ થતી જતી ને આખરે યુધિષ્ઠિર ને એના કૂતરાની જેમ હર્ષદરાય અને એમની ફાઇલ – બે જ બાકી રહી જતાં. સુમતિએ થોડી વાર સુધી સુકાયેલાં કપડાંની ગડી કરી, આવતી કાલને માટેનું શાકભાજી ચૂંટી રાખ્યું, દાળચોખા તૈયાર કર્યાં, સવારના દૂધ માટેનું વાસણ મૂકી રાખ્યું. ને આખરે દશને ટકોરે એ પણ પથારીમાં પડ્યાં.

હર્ષદરાયે ફાઇલમાં કાગળિયાં વ્યવસ્થિત ગોઠવ્યાં, ડાયરીમાં આજના દિવસનો ખરચ લખી લીધો, આવતી કાલે કરવાનાં કામોની યાદી કરી લીધી. બધું વ્યવસ્થિત ગોઠવી દીધું ને થોડી વાર આરામખુરશીમાં પડ્યા પડ્યા માળા ફેરવી. સાડા દશનો ટકોરો થતાંની સાથે એઓ પથારીમાં પડ્યા.

અંધારું થતાંની સાથે આખાય દિવસના, આ બંધ ઘરના મૌનના ભારથી દબાયેલા અવાજ બહાર નાસી જવાને તરફડી ઊઠ્યા. બહાર શરણાઈ વાગતી હતી, હવાનો વેગ વધ્યો હતો. હર્ષદરાયના ઘોરવાના અવાજ સાથે એનો અવાજ અથડાઈને બહાર ફેંકાતો હતો.

એકાએક અવાજ વધ્યો. વરઘોડો આવ્યો. હર્ષદરાયની સુષુપ્તિનો કિનારો તૂટું તૂટું થઈ રહ્યો. એમણે જાણે કોઈક અવાજ એની પીઠ પર બેસાડીને ભગાડી લઈ જવા લાગ્યો. એમણે અસહાય બનીને પાછળ નજર કરી, હાથ લંબાવ્યો. પણ એ ફાઇલ, એ ઘડિયાળ, એ પાવડી – બધાં દૂર ને દૂર સરતાં જતાં હોય એવું એમને લાગ્યું ને એઓ સફાળા બેઠા થઈ ગયા. આંખો ચોળીને જોયું તો પોતે નવી જ દુનિયામાં આવી ચઢ્યા હોય એવું એમને લાગ્યું. ખુલ્લી બારીમાંથી ચાંદની સ્વેચ્છાએ ઘરમાં વિહાર કરતી હતી, સાથે ફાગણની હવા પણ હતી. એ હવા વર્ષોની જવનિકાને ઠેલ્યા કરતી હતી, ને ઊગમણી બારીની પાસે આ કોણ? જ્યોત્સ્નાધૌત નારીદેહ કોઈ અજાણી માયાવિની શોભા ધારીને ઊભો હતો. હર્ષદરાય પાવડી પહેરવાનું ભૂલી ગયા. હળવે પગલે એઓ નારીદેહ તરફ આગળ વધ્યા. ઘરના મોભની પાછળથી થોડો વખત પહેલાં ઉચ્ચારેલા એમના શબ્દો ઘવાયેલા કૂતરાના ઘા પર માખી બણબણે તેમ એમના કાન આગળ સંભળાવા લાગ્યા: સીતાજીને અશોકવનમાં એકલાં એકલાં ગમતું નહોતું. એમની આજુબાજુ બિહામણી રાક્ષસીઓ વીંટળાઈને બેઠી હતી. રામચન્દ્રજી તો ખૂબ દૂર હતા. વચ્ચે મોટો સાગર હતો. સીતાજી સાગરના પર મીટ માંડીને કશું બોલ્યા વિના ગુપચુપ બેસી રહેતાં. એમ કરતાં કરતાં એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ – ઘણા દિવસ ને મહિના વીત્યા. તોય રામચન્દ્રજીના કશા સમાચાર આવ્યા નહીં. સીતાજી રાક્ષસીઓની વચ્ચે અશોકવનમાં એકલાં એકલાં ઝૂરતાં રહ્યાં...

હર્ષદરાય દૂર દૂર મીટ માંડીને ઊભા રહેલા નારીદેહને જોઈ રહ્યા ને એમના કાન આગળથી જાણે હાથ વડે પેલા ઘૂમ્યા કરતા અવાજને દૂર હઠાવવા લાગ્યા.

હર્ષદરાયે પાસે જઈને એ નારીદેહના ખભા પર હાથ મૂક્યો. સુમતિ ચોંકી, કશુંક ખરાબ કરતાં પકડાઈ ગયાની ભીતિ એના ચહેરા પર દેખાઈ; પણ હર્ષદરાયના ચાંદનીમાં રંગાયેલા મુખ પરનો ભાવ જોઈને એ પાંત્રીસ વર્ષની પ્રૌઢા જાણે બે દાયકાના ભારને ને વર્ષોના મૌનના ખડકલાને ખંખેરીને ષોડશી બની ઊઠી ને પ્રિયતમના સ્પર્શથી પુલકિત થઈ ગઈ. એ ચાંદનીમાં એના લજ્જારુણ કપોલ ઉદ્ભાસિત થઈ ઊઠ્યા. હર્ષદરાયનો ખભો હજાર પાંખડીના કમળના ભારથી ઝૂકી ગયો.

સામે ઘરે લગ્નવિધિ પૂરો થયો હતો. કંકુના થાપા કરીને નવવધૂએ પતિના ઘરમાં પ્રવેશ કર્યો ને એની સાથે જ જાણે કશુંક ઘરમાંથી ગભરાઈને બહાર નીકળી ગયું.

# અભિસાર

ઇરલાની ખ્રિસ્તીવસતિમાં બપોરની મિજબાનીની તૈયારી ચાલી રહી હતી. ડુક્કરને પકડીને બે ઝાડ સાથે દોરડાં બાંધી ઊંધું લટકાવવામાં આવ્યું હતું. એની ચીસો ચાલુ હતી. દક્ષિણ તરફથી ચાલ્યા આવતા રસ્તા પરથી નજર ફેરવીને અનંગે આ દૃશ્યમાં ધ્યાન પરોવ્યું. ભઠ્ઠી સળગતી હતી. લોખંડનો મોટો સળિયો એમાં તપાવવા મૂક્યો હતો. ડુક્કરની ચીસ રહીરહીને સંભળાતી હતી.

અનંગે ફરી દક્ષિણ તરફ નજર નાંખી. મધ્યાહ્નના તાપમાં બળબળતો ડામરનો રસ્તો લગભગ સૂમસામ હતો. તરતના વધેરેલા બકરાની કાળી ખાલ હમણાં જ કોઈએ ઉતારીને ફેંકી હોય તેવો પથરાઈને પડેલો રસ્તો તડકામાં ચળકી રહ્યો હતો. સાન્તાક્રુઝ આગળના બસના ડેપો તરફથી વળાંક લઈને આવતી બસનું લાલ ટપકું જાણે એ કાળી ખાલ પરથી સરતા લોહીના ટીપા જેવું લાગતું હતું. આ દૃશ્યથી કંટાળીને એણે ફરી ખ્રિસ્તીવાડા તરફ નજર ફેરવી.

તપાવેલો સળિયો બહાર કાઢ્યો હતો. ડુક્કરના શરીરમાંથી એને વીંધીને આરપાર કાઢવાની મહત્ત્વની ક્રિયા હવે શરૂ થવાની હતી. ગરમ સળિયાનો સ્પર્શ થતાં જ ડુક્કરે રહ્યુંસહ્યું બળ એકઠું કરીને ચીસ પાડી. એ ચીસ સળિયાના અંદર જવા સાથે થોડી વાર સુધી વધતી લાગી, પછી બંધ પડી ગઈ. નીચેની તાપણી ઉપર હવે એને શેકવા માંડ્યું, સળિયા વડે ગોળ ગોળ ફરતા ડુક્કરને અનંગ જોઈ રહ્યો.

ફરી એણે દક્ષિણ તરફ મીટ માંડી. ત્યાં દૂર એને એક ધોળું ટપકું દેખાયું. મૃગજળના

લહેરાતા સાગરને ઉછંગે ઊછળતી ઉર્વશી એના તરફ આવી રહી હતી. ઘડીભર એને થયું: મૃગજળની જેમ જ એ ઉર્વશી પણ કદાચ ભ્રાન્તિ તો ન હોય! પણ એ મીટ માંડીને જોઈ રહ્યો. ધોળું ટપકું નારીરૂપ ધારીને નજીક ને નજીક આવતું ગયું. ઉર્વશી આવી.

'જરા મોડું થયું, નહીં?'

'ના ના...'

'આજે તો મહામુશ્કેલીએ આવી છું! ઘેર ભારે ધમાલ છે. ચારેય કાકા સપરિવાર આવ્યા છે. જેમતેમ બહાનું કાઢીને આવી છું. આજે મિજબાની છે.'

ડુક્કરને શેકવાની ક્રિયા ચાલુ હતી. હવે ઝાઝી વાર નહોતી. બીજી બધી તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી. અનંગે એનો આખરી અંજામ જોઈ લીધો. પછી બંને અંધેરી તરફ આગળ વધ્યાં.

'બોલ ને, કેમ કશું બોલતો નથી?'

'તને જોઈને અવાક્ થઈ ગયો છું!'

'ઓહો! એમ વાત છે?'

'ઊઘડતી સવારે, ઢળતી સાંજે કે પૂનમની રેલાતી ચાંદનીની ભરતીમાં ભીંજાતી મેં તને હજુ જોઈ નથી. જોઉં છું આમ કોઈક વાર ભરબપોરે ને તોય...'

'બસ બસ, રમણલાલ દેસાઈની કે કોઈકની વાર્તામાં આવું જ વાક્ય વાંચ્યાનું યાદ છે.'

'ચોરેલી વાણીના ગજરાથી તને નવાજું છું, એમ ને?'

'ચોરેલો તો ચોરેલો પણ આખરે ગજરો તો ખરો જ ને?'

અનંગ એકાએક ઊભો રહી ગયો. પોતાના એ વર્તનથી એને પણ નવાઈ લાગી.

ઉર્વશીએ પૂછ્યું: ‘કેમ?’

અનંગે કહ્યું: ‘ના, કશું નહીં.’ ને બંને આગળ ચાલ્યાં. બપોરના બળબળતા રસ્તા ઉપર પ્રણયકૂજનની નાજુક રેશમી ભાત ઉપસાવતાં આગળ ચાલ્યાં...

અનંગ ફરીથી ઊભો રહી જવા જતો હતો પણ ઉર્વશીનું એ તરફ ધ્યાન ખેંચાય તે પહેલાં જ એણે સહેજ થંભેલું ડગલું આગળ ભર્યું. એને લાગ્યું કે પોતાના શરીરમાં ક્યાંક કોઈ અજાણ્યા ખૂણે કશુંક ડોકું ઊંચું કરીને તરત લપાઈ જાય છે. ને એ દરમિયાન એક ધબકાર એની નાડીમાંથી પસાર થઈ જાય છે. એ ધબકારના વેગથી શરીરની સામાન્ય ગતિના લયને એક ઓચિંતો ધક્કો વાગે છે. એ ધક્કાથી બચીને સમતુલા જાળવવા એને સહેજ થંભી જવું પડે છે. ને એણે આ ધબકારના મૂળને શોધવાનો પ્રયત્ન કર્યો.

‘ઉરુ, માટુંગા અને શીવ વચ્ચેના રસ્તા પરનાં કેસૂડાં હવે ખીલ્યાં હશે, નહીં?’

‘ચાલ ને, એક દિવસ રખડવા જઈએ.’

‘તું કહે એટલી વાર. બોલ, કાલે જઈશું?’

‘ઊભો રહે, મને કોઈ સરસ બહાનું શોધી આપ બહાર નીકળવાનું.’

‘એમ કહેજે ને કે...’

(કોઈક શિરા ઓચિંતા વેગથી ફાટું ફાટું થઈ રહી. દર્દનો પરપોટો ઊઠ્યો. ધીમે ધીમે એ પરપોટો પ્રવાહ સાથે વહેતો વહેતો આગળ વધવા લાગ્યો. હજુ એ ફૂટતો નહોતો ત્યાં સુધી પેલો દર્દનો સળકો પણ શમતો નહોતો. એ મરણિયો બનીને પેલો પરપોટો ફૂટે તેની રાહ જોઈ રહ્યો. એ પરપોટો પ્રવાહમાં તણાતો તણાતો આગળ ચાલ્યો... હૃદય તરફ...)

‘કેમ અટકી ગયો? બહાનું કાઢવું બહુ અઘરું છે, સમજ્યા મહેરબાન?’

‘પણ ઉરુ, ભૂતકાળની સતી સ્ત્રીઓને યાદ કર, તને પ્રેરણા મળશે.’

'એમનો તો પરણ્યા પછીનો પ્રેમ.'

'ના, તેં ત્યારે કશું વાંચ્યું નથી લાગતું. રાધા કૃષ્ણને અભિસારે જવાની તૈયારી કરે છે તેનું ચણ્ડીદાસે વર્ણન કર્યું છે તે તેં વાંચ્યું છે?'

'કોણ, પેલો રામી ધોબણવાળો ચણ્ડીદાસ?'

'હા.'

'શું કહ્યું છે એણે?'

'વરસાદ વરસતો હોય, રસ્તો લપસણો થયો હોય, વળી કાંટા પડ્યા હોય, પવન વીંઝાતો હોય, વીજળી ચમકતી હોય, અંધારું ચારે બાજુથી ઘેરી વળતું હોય – એવે વખતે અભિસારે નીકળવું એ કાંઈ સહેલી વાત નહિ. માટે રાધા ઘરની અંદર ઘડે ઘડે પાણી લાવીને ઘરની ભોંય લપસણી બનાવે, ઘરમાં કાંટા પાથરે...'

'તો એ રાધાના ઘરમાં રાધા સિવાય બીજું કોઈ રહેતું નહીં હોય, ખરું ને?'

'તું બહુ અરસિક થતી જાય છે!'

'હા, હમણાં હમણાં તો તારા જેવા રસિકનો સત્સંગ બહુ થતો નથી ને!'

(આ વખતે એ પહેલેથી સાવધ રહ્યો. દર્દના બે ઊથલા વચ્ચેનું અન્તર હવે એણે માપી લીધું હતું. એ રાહ જ જોતો હતો. દર્દનું પગેરું કાઢવા એણે મીટ માંડી હતી. ત્યાં એકાએક ધબકારો થયો. આ વખતે એનો વેગ વિશેષ હતો. એની આંખ ઘડીભર એણે બંધ કરી દીધી. દર્દની ગતિ હવે કાંઈક એ કળી શકતો હતો. ધીમે ધીમે દર્દ ઉપર ને ઉપર આવી રહ્યું હતું. એમાંથી દરેક ધબકારાની સાથે કશુંક કાળું કાળું ટપકતું જતું હતું. જ્યાં જ્યાં એ કાળું દ્રવ્ય પ્રસરતું હતું ત્યાં ત્યાંથી એને જાણે દૂર ખસી જવું પડતું હતું. આમ પોતાની જાતને સંકોચતો એ ભાગી રહ્યો હતો, નાસી રહ્યો હતો. આ નાસભાગના પડઘારૂપ જ પેલો ધબકાર ન હોય એવું એને લાગ્યું. ધીમે ધીમે એ ધબકાર ઓછો થયો, આખરે ફરી એ શમી ગયો, યુદ્ધતહકૂબી થઈ...)

'અનંગ!'

'ઉરુ!'

'તારી સાથે કોઈક વાર ઝઘડું છું, લડું છું પણ તારાથી છૂટા પડ્યા પછી તને જ સંભાર્યા કરું છું. ને કોઈક વાર તને યાદ કરતી પકડાઈ જાઉં છું ત્યારે ઠપકો પણ ખાવો પડે છે.'

'પૂર્વે નળ સાથે દમયંતી વનવન ભટકતી હતી, સાવિત્રી સત્યવાનની સાથે લાકડાં કાપવા જતી હતી, વીસમી સદીના ઉત્તરાર્ધમાં ઉર્વશી નામની સાધ્વી સતી મુંબઈ નગરીને વિશે ફાગણના મધ્યાહ્ન સમયે રાજમાર્ગ પર એના પ્રિયતમ અનંગની સાથે ભ્રમણ કરતી હતી.'

'બસ પ્રિયતમ અનંગ, બસ.' ને હસવાથી ઉર્વશીનું મોં રાતુંચોળ થઈ ગયું, પછી બોલી: 'અનંગ, આજે મારે જલદી પાછા ફરવાનું છે, હં.'

અનંગ બોલ્યો: 'આ સમયની ઝૂકેલી કમાન નીચે આપણા જેવા યુગલના દર્શનનો લાભ આકાશમાંના દેવોને પણ કદીક જ મળે છે. કાંઈ નહીં તો એમને ખાતર...'

(આ વખતે તો અનંગ ભારે મુશ્કેલીએ પોતાના પગ ઉપર સ્થિર ઊભો રહી શક્યો. તપાવેલા લાલચોળ સળિયાના જેવું દર્દ એની અંદર શારડીની જેમ આંટા લેતું હતું. એના આંટા ધીમે ધીમે ઊંડે ને ઊંડે ખૂંપતા હતા. આંટાની ભીંસમાં એ કચડાતો જતો હતો. અંધારી ગુફામાં જેમ કૃષ્ણ કાલયવનને શોધવા દોડેલા તેમ એ પોતાના શરીરને ખૂણે ખૂણે દર્દનો પીછો પકડીને ભટકવા માંડ્યો. એના શ્વાસનો લય બદલાવા લાગ્યો. એને સંભાળી લેવાને માટે શું કરવું તેની વિમાસણમાં એ પડ્યો. એ દર્દને ફોસલાવીપટાવીને કાબૂમાં રાખી શકાય એમ રહ્યું નહોતું. દર્દમાંથી સ્રવ્યે જતા કશાક કાળા દ્રવથી એ હવે તો લદબદ થઈ ગયો હતો, એ ક્યાંક નીચે ને નીચે ખૂંપ્યે જતો હતો. એને બાઝી રહેવાને કશોક આધાર જોઈતો હતો... ને એણે આજુબાજુ નજર કરી... ઉર્વશીનો ખભો...)

ઉર્વશી બોલીઃ 'જા રે લુચ્ચા, દેવલોકોના લાભાર્થે કાંઈ હું બળતી બપોરે દોડી આવી નથી.'

'ઉરુ, સાંભળ એક વાત કહું.'

'રાજારાણીની?'

'ના.'

'તો?'

'પણ સાંભળ તો ખરી.'

(એણે પાસેનો લાઇટનો થાંભલો ઝાલી લીધો. પેલા કાળા દ્રવના પેટાળમાં એ ઊંડે ને ઊંડે ઘસડાતો ચાલ્યો. હવે જો કોઈ આધાર એ નહીં શોધી લે તો ઊગરવાનો આરો નહોતો. સૂરજના તાપમાં સરિયામ રસ્તા ઉપર ઉર્વશીને ખભે એ હાથ શી રીતે મૂકે? એણે ઉર્વશીના મનને એ ઘટનાને અનુકૂળ કરવા માટે કાલિદાસને સંભાર્યો, અમરુને સંભાર્યો…)

'બોલ જોઉં.'

'એક જુવાન, ભારે રસિક. રૂપાળો, કોડામણો…'

'બસ, વિશેષણ બેથી વધારે વાપરવાની મના છે. હં, પછી?'

'ઘણી સ્ત્રીઓ એની પાછળ ગાંડી બને.'

'બિચારો ભારે મુશ્કેલીમાં આવી પડ્યો હશે, નહીં?'

'અરે, મુશ્કેલી તે કાંઈ જેવી તેવી? એક વાર એ એની સૌથી વહાલી પ્રેયસીને વિશ્રમ્ભે મળવા જતો હતો. ત્યાં એણે એની સૌથી વહાલી પ્રેયસીને એનાથી સહેજ ઓછી વહાલી સખી સાથે બેઠેલી જોઈ.'

'પછી? પેલી બંને સ્ત્રીઓએ મારામારી શરૂ કરી એવું મહેરબાની કરીને ન કહીશ.'

'વાર્તા મને કહેવા દે ને!'

'વારુ, પછી?'

'એ વિચારમાં પડ્યો. ખુલ્લી રીતે પક્ષપાત તો બતાવી શકાય નહીં ને જો ન બતાવે તો આફત. તો સૌથી વહાલીને એમ લાગે કે એ એને બીજી બધી સ્ત્રીના જેવી જ ગણે છે.'

'આફત તો ભારે કહેવાય!'

'પણ એ ભારે ચતુર. રસિકો હંમેશાં ચતુર હોય છે.'

'તારી જેમ?'

'એટલે એણે તો પાછળથી જઈને જ ઓછી વહાલી હતી તેની આંખો હાથ વડે દબાવી દીધી ને જે સૌથી વહાલી હતી તેને આંખને અણસારે પાસે બોલાવીને ચૂમી લીધી.'

'એ તારો રસિક ભારે ઉસ્તાદ એમાં ના નહીં.' ને એ હસી પડી.

પછી અનંગે કહ્યું: 'ઉરુ, તો ધાર કે આખી આ દુનિયા, આ બળબળતો રસ્તો, આ માણસો – તારા સિવાયનું બધું જ જાણે કે પેલી જરા ઓછી વહાલી એવી સખી છે, એની હું આંખ દાબી દઉં છું ને તું...'

'તારી સૌથી વહાલી સખી.' ઉર્વશીની આંખો નાચી ઊઠી.

'તો હું આંખનો અણસારો કરું છું, જોજે હં, તું પાસે આવે છે, આ તારો સુડોળ ખભો, એના ઉપર મારો હાથ, મારા લોહીની ભરતીની છોળ તારા લોહીની ભરતીની સાથે અથડાય છે...'

(એણે દર્દની ભીંસમાં અધમૂઈ થઈને પડેલી જાતનો બધો ભાર એ નાજુક ખભા પર

જાણે ઢાળી દીધો. ત્યાં સ્થિર થઈને એ જુગ જુગ સુધી ટકી રહેશે એવી આશાનો એના ચિત્તમાં ઉદય થયો. એ આશાથી એના મુખ પર સહેજ સ્મિત ચમકી ગયું ને ત્યાં...)

અનંગના અણધાર્યા સ્પર્શથી, એ સ્પર્શના દાબથી, અણધાર્યા સુખના આક્રમણથી ભીરુ ઉર્વશી ચમકી ઊઠી, ચમકીને આજુબાજુ જોઈ રહી. ત્યાં દૂરથી એનાં માસી આવતાં દેખાયાં ને એ સફાળી અનંગનો હાથ તરછોડીને બોલી ઊઠી: 'નાસ અનંગ, આવતી કાલે આ જ જગ્યાએ રાહ જોજે, માસી આવે છે સામેથી, સાક્ષાત્ માસી!'

અનંગ સ્થિરતા સાચવવા મથી રહ્યો. બધું ચક્કર ચક્કર ભમવા લાગ્યું. એ ભમતી દુનિયામાં ઉર્વશીને એની માસી સાથે જતી એ જોઈ રહ્યો. પાસેથી જતી ટૅક્સીને ઊભી રાખી એણે એમાં દેહને ગોઠવ્યો. અંદર છંછેડાઈને ફેણ માંડી ઊઠેલું દર્દ સહેજ ધીમું પડ્યું ને પાછળ ધોળા ટપકા જેવી દેખાતી ઉર્વશીને મૂકીને એ મૃગજળની છોળમાં આગળ ચાલ્યો.

# વૈશાખ સુદ અગિયારસ

'મોટી બહેન, ઓ મોટી બહેન, જરા ટિન્નિને રાખો ને, મને તો જરાય ગાંઠતી નથી.' એક ઓરડામાંથી અમૂલખરાયની વચલી દીકરી પ્રભાએ બૂમ પાડી. ગોળમટોળ ઢીંગલી જેવી ટિન્નિ લુચ્ચું મીઠું હસતી પ્રભાની સાડીનો પાલવ ખેંચીને સંતાઈ ગઈ. કેતકીએ એને ઊંચકી લીધી ને પટાવીફોસલાવીને બીજા ઓરડામાં લઈ ગઈ.

ત્યાં નીચેથી અમૂલખરાયે બૂમ પાડી: 'કેટી, ક્યાં ગઈ! મહારાજને ભંડારિયામાંથી ઘી કાઢી આપ તો.' ટિન્નિને કેડે બેસાડીને કેતકી નીચે ગઈ. હજુ તો દાદર ઊતરતી જ હતી ત્યાં સૌથી નાની આભાએ કહ્યું: 'મોટી, તને તો વખત જ નથી જાણે! મને જરા સરખી વેણી તો ગૂંથી આપ.' સૌથી નાની આભાનાં આજે લગ્ન હતાં. આભાને ટિન્નિની જેમ જ કેડે લઈને એ ફરી છે. વિધવા થઈને કેતકી આજથી પાંચ વરસ પર ઘરે પાછી ફરી ત્યારથી આભાના ભણતરની કાળજી પણ એણે જ સ્વેચ્છાએ માથે લીધી હતી. ને આભાને માટે લાયક મૂરતિયો શોધવામાં પણ એણે જ ખાસ ભાગ ભજવ્યો હતો.

આભા જોડે કોઈની લગ્નની વાત કાઢવાની હિંમત ચાલતી નહીં, ખુદ અમૂલખરાયની પણ નહીં. કોઈ એને છેડતું નહીં. આભા બી.એ. થઈ પછી અમૂલખરાયની ધીરજ રહી નહીં. સારા મૂરતિયાઓ એક પછી એક ઝડપાઈ જતા હતા. આખરે કેતકીને માથે જ એ કામ આવી પડ્યું. એક દિવસ ધીમે રહીને એણે વાત કાઢી: 'આભા, પેલા કેશવપ્રસાદ કાકાનો શ્રીયશ અમેરિકાથી પાછો આવી ગયો તે તેં જાણ્યું?'

ચાલાક આભા વાત કળી ગઈ. એ છણકો કરીને બોલી: 'મોટી, આપણા સગરામપુરાનો પેલો મોચી ડર્બનથી પાછો આવી ગયો તે તેં જાણ્યું?'

કેતકી હસી પડી. આભાને એક ટપલી મારીને કહ્યું: 'હત્ ગાંડી!' એટલે આભા રોષથી ગાલ ફુલાવીને લડતી લડતી કહેવા લાગી: 'તો મોટી, તનેય શું હું એટલી બધી ખૂંચું છું કે મને અહીંથી રવાના કરી દેવાને તુંય ખાઈપીને મંડી છે?'

કેતકીએ કહ્યું: 'આભા, તું નાની હતી ને હું તને પેલી પરી અને રાજકુમારની વાત કહેતી હતી ત્યારે તું મને હંમેશાં પૂછતી કે બે પાંખવાળા ઘોડા પર અસવાર થઈને, સાત સાગર કુદાવીને રાજકુમાર આપણી પાસેય આવે ખરો કે? ત્યારે હું જવાબમાં કહેતી કે હા, કેમ નહીં આવે? તારો એક વાળ તાપીમાં તરતો મૂકી દે ને, એ વાળ તરતો તરતો રાજકુમાર પાસે જશે કે ખલાસ! પછી એને ચેન નહીં પડે. રાતે ઊંઘ નહીં ને દિવસે કરાર નહીં.'

આભાએ જાણે પોતે કંઈ સમજી જ નથી એવો ઢોંગ કરીને પૂછ્યું: 'તે એનું અત્યારે શું છે? હું શું નાની કીકલી છું?' કેતકીએ હસીને કહ્યું: 'ના, એમ નહીં. તેં અમારાં બધાંની ચોરીથી તારો વાળ જરૂર તાપીમાં તરતો મૂક્યો હોવો જોઈએ. નહીં તો સાત સાગર પાર કરીને રાજકુમાર આજે તારે આંગણે આવી ઊભો ન રહે.'

આભા રોષે ભરાઈને બોલી: 'ઓહો, મહેરબાન આજે આપણે ઘેરે પધારવાના છે, એમ ને? જોજો ને, હું એની એવી વલે કરીશ, એવી વલે કરીશ...'

કેતકીએ એને અટકાવીને કહ્યું: 'ગાંડી, એવું થાય કે?'

તે દિવસે શ્રીયશ ઘરે આવ્યો ને આભા એને લઈને દીવાનખાનામાં ગઈ ત્યારે ઊંચે જીવે બારણાની તરાડ આગળ કેતકી ઊભી રહી ને આભા શ્રીયશને કશું અણઘટતું કહી ન નાંખે માટે એણે બને તેટલું સાંભળવાનો પણ પ્રયત્ન કર્યો. પણ એક જ મિનિટની અંદર એણે જે જોયું તેનાથી એને સમજાઈ ગયું કે હવે વરમાળા આરોપાઈ ચૂકી હતી.

આ બધું એક એક પગથિયું ઊતરતાં એ જાણે નજર સામે જોતી હતી. તો આભા આજે જશે, મેના ઊડી જશે.

આજે ઘર ગાજી ઊઠ્યું છે. પંદર દિવસ પછી આવડું મોટું ઘર ખાવા ધાશે. ટિન્નિની ટચૂકડી આંગળીઓ એના ગાલ પર ફરતી હતી. ટિન્નિએ પૂછ્યું: 'માસી, તારી માળા ક્યાં?'

કેતકીએ ઝટ જવાબ દઈ દીધો: 'નાની માસીને આપી દીધી. તું તારી માળા મને આપીશ?'

ટિન્નિએ કહ્યું: 'ના, હું તને નહીં આપું' ને એના બે નાનકડા હાથ ગળામાંની સોનાની સેરને બાઝી પડ્યા.

ઘીનું કામ હજી માંડ પત્યું ત્યાં એનાથી નાની બહેન સુકેશી એના વર સાથે એને સાસરેથી આવી. એનાં ચાર બાળકોથી ઘર ગાજી ઊઠ્યું. એની દસેક મહિનાની બેબીને સુકેશીએ કેતકીના હાથમાં આપી. કોણ જાણે શાથી કેતકીનો રુક્ષ ચહેરો જોઈને કે પછી અજાણ્યું લાગ્યું તેથી એ કેતકીની પાસે જતાં જ ચીસ પાડીને રડવા લાગી. કેતકી છોભીલી પડી ગઈ. બધાં ધમાલમાં હતાં. એ બધાં વચ્ચેથી સરીને ગુપચુપ રસોડામાં ચાલી ગઈ. હજુ માંડ પગ વાળીને બેઠી હશે, ત્યાં વળી આભાની બૂમ સંભળાઈ: 'મોટી, ઓ મોટી, ક્યાં ગઈ?' ને એ ઊઠી, જઈને જોયું તો બે ઘૂંટણ વચ્ચે માથું સંતાડીને આભા બેઠી હતી. કેતકીએ બે હાથે એનું મોઢું ઊંચું કર્યું, જાણે તળાવડીમાંથી સુવર્ણપદ્મ પ્રગટ થયું. કેતકી બોલી: 'આજે આવું મોઢું કરીને બેસાય કે? હસી પડ જોઉં.' આભાના ગાલ વધારે ફૂલ્યા.

કેતકીએ કૃત્રિમ રોષ આણીને કહ્યું: 'મારું કહ્યું નથી માનવું? હું શ્રીયશને બધું કહી દેવાની છું. કહીશ કે એને બાપુએ બહુ લાડે ચઢાવી છે. જરા બરાબર ખોખરી કરજો. એટલા માટે હું શ્રીયશને એક નેતરની સોટી ભેટમાં આપવાની છું.'

આ સાંભળીને આભા હસી પડી ને બોલી: 'પણ એ સોટીનો ઉપયોગ કોણ કોની સામે કરે છે તે કોઈ વાર જોવા આવજે.' કેતકી પણ હસી પડી ને બોલી: 'ગાંડી, પતિદેવને માટે સ્વપ્નમાંય એવો વિચાર ન લાવીએ, હોં કે.'

નમતો પહોર થવા આવ્યો. અબ્દુલ મિયાંએ શરણાઈ પર પૂરિયા ધનાશ્રીના સૂર છેડ્યા. એ સૂર ઘરને ખૂણે ખૂણે ભમવા લાગ્યા. છેક રસોડામાં પરસેવાથી રેબઝેબ થતી કેતકી

બાળકોની મંડળીને સન્તોષવાનો વૃથા પ્રયત્ન કરતી બેઠી હતી ત્યાં એ સૂર જઈ પહોંચ્યા ને કેતકીના હાથમાંથી દૂધની વાટકી સરી ગઈ. એ સાવધ થઈ, એણે કામમાં ચિત્ત પરોવ્યું. સુકેશીના વચલા દીકરાને રેશમી પહેરણ નહોતું પહેરવું. એ જીદ માંડીને બેઠો હતો. ટિન્નિને ચણિયાચોળી ને ઓઢણી પહેરવાં હતાં. પ્રભાની બે વરસની બેબી ખાવાનો કજિયો માંડીને બેઠી હતી. એ ઘોંઘાટને ભેદીને પૂરિયા ધનાશ્રીના સૂર એને ઢંઢોળવા લાગ્યા. છેલ્લાં પાંચ વરસની કોઈ ઢબૂરી દીધેલી યાદને ચારે તરફ ફરી વળીને એ સૂર ઢંઢોળવા લાગ્યા.

ત્યાં આભા દોડતી દોડતી બેબાકળી બનીને આવી. એણે કહ્યું: ‘મોટી, એમણે આપેલી વીંટી મારાથી ક્યાંક મુકાઈ ગઈ છે. હવે?’ એની આંખ રડું રડું થઈ રહી.

કેતકીનું હૃદય અજાણી આશંકાથી ફફડી ઊઠ્યું. એણે આભાને ધીરજ દેતાં કહ્યું: ‘ઓહો, એમાં શું છે? હમણાં જ શોધી કાઢું છું. તું તારું કામ કર.’ ને એ ઉપર ચઢી, ચાલી જતી આભાને એણે ઘડીભર ઊભી રાખી. ચિબુક પકડીને એણે એનું મોઢું ઊંચું કર્યુ ને એના ગાલમાં એક ચૂંટી ખણી, વહાલની એક ટપલી મારી ને આભા ઝાંઝર ઝણકાવતી દાદર ચઢી ગઈ. ઝાંઝરનો એ રણકાર ને પેલા પૂરિયા ધનાશ્રીના સૂરની છાલક હવે જાણે બધી પાળ તોડીને જ રહેશે એવું એને લાગ્યું. એ રસોડું છોડીને સહેજ બહાર આવી.

વરઘોડો આવવાની તૈયારી થઈ ગઈ હતી. બધાં ધમાલમાં હતાં. ઘરના નોકરો સુધ્ધાં બહાર જઈને બેઠા હતા. પેલા શરણાઈના સૂર એની વધુ ને વધુ નિકટ આવતા જતા હતા. એ ગભરાઈને અંદર દોડી ગઈ. ઘર આખું સૂનું હતું. એ દાદર ચઢવા લાગી. એણે બીજા કોઈનાં પગલાંનો ભણકાર સાંભળ્યો. એ સાવધ થઈ. થોડી વાર કાન માંડીને ઊભી રહી, પછી બબડી: ‘ના ના, એ તો ભ્રમણા! એ અહીં ક્યાંથી હોય, એ હવે અહીં ક્યાંથી હોય!’ ને એ ઉપર ગઈ. આભાના ઓરડામાં જઈને વીંટી શોધવા લાગી. વીંટી તો તરત જડી ગઈ. કપડાંના ઢગલા નીચે જરા ઢંકાઈ ગઈ હતી. એ વીંટી આપવાને પાછી નીચે ઊતરતી હતી ત્યાં એણે આયનામાં પોતાનું પ્રતિબિમ્બ જોયું. ને એની પાછળ એણે બીજું પ્રતિબિમ્બ જોયું. હવા ધ્રૂજી ઊઠી. ક્યાંકથી જાણે કોઈક અવાજ ઓરડામાં ઘૂમી વળ્યો. એણે કાન માંડ્યા.

‘કેટી, કેટી, કેટી…’

એનાથી બોલાઈ ગયું: ‘નીરદ!’

ફરી જાણે એને કાને ભણકારા અથડાયા: ‘કેટી, પાનેતર, ચૂડલો – અરે, ક્યાં છે બધું? પહેરી લે, મૂરત ચાલ્યું જશે નહીં તો! ભૂલી ગઈ? આજે વૈશાખ સુદ અગિયારસ છે. ભૂલી ગઈ?’

ને એ બોલી ઊઠી: ‘ના.’

પેલો અવાજ જાણે એનો અનુનય કરતો ચારે બાજુથી એને ઘેરી વળ્યો: ‘પહેરી લે પહેરી લે.’

ને એણે પોતાની પેટી ખોલી. હાથે કંકણ પહેર્યાં, પાનેતર પહેર્યું, પગમાં ઝાંઝર પહેર્યાં, વાળ સરખા કર્યા, આભાએ બાજુએ રાખેલી વેણી પહેરી; ને એ ઊભી થઈ. ફરી પેલો અવાજ એને ચારે બાજુથી ઘેરી વળ્યો: ‘કેટી, ચાલ, હવે હું આવું છું. હું આવું છું.’ એના કાનમાં એ અવાજ રહીરહીને ગુંજવા લાગ્યો: ‘હું આવું છું, હું આવું છું.’ ફાટેલી આંખે એ દૂર ને દૂર જતા અવાજને શોધી રહી, શોધતી જ રહી. બધું ભાન ભૂલીને શોધતી જ રહી.

નીચે માંયરામાં આભા અકળાવા લાગી. એણે એની માને કહ્યું: ‘જા ને, મારી વીંટી મોટી પાસે રહી ગઈ છે. જલદી લાવી આપ ને?’

મા ઉપર દોડી. એણે બૂમ પાડી: ‘કેટી, કેટી.’ કાંઈ જવાબ આવ્યો નહીં. એ આભાના બારણા આગળ પહોંચી. અંદર નજર કરતાં જ ચોંકીને ઊભી રહી ગઈ. આ કોણ? કેતકી કે કેતકીનું ભૂત? એ ઝટઝટ દાદર ઊતરી ગઈ. ત્યાં હસ્તમેળાપ થયો. ઝાલર વાગી. બૅન્ડ ગાજ્યું, શરણાઈએ દરબારી કાનડાના સૂર છેડ્યા.

કેતકી સફાળી ઊભી થઈ ગઈ. ઝાંખા અંધારામાં એણે પોતાનું પ્રતિબિમ્બ જોયું. એ ભાનમાં આવી. દોડતી દોડતી બારણાં બંધ કરીને એ શણગાર ઉતારવા લાગી. ત્યાં

ટિન્નિએ બારણું ઠોકીને કહ્યું: ‘મોટી, નાની માસી વીંટી માગે છે, બારણાં ખોલો ને, મોટી, મોટી, મોટી, બારણાં ખોલો ને!’

બધું સરખું કરીને કેતકીએ બારણાં ખોલ્યાં, ટિન્નિએ એની આંખમાં આંસુ જોયાં. એ કેતકીના ખોળામાં બેસી પડી ને પૂછવા લાગી: ‘મોટી, તું કેમ રડે છે? તને મારી માળા આપું? લે.’ એના નાના નાના હાથે સોનાની સેર ઉતારીને કેતકીના હાથમાં મૂકી. કેતકીએ એને ચૂમી લીધી ને કહ્યું: ‘જા તો ટિન્નિ, આ વીંટી આભામાસીને આપી આવ તો!’

કેતકી હાથમાંની સોનાની સેરને આંસુથી ભીંજવતી બેસી રહી.

# પાંચમો દાવ

કનુ દાખલો ગણતો હતો. કેમે કર્યો મેળ ખાતો નહોતો. ક્યાંક કશીક ગૂંચ હતી. કશુંક છુપાઈને બેઠું હતું. તેનું પગેરું એને જડતું નહોતું. ઉપલે નંબરે પાસ થવાની હરીફાઈમાં આ જ એને દગો દઈ જશે કે શું!

સુશીલા આયના સામે ઊભી ઊભી પોતાને જોઈ રહી હતી – ના, એ જોતી હતી પોતાના પ્રતિબિમ્બને પણ એની દૃષ્ટિ શૂન્યમાં અથડાઈને પાછી ફરતી હતી. કશીક અધીરતા, ગભરાટ ને ભય એની આંખમાં વરતાતાં હતાં. એ એક વસ્તુ ઉપાડતી હતી, એને મૂકીને બીજી હાથમાં લેતી હતી. એમ કરવા જતાં ટોઇલેટ ટેબલ પરની રામકૃષ્ણ પરમહંસની છબિ એણે પાડી નાંખી હતી. એના પડવાનો અવાજ થતાં એ ચોંકી ઊઠી ને ચીસ પાડવા જતી હતી પણ મહાપ્રયત્ને એ ચીસને એણે રોકી લીધી હતી. એ ચીસનો રૂંધાયેલો આવેગ મોઢા પરની રેખાઓમાં જાણે પ્રસરી ગયો હતો. એ સ્વસ્થ થવાનો મરણિયો પ્રયત્ન કરતી હતી ને પ્રયત્ન કરતાં કરતાં સમજતી પણ જતી હતી કે પોતે એમ કરવા જતાં જ સ્વસ્થતાથી દૂર ને દૂર સરી જતી હતી... એ સરી જતી હતી... ને તેથી બેબાકળી બનીને એ કશાકને પકડી લેવા ઇચ્છતી હતી.

‘...આ પહેલાં ખબર નહોતી કે લોહીમાં આવા ઝંઝાવાત હોય છે, સહેજ સરખા સ્પર્શમાં જન્મોજન્મનાં સ્મરણોને સજીવ કરવાની શક્તિ હોય છે! મારી સામેનો સંસાર હવે જાણે મારાથી ડરીને ચાલે છે. મારો સહેજ સરખો સ્પર્શ થતાં એ વિદ્યુત્‌થી ચિરાઈ જાય એવો એને ભય છે, પ્રત્યેક ક્ષણે નવું વિજયતોરણ બાંધતી હું આગળ વધું છું. કેટલાય જન્મના

પરાભવનું આ વખતે જાણે સાટું વાળી રહી છું. હું આઠેય વ્યૂહ ભેદીશ ને પારિતોષિક રૂપે તને પામીશ. મારો શ્વાસ તે શ્વાસ નથી, પણ ઉન્મત્ત અશ્વની હ્રેષા છે…'

સુશીલા દીવાનખાનામાં પ્રવેશતી હતી તે જોઈને ગભરાટમાં હરકાન્તે જાણે એ ઉન્મત્ત અશ્વને લગામ ખેંચીને ઊભો રાખ્યો. એણે હાથમાંનો કાગળ પાસેની ટિપાઈ પર મૂકી દીધો ને પોતે ભૂલ કરી છે તેનો ખ્યાલ આવતાં હાથ લંબાવીને ચોરીછૂપીથી એને ખિસ્સામાં સેરવી દેવાનો પ્રયત્ન કરવા ગયો; પણ હવે સુશીલા બહુ નજીક આવી હતી. એટલે એનો હાથ સહીસલામતીની સ્વાભાવિક વૃત્તિને વશ થઈને, એના કશા આદેશની રાહ જોયા વિના પાછો ખેંચાઈ ગયો. એણે સામેના આયનામાં પોતાના ચહેરા પરનો ગભરાટ જોયો ને સુશીલા પોતાની નજર સામે નજર માંડે તે પહેલાં એ ગભરાટ ઉપર પોતું ફેરવી દેવાનો પ્રયત્ન કર્યો.

'પપ્પા, દાખલામાં ભૂલ પડ્યા કરે છે. તમે જરા બતાવો ને!' કનુએ થાકીને કહ્યું.

'તારી જાતે જ ભૂલ શોધી કાઢ, તો જ તને આવડશે. હું ભૂલ શોધી આપું તો પછી તું મહેનત જ નહીં કરે.' હરકાન્તે કનુને સ્વાશ્રયી થવાની શીખ આપી. કનુ કચવાયો. થોડી વાર એ એમ ને એમ બેસી રહ્યો. દાખલો ભૂંસી નાંખ્યો, ફરી રકમ માંડી, ફરી આગળ વધ્યો…

સુશીલાએ જોયું કે એની નજર ઘડિયાળના કાંટા પરથી ખસતી નથી.આમ ઊંચી નજરે હરકાન્તની સામે બેસવું તે કેવું અસ્વાભાવિક લાગે તે એ જાણતી હતી ને જાણવા છતાં નજરને એ ખેંચી શકતી નહોતી…

હરકાન્તે જોયું કે હજી સુશીલાની નજર ટિપાઇ પર પડી નહોતી, એ ઊંચે જોતી હતી… એણે કાગળ જોઈ લીધો હશે ને પોતે જોયો છે તે જાણવા દેવું નથી તે માટે જ એ આમ ઊંચે જોઈ રહી હશે? ને એની નજર કાગળ પર ગઈ. એના અક્ષરો નિર્ભીકતાથી છાતી કાઢીને ઊભા હતા. એ કાળા અક્ષરો ધીમે ધીમે એની નજર આગળ પડછંદ, કદાવર, બખ્તરમાં સજ્જ સૈનિકનું રૂપ ધારણ કરતા ગયા ને એકાએક ક્યાંકથી એક ઘોડેસ્વાર પૂરપાટ ધસી આવ્યો. એને કશી ખબર પડે તે પહેલાં હરકાન્તે જોયું તો એ ઊંચકાઈ ગયો

હતો. પેલા ઘોડેસ્વારની સાથે એ પણ પૂરપાટ ધસ્યે જતો હતો, ધસ્યે જ જતો હતો... ક્યાં?...

સુશીલા ઊઠી. એને ઊઠતી જોઈને હરકાન્ત ચમક્યો. એ છૂપું ન રહ્યું. એ પણ એકદમ ઊભો થઈ ગયો, જાણે એક જ શક્તિનાં પ્રેર્યાં બંને કઠપૂતળીની જેમ વરતી રહ્યાં હતાં. એ બારી તરફ વળ્યો. એકદમ સુશીલા આગળ ધસી આવી, ને હરકાન્તનો હાથ પકડ્યો. ને એ ગભરાયો... એને લાગ્યું કે જેની એને ભીતિ હતી તે ક્ષણ હવે આવી પહોંચી છે. અસહાયતાનો રોષ, આંસુમાં ડૂબતા શબ્દો, ચીસમાં ફેરવાતા શબ્દો, પોતાનો ખુલાસો, અનુનય, આલંગિન... ને એ રાહ જોઈ રહ્યો. પણ એ આશ્ચર્યથી અવાક્ થઈ ગયો. સુશીલા એને કહી રહી હતીઃ ‘અરે, એક વાત તો ભૂલી જ ગઈ! ક્યારની એ યાદ કરતી હતી કે તમને કહું, હાશ, હવે યાદ આવી.’

હરકાન્તે છુટકારાનો દમ ખેંચીને કહ્યુંઃ ‘શું?’

સુશીલા એનો હાથ પકડીને ખેંચી રહી હતી. ‘તમે અહીં તો આવો, હું તમને કશુંક બતાવું.’ હરકાન્ત ગમે તે જોવા તૈયાર હતો. પેલી ટિપાઇ ને ટિપાઇ પરના કાગળથી બંને દૂર હતાં ને જેમ જેમ દૂર જતાં હતાં તેમ તેમ સલામતીની વધારે ને વધારે નજીક જતાં હતાં. હરકાન્તે કૃતજ્ઞતાપૂર્વક સુશીલાનો હાથ દબાવ્યો. સુશીલાની આંખમાં પોતે એની ઇચ્છા મુજબ વરતવાનો એના પર અનુગ્રહ કર્યો તે બદલના આભારની લાગણી એણે છલકાતી જોઈ. ને બંને આગળ વધ્યાં – કઠપૂતળીની જેમ...

‘આ સિગારેટલાઇટર કાલે અરવિન્દભાઈ તમને ભેટ આપી ગયા છે. તમારી રાહ જોઈ પણ તમે કાલે બહુ મોડા આવ્યા. બહુ મજાનું છે, નહીં?’

‘કોઈ ચીજ છે! અરવિન્દની પસંદગી એટલે પૂછવું જ શું?’ એક દાવ પૂરો થયો. બંને સહેજ સ્વસ્થ થયાં, હરકાન્તે સિગારેટ કાઢી ને લાઇટરથી સળગાવી...

કનુ વળી ફસાયો – આંકડાનું અડાબીડ જંગલ... એ દૂર ને દૂર ચાલ્યો જાય છે. જંગલમાં એક મોટા આમલીના ઝાડ નીચે થોડુંક ખોદવાનું છે, ખોદતાં સોનાનો ચરુ નીકળશે, એમાં માણેકનો હાર છે, એ હાર લઈ જંગલમાં આગળ વધવાનું છે – બહુ સંભાળપૂર્વક

આગળ જવાનું છે. જંગલમાંનો પેલો રાક્ષસ સમડી થઈને એ હાર હાથમાંથી ઝૂંટવી લઈ ન જાય તે જોવાનું છે. નાગ થઈને પગે ડંખી ન જાય તેની સંભાળ રાખવાની છે. ભોમિયો થઈને ખોટે રસ્તે દોરવી ન જાય તેનીય તકેદારી રાખવાની છે. કારણ કે દૂર ચન્દનતલાવડીને કાંઠે જે હંસી પાણીમાં ચાંચ બોળીને ઊભી છે તેના ગળામાં એ હાર પહેરાવવાનો છે. એ હાર પહેરતાં જ હંસી રાજકુંવરી થઈ જશે... પણ આંકડાઓ સાપની જેમ ગૂંચળું વળીને પગે વીંટળાય છે, સમડીની જેમ આજુબાજુ ઊડ્યા કરે છે... ને કનુ કચવાય છે. ફરી કહે છે: 'પપ્પા, પપ્પા, જરાક આમ તો જુઓ.'

હરકાન્ત કનુ પાસે જાય છે. સુશીલા બારી આગળ જાય છે. હરકાન્ત કનુની પીઠ થાબડીને કહે છે: 'અરે, સાવ સહેલો દાખલો છે. જરા હિંમત રાખ, કરી નાખ જોઉં.' ને એ પાછો ફરે છે. એને પાછો ફરતો જોઈને સુશીલા બારી આગળથી એકાએક ખસી જઈને પોતાની જગાએ અપરાધીની જેમ બેસી જાય છે. એની આંખો જાણે કહી રહી છે: 'દોષિત છું, જે શિક્ષા કરવી હોય તે કરો, શિક્ષા કરો તો કૃપા.' હરકાન્ત પણ મરણિયો બનીને ધસે છે ને ટિપાઈ આગળની પોતાની જગાએ બેસી જાય છે... ત્રીજો દાવ શરૂ થાય છે.

સુશીલા બોલી: 'કાલે તમારી બૅન્કના એજન્ટને ત્યાં જવાનું કહેતા હતા, તે જશો ને?' બોલ્યા પછી એને લાગ્યું કે પ્રશ્ન બરાબર મૂકી શકાયો નહીં.

હરકાન્તે કહ્યું: 'ના, ના, એવું કાંઈ ખાસ મહત્ત્વનું કામ નથી. એણે એકબે વાર કહેલું કે ઘરે આવજો એટલે થયું કે એકાદ વાર જઈ આવીએ. કેમ, તેં કાંઈ પ્રોગ્રામ નક્કી કર્યો છે?'

સુશીલા સાવધ બની. એને લાગ્યું કે એ ભયસ્થાનની વધુ નજદીક સરી રહી છે. એણે કહ્યું: 'મારો કાંઈ ખાસ પ્રોગ્રામ નથી. કાલે હિન્દુ સ્ત્રીમણ્ડળવાળાં સુસ્મિતાબહેન ગરબાના કાર્યક્રમમાં જવાનું કહી ગયાં હતાં. એ જો આવશે તો એમની સાથે કદાચ જઈશ.' પોતે કેટલી સ્વાભાવિકતાથી અસત્ય બોલી શકી તે જોઈને એને જ આશ્ચર્ય થયું. એને ટિપાઇ પર પડેલી ચોપડી ઊંચકી, હરકાન્તનો જીવ પણ ઊંચકાયો;... પેલા ઘોડેસ્વારે એને ઊંચકી લીધો છે ને ઘોડો પૂરપાટ અંધકારને વીજળીની જેમ વીંધતો

દોડ્યે જાય છે. હૃદયનો ધબકાર સુધ્ધાં જાણે સંભળાતો નથી, કેવળ સંભળાય છે ઘોડાના ડાબલાનો અવાજ... એ જઈ રહ્યો છે... દૂર ને દૂર. એની પાછળ જાણે આખું સૈન્ય ધસી રહ્યું છે, દુન્દુભિનો તુમુલ નાદ થાય છે, એ ગભરાય છે, એ કશાક આદિમ બળને પલાણીને જાણે ધસી જઈ રહ્યો છે...

સુશીલાએ ચોપડીની ઓથ લઈને ફરી ઘડિયાળ તરફ નજર કરી. એણે જોયું તો પાંચ મિનિટની વાર હતી. સમય એના હાથમાંથી સરતો જતો હતો. એ દરમિયાન એને ઘણું કરવાનું હતું, હરકાન્તે બૅન્કના એજન્ટને ત્યાં મોકલવાનો હતો, કનુની વ્યવસ્થા કરવાની હતી; ને એ ગભરાઈ. એને બધું વ્યર્થ જતું લાગ્યું. એણે ચોપડી ટેબલ પર મૂકી દીધી ને હરકાન્ત સામે જોયું. હરકાન્ત વ્યગ્ર હતો – શાથી તે એને સમજાયું નહીં. બંનેની નજર મળી. જાણે સુલેહ થઈ... ત્રીજો દાવ પૂરો થયો.

હરકાન્ત પૂરી થવા આવેલી સિગારેટને ફેંકવા ઊભો થાય તે પહેલાં જ સુશીલાએ એના હાથમાંથી સિગારેટ ખેંચી લીધી. એમ કરવા જતાં એ સહેજ દાઝી પણ ખરી પણ એ સિગારેટ એણે બારી આગળ જઈને ફેંકી દીધી. ને એ પાછી આવીને બેઠી અને એણે ટિપાઇ પર પડેલા કાગળને હાથમાં લીધો...

સૈન્ય નજીક આવી પહોંચ્યું છે; કેટલાંય તીર એના કાનની પાસેથી સરર કરતાં ચાલ્યાં જાય છે, હવામાં તીર જ તીર છે. એના લોહીના કણેકણમાંથી પણ કોઈ તીર છોડી રહ્યું છે. એને માટે ક્યાંક કોઈ બાણશય્યા તૈયાર કરી રહ્યું છે. હમણાં એ કેદ પકડાશે, ભોંયરામાંની કાળી કોટડીમાં પુરાશે ને ત્યાં ચાબખા વીંઝાશે, લોહી ઝરશે ને પોતાની અંદર ખૂબ ઊંડે ઊંડે જે એણે છુપાવી રાખ્યું છે તે આ લોહીનાં બિન્દુ બહાર પ્રગટ કરી દેશે. અશ્વને ગતિ આપવાને માટે જાણે એણે ચાબુક વીંઝી...

સુશીલાના હાથમાંનો કાગળ ધ્રૂજી રહ્યો હતો, એ કાગળની ઓથ લઈને એ ઘડિયાળના કાંટાને જોઈ રહી હતી. એ આગળ વધ્યે જ જતો હતો. એને કોઈ રીતે રોકાય તેમ નહોતું. એ જાણે પોતાનું બધું બળ ખરચીને એ કાંટાને ટિંગાઈ રહી હતી, એને અટકાવી રહી હતી... ત્યાં એકાએક એના ધ્રૂજતા હાથમાંથી કાગળ સરી ગયો, એ છતી થઈ ગઈ, ચોંકી, પડી ગયેલો કાગળ લેવા નીચે વળી – ના, મોઢા પરના ભાવને સંતાડવા નીચે

વળી. હરકાન્ત પણ મરણિયો બનીને નીચે પડેલા કાગળને ઊંચકવા નીચે વળ્યો. બંનેનાં માથાં અથડાયાં, બંનેએ એકબીજાં સામે જોયું. સુશીલાએ કાગળ લઈને ફરી ટેબલ પર મૂક્યો… ચોથો દાવ પૂરો થયો.

હરકાન્ત તરંગિણી પર કચવાયો. એ તો ખાઈપીને બધું ખેદાનમેદાન કરવા જ તૈયાર થઈ છે, આ તે કેવું ગાંડપણ! પણ એને વારી શકાય એમ નથી, એનાથી દૂર ખસાય એમ નથી… પેલો ઘોડેસ્વાર સાત વ્યૂહ ભેદી ગયો છે, હવે છેલ્લો વ્યૂહ બાકી છે. એ વિજ્યોન્મત્ત અશ્વની હ્રેષા સાંભળે છે, એને બીજું કશું દેખાતું નથી, બધું જ પ્રચણ્ડ ગતિના દ્રાવણમાં ઓગળી ગયું છે. એક આકાર બાકી રહ્યો છે, એને એ ફરી ફરી ઝબકોળે છે પણ એ ઓગળતો નથી. એના પર એ નજર ઠેરવે છે, એને ઓળખવા મથે છે, ધારીધારીને જુએ છે, થોડી રેખાઓ બંધાય છે, ધીમે ધીમે બધું સ્પષ્ટ થાય છે ને જુએ છે તો સામે બેઠી છે સુશીલા.

કોઈકે બારણું ઠોક્યું. હરકાન્ત અને સુશીલા ઊભાં થઈ ગયાં. હરકાન્ત બારણા તરફ વળ્યો. બારણું ખોલ્યું. એક ગૃહસ્થે એને પૂછ્યું: ‘યશવન્ત દવે અહીં રહે છે?’

‘ના.’

‘હરકિશન મૅન્શન આ જ ને?’

‘હા, તમે ત્રીજે માળે તપાસ કરો. ત્યાં યશવન્તભાઈ છે ખરા.’

‘માફ કરજો, તમને તકલીફ આપી.’

હરકાન્ત પાછો ફર્યો. એણે ટિપાઇ પર નજર કરી; પેલો કાગળ નહોતો… પેલો અશ્વ જાણે દોડતો દોડતો એકાએક થંભી ગયો છે. થંભીને જમીન પર ફસડાઈ પડ્યો છે, એને મોઢે ફીણ વળ્યું છે. એનો શ્વાસ જોરથી ચાલી રહ્યો છે… હરકાન્તને શરીરે પરસેવો વળી ગયો. એણે ફરી નજર કરી. સુશીલા બારી આગળ હતી. ત્યાં ઊભી ઊભી એ કદાચ કાગળ વાંચી રહી હતી એની ખાતરી શી રીતે કરવી? એ નીચે ઊતર્યો. સામેની ફૂટપાથ પર લપાતો લપાતો ગયો ને એણે ઉપર નજર કરી… જોયું તો સુશીલા કોઈક સાથે વાતો

કરી રહી હતી, અણસારાથી. અણસારાનો અર્થ એટલો કે થોભો, બહુ વાર નહીં લાગે. હમણાં જ આવું છું.

હરકાન્ત ઉપર આવ્યો, કનુએ એને વળગી પડીને કહ્યું: ‘પપ્પા, આખરે છેદ ઊડી ગયો! એ છેદ ઊડતો નહોતો એટલે જ દાખલો બેસતો નહોતો.’

હરકાન્તે કહ્યું: ‘હા, આખરે છેદ ઊડી ગયો!’

પાંચમો દાવ પૂરો થયો.

# પરાક્રમકાણ્ડ

તે દિવસે કોલેજમાંથી પાછા વળતાં જોયું તો પારો એકસો ને અગિયાર ડિગ્રી ચઢી ગયો હતો. પણ ઘરે આવીને જોયું તો શ્રીમતીના મિજાજનો પારો એથી પણ દસેક ડિગ્રી ઊંચે હતો!

'સાંભળ્યું કે તમે!' રસોડામાંથી એણે મોટે સાદે બૂમ પાડી. એ ધ્વનિનું ઉષ્ણતામાન બહુ ઊંચું હતું તે વિશે મને તરત ખાતરી થઈ ગઈ. અપરાધીની જેમ હું દબાતો સંકોચાતો રસોડાની દિશામાં વળ્યો. એની દૃષ્ટિસીમામાં આવ્યો એટલે એણે તરત જ શરૂ કર્યું.

'પેલા પંડ્યાની વહુ, કે' છે કે આજકાલમાં અહીં આવી પડવાની છે.' મેં પૂછ્યું: 'કોણે કહ્યું તને? પંડ્યાએ તો હજુ ગઈ કાલે જ મને કહ્યું કે કશું નક્કી નથી.' મેં અણજાણપણે જ એના રોષને ભભૂકી ઊઠવાને કારણ આપ્યું. તવા ઉપરથી ઉતારેલા ફૂલકાને ચીપિયા વડે દાબતાં એ બોલી: 'તમે તો છો જ સાવ બાઘા જેવા! પંડ્યા જ તમને કહેવાનો કે મારી વહુ હવે આવવાની છે! એ બધાને અંધારામાં જ રાખવા માગે છે. એ તો હું વાતની ગન્ધ કાઢવા ગઈ ત્યારે એના નોકરે કહ્યું કે બાઈ આવતી કાલે દહેરાદૂનમાં આવવાનાં છે.'

મને કોણ જાણે શી અવળી મતિ સૂઝી તે મારો કક્કો ખરો કરવાની જ હઠ પકડી બેઠો: 'અરે ગાંડી, નોકરની વાત પર તે વિશ્વાસ રખાતો હશે, એ શું જાણે?'

આથી એ વધારે ભભૂકી ઊઠી. આમેય તે સગડીના તાપથી એનું મોં લાલચોળ તો થઈ જ ઊઠ્યું હતું. પરસેવાને લીધે ચોંટી ગયેલા વાળ, આંખમાં રોષ અને તાપને કારણે આવેલી

રતાશ – આ બધાંને કારણે એણે ચણ્ડીનું સ્વરૂપ ધારણ કર્યું હોય એમ લાગતું હતું. એ બોલી: 'તમે તો સાવ નાના કીકલા જેવી વાતો કરો છો. એમ કહો ને કે તમારે આ બાબતમાં કશું કરવું નથી! જિન્દગીમાં જહેમત ઉઠાવીને કશું જાતે કરતાં શીખ્યા હોય તો ને!'

હું નિરુત્તર બેસી રહ્યો ને આ દરમિયાન સહેજ બેધ્યાન રહેવાને કારણે તવા પર બળી જતી રોટલીમાંથી નીકળતા ધુમાડાને જોઈ રહ્યો.

બળેલી રોટલીને ભારે તિરસ્કારપૂર્વક બારીમાંથી ફગાવી દઈને એ બોલી: 'હજુ વખત છે. જમીને ઊપડો મેડિકલ ઓફિસરને ત્યાં, જરા ઓળખાણ આપજો. કહેજો કે હું અરુણાનો વર, તમારી માસીની દીકરીની દીકરીનો વર. તમારા ઘરનો જમાઈ કહેવાઉં. કોઈ દિવસ તમારે આંગણે પગ મૂક્યો નથી પણ ધરમસંકટ આવી પડ્યું છે એટલે આવ્યો છું...'

આ સલાહસૂચન ક્યાં અટક્યાં હોત તેની ખબર નથી. ત્યાં મને એકાએક યાદ આવ્યું એટલે મેં કહ્યું: 'પણ ડો. મહેતા રજા પર છે ને મહાબળેશ્વર ગયા છે.'

એનોય એની પાસે જવાબ હાજર હતો: 'સૌથી સારું. એના એસિસ્ટન્ટને આપણું સગપણ કહેશો એટલે એનાથી ના પડાશે જ નહીં ને!'

મારી પરિસ્થિતિ વિકટ બનતી જતી હતી. મેં છેલ્લો પાસો નાખી જોયો: 'પણ પંડ્યાની વહુને ટી.બી. થયો છે એની આપણી પાસે સાબિતી શી?

એ વધુ ચિડાઈને બોલી: 'ટી.બી.નો દરદી તે કાંઈ છાનો રહેતો હશે? ભણેલાગણેલા માણસ થઈને તમેય તે શું બોલો છો!'

અહીં જ અટકવું મને ઠીક લાગ્યું. હું વિચારે ચઢ્યો: શ્રીમતીની વાત તો સાચી. અમારો શિરીષ સાવ સુકલકડી હતો. હવા બદલાય કે શરદી તાવથી પટકાયો જ છે. નાના હિમાંશુનુંય કશું ઠેકાણું નહીં. હમણાં જ મોટી ઊધરસમાંથી છૂટ્યો હતો. શ્રીમતીને લિવર એક્સટ્રેક્ટનાં ઇન્જેક્શન તો ચાલુ જ હતાં; ને ઊધરસના હુમલાથી કોઈક વાર અધી

રાતે મારે પથારીમાંથી બેઠા થઈ જવું પડતું. ક્ષયનાં જન્તુને અમારાં શરીરમાં વાસ કરવાનું અનુકૂળ આવે તેમ હતું. અનિષ્ટની આશંકાની દિશામાં આગળ વધતી કલ્પનાને મેં પરાણે રોકી ને જમ્યા પછી તરત જ આ સમ્બન્ધમાં કશુંક સક્રિય કરવાનો સંકલ્પ મેં મનમાં ને મનમાં કરી દીધો.

મ્યુનિસિપાલિટીવાળાઓએ કહ્યું કે ‘તમે આ બાબતમાં લેખિત અરજી આપો તો ઘટતું થશે.’

મેં કહ્યું: ‘હજુ એ દરદી અમારી પડોશમાં રહેવા આવ્યાં નથી. એ આવે તે પહેલાં કશો બંદોબસ્ત નહીં થઈ શકે?’

એમણે હસીને કહ્યું: ‘મિસ્ટર, તમેય તે કેવી વાત કરો છો! અમારું કામ દરદી અહીં આવે, રહે પછી શરૂ થાય છે. ગુનો માણસ કરે પછી કેસ દાખલ કરાવાય ને?’

હું પણ નાછૂટકે હસ્યો પણ મનમાં ધૂંધવાયો. પંડ્યાની વહુ આવીને રહે – બરાબર મારા ઘરની સામે, દક્ષિણ તરફથી પવન આવે એટલે ઓટલે બેઠી બેઠી એ ગળફા કાઢે, તેમાંનાં જન્તુ સીધાં ધસી આવે અમારા તરફ. ને શિરીષ ને હિમાંશુને તો કાંઈ થોડા જ રોકી શકાવાના હતા! ટૂંકમાં, ક્ષય અમારા તરફ ધસ્યે આવતો હતો. એક જ ઉપાય હતો; બી.સી.જી. વૅક્સીન છોકરાઓને અપાવવાનું નક્કી કર્યું. ને શ્રીમતીને શો જવાબ આપવો તે મનમાં ગોઠવતો હું ઘર તરફ વળ્યો.

ઘરે આવીને ધાર્યુ હતું તેમ જ થયું. શ્રીમતી ફફડી ઊઠી: ‘રોતી સૂરત લઈને જાય તે મૂઆની જ ખબર લઈને આવે…’

મેં એને અર્ધેથી અટકાવીને કહ્યું: ‘આવી કહેવતનો ઉપયોગ આ પ્રસંગે ઠીક નહીં કહેવાય!’

એટલે એ વધારે ગુસ્સે થઈને બોલી: ‘હવે બેસો ને, મોટા પંતુજી જોયા નહીં હોય તો!’ હું મૌન સેવવું જ યોગ્ય ગણીને બેસી રહ્યો. પણ એ મને એમ બેસવા દે એવી થોડી જ હતી?

એ ધૂંધવાતી બોલી: 'મારી સામું બાઘાની જેમ જોઈ શું રહ્યા છો?' જુઓ, એક કામ કરો.' આટલું કહીને મારું કુતૂહલ ઉદ્દીપ્ત થાય તેની રાહ જોતી એ થોડી વાર સુધી કશું બોલી નહીં. મારે કાંઈક પૂછવું જોઈએ તેનું એકાએક ભાન થતાં મેં પૂછ્યું: 'શું?'

એટલે એ હોઠ મરડીને વ્યંગમાં બોલી: 'તે તો કહીશસ્તો! તમને છે કશી ચિન્તા?' અંદરથી મારો રોષ પણ ભભૂકતો જતો હતો, બહાર ગરમી પણ વધતી જતી હતી. પણ શું કહું! મનમાં ને મનમાં સમસમીને હું બેસી રહ્યો.

પછી જાણે મહાપ્રયત્નને અન્તે કોઈ નુસખો હાથ લાગ્યો હોય તેમ એ બોલી: 'જુઓ, એક કામ કરો. સોસાયટીના સેક્રેટરી જદુભાઈને જઈને મળો. એમને ને કલેક્ટરને ઘર જેવો સમ્બન્ધ છે. એમને કહો કે જરા કલેક્ટરને કાને વાત નાખે. બોલો, બનશે કે?' હું શિયાવિયા થઈને કશુંક કહેવા જતો હતો ત્યાં એ મને હાથની વીરમુદ્રા બતાવીને અટકાવી દઈને બોલી: 'રહેવા દો, તમારાથી કાચો પાપડ સરખોય ભંગાવાનો નથી. એ તો હું જ મારે ક્લબમાં જઈશ ત્યારે ચન્દ્રાબહેનને વાત કહીશ.'

મારે છુટકારાનો આનન્દ એકદમ વ્યક્ત નહોતો કરી દેવો જોઈતો પણ હું ગાફેલ રહ્યો ને મારાથી બોલી જવાયું: 'પતિ પાસે કામ કઢાવવું હોય તો પત્ની દ્વારા પ્રયત્ન કરવો એ જ સારામાં સારો રસ્તો છે.'

એ આ સાંભળીને વ્યંગને બને તેટલો તીખો બનાવીને બોલી ઊઠી: 'સ્ત્રીઓનો ક્યાં ક્યારે ને કેવો ઉપયોગ કરવો તે કળામાં પ્રવીણ થવા સિવાય બીજા કશામાં પુરુષજાતિએ ધ્યાન આપ્યું છે ખરું?' એણે મને સાવ ચૂપ જ કરી દીધો.

બીજે દિવસે જોયું તો મામલો ગમ્ભીર બની ગયો હતો. રોષને સ્થાને શ્રીમતીની આંખમાં અશ્રુ હતાં, એ ગળગળી થઈને બોલી: 'તમારે શું! આવો નફિકરો ધણી તો કોઈનો નથી જોયો. આખો દિવસ બહાર રહેવું ને સાંજ ટાણે ક્લબમાં જવું. તમને કાંઈ અમારી ચિન્તા થોડી જ છે?'

હું સમજી ગયો કે આ હૈયાવરાળને પ્રત્યુત્તરની અપેક્ષા નહોતી. મેં મૌન સેવ્યું. થોડી વાર રહીને લૂગડાના પાલવથી આંખ લૂછી નાખીને એ બોલી: 'એ તો વહેલી સવારની

આવી પહોંચી છે અમારો જીવ લેવા! આખરે આ છોકરાય તમારા જ ને! સીધા પંડ્યાના ઘરમાં જ જઈને ઘૂસ્યા – દલ્લો દાટેલો ખરો ને! એને હાથે આપેલું આરોગીને બહાર નીકળ્યા. ખૂબ ધમકાવીને પૂછ્યું ત્યારે કબૂલ કર્યું કે હા, અમને કેરી ને સુખડી આપેલી. છોકરા તો બિચારા નાદાન. પણ તમારા પંડ્યા ને એની વહુએ નહીં સમજવું જોઈએ?' એ અટકી. પરિસ્થિતિ ખરેખર ગમ્ભીર હતી. એને કાંઈક હળવી બનાવવાનો પ્રયત્ન કરતાં મેં કહ્યું: 'એવા રોગમાં સપડાયલાની દાનત જ એવી હોય છે. મારા બાપનાં એક ફોઈ, તે જનમથી બહેરાં ને મૂગાં. પણ એને એમ કે આ બધા બહેરામૂંગા થઈ જાય તો કેવું સારું! ઘણી વાર કોઈ નહીં જાણે તેમ એમનું અજીઠું અમને ખવડાવતાં પીવડાવતાં.'

પણ એની અસર મારા ધાર્યા કરતાં ઊંધી થઈ. એ એકાએક ભભૂકી ઊઠી: 'તમે બહેરામૂંગા થયા નથી એટલે એવા રોગીનું અજીઠું ખાવાથી કશું થતું નથી ને હું નકામી કચકચ કરું છું એમ જ તમારે કહેવું છે ને?'

મેં કહ્યું: 'ના ના…'

એ દરમિયાન પંડ્યાના નોકરે બારણું ખખડાવીને પૂછ્યું: 'સાહેબ છે?'

શ્રીમતીએ હાથ વડે મને ચૂપ રહેવાનો અણસારો કરીને એને પૂછ્યું: 'કેમ, શું કામ છે?'

નોકરે કહ્યું: 'દાક્તરને બોલાવવાના છે. સાહેબ ઘરમાં નથી ને બાઈને અમૂંઝણ થાય છે.'

શ્રીમતીએ બેધડક જૂઠાણું હાંક્યું: 'ના, સાહેબ ઘરમાં નથી. આવશે એટલે મોકલીશ.' આ જૂઠાણા સામેના મારા મૂક વિરોધને એણે લક્ષમાં લીધો નહીં. તે દિવસે આખી રાત અમે પંડ્યાની વહુની ઊધરસ સાંભળી.

સવારે પરિસ્થિતિ એકાએક બગડી ગઈ. શિરીષ દાતણ કરીને કોગળા કરવા ગયો ત્યારે એના મોંમાંથી લોહી નીકળ્યું. એણે તરત એ વાતની એની માને જાણ કરી. શ્રીમતી તો હાંફળીફાંફળી બનીને મને ખેંચીને વોશબેઝિન પાસે લઈ ગઈ. શિરીષ બિચારો ગભરાઈ ગયો. એને ફરી કોગળો કરવાનું કહેવામાં આવ્યું. એણે કોગળો કર્યો. ફરી થોડું લોહી દેખાયું. શ્રીમતી શિરીષનો કાન આમળીને બોલી ઊઠી: 'ના કહી કે ત્યાં ન ટળીશ પણ

માને તો ને! એ ડાકણ તો લોહી પીવા બેઠી છે. કોણ જાણે એમાંથી ક્યારે છુટકારો થશે!' હું મૂંઝાયો. શી રીતે શ્રીમતીને ઠંડી પાડવી તે મને સૂઝ્યું નહીં. હું શિરીષને એના આક્રમણમાંથી છોડાવીને બીજા ઓરડામાં લઈ ગયો. ત્યાં જઈને એને મોઢું ખોલવાનું કહ્યું. જોયું તો બ્રશ ઘસતાં એક અવાળું છોલાઈ ગયું હતું. તેમાંથી લોહી નીકળતું હતું. આ વાતની જાણ મેં શ્રીમતીને કરી પણ તોય એના જીવને કરાર વળ્યો નહીં.

બીજે દિવસે પંડ્યા કોલેજમાં દેખાયા નહીં. શ્રીમતીના રોષને અવગણીને દાક્તરને તેડી લાવવાની મારી ફરજ નહોતી? મારો જીવ બળવા લાગ્યો. મારી જાત પ્રત્યે મને નફરત થઈ. ઘરે પાછા ફરીને જોયું તો શ્રીમતી અસાધારણ આનન્દમાં હતી. મારે શું બોલવું તે મને સૂઝ્યું નહીં. હું એના બોલવાની રાહ જોવા લાગ્યો.

આખરે એ બોલી: 'પેલી જાય છે આજે.'

મેં પૂછ્યું: 'કેમ, એકાએક?'

એણે કહ્યું: 'હું સવારે જઈને શાહ દાક્તરને સમજાવી આવી ને કહ્યું કે મહેરબાની કરીને પંડ્યાને એવી સલાહ આપો કે એ બાઈને હમણાં ને હમણાં પંચગની ખસેડે. આખરે પાસા પોબાર પડ્યા. આજે ગુજરાતમાં એ જાય છે.' મારે કશું બોલવાનું નહોતું. એના આનન્દમાં મેં ભાગ નહીં લીધો તેથી એ ઝંખવાઈ ગઈ પણ આગળ કશું બોલી નહીં.

સાંજે બાગમાંથી પાછા ફર્યા ત્યારે સામે ઘેર જવાની તૈયારી થઈ ચૂકી હતી. શ્રીમતીએ મને કહ્યું: 'હમણાં બહાર નીકળશો નહીં.' એણે મને તથા છોકરાઓને છેક અંદરના ઓરડામાં ધકેલી દીધા. ટેક્સી આવીને ગઈ. ગાડીને હજી વાર હતી, છુટકારાનો દમ ખેંચીને શ્રીમતી અંદર આવી, એને એકાએક નવો તુક્કો સૂઝ્યો: 'હું એમ કહું છું કે તમે જરા એક આંટો સ્ટેશને મારીને આવો તો.' હું ફિક્કું હસીને બોલ્યો: 'સ્ટેશન પર એનો રોગ મને વળગી પડે તો!' એ ચિઢાઈને બોલી: 'જાવ, જાવ, આવું તે શું બોલતા હશો!'

હું સ્ટેશને પહોંચ્યો. ગાડી આવી પહોંચી હતી. ઊપડવાને પાંચેક મિનિટની વાર હતી ત્યાં એકાએક પંડ્યાની બૂમ મેં સાંભળી: 'મિસ્ટર ચોક્સી, આ નિરંજના તમને બહુ યાદ કરે છે.' નિરંજના! કોણ જાણે કેમ હૃદયમાં ધ્રાસ્કો પડ્યો. નિરુ... હોઠે શબ્દ આવ્યો ને

હું લગભગ દોડીને એની પાસે ગયો. જોયું તો એ જ નિરુ. અમારા ગામની કાંઠા પરની વૃક્ષોની ઘટા ઝીલીને કાળી ભમ્મર દેખાતી તળાવડીના જેવી એની આંખો, એમાં એનો એ જ ચમકારો; પણ ચૂંટી ખણીને જેને રાતાચોળ કરી મૂકતો તે ભરાવદાર ગાલ હવે રહ્યા નો'તા. એ નિરંજનાની સાથે આંબાપીંપળી રમતાં ઝાડની ડાળીએ ડાળીએ ઠેક્યાં છીએ. પરીઓની વાર્તાની ચોપડીના અક્ષર સાથે એની છબિ ભળી ગઈ છે. અમે જ્યારે પહેલી વાર છૂટાં પડ્યાં ત્યારે મેં એને લાગણીવિવશ બનીને પૂછેલું: 'નિરુ, મને યાદ કરીશ ને?' ત્યારે એણે ચૂંટી ખણીને કહેલું: 'હત્ પાગલ! મારી ચૂંટી તને યાદ રહેશે ને?'

એ મને જોઈને ફિક્કું હસી. પંડ્યાને એણે કહ્યું: 'તમે જરા બિસ્કુટ લઈ આવો ને, ગાડી ઊપડવાનો વખત થશે.' પંડ્યા ગયા એટલે એણે કહ્યું: 'કેમ, મારાથી આટલો બધો ગભરાય છે? મારે તો તારી પદમણી જેવી વહુ જોવી હતી.' મારાથી કશું બોલી શકાયું નહીં. એની પાતળી પાતળી આંગળી મારા માથાના વાળમાં ફરવા લાગી. એણે એક ધોળો વાળ મારા માથામાંથી તોડીને મને ઠપકો આપતી હોય તેમ કહ્યું: 'હજુ તો ભરજુવાનીમાં છે ને આ ધોળો વાળ ક્યાંથી?' એની સ્નેહભરી કરુણ આંખોએ જાણે મારા પર પ્રેમનો આખો પારાવાર વહેવડાવી દીધો. ગાડી ઊપડવાની સીટી વાગી એટલે એણે મને પાસે ખેંચીને ફરી એક ચૂંટી ખણી ને ધીમેથી બોલી: 'યાદ રહેશે ને?'

ઘરે પગ મૂકતાં જ મને ઊભો રાખીને શ્રીમતીએ રાઈમીઠાની ધૂણી કરી નજર ઉતારી. મીઠું તતડ્યું એટલે બોલી: 'જોયું ને, કેવી નજર લાગી હતી! બે દિવસમાં કેવા લેવાઈ ગયા છો! લો, જરા ગરમ કોફી પી લો.'

# નળદમયન્તી

નાઝ આગળ જઈને ચિત્રાએ જોયું તો અરુણા ક્યાંય નજરે પડી નહીં. આથી એને ખરું જોતાં એક અનિચ્છનીય પરિસ્થિતિમાંથી છૂટી જવાનો આનન્દ થવો જોઈતો હતો. પણ એ કોણ જાણે શાથી નિરાશા અનુભવવા લાગી. એનાથી અણજાણપણે એનું ચિત્ત સાહસને માટે તત્પર થઈને બેઠું હશે? એ તક ચાલી જતાં નિરાશા ઉદ્‌ભવી હશે? એ આવા વિચારમાં હતી ત્યાં ક્યાંકથી અરુણા આવી ચઢી ને એનો હાથ હાથમાં લઈને બોલી: 'ઓહો, તું આવી ખરી! મને બહુ આશા નહોતી.' ચિત્રા કશું બોલી નહીં. એના હાથમાંની અરુણાની આંગળીઓ કશીક અસ્વાભાવિક ચંચળતાથી સળવળ્યા કરતી હતી. એ ચંચળતાની પાછળ ભય હતો કે વિહ્‌વળતા? કોણ જાણે! પણ હવે અનિશ્ચિતતાને સ્થાને આવેલી નિશ્ચિતતાને કારણે ચિત્રાના શરીરમાં એકાએક ભયનો સંચાર થયો. અરુણાની અસ્થિર આંગળીઓને એનું આખું અસ્તિત્વ જાણે બાઝી પડ્યું. પછી બંને આગળ વધ્યાં.

ઉપર જઈને બહારના સોફા પર બંને બેઠાં. ચિત્રાની ભયકાતર આંખો વિહ્‌વળ બનીને આમથી તેમ ફરવા લાગી. ચારે બાજુના મોટા મોટા આયનામાં એણે એનાં પ્રતિબિમ્બો જોયાં. એ આયનાઓએ જાણે વસ્ત્રાહરણ કરીને એને સાવ છતી કરી દીધી હોય એવું એને લાગ્યું. સંકોચની મારી એ એક આયના પરથી નજર પાછી વાળે ત્યાં બીજો આયનો નફ્ફટ બનીને એને વળી છતી કરે છે; આમ એની દૃષ્ટિ ચારે બાજુથી અસહાય થઈને પાછી વળી. એકાએક એને લાગ્યું કે એ જાણે કોઈ ચારે બાજુથી બંધ એવા ઓરડામાં પુરાઈ ગઈ છે. બહાર નીકળવાનો કોઈ માર્ગ રહ્યો નથી. અજાણ્યા ભયથી એનું હૃદય

ફફડી ઊઠ્યું. આ દરમિયાન અરુણા કશુંક બોલ્યે જતી હતી ને ચિત્રા 'હં' કહીને કે માથું હલાવીને એની વાતમાં પોતાનું ધ્યાન છે એમ બતાવવાનો પ્રયત્ન કરતી હતી. ત્યાં અરુણા ઊઠીને ઊભી થઈને બોલી: 'હવે વખત થવા આવ્યો છે. તું અહીં બેસ. હું હમણાં જોઈને આવું છું.' એમ કહીને એ દાદર ઊતરી ગઈ. એકાએક આવી પડેલી એકલતા સાથે એ પોતાનો મેળ બેસાડવાને મથવા લાગી. એણે ઊભા થઈને આયનાઓની તરફ પીઠ કરી નીચે નજર કરી. આનન્દથી તરવરતા ચહેરાઓની વચ્ચે એ ભૂલી પડી હોય એવું એને લાગ્યું. એને દૃષ્ટિને એ બધા પરથી ખેંચી લઈને દૂરદૂરના આકાશ તરફ વાળી. મનમાં આવતા ચિત્રવિચિત્ર વિચારોથી ભાગીને એ જાણે પોતાનામાં જ કોઈ એકાદ ખૂણે સોડિયું વાળીને ભરાઈ ગઈ. હવે પછી જે કાંઈ થવાનું છે તેને આમ પોતાના જ શરીરના એક ખૂણામાં સરી જઈ નિલિર્પ્ત ભાવે બનવા દઈ શકાય તો... ત્યાં અરુણા આવી. આ વખતે એ એકલી નહોતી. એણે અરુણાના શબ્દો સાંભળ્યા: 'ચાલ ચિત્રા, હવે વખત થઈ ગયો છે.' 'વખત થઈ ગયો છે' એ શબ્દો કોઈ ભૂલું પડેલું ચામાચીડિયું ઓરડામાં વર્તુળ મારતું જાય તેમ એના મનની અંદર વર્તુળાકારે ઘૂમવા લાગ્યા. એણે અરુણાની દિશા તરફ ચાલવા માંડ્યું. થિયેટરમાં દાખલ થવાનો વખત થયો એટલે અરુણાએ કહ્યું, 'ચાલ ત્યારે, હવે હું જાઉં ને?' એ પ્રશ્નના ઉત્તરની રાહ જોયા વિના જ એ ચાલી ગઈ.

થિયેટરમાં દાખલ થતાં જ અંદરનો અન્ધકાર એને અજગરની જેમ ગ્રસી ગયો. ન્યૂઝ રીલ શરૂ થઈ ગયું હતું. એને જ્યાં બેસવાનું કહેવામાં આવ્યું ત્યાં એ બેઠી. અત્યાર સુધી એ એક્કે શબ્દ બોલી નહોતી. આવી પરિસ્થિતિમાં કશુંક બોલવું જોઈએ ખરું ને બોલવું તો શું બોલવું તેની એને ખબર નહોતી. આથી સામેના પડદા પર જે દેખાતું હતું તે એણે જોયા કર્યું. 'નળદમયન્તી'નું ચિત્રપટ હવે શરૂ થઈ ગયું હતું. અનુરાગના પ્રથમ ઉદયથી આનન્દવિહ્વળ બનેલી દમયન્તી ઉદ્યાનમાં ફૂલો સાથે રમતી ગીત ગાઈ રહી હતી, ત્યાં પાસેની બેઠક પર સળવળાટ થયો ને એ ચોંકી. હવે પછીની ક્ષણોમાં જે કાંઈ બને તેને માટે એ પોતાની જાતને તૈયાર કરવા લાગી પણ શું કરવું એ તેને સૂઝ્યું નહીં. શસ્ત્રક્રિયા કરતાં પહેલાં જેના પર શસ્ત્રક્રિયા કરવાની હોય છે તે અંગને જૂઠું પાડી દેવામાં આવે છે. અહીં તો સમસ્ત સંવેદનાને જૂઠી કરી નાંખવી પડે એમ હતું. બાજ પંખીએ શિકાર પકડ્યો હોય ને એ શિકારને દબાવીને એ આજુબાજુ નજર નાખીને

નિરાંતે એને આરોગી શકાય એવા સ્થળની શોધ કરતું હોય ત્યારે એ વચલા ગાળામાં શિકારની જે સ્થિતિ થાય તેવી સ્થિતિ અત્યારે પોતાની હતી એવું ચિત્રાને લાગ્યું. એણે પોતાની બધી શક્તિ ખરચીને આ પરિસ્થિતિ સાથે તત્સમ થઈને રહેવાનો અથવા તો એને અતિક્રમી જવાનો ઉપાય શોધવા માંડ્યો. સ્મૃતિના સ્તર પછી સ્તર ઉકેલીને એણે જ્યાં આશ્રય લઈને વર્તમાનની સંવેદનાથી નિલિર્પ્ત રહી શકાય એવું એક બિન્દુ શોધવા માંડ્યું... કોઈ ઉત્કટ સુખની સ્મૃતિ કે પછી કોઈ ઉત્કટ દુ:ખની સ્મૃતિ! અનેક નાનાં નાનાં સુખદુ:ખની સ્મૃતિઓ હતી, બાકીનું ટેવની ઘરેડમાં પડીને સમથળ થઈ ગયું હતું. ટેવ ગમે તેવા ઉત્કટ દુ:ખની ધારને તીક્ષ્ણ રહેવા દેતી નથી. નરેશે પહેલવહેલાં જ્યારે પોતાના ઉપરીને હાથે અપમાનિત થયાની વાત કરી ત્યારે બંનેને દુ:ખ થયું હતું; પણ પછી નરેશનું અપમાન કરવાનો ઉપરીનો કાર્યક્રમ નિયમિત થઈ ગયો ને નરેશને પણ પોતે દુ:ખી થયો છે એમ એના ઉપરીને બતાવવાની ટેવ પડી ગઈ. ચિત્રાને થયું કે આખરે માનહાનિથી દુ:ખ થાય એવું શું એક્કેય મર્મસ્થાન નહીં રહે? આ સતત પીછેહઠ, શાહમૃગની જેમ રેતીમાં માથું સંતાડીને વાસ્તવિકતાને અવગણવાની પ્રવંચના – આખરે ક્યાં પહોંચશે? માનવીને એની માનવતાની સીમાની પણ બહાર ભગાડી મૂકી શકાશે?...

આ બાજુ નળદમયન્તીના જીવનમાં ઊથલપાથલ થઈ ગઈ હતી. બાળકોને મોસાળ વળાવીને નળદમયન્તી વનમાં વાસ કરતાં હતાં. કલિનો પ્રભાવ પૂરો વિસ્તર્યો હતો. ત્યાં નળદમયન્તીની કથાનો અત્યન્ત કરુણ પ્રસંગ આવ્યો. મહામહેનતે પકડાયેલી માછલી દમયન્તીના હાથમાંની સંજીવની શક્તિથી સજીવ થઈ પાણીમાં સરી પડી. આથી નળ ગુસ્સે થયો, નળે ન કહેવાના શબ્દો કહ્યા. તે રાતે થાક અને દુ:ખની ગ્લાનિથી દમયન્તી અધમૂઈ થઈને પડી હતી ત્યારે નળ એનું અર્ધું વસ્ત્ર ફાડીને, તેને અસહાય એકલી મૂકીને ચાલ્યો ગયો. પશ્ચાદ્‌ભૂમાં વાજિંત્રો કરુણ સૂરો રેલાવતાં હતાં. પ્રેક્ષકોની હૃદયતન્ત્રી પણ એનાથી રણઝણી ઊઠી હતી. કોઈ ભાવુક, પ્રેક્ષકોની આંખો પણ ભીની થઈ ગઈ હતી. ત્યાં એકાએક બાજુની બેઠકમાંનો હાથ આવીને એના સાથળ પર સ્થિર થયો. ચિત્રા જાણતી હતી કે એ હાથ ત્યાં વધુ વખત સ્થિર રહેવાનો નહોતો. આ નવી પરિસ્થિતિ પ્રત્યે એનું શરીર શી રીતે વર્તે છે તે એ તટસ્થ બનીને જોવાનો પ્રયત્ન કરવા લાગી. પ્રથમ સ્પર્શે શરીર એકદમ ચોંકીને સંકોચાયું હોય એવું તેને લાગ્યું. પછી એ સ્પર્શના સંવેદનને અન્ય સ્પર્શના સંવેદનથી વેગળા પ્રકારનું જાણીને એ કાંઈક મૂંઝવણમાં પડી

ગઈ હોય એવું લાગ્યું. એકાએક પેલો હાથ એની અનિશ્ચિતતામાંથી જાગીને સાથળના માંસલ ભાગને એની પકડમાં લેવાનો પ્રયત્ન કરવા લાગ્યો…

ઘોર અંધારી રાતે વૈદર્ભી વનમાં વલવલતી હતી. વન હિંસ્ર પશુઓથી ભરેલું હતું. એ પશુઓ માંસનાં ભૂખ્યાં હતાં. વર્ષાની ધારા માથા પર ઝીંકાતી હતી. એણે એક વૃક્ષનો આશરો લીધો ત્યાં અજગર એના તરફ ધસી આવ્યો. એ સાપની દૃષ્ટિ સાથે એની દૃષ્ટિ એક થતાં એ મન્ત્રમુગ્ધ થઈ ગઈ. એના મુખમાંથી ચીસ નીકળી શકી નહીં…

સાથળ પરથી ખસીને હાથ ઉપર આગળ વધ્યો. ઘડીક કમરને વીંટળાઈને એણે પીઠ તરફ ગતિ કરી. એની ગતિમાં એક પ્રકારનું મરણિયાપણું હતું જે આ પરિસ્થિતિમાં પણ ચિત્રાના ચિત્તમાં એને માટે દયા ઉપજાવતું હતું. અજગર શિકારને બાથ ભિડાવે તેમ એ હાથ એને ભીંસમાં લેતો ગયો… ત્યાં એકાએક દીવા થઈ ગયા. દમયન્તીને અજગરની પ્રાણઘાતક સન્નિધિમાં મૂકીને પ્રેક્ષકો ઊંચે હૈયે ખુલ્લી હવા ખાવા બહાર નીકળ્યા. ચિત્રાને લાગ્યું કે પેલા હાથની ગતિથી એના શરીર પર જાણે ચીલા પડી ગયા હતા.

‘શું લેશો? ઓરેન્જ, આઇસક્રીમ…’

‘ઓરેન્જ.’

પરિસ્થિતિને અસ્વાભાવિક બનતી અટકાવવાને માટે એ એની પાછળ બહાર નીકળી. ઝગઝગતા દીવા ને એના પ્રકાશને ચાર ગણો કરી મૂકતા પેલા નિષ્ઠુર આયનાઓ! એ ચાલતી હતી પણ એની ગતિ જાણે કોઈ મોટા કરોળિયાની જાળની અંદર રહીને થતી હોય એવું એને લાગતું હતું. જાણે કોઈ પ્રાણીની ચીકણી લાળ ચારે બાજુથી એના અંગને લપેટાઈ ગઈ હતી.

‘તમને ફિલ્મ ગમી?’

‘ખૂબ કરુણ છે.’

'મને પણ કરુણ ફિલ્મ જોવી ગમતી નથી. પણ અહીંના જેવી આરામવાળી બેઠક બીજે નથી.'

'હા.'

ઇન્ટર્વલ પૂરો થવાની ઘંટડી વાગી. બંને અંદર પ્રવેશ્યાં – પેલા અન્ધકારના અજગરના મોઢામાં. ચિત્રાને આખી દુનિયા ગૂંચળું વાળીને શિકારની રાહ જોઈને બેઠેલા અજગર જેવી લાગી...

અણીને વખતે મદદ આવી પહોંચી. એક શિકારીએ આવીને કુહાડીથી અજગરને મારી નાંખ્યો. દમયન્તીએ શિકારીનો આભાર માન્યો. પણ શિકારી પોતાના ઉપકારના બદલામાં દમયન્તીને આખીને જ લઈ લેવા માગતો હતો. દમયન્તીને નાગના મુખમાંથી બચ્યાનો પશ્ચાત્તાપ થવા લાગ્યો...

હાથ હવે પરિચિત થઈ ચૂકેલા માર્ગે ગતિ કરતો હતો. આગલા અનુભવની સ્મૃતિને કારણે હવે એની ગતિ કોઈ નવી સંવેદના જગાડતી નહોતી. ચિત્રાને પોતાને આને કારણે પ્રાપ્ત થયેલી સ્વસ્થતાથી આશ્ચર્ય થયું. હવે એનું ચિત્ત જાણે જાળમાંથી છૂટીને મુક્તપણે વિહરવાને સમર્થ બન્યું. એનામાં એકાએક ઉદારતાનો જાણે જુવાળ આવ્યો; ક્ષમા અને દયાની મિશ્ર લાગણીથી એણે પાસેના ખભા પર પોતાનું માથું ઢાળ્યું. એની બંધ આંખોની સીમાની અંદર શાન્તિનો અસીમ પારાવાર રેલાઈ રહ્યો હતો. તેણે પોતાના વ્યક્તિત્વના એક બિન્દુમાં કેન્દ્રિત થઈને ન રહેતાં એ શાન્તિના પારાવારના અણુએ અણુમાં પોતાની જાતને પ્રસારી દીધી હતી. પોતાના ચિત્તમાં આટલાં ઔદાર્ય ને ક્ષમાનો સંચય હશે તેની એને ખબર નહોતી. એકાએક એ સમૃદ્ધિની જાણ થતાં એ પ્રસન્ન થઈ ઊઠી. આ પ્રસન્નતાની ખુમારીમાં હવે એ પ્રગલ્ભ બનીને ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર હતી...

દમયન્તી વિકટ કસોટીમાંથી સતીત્વના બળે પસાર થઈ ગઈ. કલિએ હાર સ્વીકારી. નળદમયન્તીનું ફરી મિલન થયું. મોસાળથી સન્તાન પાછાં ફર્યાં. રાજપ્રાસાદને ગવાક્ષે

ઊભી ઊભી દમયન્તી ઉલ્લાસનું ગીત ગાઈ રહી હતી. એ ગીતની છોળમાં ભીંજાતા પ્રેક્ષકો આખરે બહાર નીકળ્યા. ચિત્રા પણ બહાર આવી.

‘તમે ક્યાં રહો છો? બેસી જાવ કારમાં, હું તમને ઉતારી દઈશ.’

‘ના, નાહક તકલીફ શા માટે? હું જઈશ.’

એણે ખિસ્સામાંથી પહેલેથી જ જુદી પાડીને મૂકી રાખેલી દસદસની ત્રણ નોટ ચિત્રાના હાથમાં મૂકી. પચ્ચીસને બદલે ત્રીસની સંખ્યા જોઈને એને કશુંક કહેવાનું મન થયું. પણ એક ઘેરી ઉદાસીનતામાં એના શબ્દો ખોવાઈ ગયા. એને પૈસા પાછા આપી દેવાનું મન થયું. પણ એમ કરવાથી તો પેલાની ક્ષુદ્રતા પરનું રહ્યુંસહ્યું આવરણ પણ એ ખેંચી લેતી હોય એવું એને લાગ્યું. એ સૌ કોઈ પ્રત્યે સમભાવ અને દયાથી દ્રવી જવા તત્પર હતું.

ઘેરે જઈને જોયું તો નરેશ કાંઈક લખી રહ્યો હતો... એ જ ચિરપરિચિત ચહેરો, થોડીક ફિક્કાશ દેખાય છે, આંખ સહેજ ઊંડી ઊતરી ગઈ લાગે છે પણ હજુ એમાં એનો એ તરવરાટ છે. બેકાર બન્યા પછીનો આ ત્રીજો મહિનો છે. પણ એ ઝૂઝે છે. પોતે પણ જાણે યુદ્ધના એક વ્યૂહને ભેદીને પાછી ફરી હોય એવું એને લાગ્યું.

‘કેમ, બહુ મોડું થયું? હું તો તને શોધવા નીકળતો હતો.’

‘ગાંડા રે ગાંડા, આવડા મોટા શહેરમાં તું મને ક્યાં શોધવાનો હતો?’

‘પણ તું અત્યાર સુધી હતી ક્યાં?’

એના જવાબમાં ચિત્રાએ નરેશના હાથમાં ત્રીસ રૂપિયા મૂકી દીધા ને બોલી: ‘મારી એક બહેનપણી વાલકેશ્વરના એક ધનિક કુટુમ્બમાં લઈ ગઈ. અઠવાડિયામાં ચારવાર જવાનું, બે બાળકોને રમાડવા ને ભણે એટલું ભણાવવું. આ ત્રીસ રૂપિયા તો એડવાન્સમાં આપ્યા. બોલ, હવે હું સાવ નકામી તો નથી લાગતી ને?’ ને એ હસી પડી. એ હાસ્યમાં એને પોતાનેય ક્યાંય કશી કૃત્રિમતા લાગી નહીં. જીવનના ઊંડાણમાંથી ક્યારે પ્રસન્નતાનું

ઝરણું અનેક વિષમ સંજોગોના અન્તરાયને વીંધીને વહી નીકળશે તે થોડું જ કહી શકાય! એ પોતાનાથી જ આશ્ચર્યચકિત થઈ ગઈ.

'આ ત્રીસ રૂપિયા અણીને વખતે આવી પડ્યા, સૂરત ઇન્ટરવ્યૂને માટે જવાનો વિચાર હું નહીં તો પડતો જ મૂકવાનો હતો.'

'બોલ, હું તારા ઘરની લક્ષ્મી છું કે નહીં?' એના જવાબની રાહ જોયા વિના કશુંક અસ્પષ્ટ ગુંજતી એ બીજા ઓરડામાં જઈને વસ્ત્ર બદલવા લાગી. વસ્ત્રો ઉતારીને એણે બરાબર ખંખેર્યાં, એની ગડી કરી ને મદારી સાપને ખેલ પૂરો થયા બાદ કરંડિયામાં પૂરી દે તેમ એને પેટીમાં મૂકી દીધાં. એણે સામેના આયનામાં જોયું. આ ઘરની બધી વસ્તુઓમાં સાચવીને સંગોપી ગયેલી એની ઘરરખુ ગૃહિણીની વ્યક્તિતાને જાણે એ બધી વસ્તુઓએ સંભાળપૂર્વક પાછી વાળી દીધી હતી.

તે રાતે ચિત્રાના ચિરપરિચિત સ્પર્શે જે રોમાંચ જગાડ્યો તેણે નરેશને પણ કોઈ અભૂતપૂર્વ ઉલ્લાસની ભરતીમાં ઝબકોળી દીધો.

મનીષા 6-7/1955

# વિચ્છેદ

રોજ સાંજે તો એ વહેલા આવે છે. આજે કોણ જાણે કેમ હજુ સુધી આવ્યા નહીં. મારું આખું અસ્તિત્વ જાણે આંખમાં સમાઈને રાહ જોઈ રહ્યું છે. આવતી જતી ગાડીઓના અવાજ સંભળાય છે. એમાંની જ એક ગાડીમાંથી જાણે એ હમણાં જ સ્ટેશને ઊતર્યા હશે, આવતા હશે એમ કલ્પું છું. એમનાં પગલાંનો અવાજ સાંભળવા કાન માંડું છું. પણ એ હજુય આવ્યા નહીં. સામેની ભીંત પરની સન્ધ્યાકાળની કેસરવર્ણી પ્રકાશની રેખા ધીમે ધીમે અન્ધકારને સ્થાન આપતી લુપ્ત થતી જાય છે. હવે પાસેનું સોનચંપાનું ઝાડ પણ સ્થિર થઈ ગયું છે. પવન એના ફૂલની સૌરભ લઈને વદાય થતી સન્ધ્યાની સાથે જાણે અસ્તાચળ તરફ વહી ગયો છે. સામેના આયનામાં પડતું મારું પ્રતિબિમ્બ પણ હવે તો ઝાંખું થતું જાય છે. મન અધીર બની ઊઠ્યું છે. ફરી ફરી પૂછ્યા કરે છે: એ કેમ આવ્યા નહીં? એ કેમ આવ્યા નહીં? એમ થાય છે કે આવે ટાણે એમની સાથે ખૂબ લડી પડું! પણ એ આવે ત્યારે ને?

ટેબલ પર પડેલું પરબીડિયું – નજરને એ તરફથી કેટલીય વાર વાળી લીધી છે ને તોય હઠ કરીને એ તો ફરી ત્યાં જ દોડી જાય છે. કેટલીક વાર તુચ્છ જેવી વસ્તુઓ પણ એવી સાંકેતિક ને રહસ્યભરી બની ઊઠે છે કે એની તુચ્છતા તો જાણે આપણા જીવનમાં આપણને જરાય ચોંકાવ્યા વિના, સભાન કર્યા વિના પ્રવેશવાને માટે એણે સજેલો છદ્મવેશ જ ન હોય એવું લાગે છે. આવું મને જ થતું હશે કે બધાને જ કદીક એવું લાગતું હશે? કોણ જાણે! પણ એ પરબીડિયું એક દૃઢ બીબામાં ઢાળી દીધેલા મારા વ્યક્તિત્વની સીમાઓને છિન્નભિન્ન કરી નાંખનાર વર્ષાના ગાંડા પૂરના જેવું મને લાગે

છે. એટલે એનાથી હું ભયભીત થઈ ઊઠી છું. મનને બીજે કેટલેય રસ્તે વાળીને દૂર રાખું છું ને તોય આંખ અણજાણપણે ફરી ફરી એ તરફ દોડી જાય છે! પડોશના પંજાબી ગૃહસ્થ અને એમની પત્ની દરિયે ફરવા જવાને નીકળ્યાં છે.... બહાર નીકળ્યા પછી પત્નીને એકાએક કશું યાદ આવ્યું, એ પાછી વળી, આ દાદર ચઢવાનો અવાજ સંભળાય છે, ઓરડીનું બારણું ઉઘાડવાનોય અવાજ સંભળાય છે, ફરી દાદર ઊતરતાં એનાં પગલાંનો અવાજ ને એ નીચે દેખાય છે. પણ આ એના હાથમાં શું? – પરબીડિયું! ને મારી આંખ પાછી ટેબલ પરના પરબીડિયા તરફ દોડી જાય છે... હજુ એ કેમ નહીં આવ્યા હોય! કેમ નહીં આવ્યા?

આ વખતે પાછી વળેલી દૃષ્ટિ સાથે ત્રણ અક્ષરો છુપાતા છુપાતા આવીને મનનું બારણું ખોલી અંદર પેસી ગયા છે. એ ત્રણ અક્ષરોનું એક નામ બને છે: શ્રીકાન્ત!... બહાર આકાશ તરફ નજર કરું છું તો ધીમે ધીમે એક પછી એક તારાઓ પ્રગટતા દેખાય છે. અહીં હૃદયમાંય વર્તમાન દિવસના ઓસરતા પ્રકાશની જેમ જાણે સરી જતો લાગે છે. અસ્પષ્ટ અન્ધકારથી છવાયેલા ભૂતકાળના વિસ્તૃત પટ પર ધીમે ધીમે એક પછી એક સ્મૃતિઓ ઝબકતી દેખાય છે – સરી જતા વર્તમાનની પાછળ દોડીને મન બોલી ઊઠે છે: એ કેમ આવ્યા નહીં? એ કેમ આવ્યા નહીં? પણ એમ લાગે છે કે એ શબ્દો યન્ત્રવત્ જ બોલાઈ ગયા છે. એની પાછળ રહેલો અર્થ તો જાણે સરી જતા વર્તમાનની સાથે ચાલ્યો ગયો છે. હોઠ પર એ શબ્દો ફરકી ગયા છે ખરા પણ હૃદય બેધ્યાન છે. એની એને જાણે કશી જાણ જ નથી થઈ. હૃદયની સામે તો પેલા ત્રણ અક્ષરોનું રચેલું નામ – શ્રીકાન્ત ઊભું છે. બધી ઇન્દ્રિયો એ તરફ વળી ગઈ છે. આંખ એને રંગનું રૂપ આપીને રાચે છે. કાન એને હૃદયના પ્રત્યેક સ્પન્દનમાં સાંભળે છે, વાયુની લહરીનો પ્રત્યેક સ્પર્શ પણ જાણે ભૂતકાળના એના ભુલાઈ ગયેલા સ્પર્શના રોમાંચની સ્મૃતિ મૂકી જાય છે; સોનચંપાનાં ફૂલની સુવાસ પણ જાણે મને એની તરફ વિવશ બનાવીને ખેંચી લઈ જાય છે. આજે જાણે મારું સમસ્ત વ્યક્તિત્વ એની તરફ અભિસારે ચાલી નીકળ્યું છે. મારા એ અભિસારના માંડેલા પ્રથમ સોપાને ધરણી આખી કોઈક સૂરસ્વામી ગન્ધર્વના અંગુલિસ્પર્શે ઝંકૃત થઈ ઊઠતી વીણાની જેમ રણઝણી ઊઠી છે. જાણે હૃદયમાં સંયમની ઓથે ઢાંકેલી મારી આરજૂ એ સૂરોમાં સંગીતના ઇંગિત રૂપે પ્રગટી ઊઠે છે!

સ્વપ્નિલ માદકતાના ઘેનને ભેદીને આવતા ઘડિયાળમાં પડેલા આઠના ટકોરા સાંભળું છું. હૃદયમાં સરી ગયેલી દૃષ્ટિને બળપૂર્વક બહાર ખેંચીને વાસ્તવિકતાના વિસ્તાર તરફ લાવવા મથું છું. પણ જે 'છે' તેની પાછળ રહેલા 'નથી' સિવાય આંખ જાણે કશું જોઈ શકતી જ નથી! બળજબરીથી ઘડિયાળ પર જ આંખને ઠેરવી રાખું છું પણ આંખ આગળથી ધીમે ધીમે ઘડિયાળનો આકાર ભુંસાઈ જાય છે ને ત્યાં દેખાય છે પેલી ક્ષીણ તેજવાળી ફિક્કી પીળી આંખો! આંખમાં રહેલી એ ફિક્કી પીળાશ મૃત્યુના સ્વાક્ષર જેવી લાગે છે. પણ એ પીળાશને વટાવીને આગળ જાઓ તો ત્યાં પરમસુન્દરની અસંખ્ય છબિઓ દેખાય છે. પણ એ પીળાશને વટાવીને આગળ જાઓ તો!

એ આંખોએ સૌન્દર્યનો સોમરસ ધરાઈધરાઈને પીધો છે. પણ સોમરસથી પ્રફુલ્લિત થઈ ઊઠેલા આત્માનું હાસ્ય પેલી પીળાશને ભેદીને કદી ચમકી ગયું દેખાયું નથી. એકાન્તમાં અનેક વાર સજળ બની ઊઠતી એ આંખોમાં સ્નિગ્ધતાનો તો આભાસ સરખોય દેખાતો નથી, એને બદલે કદીક કદીક હોલવાઈ જવા આવેલી ચિતાની શિખાના જેવું કશુંક એમાં એકાએક ઝળકી જાય છે. ને દૃષ્ટિ ચમકીને પાછી ફરે છે, ભયભીત થઈ ઊઠે છે. એ આંખ સામે દૃષ્ટિને સ્થિર કરી શકાતી નથી. પણ આજે એ બે આંખો જીવન્ત બનીને સામી ઊભી છે – સર્વ વાસ્તવિકતાને મિથ્યા બનાવી દઈને, વાસ્તવિકથીય અધિક સાચી બનીને એ આંખો મારી સામે ઊભી છે!

એ આંખોની નીચે રહેલું નાક, એનાં બે નસકોરાં જાણે વિરૂપતાની સીમા સુધી પહોંચાડવાની હઠ કરીને પહોળાં થઈ ગયાં છે. એની નીચે રહેલા અધરોષ્ઠમાંય કશુંક જુગુપ્સાકારક રહેલું છે ને તેમાંય જાડો, સહેજ લબડી પડતો હોઠ તો ખરે જ અસહ્ય એવી જુગુપ્સાની લાગણી જગાડે છે. એ હોઠ પર કદીય મંજુલ મધુર મૃદુલ રાગિણીની પગલી પડી નથી. ત્યાં તો ખોખરા, કમ્પતા શબ્દો જ સ્ખલિત ગતિએ ચાલે છે. અંદર અને બહારની વિસંગતિના સાકાર અભિશાપના જેવું એ માનવરૂપ આજે આંખો સામે ખડું થાય છે.

વિરૂપતાના ઉપહાસની શરૂઆત તો એની ફોઈએ જ એનું 'શ્રીકાન્ત' નામ પાડીને કરી દીધી હતી. ઉપહાસની છોળોથી ઘેરાઈને જ એ જીવવાનું શીખ્યો હતો. પણ ભગવાન શું નથી કરતો? વિરૂપતાના નેપથ્યમાં એણે પરમ સુન્દરની લીલા રચી હતી. સ્થૂળ

આવરણની પાછળ કવિતા સાજ સજતી હતી, રંગ અને રેખાનું અપૂર્વ મિલન પરમ રહસ્યને અનોખી વાચા આપતું હતું. પણ વિરૂપતાનો ચોકીપહેરો વટાવીને કોઈનીય સહાનુભૂતિ એ સમૃદ્ધિની એંધાણી પામવા જેટલા ઊંડાણમાં પ્રવેશી શકી નહોતી. એ વિરૂપતાના સ્પર્શે સમભાવ ઉપેક્ષા, દયા કે ઉપહાસના રૂપમાં પરિવર્તિત થઈ જતો; અન્તરંગના સૂના એકાન્તમાં પરમ સુન્દરની લીલા રચાયા કરતી. બહાર એનો સહેજ સરખોય આભાસ ન દેખાતો. મેઘાચ્છન્ન આકાશની પાછળ જેમ શ્રાવણની પૂર્ણિમાનું સુધાહાસ્ય ઢંકાઈ જાય, ક્યાંય હાસ્યની એક આછી લહરી સરખીય ન દેખાય તેમ એ લીલા ઇંગિત રૂપે બહાર પ્રગટતી નહોતી.

પણ આજે વિરૂપતાનો એ અંચળો મારી આંખ સામેથી સરી પડ્યો છે. વિરૂપતાના માધ્યમ દ્વારા પ્રગટ થતા પરમ સુન્દરને હું પામી શકી છું પણ…

સાડીનો પાલવ ખેંચીને ચાર વર્ષનો મારો લાડીલો પુલિન કહે છે: 'બા, બાપુ હજુ કેમ નહીં આવ્યા? આજે શુક્રવાર છે તે મારે માટે ચણા લાવશે ને?' હું કહું છું: 'હા, લાવશે, જરૂર લાવશે. જરા બહાર રમી આવ; તારા બાપુ હમણાં આવશે.'

વાસ્તવિકતા જાણે સહેજ ડોકિયું કરીને પાછી ગઈ. પુલિનમાં મારામાં વસેલા માતૃત્વે કરેલું નિજત્વનું આરોપણ પણ જાણે સરી પડ્યું. જોઉં છું તો જાણે શરદ્ની સવારે ખીલી ઊઠવા મથતી, હસી ઊઠવા મથતી સુરભિથી અકળાયેલી કોઈ કુન્દ ફૂલની કળીના જેવું એ મુખ દેખાય છે. કુસુમમાં મુખ ને મુખમાં કુસુમ – આ નૈર્વ્યક્તિકતાની સૃષ્ટિમાં આવી આવજા બહુ સહજ છે. 'આમ નહીં બની શકે'નો અન્તરાય જાણે ત્યાં નડતો જ નથી. શિશુની મુગ્ધ આંખોમાં કલ્પનાને હિલ્લોળતી જોઉં છું, વિના કારણે ફરકી જતા હાસ્યની લહરીમાં ભગવાને લખેલી આનન્દની ઋચાને વાંચું છું. શ્રીકાન્તમાં રહેલું પરમ સુન્દર મને વાસ્તવિકતાની ચરમ સીમાએ ખેંચી લાવ્યું છે. અહીં વાસ્તવિકતા જાણે પોતાનો વાસ્તવિક હોવાનો દાવો કરવાનું સાવ ભૂલી ગઈ છે. આજે હૃદય વ્રજની કૃષ્ણવિરહિણી રાધા બની ગયું છે. 'શ્રીકાન્ત' અને 'કૃષ્ણ'ના સૂરમાં કશો ભેદ નથી – એ બધું જાણે એક થઈ ગયું છે.

પાંચ વર્ષ પરની વાત યાદ આવે છે. હું ને શુચિ કોલેજની સાહિત્યસભાના કાર્યક્રમમાં

ગયાં હતાં. અમે સૌ આગળની પાટલી પર બેઠાં હતાં. શ્રીકાન્ત ત્યારે મારે મન અસંખ્ય ‘કોઈક’માંનો એક હતો. કવિતાવાચનનો કાર્યક્રમ હતો. હરીશ બંગાળી ગીતના ઢાળમાં લખાયેલું ગીત મીઠી હલકે ગાઈને રીઝવી ગયો. પછી આવ્યો શ્રીકાન્તનો વારો. એ વિરૂપ ચહેરો જોઈને શુચિએ મોં મચકોડી સુન્દરમ્‌ની ‘કાવ્યમંગલા’ ઉઘાડી ‘દશા ભાગ્યની’ કાવ્ય વાંચવા માંડયું. મેં પણ સાવ સ્વાભાવિકતાથી મોઢું ફેરવી લીધું. પણ શ્રીકાન્તે તો કોઈ સામે જોયું જ નહોતું. મન્દાક્રાન્તા છન્દમાં વિરહની વેદનાનું કાવ્ય આગળ વધતું હતું. આષાઢની સજલ વાદળી જાણે આર્દ્રતા છંટકારતી ચાલી જતી હતી, જાણે કોઈક કુસુમ સુરભિનો નિઃશ્વાસ નાંખતું હતું. પણ આ બધું પ્રગટ કરતા શબ્દોનો ધ્વનિ કાન સાથે અથડાઈને એની કર્કશતાથી જાણે એ બધી ઋજુકરુણ લાગણીને કચડી નાખતો હતો. પાછળથી હરીશની ટોળીએ બૂમ પાડીઃ ‘બેસી જા, બેસી જા.’ છોકરીઓના ટોળામાંથી પણ ઉપહાસનું તીખું હાસ્ય રણકી ઊઠ્યું; ને શ્રીકાન્તનું કાવ્ય અધૂરું જ રહ્યું. તે રાત્રે આંખ સામેથી વિરૂપ ચહેરો ખસ્યો નહીં. એના હૃદયમાંથી વહી આવતો કવિતાનો સ્રોત મારા હૃદયને સ્પર્શ્યો નહીં. એના વિરૂપ ચહેરાની યાદ જાણે ખડકની જેમ એને રૂંધીને ઊભી રહી. શ્રાવણની એ રાતે બહાર સુસવાટા સાથે વાતો સજલ પવન મારી ઊંઘને ચોંકાવી જતો હતો. જાણે શ્રીકાન્તની પેલી ઉવેખાયેલી કવિતા કરુણતાથી ભરી ભરી છતાં અસ્વીકૃતિના પ્રહારથી ઉશ્કેરાઈને મારા હૃદય સાથે પછડાયા કરતી હતી. એ રાત પણ જાણે આજે સાકાર થઈને પ્રિય સખીની જેમ મીઠો ઉપાલમ્ભ દેતી મારી પાસે આવીને બેઠી છે. આ તે કેવી વિચિત્રતા! નિરાકાર સાકાર થાય છે, સાકાર નિરાકારની રેખાશૂન્યતામાં ઓગળી જાય છે! દ્વશ્ટજ઼ અને પ્ટ્ઠશ્ટજ઼ જાણે એકબીજાંને ભેટવા દોડ્યાં છે.

અમે ‘દુશ્મન’ જોઈને આવતાં હતાં. શુચિ, હરીશ, પરિહાસ, શ્રીકાન્ત અને હું. કોઈએ કહ્યું: ‘નજમલ કેવો સોહામણો લાગે છે!’ બીજા કોઈકે કહ્યું: ‘લીલા દેસાઈની આંખો કેવી સુન્દર, ભાવવાહી!’ શુચિએ કહ્યું: ‘ને એનું નૃત્ય!’ હરીશે કહ્યું: ‘સાયગલના દર્દનાક સૂર પણ હૃદયને કેવા હલાવી ગયા!’ આવી આવી અમે વાતો કરતાં હતાં. શ્રીકાન્ત જાણે છે જ નહીં એમ અમને લાગતું હતું. વિરૂપની આગળ સુન્દરનાં યશોગાન શાં! સુન્દરનું ગુણકીર્તન કરતી વેળાએ વિરૂપને અમે વિસાર્યું હતું. પણ હવે એ યાદ કરું છું ત્યારે તે દિવસે જે નહોતું જોયું તે આજે જોઈ શકું છું. એનામાં રહેલું પરમ સુન્દર અનેક

રીતે પ્રગટ થવાને મથતું હતું. ઊમિર્લાનું હાસ્ય અંગભંગી દ્વારા પ્રગટ થવા ઝંખતું હતું; ભાવનાઓ ગીતની મધુરી સૂરાવલિમાં ગૂંજી ઊઠવા ઝંખતી હતી; અપૂર્વ દર્શન રંગ અને રેખા દ્વારા અંકિત થવા તલસતું હતું. અન્ધકારમાં ન દેખાતા એ વિરૂપ ચહેરાની પાછળ આવિષ્કાર પામવાને ઝંખતા પરમ સુન્દરની આ વ્યથા તે દિવસે નહોતી જોઈ. વિરૂપની સીમામાં રૂંધાઈ રહેલા પરમ સુન્દરનો એ તલસાટ તે દિવસે અનુભવવા જેટલો સમભાવ નહોતો. તે દિવસે અન્ધકારમાં એની આંખમાં ચમકતું એક અશ્રુ માત્ર જોયું હતું – જોઈને મજાકમાં મેં પૂછ્યું હતું: ‘કેમ, કોના વિયોગમાં આ આંસુ?’ હરીશે મજાકને આગળ લંબાવી: ‘ચિત્રપટની કથાની નાયિકાને પ્રેયસી બનાવવા તો નથી બેઠો ને, શ્રીકાન્ત?’ જવાબમાં એણે કહ્યું: ‘અન્ધકારમાં તમે મને સાવ ભૂલી ગયાં. એટલે આ એક આંસુનો મેં મારી ઉપસ્થિતિને સ્થાપિત કરવા ઉપયોગ કર્યો. બસ, એટલું જ.’ એ જવાબ આજે મર્મવેધી લાગે છે. સમભાવ વિનાના વાતાવરણમાં હૃદયની સાચી વેદના પણ હાસ્યાસ્પદ બની જવાનો પૂરો સમ્ભવ લાગે ત્યારે બીજાને હાથે એ હાસ્યાસ્પદ બને તેના કરતાં પોતે જ એને એવે રૂપે પ્રગટ કરે એ જ શું ઠીક નથી? શ્રીકાન્તે એવું જ કર્યું. એનામાં રહેલા કવિએ પોતાની મહામૂલી વેદનાને સમભાવની ભીખ માગવા મોકલી નહીં. એનું ગૌરવ એ રીતે ખણ્ડિત થવા દીધું નહીં. આજે એ કવિને ચરણે મારું માથું નમી પડે છે.

ધીમે ધીમે શ્રીકાન્ત જાણે દૂર ને દૂર સરતો ગયો. કોલેજની સભાઓમાં એ દેખાતો નહીં. કોલેજ મૅગેઝીનમાં એની કવિતાઓ પણ દેખાતી નહીં. કોઈક કહેતું કે ‘મહેશ’ને નામે એની કવિતાઓ એ પ્રસિદ્ધ કરે છે. પણ એના તરફ અમે લક્ષ આપ્યું નહોતું. પણ કોઈક વાર ‘મહેશ’નાં કાવ્યો વાંચતી ત્યારે એમાં રહેલો ઊંડો વિષાદ મારા હૃદયને ઉદાસ કરી જતો. જાણે અનિચ્છા છતાં એ કવિતાની સાથે મારી ઊમિર્ઓ સખીપણાં બાંધી બેસતી. હું બુદ્ધિ દ્વારા આદેશ દેતી કે ભ્રાન્તિને તમે નહીં વળગો, હાથમાં કશું નહીં આવે! મારે તો હાથમાં આવે એવું કશુંક જોઈતું હતું. તોય વૈશાખની સૂની સાંજે પશ્ચિમનું આકાશ સાન્ધ્યવર્ણથી રંગાઈ જતું ત્યારે મારી સહાનુભૂતિ અજાણતાં જ શ્રીકાન્તની કવિતાનો આશ્રય લઈને પોતાને પ્રગટ કર્યાનો સન્તોષ માણતી; પણ શ્રીકાન્ત એ જ મહેશ છે એ વાત હું ત્યારે માનતી નહોતી. એમ માનતાં દિલ કચવાતું. એમ થતું કે મહેશ તો હશે કોઈ નમણો લાજુક જુવાન: આંખમાં સ્નિગ્ધ કારુણ્ય, હોઠ પર આછું સ્મિત, કણ્ઠમાં મધુર સૂર – એવો હશે મહેશ. મહેશ સાથે શ્રીકાન્તની કલ્પનાય કરવી ઠીક નહોતી લાગતી.

દ્વિદલની જેમ રહેતાં સુન્દર અસુન્દરને અમે એકબીજાંથી અસ્પૃશ્ય ગણીને જુદાં જ રાખતાં હતાં. એ રીતે ભગવાનનીય હાંસી ઉડાવતાં હતાં. પણ ત્યારે આ બધું સમજાતું નહોતું.

પરીક્ષાની તૈયારીના દિવસો હતા. 'કાવ્યપ્રકાશ' મને નહોતું સમજાતું. શ્રીકાન્તને એ સારું આવડતું હતું. મારે થોડું સમજવું હતું એટલે શ્રીકાન્તને મેં મારે ઘેર બોલાવ્યો હતો. હજુય બધું યાદ છે. સંકોચપૂર્વક એ આવ્યો. કોલબેલનો એણે ઉપયોગ નહીં કર્યો ને બારણું ઠોક્યું. બા જમતાં હતાં. તે ચિઢાઈને બોલ્યાં: 'જો ને, કોણ ગમાર બારણાં ઠોકે છે?' કદાચ શ્રીકાન્તે એ શબ્દો સાંભળ્યા પણ હશે. મારી ઇન્ટરમાં ભણતી નાની બહેન ચન્દ્રલેખા એને જોઈને હસવું ન ખાળી શકી – બાજુની ઓરડીમાંથી એનું હાસ્ય અમે બંનેએ સાંભળ્યું. ઉપેક્ષાની રેખાથી અંકાયેલા બધાંના ચહેરાને શું એણે નહીં જોયા હોય? મારી છેક નાની બહેન મૃણાલ અમે વાંચતાં હતાં ત્યાં આવીને હસતી હસતી પૂછી ગઈ: 'ઉર્વશીબહેન, આ કોણ તમારા માસ્તર આવ્યા છે?' એ સાંભળીને શ્રીકાન્ત હસી પડ્યો. સાંજે એના ગયા પછી મારા મોટા ભાઈએ કહ્યું. 'આ સુન્દરતાના મહાઅવતારને ક્યાંથી પકડી લાવી? એ બોચિયાને શું આવડતું હશે?' પછી શ્રીકાન્ત બી.એ.માં પ્રથમ વર્ગમાં આવ્યો એમ જ્યારે એમણે જાણ્યું ત્યારે એમને ખૂબ નવાઈ લાગી: 'એવા વેદિયા ફર્સ્ટ ક્લાસમાં આવે તોય શું!' આ બધું સંભારું છું ત્યારે મારું મન આઘાતથી વ્યથિત થઈ ઊઠે છે. જેણે કોઈનું કશું જ બગાડ્યું નથી તેની આવી હાંસી ને ઉપેક્ષા કરવામાં શાનો આનન્દ એમને મળતો હશે?

પછી આવ્યાં મારાં લગ્ન. બાએ કહ્યું: 'હવે તું બી.એ. તો થઈ ગઈ. હવે લગ્ન કરવાનો તને શો વાંધો છે?' કોણ જાણે કેમ લગ્નને માટે મારું મન ઉત્સુક નહોતું બન્યું તોય મેં કહી દીધું: 'ના, મારે કશો વાંધો નથી.' ને મારી નજર હરીશ, પરિહાસ, મહેન્દ્ર, સતીશ – એ બધા પર ફરી વળી ને પાછી આવી. એ બધા સાથે બહુ બહુ તો સિનેમા જોઈ શકાય, સહેલગાહે જઈ શકાય, બિનજવાબદાર ચર્ચાઓ કરી શકાય – જીવનની પ્રત્યેક ક્ષણના સહચારની અપેક્ષા ન રાખી શકાય, આખાય વ્યક્તિત્વને એમને સામે ન ધરી શકાય. એ સમ્બન્ધ શરદની વાદળી અને સન્ધ્યાની આશુવિલીયમાન વર્ણચ્છટાના જેવો. શરદ્ની વાદળીને વર્ણચ્છટાના પર મોહી જઈને સ્થિર થવાનું ફાવે નહીં; વર્ણચ્છટા પણ એ

વાદળીને કારણે અદશ્ય થઈ જવામાં વિલમ્બ કરે નહીં. એ સુયોગ (?) પણ આકસ્મિક ને અલ્પજીવી ને એમાં જ એની મજા.

આજ સુધી આમથી તેમ સ્વચ્છન્દે રખડવાનું ગમ્યું હતું. કૂણી ઊર્મિઓ, કવિતાઓ – એ બધું ગમતું હતું. ઘડીક એમ પણ થતું કે એ બધું ચાહવામાં, માણવામાં અને બને તો સર્જવામાં જ જીવનની સાર્થકતા જોવાનું શું નહીં બને?

પણ મારી વ્યાવહારિકતા ખંધું હસીને બોલી ઊઠતી: હવામાં બાચકાં ભરવાથી હાથમાં શું આવશે? એ તો બધી ભ્રમણા છે, ભ્રમણા! લગ્નના સંસ્કાર દ્વારા, સર્વસ્વીકૃત શિષ્ટ સામાન્ય દામ્પત્યજીવનને ધોરી રસ્તે થઈને, સારથિની જરૂરિયાત સ્વીકારી, એની સાથે રહી જીવનનો રથ હંકારી જાઉં એ જ ઠીક એમ લાગ્યું. એથી મારા સ્ત્રીત્વને ઉચિત ગૌરવ પ્રાપ્ત થશે, માતા બનીશ ત્યારે સન્તાનના આદરનું ભાજન થઈશ... આવા ખ્યાલે લગ્નને મેં આવકાર્યું.

બાએ ફોટો બતાવીને કહ્યું: 'આ સુહાસ, ત્રણસો રૂપિયા કમાય છે, બી.કોમ. છે; શરીર સુડોળ, બાંધો સારો, સ્વભાવે શાન્ત ને સાલસ, તારી જો ઇચ્છા હોય તો હા પાડી દઈએ. એમના તરફથી જ માગું આવ્યું છે.' હોઠ પર તો હા આવી ચઢી. ચહેરો નમણો હતો. સમાજમાં સાથે ફરીએ તો સમવયસ્કા સખીને ઈર્ષા થાય એવો એ ચહેરો હતો. મારા ઘરમાં જે સુખસગવડથી ટેવાઈ ગઈ છું તે બધું જ ત્યાં મળી શકશે. બપોરને વખતે કોલેજનું જીવન યાદ આવે ત્યારે રેડિયો સાંભળીશ, ટેલિફોનથી શુચિ, લતા અને બધાં સાથે વાતો કરીશ... આ બધું વિચારી જોયું ને હોઠ પર તો હા આવીય ખરી; પણ ઠગારું હૃદય કેમ કંઈ જ કહેતું નથી? એને આનન્દનો એક રોમાંચ પણ કેમ થતો નથી? એ કેમ સાવ ઉદાસીન છે? એના તરફ નજર કરીને જોયું. એના સ્પન્દનમાં પેલા 'મહેશ'ની કવિતાની પંક્તિઓનો ગુંજારવ સાંભળ્યો:

અયિ જ્યોત્સ્ના, જોને,

બિડાયેલાં મારા ઉરશતદલે સૌરભ રડે;

વીણાપાણિની હે!

રૂંધાઈને કણ્ઠે મધુગીત ઢળે મૌનશયને!

ને મેં કલ્પેલો મહેશનો પેલો નમણો ચહેરો યાદ આવ્યો: કોઈ નમણો લાજુક જુવાન: આંખમાં સ્નિગ્ધ કારુણ્ય, હોઠ પર આછું સ્મિત, કણ્ઠમાં મધુર સૂર! પણ એ કલ્પનાને આવરી દેતો શ્રીકાન્તનો ચહેરોય સાથે દેખાયો... ફરી મહેશની પેલી પંક્તિ સંભળાઈ પણ પ્રયત્નપૂર્વક એ બધું ભૂલી ગઈ, કોલેજમાં થયેલી એક વક્તૃત્વસ્પર્ધા યાદ આવી: જીવનને ખાતર કવિતા કે કવિતાને ખાતર જીવન? મેં કહ્યું: 'જીવન પહેલું, કવિતા પછી.' શ્રીકાન્તે કહ્યું: 'જીવન વગર કવિતા નહીં એ સાચું પણ જીવનની સાર્થકતા એ કવિતામય બની જાય એમાં...' પણ અત્યારે એ કેમ યાદ આવ્યું? હું એ અણગમતી સ્મૃતિને હડસેલીને આવેશથી બોલી ઊઠી: 'જીવનને માટે કવિતા. મારે જોઈએ છે જીવન. કવિતાની પાછળ હું નહીં દોડું, નહીં દોડું.'

શરણાઈ બજી ઊઠી. સપ્તપદીના મન્ત્રો ઉચ્ચારાઈ ગયા. પેલા ફોટામાંના ચહેરાને મેં મારું ઉદાસીન હૃદય સોંપીને કહ્યું: 'આની ઉચિત પ્રતિષ્ઠા કર.'

આજે બહાર સાઇનબોર્ડ છે: 'સુહાસ એમ.મુનશી.' એ નામના અક્ષરો સાથે મારા નામના અક્ષરોય ગૂંચવાઈ ગયા છે, હું એની સાથે વાંચી શકું છું: 'શ્રીમતી ઉર્વશી મુનશી.' કોલબેલ દાબો પછી પાંચેક મિનિટ રહીને બારણું ઉઘાડીને હાથમાં મંગળસૂત્રને રમાડતી જે સૌભાગ્યવતી સ્ત્રી તમને કહે કે 'શું કામ હતું? એ તો બહાર ગયા છે. મોડા આવશે...' તે છે શ્રીમતી ઉર્વશી મુનશી!

લગ્નને દિવસે અભિનન્દનના ઘણા પત્રો આવ્યા હતા. બધી જ સખીઓ એકકે અવાજે કહેતી હતી: 'ઉરુ, તું તો ફાવી ગઈ.' મારું મન એ વાંચીને મલકાઈ ઊઠતું. ને હૃદય? આનન્દના કોલાહલનું એ કેવળ સાક્ષી બની રહ્યું હતું. એણે એમાં સૂર નહીં પુરાવ્યો. એ તો સાવ ઉદાસીન જ રહ્યું. આજે એ જાગ્યું છે, જાગીને મને મુશ્કેલીમાં મૂકી દીધી છે. જીવનમાં આવું કેમ બનતું હશે? હૃદયને જો માનીને ચાલવા જઈએ તો વ્યવસ્થા સ્થાપવાને રચેલા નિયમો સાથે અથડાવું પડે છે. નિયમોને વશ વર્તીને ચાલીએ છીએ તો હૃદય જાણે ભારરૂપ થઈ પડે છે. આ વિચ્છેદનો શાપ શા માટે? આજે ફરી ફરી પ્રશ્ન થાય છે: શા માટે?

એ અભિનન્દનના પત્રોમાં મહેશનોય પત્ર હતો. કવિતાની બે પંક્તિઓ. કવિતા 'મહેશ'ની એમ તો મેં માન્યું પણ અક્ષરોને હું ઓળખી શકી. એ અક્ષરો તો શ્રીકાન્તના હતા. તો શું શ્રીકાન્ત એ જ મહેશ? મન ધૂણીને બોલી ઊઠ્યું: ના, ના, ના! ફરી કવિતાની બે પંક્તિઓ તરફ નજર ઠેરવી. શ્રીકાન્તના અક્ષરોને બાદ કરીને મહેશની કવિતાને વાંચવા મથી. પણ શ્રીકાન્તના અક્ષરો આંખ સામે જાણે એનો પેલો વિરૂપ ચહેરો આંકી ગયા. શ્રીકાન્તના મુખમાં એ પંક્તિઓ કેવી લાગે એની કલ્પના કરીને મન ચિઢાઈ ગયું. મેં તરત જ એના પત્રને ટુકડેટુકડા કરી નાંખ્યા. તોય પગ પાસે પડેલા એ ટુકડાઓમાંના શ્રીકાન્તના અક્ષરો એ બે પંક્તિઓ ફરીથી જાણે બોલી ઊઠ્યા:

તું આવીને ઉરઘટ ભરી ચાલી ગૈ દૂર દૂરે,

આ નેત્રોનો પનઘટ સૂનો એ સ્મરીને ઝૂરે છે!

એ પંક્તિઓ જે અર્થને વ્યક્ત કરતી હતી તે અર્થને મેં પ્રયત્નપૂર્વક દૂર દૂર હડસેલી દીધો. મેં શ્રીકાન્ત પાસેથી શું લઈને મારો હૈયાનો ઘડો ભર્યો છે? ને એની પેલી ફિક્કી પીળી આંખો એનું સ્મરણ કરીને શા માટે ઝૂરે? એ નર્યું જુઠ્ઠાણું છે, જુઠ્ઠાણું! અભદ્ર અશિષ્ટ ઉદ્‌ગાર છે. કવિતાનો વેશ સજાવીને એણે એની અમંગળ આસક્તિને મારા તરફ શા માટે મોકલી હશે? આટલી બધી ધૃષ્ટતા છે? છિ! છિ!

લગ્નજીવનનું એક વર્ષ વીતી ગયું ને પુલિને આવીને મારો ખોળો ખૂંદવા માંડ્યો, પણ હૃદયનો ભાર કેમ વધતો જ જાય છે? સુહાસના એ ચહેરા પરનું સૌન્દર્ય એના વ્યક્તિત્વના નેપથ્યમાં કેમ દેખાતું નથી? ત્યાં તો જાણે ભુખાળવી વાસના બેઠેલી દેખાય છે. હૃદય તો કશુંક અસામાન્ય, અપૂર્વ, પરમસુન્દર એવું ઝંખે છે. એ અહીં નથી મળતું. બહાર જે સુન્દર બનીને બેઠું છે તેને ભેદીને અંદર દૃષ્ટિ કરું છું તો ત્યાં નથી દેખાતી કોઈ ઉદાત્ત ભાવના, નમણી લાગણી કે આત્માને પ્રફુલ્લ કરી દે એવી કવિતા! ત્યાં તો નરી સામાન્યતા છે. લોલુપ બનેલી વિષયવાસના જાણે મારો કોળિયો કરી જવાને તરાપ મારીને બેઠી છે ને તોય બહારનો પેલો ચહેરો આ કશાથીય સહેજ સરખોય વિરૂપ થતો નથી? આ વિસંગતિ વધારે અસહ્ય છે; કારણ કે એથી આત્માને ક્લેશ થાય છે.

ગાલ પર ચોઢાતા ચુમ્બનમાં એક પ્રકારના દઝાડતા અગ્નિને અનુભવું છું. ગળાની આજુબાજુ વીંટાતા હાથો જાણે લોલુપ વાસનાની જિહ્‌વા જેવા દેખાય છે… ને હું કમ્પી ઊઠું છું. શ્રીકાન્તના અન્તરંગમાં રહેલા સમૃદ્ધ સૌન્દર્યને યાદ કરું છું, એ રીતે મનને સહેજ સ્વસ્થ કરું છું પણ જેની મને અત્યન્ત સૂગ છે, જે મારે મન જુગુપ્સાજનક છે તે એમને મન લિજ્જતદાર ભોજ્ય બની ગયું છે. આ વિચ્છેદ એટલો તો ઊંડો છે કે એને સાંધવાનું કદી બને એમ નથી. પાકેલી કેરીને નાનું બાળક ચૂસે એ રીતે એ મારા સૌન્દર્યને ચૂસીને લિજ્જત માણે છે. મારી ભાવના, લાગણી, ઊર્મિ – એ બધાં સાવ અતૃપ્ત રહ્યાં છે. પેલી વાસનાનું દાસત્વ એ સૌ કરી શકતાં નથી. આથી હું ખૂબ મુંઝાઉં છું પણ હવે શું કરું? મેં મારા હાથે જ મારા વ્યક્તિત્વને સમાજની સાક્ષી ને સમ્મતિ સાથે એમને સોંપી દીધું છે. પણ આજે જોઉં છું તો એમ લાગે છે કે તે દિવસે મારું સાચું સ્વરૂપ જાણે જોયું જ નહોતું. આજે આભાસી છાયાને દૂર કરીને સત્ય પ્રકાશ્યું છે. પણ એમણે તો મારી આભાસી છાયાને જ પત્ની તરીકે સ્વીકારી છે. એમની આગળ આજનું સાચું સ્વરૂપ પ્રગટ કરું તો એ એને ઓળખી શકવાના જ નથી. આ રીતે વ્યક્તિતાનો આભાસી વેશ એમને મન સાચો બની ગયો હોવાથી સમાજમાં રહીને એને ફગાવી દેવાનું મારાથીય શી રીતે બને? આ વિચ્છેદ ખરે જ અસહ્ય બની ઊઠ્યો છે. જીવનનો સ્રોત જાણે બધી સીમાઓને ઉલ્લંઘીને મુક્તપણે વહી જવા ઇચ્છે છે. પેલી પરિણીતા ઉર્વશીને ખસેડીને આ ઉર્વશી આગળ આવી છે – સૂર્યના પ્રકાશમાં ધુમ્મસ ઓગળી જાય તેમ પેલી આભાસી ઉર્વશી આ સાચી ઉર્વશી પ્રગટતાં જ અદૃશ્ય થઈ ગઈ છે. ઘડીક મનમાં એમ પણ થાય છે કે ઊંડે ઊતરીને જોવાની ટેવ જ ન હોત તો કશાય અન્તરાય વિના સામાન્યતાના ધોરી રસ્તે થઈને મૃત્યુને સિંહદ્વારે પહોંચી જવાયું હોત. પછી પાછળ સ્મૃતિની નાની શી રેખાય ન રહી હોત. પણ એ યદિતાની વાતને આગળ લંબાવવાનો કશો અર્થ નથી.

દિવસે દિવસે હૃદય શ્રીકાન્તના અન્તસ્થ સૌન્દર્યને શોધવાને પામવાને તલસી રહ્યું છે. એનાં સૌ સાથે મળીને કરેલાં ઉપેક્ષા ને ઉપહાસ તો આજે મારા અન્તસ્થ સૌન્દર્યને જ કલંકિત કરી ગયાં છે. આ ઊર્મિ કવિતા બનવા એની તરફ દોડી રહે છે, ભાવના રહસ્યઘન બનવાને એની તરફ જ ચાલી નીકળી છે, સ્વપ્નો સિદ્ધિની કેડીને પામવાને એ તરફ જ વળી ગયાં છે. આ સાચી ઝંખનાએ જીવનમાં પહેલી જ વાર પ્રેમની સાચી

સહાનુભૂતિને જાણે જાગ્રત કરી છે. આજે એમ થાય છે કે શું શ્રીકાન્તનેય કદી આવી ઝંખના નહીં થઈ હોય! એ ઝંખનાને એણે શી રીતે રૂંધી હશે? ને મને પેલી પંક્તિઓ યાદ આવે છે:

અયિ જ્યોત્સ્ના, જોને,

બિડાયેલાં મારાં ઉરશતદલે સૌરભ રડે;

વીણાપાણિની હે,

રૂંધાઈને કણ્ઠે મધુગીત ઢળે મૌનશયને!

હૃદય લવી ઊઠે છે: ‘શ્રીકાન્ત, જ્યોત્સ્ના હવે પ્રસન્ન બનીને હસી ઊઠશે; તારું ઉરશતદલ ખીલી ઊઠશે; અકળાયેલી સુરભિ દિશાએ દિશાએ એની સમૃદ્ધિનો મહિમા સ્થાપિત કરી દેશે; તારા મૌનને શયને પોઢી ગયેલાં મધુગીતો મારા સૂરની આંગળી ઝાલીને સ્વચ્છન્દે બહાર વિહરશે, હવાને આનન્દથી કમ્પાવી દેશે.’ એમ જ થાય છે કે જાણે ફરી ફરી આ બોલ્યા જ કરું, બોલ્યા જ કરું. હૃદયને એથી ખૂબ સન્તોષ થાય છે.

મન વિચારના વમળમાં ઘેરાઈને ઘૂમરી ખાય છે. સાચું મિલન શુભ, સુન્દર અને સત્યના પર પ્રતિષ્ઠિત થઈને રહે છે. અશુભ, અસુન્દર અને અસત્યની હાંસી ઉડાવવાની જરૂર નથી. આત્યન્તિક દૃષ્ટિએ જોતાં કશું જ અશુભ, અસુન્દર કે અસત્ય નથી જ નથી. આપણી દૃષ્ટિની મર્યાદા જ એને એવા ખોટા રૂપમાં રજૂ કરે છે. આ દીક્ષા દેનાર શ્રીકાન્ત આજે ક્યાં છે? કૃતજ્ઞતાનો સાચો ઉદ્‌ગાર પણ શું એની આગળ પ્રગટ કરવાનું નહીં બની શકે? એની વિરૂપતાનું આવરણ હવે મારી દૃષ્ટિને ખૂંચતું નથી. આજે મારા સમસ્ત સ્વત્વને એનામાં વસેલા પરમ સુન્દરને ચરણે અર્ઘ્ય રૂપે ધરી દઈને કૃતાર્થતાનો રોમાંચ અનુભવવા ઇચ્છું છું. ભગવાને વિરૂપતાનો છદ્મવેશ સજીને જાણે ત્યાં પોતાનો આવિષ્કાર કર્યો છે. અહીં એમનામાં જે વિરૂપ છે તેને જ સુન્દર બનાવી દેવાની શક્તિ શ્રીકાન્તના અન્તસ્થ સૌન્દર્યમાં રહી છે. એ સૌન્દર્યની સમૃદ્ધિ હવે મારે મન ભ્રાન્તિ માત્ર નથી. મારા જીવનને સૌન્દર્યથી રસી દેવાને હું ઉત્સુક બની બેઠી છું. પણ આજે

એ શ્રીકાન્ત ક્યાં છે? અજ્ઞાતના અંધારા અંચળામાં એ છુપાઈ ગયો છે. એનામાં વસતા પરમસુન્દરની હાંસીને એ શી રીતે જીરવી શકે?

મારી દૃષ્ટિ પરબીડિયા તરફ વળે છે. શુક્લપક્ષની દશમીની આછી જ્યોત્સ્ના એના પર પથરાય છે. શ્રીકાન્તને લખેલો પત્ર ડી.એલ.ઓ.માં થઈને અહીં પાછો આવ્યો છે. શ્રીકાન્ત જાણે દૂર દૂર સરી ગયો છે. એ સરી ગયો છે એમ શા માટે કહું? મારી ઉપેક્ષા અને હાંસીએ જ એને દૂર દૂર હાંકી કાઢ્યો છે. હૃદય યાચના કરે છે: એણે અનુભવી એનાથી ચાર ગણી યાતના સહેવાનું સૌભાગ્ય મને આપ, હે ભગવાન! પ્રાયશ્ચિત્તની તક ન આપે તો તું નિષ્ઠુર નથી ને?

મહેશની કવિતાઓ યાદ આવે છે. એની એક પછી એક પંક્તિ કલ્પનાના નવા પ્રદેશનું સોપાન બની રહે છે. હું આગળ ને આગળ વધ્યે જ જાઉં છું. અહીં ગુલાબી હાસ્ય છે, ત્યાં અશ્રુધૌત શુચિતા છે, એ બધાંને આવરી દેતી એક મહાવિષાદની ઘેરી છાયા દેખાય છે. પણ એથી ગ્લાનિ થતી નથી. મનને આજે આ અનોખા વિશ્વમાં હરણફાળે કૂદવાનું ગમે છે, મોરની જેમ નાચવાનું ગમે છે, કોકિલની જેમ ટહુકવાનું ગમે છે.

‘ઉરુ, ઉરુ... ‘ દૂરદૂરથી શબ્દો આવીને અથડાય છે. મનમાં થાય છે – હં, આ તો પેલી આભાસી ઉર્વશીને કોઈક શોધે છે. અરે, એ તો હવે નથી, નથી. ફરી સંભળાય છે: ‘ઉરુ, ઉરુ!’ પણ એ શબ્દો ધ્યાનમાંથી તરત જ સરી પડે છે. આંખમાં આનન્દનાં આંસુ છે. સામેના આયનામાં એને ચમકી ઊઠતાં જોઉં છું. એમાંનું એક આંસુ પરબીડિયા પર પડે છે. હું મનમાં બોલું છું: ‘શ્રીકાન્ત, મારામાં વસતું સુન્દર તારે ચરણે આ આંસુ રૂપે વહી આવ્યું છે. એને સમૃદ્ધ કરી દે – ‘ ને ખભા પર સુહાસના હાથનો સ્પર્શ થાય છે, એ સ્પર્શને પણ ભાષા છે. એ ભાષા જાણે સંવાદી સંગીતમાં એકાએક આવી ચઢેલા બસૂરા સૂરના જેવી કણકટુ ને અપ્રિય લાગે છે. એની બે આંખો મારી સામે મંડાય છે. એમાં કરાલ તૃષા છે. જાણે વૈશાખનો નિષ્ઠુર સૂર્ય નાનકડા નિર્ઝરને શોષી લેવા ઊકળી રહ્યો છે!

‘ઉરુ, આંખમાં આંસુ શાનાં? મને આવતાં મોડું થયું એથી દુ:ખ થયું?’ એમ કહીને સુહાસ મારા નીચા નમી પડેલા મુખને એના હાથથી ઊંચું કરે છે, ગાલ પર એક ચુમ્બન કરે છે, વાળની લટમાં એનો હાથ ફરે છે... ને મારી નજર પેલા પરબીડિયા તરફ વળે છે. એ

મારે મન શ્રીકાન્તનું પ્રતિનિધિ છે. એ શા માટે આ બધાનું સાક્ષી બને? હું એને સાડીના પાલવમાં સંતાડી દઉં છું.

સુહાસ પૂછે છે: 'ઉરુ, શું થયું છે તને? કેમ કશું બોલતી નથી?' હું મારામાં અદૃશ્ય થઈ ગયેલી પેલી આભાસી ઉર્વશીને કહું છું: 'ધૂર્ત સંતાઈ ગઈ! બહાર આવ, જવાબ આપ.' પણ એનો ક્યાંય પત્તો નથી. ફરી પેલા શબ્દો મારા તરફ એ આભાસી ઉર્વશીને શોધતા ધસી આવે છે: 'ઉરુ, ઉરુ!'

મારા હૃદયમાં જાણે એના પ્રતિધ્વનિ રૂપે સાંભળું છું: 'નથી, નથી!'

ફાલ્ગુની 6/1944

# સાત પાતાળ

સુધીર જાણી કરીને રસ્તે એકબે સ્થળે રોકાયો. ગઈ કાલે એ સહેજ મોડો ગયો તેથી રેખા કેવી રડું રડું થઈ ગઈ હતી! એ રોષ ને વિષાદથી કષાયિત આંખો, અશ્રુની ભીનાશથી ભાંગી પડતા શબ્દો ને સહેજ મોં આડું કરી લઈને પ્રગટ કરેલો ઉપાલમ્ભ – એ આખું દૃશ્ય એનાં મનશ્ચક્ષુની સામે એ હજાર વાર ખડું કરી ચૂક્યો હતો. રેખાને માટે – રેખા જેવી એક સ્ત્રીને માટે એ આટલો બધો અનિવાર્ય છે તેની પ્રતીતિ થતાં એને પોતાને માટે ગર્વની લાગણી થઈ. એ લાગણીનો ધીમે ધીમે સ્વાદ લેતો એ રેખાના ઘર પાસે આવી પહોંચ્યો.

ત્યાં વળી એને એક તુક્કો સૂઝ્યો: રેખાને જણાવ્યા કર્યા વિના જ ચોરપગલે ઘરમાં દાખલ થઈ જાઉં ને પછી એને ઓચિંતી ચોંકાવી દઉં તો કેવું! ને એ ચોરપગલે દાદર ચઢ્યો. બારણા આગળ પહોંચ્યો. એને થયું: મારી પ્રતીક્ષામાં આતુર ને અધીર રેખાએ મને બારીમાંથી આવતો જોયો હશે ને જરૂર એ આ પડદાની પાછળ સંતાઈને ઊભી હશે. હું જઈશ એટલે એના બે હાથ મને વીંટળાઈ વળશે... ને એ કલ્પેલા મનોરમ દૃશ્યને વાસ્તવિક બનવા દેતાં પહેલાં વળી એ સહેજ થંભ્યો. એ ધારે ત્યારે એ દૃશ્ય વાસ્તવિક બની શકે છે. પરિસ્થિતિના નિર્માણ પરનું પોતાનું આ આધિપત્ય જરા વધુ વાર મનમાં રમાડી જોવાનું એને ગમ્યું. ને પછી એણે પગલું ભર્યું, હળવેથી પડદો ખસેડ્યો ને બીજી ક્ષણે એણે જોયું તો એ ઓરડામાં દાખલ થઈ ચૂક્યો હતો પણ વલયના રણકારથી સંગીતમય પેલા હાથ એને વીંટળાઈ વળ્યા નહોતા. એ ઓરડાના અસબાબની બધી વસ્તુઓ જાણે કે છટકી જતા હાસ્યને માંડ માંડ હોઠ બીડીને રોકી રહી હતી.

એ ધૂંધવાયો. ઘડીભર એ ઊભો જ રહી ગયો. ત્યાં ક્યાંક એણે કોઈકનો પદસંચાર સાંભળ્યો. ને એ બાજુમાં ઊભા કરેલા સ્ક્રીનની પાછળ એકદમ લપાઈ ગયો. રેખા જ આવતી હોવી જોઈએ એમ માનીને એ સ્ક્રીનની પાછળથી બીજા ઓરડાનું બારણું ખૂલે તેની રાહ જોવા લાગ્યો. પણ એ પદસંચાર ફરી નિસ્તબ્ધતામાં ખોવાઈ ગયો.

બીજી વાર તેને હાર મળી. ઓરડાની બધી વસ્તુઓ જાણે હવે હસવાનું માંડ રોકી શકે એમ હતું. ક્ષણભરમાં આખો ઓરડો એમના હાસ્યથી ગાજી ઊઠશે કે શું એવી ભીતિ લાગી. એ કૃત્રિમ સ્વસ્થતાનો ભાવ મુખ પર આણીને એ બધી વસ્તુઓને છેતરવા મથ્યો અને કશું જ ન બન્યું હોય તેમ જઈને બારી આગળના સોફા ઉપર બેઠો.

ત્યાં એકાએક એની નજર બે સોફા વચ્ચેના ખૂણામાં પડેલી ટિપાઇ પર પડી. એના પરની મુરાદાબાદી તાસકની અંદર એક પાઇપ કોઈકે જાણે હમણાં જ ઉતાવળમાં મૂકી દીધી હતી. એમાંનો તમાકુ હોલવાયો નહોતો. એ પાઇપ એણે હાથમાં લીધી ને જોયું તો એક તરફ ણ.સ્. એવા બે અક્ષર લખેલા હતા. ને એ વિચારે ચઢ્યો. એ ણ.સ્.માંથી બની શકતાં નામો એ મનમાં ગોઠવવા લાગ્યો. અસંખ્ય નામો એને જડ્યાં ને એમાંથી વધુ શક્ય ને શંકાસ્પદ લાગે તેવાં નામોને એ જુદાં પાડવા લાગ્યો. એ નામોની સંખ્યા પણ ખાસ્સી વધતી જ ચાલી. આખરે થાકીને એણે એ પ્રયત્ન છોડી દીધો ને જરાય અવાજ કર્યા વિના પેલી પાઇપને તાસકમાં, એ જે સ્થિતિમાં હતી તે જ સ્થિતિમાં પાછી મૂકી દીધી. ને એણે જોયું તો જાણે કે પાઇપ એના તરફ જોઈને ખંધાઈભર્યું સ્મિત કરતી હોય તેમ ધુમાડાની પાતળી સેર હવામાં ફેલાવી રહી હતી. એણે પાઇપ તરફથી નજર ફેરવી લીધી.

ત્યાં એકાએક એણે જે જોયું તેનાથી એ સફાળો ઊભો થઈ ગયો. કેમ જાણે કોઈએ પાછળથી છરી નહીં હુલાવી દીધી હોય! બીજી બારીના કોચ પર બે માણસના જોડાજોડ બેસવાથી પડેલા દબાવની સ્પષ્ટ છાપ જોઈ. ને એ પોતે કશું કરી શકે તે પહેલાં એનું મન એ થોડી જ ક્ષણ પહેલાં બની ગયેલી ઘટનાનું કલ્પનાથી પુનર્નિર્માણ કરવામાં ગૂંથાઈ ગયું. એ કોઈક બળનો પ્રેર્યો કોચ પાસે ગયો. હજુ ત્યાંથી યુ દ કોલોનની આછી વાસ હવામાં લહેરાઈ રહી હતી. એ રેખાને અત્યન્ત પ્રિય એવી સુગન્ધ હતી. એટલે આ બેમાંની એક વ્યક્તિ તો રેખા જ હોવી જોઈએ એટલું એણે નક્કી કર્યું. પણ એ નક્કી

થતાંની સાથે જ એના પગમાંથી બધું જોર જતું રહ્યું. છતાં એ રહ્યુંસહ્યું બળ એકઠું કરીને ત્યાં ઊભો રહ્યો ને વધુ તપાસ માટે નજરને તીક્ષ્ણ કરી ન્યાયાધીશની અદાથી એ ઓરડામાંની બધી વસ્તુઓની ઊલટતપાસ લેવા મંડ્યો. એ કોચ પર પડેલા રૂમાલે ચાડી ખાધી. એ જ ણ.સ્.ના બે અક્ષરો લાલ દોરાથી એને છેડે ભરેલા હતા. એ બે અક્ષરો એની આંખ સામે નાચવા લાગ્યા. ઓરડાની બધી વસ્તુઓ એના તરફ દયાભરી નજરે તાકી રહી હોય એમ એને લાગ્યું. ત્યાં કોચની પાસે એણે નંદવાઈ ગયેલી બંગડીના કટકા જોયા અને એની કલ્પના વળી ગતિશીલ બની. પ્રણયક્રીડાનું આખું દૃશ્ય એણે ફરીથી પોતાની આંખ આગળ બનતું જોયું. રેખાના બે હાથ જેવી રીતે પોતાને વીંટળાઈ વળતા હતા તેવી જ રીતે એ વ્યક્તિને વીંટળાયા હશે ને ગાઢ આશ્લેષના દાબથી એ બંગડી આમ તૂટી ગઈ હશે...

એ ઘડીભર ત્યાં પૂતળાની જેમ જડાઈ ગયો. એને પછીથી મહાપ્રયત્ને પોતાની જાતને ત્યાંથી ઉખેડી. એ બાજુમાંના બુકશેલ્ફ તરફ વળ્યો. પાસેના ટેબલ પર એક ચોપડી અધખૂલી પડી હતી તેના તરફ એની નજર વળી. એ આલ્બમમાં રેખાની અનેક છબિઓ હતી. ને જ્યાં જ્યાં પોતાની છબિઓ હતી તે ખાલી કાળી જગ્યાને એ તાકીતાકીને જોઈ રહ્યો.

એ આયના તરફ વળ્યો, આયનામાં એને રેખા અને અજ્ઞાત ણ.સ્.ની એકબીજાંને ચૂમતી છબિ દેખાઈ. એનાથી અજાણતાં જ એના હાથ એ આયના તરફ વળ્યા ને એ છબિને ભૂંસી નાંખવાનો પ્રયત્ન કરવા લાગ્યા. ત્યાંથી ખસ્યો. ફૂલદાનીમાં એણે જોયું તો પોતાને બહુ જ ગમતાં મૅગ્નોલિયા આજે ત્યાં નહોતાં. એને બદલે ક્રિસૅન્થેમમનો ગુચ્છો એણે ત્યાં જોયો. બીજા ઓરડામાં જવાનાં બારણાં આગળ એણે પુરુષના ચંપલ પડેલાં જોયાં. જાણે હમણાં જ કોઈ એ ચંપલ ઉતારીને અંદરના ઓરડામાં ગયું છે. એ ચંપલનું એણે પગેરું કાઢ્યું. આખા ઓરડામાં પેલો પુરુષ ક્યાં ક્યાં ગયો હશે તેનો આખો નક્શો મનમાં અંકાઈ ગયો. આવતાંની સાથે જ રેખા એને વળગી પડી હશે. ત્યાંથી એ બંને આ કોચ ઉપર આવીને બેઠાં હશે. ત્યાં પેલું ગાઢ આલંગિન, બંગડીના ટુકડા, ચુમ્બન... ત્યાંથી પેલા આલ્બમ આગળ ગયાં હશે, પેલાએ જ (કે રેખાએ?) પોતાની બધી છબિ કાઢી નાંખી હશે ને આ ઉપકાર બદલ રેખાએ એને ફરી ચૂમ્યો હશે! (ન જાને!) ત્યાંથી આ

આયના તરફ, આ ફૂલદાની પાસે ને કદાચ બારીએથી એને આવતો જોઈને, ઉતાવળમાં તરત જ સળગાવેલી પાઇપ અહીં ભૂલી જઈને બંને અંદરના ઓરડામાં લપાઈ ગયાં હશે...

આખો ઓરડો જાણે અશ્રુત હાસ્યથી ગાજી ઊઠ્યો. દરેક વસ્તુ એ બે પ્રેમીની હજાર પ્રણયક્રીડાની સાક્ષી બનીને વાચાળ બની બધી વિગતો કહેવા લાગી. હવામાં ચારે બાજુથી એ પ્રેમી યુગલનું પ્રણયકૂજન એને ઘેરી વળ્યું ને જેમ પાણીનાં વમળ માણસને નીચે ને નીચે ધકેલે તેમ એ નીચે ક્યાંક ઊંડે ને ઊંડે ધકેલાતો જતો હોય એમ એને લાગ્યું, ચારે બાજુથી વસ્તુઓ જાણે ઘાંટા પાડી પાડીને એને રેખા અને એના પ્રેમીની વાતો કહેવા લાગી. એ બધાના ધસારાથી ગભરાઈને ઘડીભર તો એ જડવત્ ઊભો જ રહી ગયો. પછી એને લાગ્યું કે એ અદશ્ય યુગલની અનેક છબિઓ, અવાજો અને સંચાર વચ્ચે એ નહીંવત્ બનીને આમતેમ ઠેલાવા લાગ્યો છે. એ આક્રમણમાંથી જીવ લઈને એ નાઠો. દરેક વસ્તુના સ્પર્શની પાછળ પેલો ચાડી ખાતો બીજો સ્પર્શ એને વરતાયો. એ બારણાંનું કડું, એ પડદો, એ ઓરડાની હવા – પેલા બે જણાંથી આ બધું એટલું તો ભર્યું ભર્યું થઈ ગયું હશે કે જાણે એની ભરતીની છોળે જ એ બહાર ફેંકાઈ ગયો.

સહીસલામત સ્થળે પહોંચીને એણે જોયું તો ઘડિયાળમાં છ ઉપર સાત મિનિટ થઈ હતી. એ બબડ્યો: 'બસ, સાત જ મિનિટ હું એ ઘરમાં હતો!'

# ત્રણ લંગડાની વાર્તા

કાન્તિલાલને લાગ્યું કે એણે હસવું જોઈએ. ઘણા દિવસથી એ હસી શક્યો નહોતો. સાહેબ ઠપકો આપે ત્યારે મૂક ક્ષમાયાચના રૂપે જ સ્મિત એના મુખ ઉપર આપમેળે ફરકી જતું તે સિવાય હાસ્યનો બીજો કોઈ પ્રકાર હવે એને સિદ્ધ નહોતો. આથી કાન્તિલાલને થયું કે એણે કોઈ ને કોઈ નિમિત્તે હસવું જોઈએ.

એણે એની ચારે બાજુ નજર કરી: સામેની ભીંત ઉપરની લક્ષ્મીજીની છબીની પાછળ ગરોળી કોઈ શિકાર મળી જાય એ આશાએ તરાપ મારવા બેઠી હતી. ગરોળીની આંખમાંનો અકથ્ય વિષાદ જોઈને કાન્તિલાલનું હૃદય દ્રવી ગયું. જમણી બાજુની દીવાલ પરની ઘડિયાળની નીચેથી કીડીઓની લાંબી હાર મરી ગયેલા વંદાઓને ચુપચાપ ક્યાંક લઈ જઈ રહી હતી. એ કીડીઓની મૂક પ્રવૃત્તિથી, કોણ જાણે કેમ, એ અકળાયો. કીડીઓ અવાજ નથી કરી શકતી એ જાણવા છતાં કોણ જાણે શાથી એને એમ થતું હતું કે મજૂરો મજૂરી કરતાં ગીત ઉપાડે છે તેમ કીડીઓ પણ જો ગાતી ગાતી આ કામ કરતી હોત તો એ દૃશ્ય સહ્ય બન્યું હોત. ને એણે નજર ફેરવી. ડાબી દીવાલના અંધારા ખૂણામાં એની પંદર વરસ પહેલાંની ઝાંખી પડી ગયેલી છબિ એણે જોઈ.

એને એકાએક લાગ્યું કે એ માણસને એ ઓળખતો નથી. પાસેના આયનામાં દેખાતું પોતાનું પ્રતિબિમ્બ ને પંદર વરસ પહેલાંની પેલી છબિ – એ બે જણ વાતે ચડ્યાં: ‘કેમ મહેરબાન, ઓળખો છો કે?’

‘ક્યાંક તમને જોયા હોય એમ યાદ આવે છે!’

એ સમ્બન્ધની કડી ફરી સંધાઈ જાય તેની એને બીક લાગી. એણે નજર ફેરવી લીધી. પોલિયોને કારણે કંતાઈ ગયેલા પગવાળો એનો સાત વરસનો દીકરો ભગીરથ લાકડીને ટેકે એની પાસે આવી રહ્યો હતો. એના હાથમાં કેલેન્ડરમાંથી ફાડેલી થોડી છબિઓ હતી, એ છબિમાં હિમાચ્છાદિત ગિરિશૃંગોની ભવ્યતા સાકાર થઈ ઊઠી હતી. ભગીરથ મુગ્ધ બનીને એ ગિરિશૃંગ જોઈ રહ્યો હતો. ભગીરથે એમાંનું એક ગિરિશૃંગ બતાવીને પૂછ્યું: ‘પપ્પા, તેનસિંગ આના પર ચઢી શકે ખરો?’

એણે વાત ટાળવા જવાબ આપી દીધો: ‘હા.’ એટલે ભગીરથે કહ્યું: ‘ના, આમાં તો તેનસિંગનુંય કામ નહીં. જુઓને, આ બાજુની ધાર કેવી સીધી છે!’

કાન્તિલાલ ચિઢાયો: ‘તેનસિંગ નહીં ચઢે તો શું તું ચઢવાનો હતો?’

ભગીરથ રડમસ ચહેરે, લાકડીને ટેકે, કશું બોલ્યા વિના ત્યાંથી ચાલ્યો ગયો. કાન્તિલાલની આંખમાં એક આંસુ ઝમ્યું. એ ગભરાયો. એને લાગ્યું કે હવે તો હસવું જ જોઈએ.

એણે ભગીરથને પાસે બોલાવ્યો: ‘ભગીરથ, આમ આવ જોઉં.’

ભગીરથ ગભરાયો. ધ્રૂજતો ધ્રૂજતો એ લાકડીને ટેકે એની પાસે આવીને ઊભો રહ્યો. કાન્તિલાલે કહ્યું: ‘આટલો બધો ગભરાય છે કેમ? મેં શું તને માર્યો?’

ભગીરથ કશું બોલ્યો નહીં. જેમ બને તેમ જલદી કાન્તિલાલની નજર સામેથી ખસી જવાની એની ઇચ્છા હતી. કાન્તિલાલ પણ એ કળી ગયો ને તેથી વધુ ધૂંધવાયો.

‘અહીં બેસી જા જોઉં.’

ભગીરથ બેસી પડ્યો.

કાન્તિલાલે કહ્યું: ‘જો હું તને એક મજાની વાત કહું.’

ભગીરથને આશ્ચર્ય થયું. એણે અત્યાર સુધી નીચે નમેલી નજરને ઊંચી કરવાની હિંમત

કરી પણ કશું બોલ્યો નહીં. કાન્તિલાલે વાત કહેવા માંડી: ‘એક હતી ગોકળગાય. તે બહુ જ ધીમે ચાલે એટલે બધા જ એને ખીજવે. કીડી કહે: ગોકળગાય ધીમી. મંકોડો કહે: ગોકળગાય ધીમી. એક દિવસ ગોકળગાયને બહુ લાગી આવ્યું. એ દુ:ખી થતી થતી એક ઝાડ નીચે બેઠી હતી. એને મનમાં થયું: હું સસલું થઈને ખૂબ દોડું તો! હવે ભગવાનનું કરવું તે એ જે ઝાડ નીચે બેઠી હતી તે ઝાડ કલ્પવૃક્ષ હતું...’

ભગીરથે વચ્ચેથી અટકાવીને પૂછ્યું: ‘પપ્પા, એટલે શું?’

કાન્તિલાલે કહ્યું: ‘એ ઝાડ નીચે આપણે બેસીએ ને મનમાં જે કાંઈ ઇચ્છા હોય તે મોઢેથી બોલીએ તો આપણી ઇચ્છા ફળે.’

ભગીરથની આશ્ચર્યથી વિસ્ફારિત આંખો કાન્તિલાલ જોઈ રહ્યો. ભગીરથના મનમાં કલ્પનાએ પાંખ પ્રસારી. એ બોલી પડ્યો: ‘તો તો પપ્પા, હું ત્યાં જાઉં ને કહું કે મને....’ કાન્તિલાલે એને વચ્ચેથી અટકાવીને કહ્યું: ‘પણ એ ઝાડ તો બહુ દૂર હોય!’

ભગીરથે પૂછ્યું: ‘કેટલે દૂર? દીવો બળે એટલે દૂર?’ અન્તર માપવાનું એક જ માપ ભગીરથને જાણીતું હતું.

કાન્તિલાલે કહ્યું: ‘ના, ત્યાં જતાં પહેલાં તો મોટા મોટા સાત પહાડ ને સાત સાગર ઓળંગવા પડે!’

ભગીરથે પૂછયું: ‘તો ગોકળગાય ત્યાં શી રીતે પહોંચી?’

કાન્તિલાલ કચવાયો: ‘એનું તારે શું કામ છે? તું તારે વાર્તા સાંભળ ને!’

ભગીરથે નજર નીચે ઢાળી દીધી. એની કલ્પનાની પાંખ કપાઈ ગઈ. એ બેઠો હતો છતાં એના બંને હાથ બાજુમાં પડેલી લાકડીને વળગી પડ્યા.

કાન્તિલાલે વાર્તા આગળ ચલાવી: ‘ગોકળગાય જેવી બોલી કે હું સસલું થાઉં તો! ને તરત જ તે સસલું થઈ ગઈ. એણે ખુશ થઈને પાસેની કીડી તરફ જોયું. એટલામાં ક્યાંકથી ત્રણ ચાર કૂતરાઓ ધસી આવ્યા ને એને જીવ લઈને ભાગવું પડ્યું. સસલું શા માટે ખૂબ

દોડે છે તે હવે એને સમજાયું. માંડ બચીને ફરી કલ્પવૃક્ષ આગળ આવીને એણે કહ્યું: હું કૂતરો થાઉં તો! ને એ કૂતરો થઈ ગઈ. કૂતરો થઈને રૂઆબથી એ ટહેલતી હતી ત્યાં એક ગાડી આવી. એમાં એણે ઘણાં કૂતરાં બેઠેલાં જોયાં. બાજુમાંના એક ડાઘિયા કૂતરાએ કહ્યું: અલ્યા મૂરખ, ઊભો શું રહ્યો છે, જીવ લઇને ભાગ, નહીં તો મર્યો જ સમજજે. ને એ ભાગી. જીવ તો જેમ તેમ બચ્યો. વળી એ કલ્પવૃક્ષ નીચે ગઈ ને કહ્યું: માણસ થાઉં તો! ને એ માણસ થઈ ગઈ. પણ એક મોટી લડાઈ ફાટી નીકળી હતી એમાં એને લડવા જવું પડ્યું ને એને ગોળી વાગી. એનો પગ કાપી નાખવો પડ્યો. એને થયું: લાવ ફરી, કલ્પવૃક્ષ નીચે જાઉં ને કહું કે દેવ થાઉં તો! એણે ચાલવા માંડ્યું પણ લંગડો માણસ તે કેટલુંક ચાલે! કલ્પવૃક્ષ તો બહુ દૂર – સાત પર્વત ને સાત સાગર ઓળંગે ત્યારે પહોંચાય. ને લંગડો માણસ તો ગોકળગાયથીય ધીમે ચાલે...'

ભગીરથે પૂછ્યું: 'હવે શું થશે? એને કલ્પવૃક્ષ જડશે? એ પહોંચશે ખરો?' કાન્તિલાલે વિચારમાં પડી જઈને કહ્યું: 'કોણ જાણે!'

ભગીરથ નિરાશ થયો ને ઊઠીને ચાલવા મંડ્યો. એની લાકડીના ઠકઠક અવાજે કાન્તિલાલ જાગી ઊઠ્યો. એની છાતીએ ડૂમો ભરાયો. એ એકાએક બૂમ પાડી ઊઠ્યો: 'ભગીરથ.'

ભગીરથ ચોંક્યો. એના હાથમાંથી લાકડી સરી પડી. એણે સમતુલા ગુમાવી ને એ પડ્યો. કાન્તિલાલે એની પાસે જઈને એના ગાલમાં એક તમાચો ખેંચી કાઢ્યો ને એ બરાડી ઊઠ્યો: 'મારાથી આટલો ગભરાય છે કેમ? શું હું રાક્ષસ છું?'

ભગીરથની આંખમાંથી આંસુ ટપક્યે ગયાં.

ઓફિસમાં સાહેબે બૂમ પાડી: 'કાન્તિલાલ!' કાન્તિલાલ ધ્રૂજતો ધ્રૂજતો સાહેબ આગળ જઈને ઊભો રહ્યો. સાહેબ સત્તાવાહી સ્વરે એક પછી એક ફરમાન છોડ્યે જતા હતા. પાસેની કેબિનેટમાંથી એક ફાઇલ કાઢવા એઓ ઊભા થયા. ભગવાનનું કરવું તે એમનો પગ લપસ્યો ને એઓ પડ્યા. કાન્તિલાલ દોડી ગયો. હાથ પકડીને સાહેબને ઊભા કર્યા ને વળી એ અદબથી સામે જઈને ઊભો રહ્યો. વળી સાહેબે સત્તાવાહી સ્વરે

બોલવા માંડ્યું. પણ એ અવાજ સાંભળતાં જ કાન્તિલાલને એકાએક હસવું આવ્યું. સાહેબની જગ્યાએ લાકડીને ટેકે ચાલતો લંગડો માણસ દેખાયો. એ અપંગ માણસને આવા સત્તાવાહી સ્વરે બોલતો જોઈને એ હસી પડ્યો. એનું અટ્ટહાસ્ય આખા ઓરડામાં ગાજી ઊઠ્યું. એ સાંભળીને ગોકળગાય હસી. કીડી હસી, મંકોડો હસ્યો... ચન્દ્ર હસીને બેવડ વળી ગયો, મંગળ ગાંડો થઈને નાચવા લાગ્યો. કાન્તિલાલ હસ્યે ગયો, હસ્યે જ ગયો.

# 'વારતા કહો ને!'

એ સુન્દરી નથી, સ્ત્રી છે – આશરે એકવીસની હશે. મેં એને પાસેથી કે ધારીધારીને આ પહેલાં જોઈ નથી. આજે મેં એને પહેલી વાર પાસેથી જોઈ – મારે જોવી પડી. રુવાંટીથી ભરેલું સાંકડું કોડિયા જેવું કપાળ, ઝીણી આંખો, નાના હોઠ, નાકના ટેરવા પરનો મસો, સાધારણ પુષ્ટ કહેવાય એવું શરીર; ટૂંકમાં, આંખને આશ્વાસન મળે એવું પણ કશું એનામાં નહીં. હા, એક વસ્તુ વર્ણવવી ભૂલી ગયો એનું બાઘાઈભર્યું હાસ્ય! કોણ જાણે કેમ એ હાસ્ય જોઈને એક સાથે રોષ અને કરુણાની લાગણી થાય છે. ગુસ્સે થવા જઈએ પણ તરત જ દયા આવે. થાય કે જવા દો, બિચારી –

પુષ્પા એક જગ્યાએ ભાગવતની સપ્તાહ બેઠી હતી ત્યાં ગઈ હતી. હું પણ આમ તો જગમોહનને ત્યાં પત્તાં ટીચવા જવાનો હતો. પણ ઓફિસમાં મોડું થઈ ગયું ને ઘરે આવ્યા પછી આળસ ચઢી. પુષ્પા મોડેથી આવવાની હતી. હું રેડિયો પર કોઈના દુ:ખી સંસારનું હૃદયદ્રાવક નાટક સાંભળી રહ્યો હતો. ત્યાં એ આવી.

'ઇન્દુભાઈ, ઓ ઇન્દુભાઈ, છો કે ઘરમાં?'

'કોણ?'

'એ તો હું, ચંપા, આવું કે?'

હું બારણું ખોલવા ઊઠ્યો. બારણાં આગળ એ થોડી વાર એના પેલા બાઘાઈભર્યા હાસ્ય સાથે મારા તરફ જોતી ઊભી જ રહી. હું જરા અકળાયો, એને ત્યાં જ ઊભી રહેવા

દઈને હું મારી જગ્યાએ જઈને બેઠો, મારી પાછળ જ આવીને એ હાથમાં ચાવી રમાડતી ઊભી રહી ગઈ. થોડી વાર રહીને રેડિયો પાસે પહેલું 'લિસનર' ઉઠાવીને પાનાં ફેરવ્યાં, પછી એ પાછું મૂકી દીધું. આમતેમ નજર ફેરવીને ફોટાઓ જોવા લાગી, પછી અંદરના ઓરડામાં ગઈ. હું મારી જગ્યાએથી ખસ્યો નહીં. દસેક મિનિટ થઈ ગઈ. તોય એ બહાર નીકળી નહીં એટલે હું ચોરપગલે બારણાં આગળ ગયો. પડદો સહેજ અળગો કરીને મેં જોયું તો એ ઘીની બરણી ઉઘાડીને ચાંગળે ચાંગળે ઘી ખાતી હતી! મને ગુસ્સો ચઢ્યો. એક ઝટકા સાથે પડદો ખસેડીને હું અંદર ગયો ને ત્રાડ પાડી:'ચંપા!' એ સહેજ ચમકી. પછી એણે મારી સામે જોયું – એ જ બાઘાઈભર્યું હાસ્ય! હજુ એ ઘીથી ખરડાયેલી આંગળી ચાટી રહી હતી. મારી આંખમાં ગુસ્સો જોઈને એણે ઘીની બરણી બંધ કરી. પછી ઊભી થઈ ને કદાચ જાણીકરીને મને સહેજ ઘસાઈને બહાર નીકળી ગઈ. મેં નળ ખૂલવાનો અવાજ સાંભળ્યો. એણે હાથ ધોયા, લૂછ્યા. રેડિયો આગળની મારી આરામખુરશી પર એ જઈને બેસી ગઈ – કેમ જાણે કશું બન્યું જ નથી!

એણે મુંબઈ ખસેડીને સિલોન મૂક્યું. કોઈ ફિલ્મી ગાનારી 'મત મારો નજરિયાં બાલમા' તીણે અવાજે ગાઈ રહી હતી. એણે મારા તરફ જોયું. એની આંખમાં તોફાન હતું. એણે એમાંથી ઇશારો કર્યો ને ફરી હસતી હસતી મારા ભણી તાકી રહી. એ જ બાઘાઈભર્યું હાસ્ય!

હું એનાથી થોડે દૂર ખુરશી પર જઈને બેઠો. થોડી વાર સુધી એ કશું બોલી નહીં. પેલી ગાનારીનો તીણો અવાજ અમારી વચ્ચે ઘૂમી રહ્યો. હું મૂંઝાયો. એ મારી મૂંઝવણ જોઈને દુષ્ટતાભર્યું હસી. સહેજ આંખો ઊંચી કરીને એણે મારી સામે જોયું. જાણે ઘરમાં કોઈ બીજું છે જ નહીં, પોતે જ ઘરની સ્વામિની છે એવા ભાવ સાથે એ હાથમાં ચાવી રમાડતી રેડિયો સાંભળતી બેસી રહી. હું અકળાયો, ઊભો થયો, બારી આગળ ગયો ને મેં સિગારેટ સળગાવી.

ત્યાં એ એકાએક બોલી ઊઠી: 'ઇન્દુભાઈ, તમે જાણ્યું કે?'

મેં એના તરફ ફરીને પૂછ્યું: 'શું?'

‘તમને પુષ્પાબહેને નથી કહ્યું?’

મેં અકળાઈને પૂછ્યું: ‘વાત નહીં, વાતનો પાયો નહીં, મને શી રીતે સમજ પડે?’

‘ઓહો, તમે તો જાણે કશું જાણતા જ નથી! સાચું કહો, પુષ્પાબહેને તમને ખરેખર નથી કહ્યું?’

મેં માત્ર નકારમાં માથું ધુણાવ્યું.

પછી એ બોલી: ‘પેલા મનહરભાઈને તો તમે ઓળખો છો ને?’

મેં કહ્યું: ‘કયા મનહરભાઈ?’

‘પેલા દાક્તરી ભણે છે તે વળી! અમારે ત્યાં ઘણુંખરું આવે જાય છે ને તે.’

‘હં, તેનું શું છે?’

‘એમની સાથે હું વચમાં એક દિવસ દવાખાને ગઈ હતી.’ આટલું કહીને એ અર્થસૂચક દૃષ્ટિએ થોડી વાર મારી સામે જોઈ રહી. પછી વળી એનું બાઘાઈભર્યું હાસ્ય મોઢા પર પથરાઈ ગયું. કૃત્રિમ રોષ લાવીને છણકો કરતી એ બોલી: ‘જાવ જાવ, તમે તો જાણે કશું સમજતા જ નથી, નાના કીકલા જેવા કેમ બની જાવ છો?’

હું કશું બોલ્યો નહીં.

પછી એ બોલી: ‘દાક્તરે શું કહ્યું તે જાણો છો?’

મેં કહ્યું: ‘શું? શાને વિશે?’

એ ઊઠી, મારી પાસે આવી, છેક કાન આગળ મોઢું લાવીને બોલી: ‘દાક્તરે કહ્યું કે મારામાં કશો વાંધો નથી. એમનામાં જ કશો વાંધો હોવો જોઈએ.’ આ એને મન ચોંકાવનારી હકીકતની મારા પર શી અસર થાય છે તે થોડી વાર જોઈ રહી. પછી જરા ગુસ્સે થઈને બોલી: ‘આમ બાઘાની જેમ મારી સામે શું તાકી રહ્યા છો?’

હું કશોક ગુનો કરી બેઠો હોઉં તેમ છોભીલો પડી ગયો.

‘તો તમે જાણ્યું ને હવે તો? મારામાં કશો વાંધો નથી, હું છોકરાની મા બની શકું એમ છું.’ ને એ હસતી હસતી મારી સામે જોઈ રહી. પછી બોલી: ‘પણ – પણ એ કદી બાપ બની શકશે કે કેમ કોણ જાણે!’ આટલું કહીને એ જોરથી હસી પડી, હસતાં હસતાં બેવડ વળી ગઈ. એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એના લૂગડાના છેડાથી એને લૂછવા લાગી. ને એણે જાણે કશી ખબર જ નથી એવા ભાવથી એણે છાતી પરથી લૂગડાનો છેડો નીચે સરી જવા દીધો. એની આ ધૃષ્ટતાથી સંકોચ પામીને મારે નજર નીચી કરી દેવી પડી.

એણે તીખા વ્યંગ સાથે હસતાં હસતાં હ્યું: ‘ઇન્દુભાઈ, હવે નાટક જવા દો, જરા ઊંચું જુઓ. અમેય દુનિયામાં આંખ ઉઘાડી રાખીને ફરીએ છીએ, હોં કે! તે સાંજે તમે ગિરગામ આગળની પેલી મારવાડીની દુકાન પાસે પંજાબણ બાઈ સાથે શી વાતો કરતા હતા તે શું હું નથી જાણતી?’ આટલું બોલીને તોફાની બાળકને જેર કર્યા પછી એને શિક્ષા કરતાં પહેલાં મા એના તરફ જેવી રીતે જોઈ રહે તેવી રીતે એ મારા તરફ જોઈ રહી. મારે એને શું કહેવું તે થોડી વાર સુધી તો મને સૂઝ્યું જ નહીં. પછી શબ્દો એકઠા કરીને જરા ગુસ્સે થઈને હું બોલ્યો: ‘કઈ પંજાબી સ્ત્રી? ગિરગામ આગળ? ક્યારે? ચંપા, તું શું બકે છે તેનું તને ભાન છે ખરું કે?’

એણે કહ્યું: ‘હા, બરાબર ભાન છે.’ ને એ ખુરશી પરથી ઊઠીને આયના આગળ જઈને ઊભી રહી. મોઢે પાવડરના લપેડા કર્યા, વાળની લટ કપાળ પર સિનેમાની નટીઓ રાખે છે તેવી રીતે ગોઠવી. પછી એકાએક મારા તરફ ફરીને બોલી: ‘બોલો, હવે કેવી લાગું છું? પેલી પંજાબણ જેવી તો નહીં જ. ખરું ને?’

મારો મિજાજ હાથ ન રહ્યો. મેં પાગલની જેમ એના તરફ ધસી જઈને એના ગાલ પર એક તમાચો ખેંચી કાઢ્યો. ઘડી વાર એ ડઘાઈ જઈને પૂતળીની જેમ ઊભી રહી ગઈ. પછી એ હસવા લાગી – એ જ બાઘાઈભર્યું હાસ્ય, લોહીની પાતળી સેરથી રંગાયેલું! હસતી આંખોમાં આટલી કરુણતા મેં કદી જોઈ નથી. અનાથ બાળકની જેમ એ બે આંખો હજાર હાથ પસારીને જાણે કશોક આધાર શોધી રહી હતી. મારાથી એ બે આંખો

ન જીરવી શકાઈ. નાના બાળકને શિક્ષા કર્યા પછી મનાવી લેતા હોઈએ તેમ મેં એને સમજાવવાનો પ્રયત્ન કર્યો. એનો વાંસો થાબડ્યો નીચું જોઈ રહી. કદાચ એની આંખમાં આંસુ હતાં. હું તેને જોઈ રહ્યો હતો; સાવ અણસમજુ નાના બાળક જેવી – એની થોડી વાર પહેલાંની ઘી ચાટતી છબિ મને યાદ આવી. ત્યાં એનો હાથ આવીને મારા હાથને વળગ્યો. એ હાથના સ્પર્શમાં નિરાધારતા હતી, એ મારા હાથને ખેંચતો હતો, મરણિયો બનીને ખેંચતો હતો. મારો હાથ પરાણે ખેંચાતો હતો. એ હાથ એની ધબકતી છાતી આગળ જઈને થોભ્યો. એની નીચે એના સુપુષ્ટ સ્તનનો અગ્રભાગ દબાઈ ગયો. મને એકાએક ભાન આવ્યું. હું ચોંક્યો. એકદમ ચાર ડગલાં દૂર ખસી જઈને ગુસ્સે થઈને બોલ્યો: ‘ચંપા, હમણાં ને હમણાં ઘરની બહાર નીકળી જા જોઉં! તું ભાનમાં નથી.’

‘હું ભાનમાં નથી? હું ખાસ્સી ભાનમાં છું. તમારે ખાતરી કરવી છે?’ એમ કહીને એને લગભગ દોડી જઈને બારણું વાસી દીધું ને પછી મારી સામે આવીને ઊભી રહી. ધીમે ધીમે ચોળીનાં બટન ખોલવા લાગી, ખોલતી ખોલતી કહેવા લાગી: ‘બોલો હવે, હવે, હવે બૂમબરાડા પાડશો? શું કરશો? પુષ્પાબહેનને આવવા દો.’

હું ગભરાયો. ગભરાટમાં પણ સમજી ગયો કે આ પરિસ્થિતિમાં કળથી કામ લેવા જેવું છે. તેણે બધાં બટન ખોલી નાંખ્યાં ને તિરસ્કારથી ચોળી મારા તરફ ફેંકી. ખુલ્લાં થયેલાં સ્તન પાંજરું ખોલી દેતાં સસલાં બહાર કૂદી પડે તેમ જાણે લગભગ મારા અંગ પર કૂદી પડ્યાં. એ જોઈને એ એકદમ શરમાઈ ગઈ ને મારી સામે પીઠ કરીને ઊભી રહી.

હું હાલ્યોચાલ્યો નહીં. મને દયા આવી. એ સ્થિતિમાં એને જોતાં મારું હૃદય હચમચી ઊઠ્યું. ચિત્તમાંની બધી આર્દ્રતા એકઠી કરીને હું બોલ્યો: ‘ચંપા!’ એ આર્દ્રતાના સ્પર્શે એ ભાંગી પડી. ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડી. ઢગલો થઈને મારી આગળ પડી. એના હોઠ ધ્રૂજતા હતા, એ કાંઈક બોલવા જતી હતી. મેં એનું માથું ખોળામાં લીધું. ને મને યાદ આવ્યું: મારી પાંચ વરસ પહેલાં ગુજરી ગયેલી દીકરી એક દિવસ મા સાથે ઝઘડો કરીને રૂસણું લઈને આમ જ આંસુભરી આંખે મારા ખોળામાં આશ્રય લેવા આવી હતી. એને થાબડીપંપાળીને હું પરીલોકમાં લઈ ગયો હતો. એ પરીઓના દેશમાં ચાંદીના સાગર હતા, સોનાના પર્વતો હતા, રસ્તા પર હીરામાણેક વીખરાયલાં હતાં. હું ને મારી દીકરી – અમે બંને પરીઓના દેશમાં તે દિવસે ખૂબ દૂર દૂર નીકળી ગયાં હતાં. અમને કોઈ

રોકનાર નહોતું. આજે તો એ પરીલોકમાં પરી બનીને ચાલી ગઈ છે. સાત સમુદ્ર પાર કરીને કોઈ રાજકુમાર એક દિવસ એકાએક આવી ચઢ્યો ને તેનું હરણ કરી ગયો. સ્ફટિકના મહેલમાં હવે એ હંસને મોતીનો ચારો ચરાવતી બેઠી હશે...

અમારા આ સૂના ઘરમાં વરસો પહેલાં કહેલી પરીની વાર્તા, સાંભળનારનો હોંકારો, એના પડઘા આજે ફરી મને સંભળાવા લાગ્યાં. આ બીજી નારી – દીકરીની જેમ મારા ખોળામાં આવી પડી છે. એને ખોળાનો ખૂંદનારો જોઈએ છે. આંગળી પકડીને એને જો પરીલોકમાં દોરી લઈ જઈ શકું ને ત્યાંથી કામદેવને પણ રૂપમાં ઝાંખો પાડે એવો દીકરો કે રૂપરૂપના અંબાર જેવી દીકરી એને અપાવી શકું...

મેં એના વાંસામાં વહાલથી ધબ્બો મારીને કહ્યું: ‘ઊઠ ગાંડી! જો તને એક ખૂબ મજાની વાત કહું છું.’ ને એ બેઠી થઈ. નાના બાળકને નવડાવીને મા કપડાં પહેરાવે તેમ મેં એને ચોળી પહેરાવી, એનાં બટન બીડ્યાં. અંદરથી લાવીને બે પેંડા એના મોઢામાં ઠાંસી દીધા. એ બોલવા જતી હતી પણ મેં આયનામાં એના ગાલનાં ફૂલેલાં ગલોફાં બતાવ્યાં ને એ હસી પડી. એ હાસ્યમાંથી આંસુની ભીનાશ હજુ ગઈ નહોતી. બોલવાની અનુકૂળતા થતાં એણે કહ્યું: ‘પણ વારતા કહો ને!’

ને એ વિસ્ફારિત આંખે વાર્તા સાંભળવા મારી સામે બેસી ગઈ. એની ઉત્કણ્ઠા, શિશુસહજ નિર્દોષતા જોઈને મારું હૃદય ભરાઈ આવ્યું. પાંચ વરસ પહેલાં કહેલી પરીની વાર્તાના પડઘા કાનમાં ગુંજવા લાગ્યા, સામે બેઠેલી દીકરીના હૃદયને ધરપત થાય એવી વાર્તા મેં હૃદયનાં ઊંડાણમાં જઈને શોધવા માંડી. કશું હાથ આવતું નહોતું. હોઠે શબ્દો આવવાને બદલે આંખમાં આંસુ ઊભરાતાં હતાં. મારી આ દશા જોઈને મૂંઝાઈ. મારી વેદનાને જાણવા મથતી હોય તેમ એ માની જેમ મને શી રીતે આશ્વાસન આપવું તેના વિચારમાં પડી ગઈ. એમાંથી એકાએક જાગી ઊઠીને એ મારી સાત વરસની રેણુની જેમ બોલી ઊઠી:

‘વારતા કહો ને, ઇન્દુભાઈ!’

મનીષા 12/1955

# સેતુબન્ધ

સામાન ઉતરાવીને ઘરમાં પગ મૂકતાં 'ભાઈ, આવ્યો? શરીર કેમ આમ દૂબળું લાગે છે?' એવા એની માના વાત્સલ્યભર્યા પ્રશ્નની નીલકણ્ઠને અપેક્ષા હતી પણ કોઈ કશું બોલ્યું નહીં.

બાપુ એક ખૂણે સવારનું પેપર ઉથલાવતા બેઠા હતા. તેમણે ચશ્માંના કાચમાંથી સહેજ આંખ ઊંચી કરીને જોયું ને ફરી પેપર તરફ નજર વાળી લીધી. માંદગીની પથારીમાં પક્ષાઘાતથી પટકાઈને પડેલા દાદાજીની એક આંખ તેના તરફ ફરી, થોડી વાર સુધી નિષ્પલક એના તરફ મંડાઈ રહી ને પછી પાછી વળી ગઈ. નાહવાને માટે બંબો સળગાવાતો હતો તેનો ધુમાડો આંખમાં જવાથી નીલકણ્ઠને ઝળઝળિયાં આવી ગયાં. ક્યાં બેસવું, શું કરવું તેની વિમાસણમાં પડ્યો. એણે ઘરમાં નજર ફેરવી.

એક તરફ એક ખુરશી ખાલી પડી હતી. સાવ ઉદાસીન, પરાઙ્મુખ, આ ઘરની આબોહવાને અનુકૂળ – એના પર જઈને એ બેઠો. ખુરશીના સ્પર્શે જાણે એના પર ગુજારેલા અત્યાચારની ફરિયાદ કરી. એક જગ્યાએ સ્થિર થઈને બેસવાથી એને એક કેન્દ્ર મળ્યું અને એ કેન્દ્રે રહીને એ પોતાની જાતને અહીં શી રીતે ગોઠવવી તે વિચારવા લાગ્યો.

ત્યાં બહારથી દૂધની શીશી લઈને એની નાની બહેન પૂર્ણિમા આવી. એના મોઢા પર હાસ્ય ફરકી ગયું ને બીજા ઓરડામાં જઈને એણે માને વધામણી આપી: 'મા, મોટાભાઈ આવ્યા!' એના જવાબમાં ઘનીભૂત ઉપેક્ષાના જેવા 'જાણ્યું, શું છે તેનું?' શબ્દો

સંભળાયા. આમ છતાં પૂણિર્માના હાસ્યથી નીલકણ્ઠને જાણે ટકી રહેવા જેટલું સ્થાન મળી ગયું. એની આશ્રયદાતા બહેનને પુરસ્કાર રૂપે કશુંક આપવાને એણે ટ્રન્ક ખોલી. એમાંથી ફ્રોક અને બ્લાઉઝને માટેનું રેશમી કપડું, કાશ્મીરના નકશીકામવાળા લાકડાના દાબડા, દાદાજીને માટેનું ગરમ કપડું, સૂકો મેવો, બાપુ માટેની શાલ – એ બધું એણે કાઢ્યું. પૂણિર્મા ઉત્સાહથી રેશમી કપડું લઈને બીજા ઓરડામાં માને બતાવવા દોડી. વળી નીલકણ્ઠે પહેલાંના જેવા જ શબ્દો સાંભળ્યા: 'તેં કેમ જાણ્યું કે એ તારે માટે લાવ્યો છે? એ તો હશે કોઈક બીજી માટે.'

પૂણિર્મા કશું સમજી શકી નહીં. એ કપડું પાછું લાવીને નીલકણ્ઠની ટ્રન્કમાં મૂકી ગઈ. વસ્તુઓનો ઢગલો એમ ને એમ પડી રહ્યો. એ ઢગલા ભેગો પોતે પણ ચારે તરફથી ઘેરી વળતી ઉદાસીનતાથી કચડાતો ઢગલો થઈને બેસી રહ્યો. ત્યાં ચા આવી, ચા પીવાની ક્રિયા યંત્રવત્ પૂરી થઈ, એ જોઈ રહ્યો. દાદાજી આંખો બંધ કરીને મોઢું ખુલ્લું રાખી પૂણિર્મા ચા પાય તેની રાહ જોઈ રહ્યા હતા. પૂણિર્માએ ચમચે ચમચે ચા પાઈ, એ વિધિ પૂરો થયો. દાદાજી પડખું ફરીને સૂઈ ગયા.

ઘડીભર પેપર અળગું કરીને બાપુ પાન ખાવાની તૈયારી કરતા હતા. આ તકને ઝડપી લઈને જો કાંઈક બોલવાનો પ્રયત્ન નહીં કરે તો પછી કદાચ લાંબે ગાળે પણ એ તક નહીં આવે એવું એને લાગ્યું. એણે બોલવાનો પ્રયત્ન કર્યો: 'મોટું ઘડિયાળ કાઢી નાખ્યું?' 'પૂણિર્માએ નિશાળ બદલી?'... પણ શબ્દો જાણે હોઠ પરથી આજુબાજુની હવામાં શોષાઈ ગયા. એને ધીમે ધીમે બધું સમજાતું ગયું. સિંધમાં એણે એક વિચિત્ર પ્રાણીની વાત સાંભળી હતી. રાત્રે ધીમેથી પાસે આવીને શ્વાસ સાથે શ્વાસ ભેળવી ઝેર પ્રસારે ને એ રીતે માણસનો ભોગ લે. આ ઓરડીમાં એ પ્રાણી અદૃશ્ય રહીને સર્વત્ર એનો શ્વાસ પ્રસારી રહ્યું છે. ઓરડીમાં હવા નહોતી, હતો કેવળ એ પ્રાણીનો ઝેરી ઉચ્છ્વાસ!

ક્રમિક ક્રિયામાં એ પણ એક અંગ તરીકે સામેલ થઈ ગયો. ધીમે ધીમે એ હવાના કણ એનામાં પણ વ્યાપી જવા લાગ્યા. એ ચુપકીદી એને પણ સદી જવા લાગી ને એ ગભરાયો. અહીં એક શબ્દ બોલવો એ ભારે દુસ્સાહસ હતું. એ શબ્દના ઉચ્ચાર માત્રથી ભારે પ્રયત્ને સમતોલ રાખેલી પરિસ્થિતિ ડામાડોળ થઈ જાય એવી ભીતિ બધાંનાં દિલમાં હતી. ભયંકર કરાડની ધારે આવી પહોંચ્યા પછી સહેજ સરખી ગતિ આપણા

ભાવિની નિર્ણાયક બને છે તેવી જ અહીં પણ સ્થિતિ હતી; ને તેથી મરણિયા બનીને, સાવધ રહીને, પળે પળે જંગ ખેલીને બધાં જીવતાં હતાં – ટકી રહ્યાં હતાં. હવે એ જંગ વચ્ચે પોતે પણ આવી પડ્યો હતો. એ જ શસ્ત્રો એના હાથમાં હતાં.

અહીં સમય વહેતો નહોતો પણ પ્રત્યેક પળે અજગર જેમ પોતાના શિકારને ભરડામાં લે તેમ વીંટાતો જતો હતો. એણે ઘડિયાળ તરફ જોયું, ઊભા થઈને ઘડિયાળના કાંટાને જોરથી ઘુમાવવાની એને ઇચ્છા થઈ આવી. પણ તરત જ કશુંક મનની અંદર મોઢું પહોળું કરીને એ ઇચ્છાને ગ્રસી ગયું. કોઈ અત્યન્ત ક્ષુધાતુર પ્રાણી મોઢું પહોળું કરીને જે કાંઈ બહાર પ્રગટ થાય તેને ગ્રસી જવા જાણે ત્યાં ટાંપીને બેઠું હતું. સૌ પોતપોતાની નિત્યનૈમિત્તિક ક્રિયાની ઢાલ લઈને ઝૂઝતાં હતાં માટે સહીસલામત હતાં; પણ એની પાસે એવી કોઈ ઢાલ નહોતી. શત્રુઓની વચ્ચે એકાએક છતા થઈ જવાથી જે ભીતિ ઊપજે તેવી ભીતિ એને ઊપજી ને મરણિયો બનીને ઢાલરૂપ બની રહે એવી કશીક ક્રિયા એ શોધવા લાગ્યો.

... દૂર દૂરનાં શહેરો, પૅરિસનું લક્સેમ્બર્ગનું ઉદ્યાન, સીન નદીનો પૂલ, નાઇલને કાંઠે સાંજ, બર્લિનનાં ભોંયભેગાં થયેલાં મકાનોનાં ઈંટરોડાના ઢગલા વચ્ચે સહીસલામત રહી ગયેલું બાળકનું રમકડું, શેરી આગળના અંધારા વળાંકમાં ચમકતી ખૂનીની છરી, બારીના પડદાને વીંધીને આવતો પાયલનો રણકાર, મધરાતે સૂમસામ દરિયાકાંઠે સૂસવતો સરુનો અવાજ, અજાણી સ્ત્રીનું વેદનાના ભારથી કોઈના ખભાનો આધાર શોધતું મસ્તક, પાણીના પૂરમાં ઘસડાઈ જતા બાળકની ચીસ... આ બધું છિન્નવિચ્છિન્ન ખણ્ડ રૂપે એના મનમાં ઝબકવા લાગ્યું.

એ બધાંને સાંધીને એમાંથી કશીક ભાતને ઉપસાવવાનો મિથ્યા પ્રયત્ન એણે કરી જોયો. પણ આ હવામાં બધી વસ્તુના સાંધા શિથિલ થઈ જતા હતા, કશું અખણ્ડ રહી શકતું નહોતું. શરીરનું એકે એક અંગ છૂટું પડીને અજાણ્યું બની જઈ રહ્યું હતું. એ પ્રયત્ન છોડી દેવાનો સંકલ્પ કરવાની જરૂર ન પડી. આપોઆપ એનો તન્તુ અજાણપણે હાથમાંથી સરી પડ્યો.

આમ ને આમ બપોર આવી, સાંજ આવી ને રાત પણ આવી. બહાર જવા જેટલો

ઉત્સાહ પણ એ એકઠો ન કરી શક્યો. પોતાની આ નિષ્ક્રિયતાને જ એણે બેઠા બેઠા વધાર્યા કરી. પ્રવાસના થાકને કારણે એની આંખ જલદી બિડાઈ ગઈ. સ્વપ્નોને પ્રવેશવા જેટલું નાનું શું છિદ્ર પણ એની ગાઢ નિદ્રાએ રહેવા દીધું નહીં. એકાએક એની આંખ ખૂલી ગઈ. એ ચોંક્યો. પેલું પ્રાણી જાણે છાતી પર બેસીને એના શ્વાસ સાથે શ્વાસ ભેળવી રહ્યું હોય એવી ભ્રાન્તિ થઈ. એના શ્વાસની ગતિ બદલાયેલી લાગી. એ બધું ભૂલીને ફરીથી ઊંઘ મેળવવાનો પ્રયત્ન એણે કર્યો. તન્દ્રાની સ્થિતિ સુધી એ પહોંચ્યો પણ ત્યાં જ સ્થિર થઈ ગયો. ત્યાંથી આગળ વધાયું નહીં.

ઊંડે ઊંડે, અન્ધકારને તળિયે, ક્યાંક એણે ત્રાડ સાંભળી. એનાથી શરીરની શિરાઉપશિરા ગાજી ઊઠી. દૂરથી છલંગ ભરીને ચાલ્યા આવતા કોઈક પ્રાણીના પડછંદા ગાજી ઊઠ્યા. એણે એક મોટો કાળો પડછાયો જોયો. એ પડછાયો પહોળો પથરાઈને બધે વ્યાપતો ગયો. એ ઓગળીને બધે રેલાતો ગયો. એની બધી શિરાએ શિરાએ એ રેલાઈ રહ્યો. એની શ્વાસનળીમાં એ આગળ ધસ્યો ને એનો શ્વાસ રૂંધાયો. એ બેઠો થઈ ગયો. મહામુશ્કેલીથી એ શ્વાસ લઈ શકતો હતો. કોરડા વીંઝાતા હોય ને એના ફટકાથી જાણે કોઈક અપરાધી એક એક ડગલું આગળ ભરતો હોય તેમ એનો શ્વાસ પરાણે ચાલી રહ્યો હતો. એક ક્ષણથી બીજી ક્ષણ વચ્ચે જાણે અન્તર વધતું જતું હતું. એ વચમાંના અવકાશને કૂદી જવાને માટે જાણે એનો શ્વાસ મરણિયો બનીને ઝૂઝી રહ્યો હતો. ક્યારે એમ કરતાં થાકીને એ પ્રયત્ન છોડી દે એ કહી શકાય એમ નહોતું. ક્યારે એ બે ક્ષણ વચ્ચેના, મોં પહોળું કરીને ઊભેલા શૂન્યના ગર્તમાં ગબડી પડશે તે કહેવાય એમ નહોતું... એમ ને એમ સ્વલ્પ ગતિએ એનો શ્વાસ આગળ વધતો હતો.

એણે જોયું તો બાજુમાંના કબાટની નીચેથી એક વંદો એની તરફ આવી રહ્યો હતો. એના પગની આંગળીના ટેરવાને એ ધીમે ધીમે કોતરી રહ્યો હતો. તે છતાં એ કશું કરી શકે એમ નહોતો. કશુંક કરવા જતાં એનો શ્વાસ એક ક્ષણ પરથી બીજી ક્ષણે ઠેકવા જતાં શૂન્યના ગર્તમાં ગબડી પડે તો... ને તેણે મદદ માટે આજુબાજુ નજર કરી. ઓરડામાં અંધારું હતું. એક ખૂણે પથારીમાં દાદાજીની નિષ્પલક આંખ ખુલ્લી તગતગી રહી હતી. એ આંખ જાણે નિશ્ચલ બનેલ શરીરમાંથી ધસી જઈને ક્યાંક જવાને તલસી રહી હતી. એ નિષ્પલક આંખમાં ગતિ ઘૂમરી ખાતી હતી, એ તરફ એ વધુ જોઈ શક્યો નહીં. દિવસના

પ્રકાશમાં એની ને એ આંખની વચ્ચે સેતુ બંધાયો નહોતો. પણ અત્યારે એ સેતુ બંધાઈ જાય એવી એને ભીતિ લાગી ને એણે જલદી જલદી એની આંખ ફેરવી લીધી.

બીજે ખૂણે મા જાગતી નિસાસા નાંખી રહી હતી. આ તરફ બાપુ ડી.ડી.ટી.નો પમ્પ લઈને ઊભા થઈને ખૂણેખાંચરે ભરાયેલા વંદા સામે યુદ્ધ માંડી રહ્યા હતા. એમની એ યુયુત્સુનિદ્રામાં એઓ અત્યન્ત સ્વાભાવિક લાગતા હતા. બધાં જ જાગતાં હતાં, બધાં જ ઝઘડતાં હતાં. એ યુદ્ધ ક્યારે થંભ્યું તેની એને ખબર ન પડી કારણ કે કદાચ એ યુદ્ધ થંભ્યું જ નહોતું. નીલકણ્ઠનો શ્વાસ સવાર થતાં એની સ્વાભાવિક ગતિને પામતો ગયો. પેલું પશુ ત્રાડ નાખતું ફરી એની બોડમાં ચાલ્યું ગયું. માત્ર નીલકણ્ઠની આંખમાં એના નહોર ઉઝરડા મૂકી ગયા.

ને સાંજે એ મન્દાકિનીને મળવા તૈયાર થયો. એણે પત્રમાં લખ્યું હતું: ‘રસ્તે ખીલેલાં કેસૂડાં પાસેથી તારી સ્તુતિની ભાષા શીખતો આવ્યો છું.’ એ ભાષા એણે શોધવા માંડી. મન્દાકિનીને ખૂબ ગમતો રેશમી સૂટ પહેરીને એને મળવા જવાની ઇચ્છા હતી. એ પહેરવાની એની હિંમત ચાલતી નહોતી. ને છતાં સાહસ કરીને એ એણે પહેરી લીધો – વિમાની નીચે ઝંપલાવતાં પહેલાં પૅરશૂટ બાંધે તેમ. પણ પહેર્યા પછી એ વસ્ત્ર તરવાનું ન જાણનારને જેમ પાણી ચારે તરફથી ઘેરીને નીચે ખેંચે છે તેમ એને જાણે ખેંચવા લાગ્યું. ને આખરે એ નીકળ્યો.

બન્ને મળ્યાં – પરાંના એક સ્ટેશન પરના ઇલેક્ટ્રિક ઘડિયાળની નીચેની બેન્ચ પર, માથે ઝઝૂમી રહેલી સમયની છાયામાં. ઘડિયાળનો મોટો કાંટો આંચકા સાથે ખસતો હતો. ખસતો નહોતો પણ જાણે પ્રત્યેક પળે ધક્કો મારીને કહી રહ્યો હતો: ખસ, આઘો ખસ.. એ મન્દાકિની સાથે વાત કરવા ઇચ્છતો હતો. કૂણાં સ્વપ્નોની, કલ્પનાલોકની, કાવ્યની, પ્રણયની ... પણ એ શબ્દોની આડે ગઈ રાતે જે બધું અંદર તૂટી પડ્યું હતું તેનો ભંગાર પડ્યો હતો ને એ ભંગારની ઉપર રમકડાની ઢીંગલીની જેમ મન્દા બેઠી હતી. એ હસતી હતી, એની લટમાં ગુંથાયેલી ચમેલીનાં ફૂલની વેણી હસતી હતી, એના હાથમાં બકુલનાં ફૂલની માળા હસતી હતી. એ માળા નીલકણ્ઠને માટે એ લાવી હતી. વિયોગના બધા દિવસોની બધી ક્ષણો એમાં ગૂંથી લીધી હતી. નીલકણ્ઠના કણ્ઠમાં આરોપાઈને એ બધી

જ મહેકી ઊઠશે એવી એને પ્રતીતિ હતી, એ મુગ્ધ હતી. સમય પણ મુગ્ધ બનીને એને જોયા કરે એવી એ મુગ્ધ હતી; ઉલ્લાસથી ભીંજાતી હતી.

ઘડિયાળનો કાંટો એક આખું ચક્કર ફરી વળ્યો હતો એ જોઈને મન્દાકિનીએ કહ્યું; ‘ચાલ હવે હું જાઉં. આ કાંટાએ માત્ર સાત પગલાં જ નહીં, બાર પગલાં આપણી વતી ભરી લીધાં.’

નીલકણ્ઠ ફરીથી એ ઘડિયાળ તરફ જોઈ રહ્યો. એમાંથી દાદાજીની પેલી બિલકુલ નિષ્પલક દૃષ્ટિ એના તરફ તાકી રહી. નાનો કાંટો સ્થિર હતો – પોતાનું લોહી પીતાં સ્થિર થઈ ગયેલા વંદાના જેવો. ને છૂટા પડતાં એણે મહામહેનતે કશું બોલવાનો પ્રયત્ન કર્યો: ‘મન્દા, તું તો આકાશની વસનારી, તને અવનિ ઉપર ઉતારીને ઝીલવી એ ભગીરથનું કામ.’ મન્દાએ આ ઉક્તિને ચાટુ ઉક્તિ જ લેખીને કહ્યું: ‘મને અત્યારથી જ તારે સ્વર્ગવાસી બનાવી દેવી છે! તું ઝીલવા તૈયાર હોય તો હું તો ક્યારની ઝિલાવા તૈયાર છું!’ ને એમ કહીને એણે ચારે બાજુની ભીડ વચ્ચે જરાય સંકોચ વિના પેલી બકુલની માળા એના કણ્ઠમાં આરોપી દીધી. ટાંપીને બેઠેલું પેલું પ્રાણી જાણે અંદરથી એ તરફ લોલુપ દૃષ્ટિથી જોઈ રહ્યું. ગાડી આવી, પોતાની આંગળીમાં પરોવાયેલી મન્દાકિનીની આંગળી શિથિલ થઈ ને વચ્ચે પડેલા એ છિદ્રમાંથી દૂરતાનો સાગર ઘૂઘવી રહ્યો. એ સાગરની પેલે પારથી જાણે એ દૂર દૂર એ બંનેને સાથે ગૂંથતી પેલી બકુલની માળાને વિસ્તરતી જોઈ રહ્યો.

# કાલીયમર્દન

એણે ઘડીભર એકીટસે આયનામાં જોયા જ કર્યું. આખીય મુખાકૃતિને આવરી લેતી સુકુમારતા, પ્રસન્નતા ને નિષ્પાપ મુદ્રા... એ હસ્યો. પણ બીજો કયો શબ્દ વાપરવો? ને એને યાદ આવ્યું: 'દુષ્ટતા એટલી હદે મોહક બને કે આપણે એને નિર્દોષતા ગણીને હૃદયનું સમર્પણ કરવા લલચાઈએ...' લીના જેવી કોઈક જ આવું બોલે. મોટા ભાગનીને તો એ અસાધારણ અનુભવની આકસ્મિકતાથી આવેલી પરવશ મૂચ્છિર્ત અવસ્થામાં જ એણે વદાય કરી છે. આ ઉંબર ઓળંગીને એ રીતે એણે અત્યાર સુધીમાં કેટલીય સ્ત્રીઓને વદાય થતી જોઈ છે... વીખરાયેલા વાળ, આવેશની ઉત્તેજનાથી આંખમાં વરતાતો કેફ, કોઈક વાર આંખમાં દેખાતી અસહાયતા તો કોઈક વાર લુંટાઈ ગયાનો ભાવ... એણે તરત આંખ આડેથી આ ચિત્રો ભૂંસી નાખ્યાં. ફરી આયનામાં એ મુગ્ધ બનીને પોતાનું પ્રતિબિમ્બ જોઈ રહ્યો.

એણે ઓરડા તરફ નજર કરી. 'સેન્ટરપીસ' પર મૂકેલો કાંટાળો થોર ને તેની વચ્ચે મૂકેલી અધખૂલી ચણોઠીની શીંગમાંથી દેખાતા ચણોઠીના લાલચટ્ટક દાણા ... એની ઓરડાની દરરોજની બદલાતી સજાવટ ઘણાને મુગ્ધ કરી દેતી. ઓરડાની આબોહવામાં સાહસ કરવાને માટેનું આહ્વાન હતું. અહીં મન્દ વૃત્તિઓ જાણે આળસ મરડીને જાગી ઊઠતી. ઓરડાના અસબાબની એકેએક સામગ્રી ઇન્દ્રિયસન્તર્પક હતી.

ઘડીભર એ બારી પાસે જઈને ઊભો રહ્યો. એને પાઇપમાં તમાકુ ઠાંસ્યો ને દીવાસળી સળગાવી. ધુમાડાની પહેલી સેર અવકાશમાં વહેતી થઈ. એની સાથે એણે એના મનને સ્વૈરવિહાર માટે છૂટું મૂક્યું. પણ આજે એને ક્યાંક કશોક અન્તરાય નડતો લાગ્યો. ક્યાંક

થોડો સરખો ભાર – પોતે છે એનું ભાન કરાવવા પૂરતો એથી જરાય વધારે નહીં – એને વરતાયો. થાક હશે? ના ના ... ફરી એણે ઓરડામાં નજર કરી. ઓરડાની કલરસ્કીમ, પ્રકાશછાયાની અજબ મિલાવટ –ક્યાંક કશું સંતાઈને દગો દેવા બેઠું તો નથી ને? સાંજની ધૂસરતાથી વસ્તુઓ લીંપાઈ હતી પણ એ ધૂસરતામાં વૈરાગ્યની છાંટ નહોતી... સ્રસ્તવસ્ત્રા આલુલાયિતા નાયિકાનાં ગાત્રોમાં રતિક્રીડાને અન્તે આવતી શિથિલતાનો જ એમાં ભાસ થતો હતો.

ને છતાં.. એ 'છતાં'નો કાંટો શી રીતે કાઢવો તેનો અનિચ્છાએ એ વિચાર કરવા લાગ્યો. એ કચવાયો. એને થયું. સોનલને નકામી જ અહીં આણી. એનું ગજું નહીં. લોહી જ ઠંડું. મારા બાપ... આંસુમાં ઘોળાયેલો એનો ગુસ્સો જોઈને હું તો ફરી ભાન ભૂલતો હતો. એ ગઈ ત્યારે શ્વાસ હેઠો બેઠો...

ને એણે પોતાના નિશ્ચયને ફરી વળ ચઢાવ્યો. ના, સોનલ જેવીનું અહીં કામ જ નહીં.

પણ ... આ આજે એને શું થવા બેઠું છે? પાઇપમાંનો તમાકુ હોલવાઈ ગયો હતો ને એ અન્યમનસ્ક બનીને દમ ખેંચ્યે જતો હતો. એકાએક એને ભાન થયું કે ધુમાડો તો નીકળતો નથી. ને એ કચવાયો: 'આ તે મને શું થવા બેઠું છે?'

એણે બહાર નીકળવાનો વિચાર કર્યો. જરા લટાર મારી આવવાથી કે બ્રિજનાં બેચાર રબર રમવાથી જરૂર ફેર પડશે એમ એને લાગ્યું. એણે ચન્દ્રકાન્તને ઘેરે જઈને જોયું તો ભાઈ ગેરહાજર હતા. સુધાએ એને આગ્રહ કરીને બેસાડ્યો ને એ ચા લાવી, ચા એને ભાવી નહીં. એણે સુધાને કહ્યું: 'ચન્દ્રકાન્ત આવી ગાયના મૂતર જેવી ચા પીએ છે ખરો?' સુધાએ કહ્યું: 'ના, હવે એમણે ચા છોડી છે. મારી યુક્તિ સફળ થઈ. દાક્તરે કેટલી ના પાડી છતાં ચા છોડે નહીં એટલે મેં હલકામાં હલકી ચા વાપરવા માંડી; ને તમે તો જાણો છો ને કે એ પહેલાં સ્પેન્સરની ચા સિવાય બીજી પીતા જ નહીં. આખરે કંટાળીને એમણે ચા છોડી.'

એને હોઠે શબ્દો આવ્યા: 'અરે, મારે ત્યાં તો ખાસ્સો કપના કપ ચા ગટગટાવી જાય છે.' પણ એ શબ્દો બોલવાની ક્રૂરતા એણે આચરી નહીં. એ ઊઠ્યો. એણે રાજમાર્ગ પરના

ટોળામાં ભળીને ચાલવા માંડ્યું. એ પ્રવાહમાં પરપોટાની જેમ ખોવાઈ જવાનો પ્રયત્ન કર્યો. પણ તરત જ એ બહાર ફેંકાઈ ગયો. હવામાં સુસ્તી હતી, મનને નાહક ભારે કરી નાંખે એવી ગતિહીન નિશ્ચલતા હતી. હવાનો થર ખભે ઉપાડીને જાણે ચાલવું પડતું હતું. ક્યાંક કશુંક ગતિને રૂંધીને પડ્યું હતું. પ્રવાહ અટકી ગયો હતો – કે પછી આ બધી એના મનની જ કલ્પના હતી? એણે બારણું ખોલ્યું. પુરાઈ રહેલી હવા જાણે છુટકારાનો દમ ખેંચીને બહાર નીકળી ગઈ. ઘડીભર જાણે કોઈ અંધારામાં એને ઘસાઈને ચાલી ગયું હોય એવી એને ભ્રાન્તિ થઈ. થોડી વાર સુધી દીવો કર્યા વગર એ બેસી રહ્યો. પછી એણે દીવો કર્યો. એ ઓરડાની સૃષ્ટિ જીવતી થઈ. એ બધાની સાથે એણે પણ જીવતા થવાનો પ્રયત્ન કર્યો પણ ઓરડાના અસબાબની વચ્ચે થોડી વાર સુધી એ જડ વસ્તુની જેમ પડ્યો રહ્યો.

એણે આંખો બંધ કરી. લોહીનો ધબકાર સાંભળ્યો. એનો લય બદલાયેલો લાગ્યો. જેમ જેમ એને નહીં સાંભળવાનો એ પ્રયત્ન કરતો હતો તેમ તેમ એ એને વધુ ને વધુ સ્પષ્ટ સંભળાતો ગયો. એ ધબકારની સાથે જ કોઈનો બારણું ઠોકવાનો અવાજ પણ ભળી ગયો. પછી એને ભાન આવ્યું. એ સફાળો ઊભો થઈ ગયો, એણે બારણું ખોલ્યું.

‘આવો આવો; અત્યારે ક્યાંથી ભૂલાં પડ્યાં?’

‘તમને તકલીફમાં તો નથી મૂકતી ને?’

‘ના ના, બેસો.’

એણે એને ટેબલલૅમ્પ આગળના સોફા પર બેસાડી. એકાએક એને સોનલ યાદ આવી. ત્યાં જ એ પણ તે દિવસે બેઠી હતી. ને એને થયું હતું કે આને ઊઠીને બીજી ખુરશી પર બેસવાનું કહે; પણ એ કેવું વિચિત્ર લાગશે તેના ખ્યાલે એણે એ વિચાર માંડી વાળ્યો!

એની આંખો જાગી, એણે જોયું: ચશ્માંના જાડા કાચ પાછળની ઝીણી આંખ, વધારે પડતો લાંબો લાગતો ચહેરો, નીચલા હોઠને દાબતા દાંત, પાતળો દેહ...

ને કોણ જાણે શાથી એને સુધાના શબ્દો યાદ આવી ગયા: ‘મેં હલકામાં હલકી ચા વાપરવા માંડી.... ને આખરે એમણે કંટાળીને ચા છોડી.’

‘હલકામાં હલકી’– શબ્દ એના મનમાં ખૂંતી ગયા. એ સામે બેઠેલી સ્ત્રીને જોઈ રહ્યો.

એ ઊભી થઈ. દીવાલ પરનાં ચિત્ર જોવા લાગી. એક તરફ એનું એમ.એ.નું સર્ટિફિકેટ હતું.

‘ઓહો, તમે એમ.એ.માંય ફર્સ્ટ ક્લાસ લીધેલો?’

‘હા.’ એ સન્તોષથી પોતાને માટેના આદરને માણી રહ્યો.

‘આ ચિત્ર તમે ક્યાંથી લાવ્યા?’

‘એ તો હું પૅરિસ ગયો હતો ત્યાં એક ફ્રેન્ચ બાઈએ ભેટ આપેલું.’ પેલીનો આદર વધ્યો.

‘ને આ તમારો ચારકોલ સ્કેચ?’

‘અલ્પના ઘોષ નામની મારી એક શાન્તિનિકેતનની મિત્રે કરેલો.’ પેલી વિસ્ફારિત નેત્રે જોઈ જ રહી. બધું જ એની ગણતરી મુજબ થતું લાગ્યું – એ જ વ્યૂહરચના, એ જ પ્રશ્નો – ને એક પછી એક ઉત્તરનો તન્તુ વીંટાતો ગયો તેમ તેમ શિકાર નજીક આવતો ગયો.

એણે ફરી એક વાર એના પર નજર કરી. એ હવે પાસે આવી હતી. ખૂણામાંના ટેબલ પરથી એક ફોટાનું આલ્બમ ઊંચકીને એ એની પાસે બેસીને ફોટાઓ જોતી હતી. એકએક ફોટો નવા સમ્મોહનાસ્ત્રનું કામ કરતો હતો. હાથ હાથને ક્યારનો સ્પર્શી ચૂક્યો હતો. એનાથી આખા શરીરમાં દોડી ગયેલા વિદ્યુત્પ્રવાહને કારણે એ ઘડીભર ચોંકી હતી પણ વળી સ્વસ્થ થઈ ગઈ હતી.

ફરી સુધાનું વાક્ય એના મનમાં ઘોળાવા લાગ્યું... આને પહેલાં જોઈ છે. પણ ચિત્ત પર સંસ્કાર પાડે એવું એનામાં કશું ન હોવાના કારણે એને કશું યાદ નથી. ચામડીનો રંગ કાળો ચળકતો અબનૂસ જેવો, ક્યાંય મોહકતાનો એક્કેય અંશ નહીં, અવાજમાં તીક્ષ્ણતા, બોલતી વખતે કોઈ વાર જાડા કાચની બહાર આંખો ધસી આવશે કે શું એવું લાગે!

આલ્બમનાં પાનાં ફર્યે જતાં હતાં. એ પણ એના શરીરની વીગતને આલ્બમની જેમ જ તપાસીને જોઈ રહ્યો હતો ને! પ્રથમ સ્પર્શે પાડેલી નાની કેડીએ વહેતો રાજમાર્ગ ખુલ્લો કરી દીધો હતો ને હવે વાતચીતના શબ્દો ધીમે ધીમે ઓછા થતા જતા હતા.

બારીનો પડદો હવાની એક લહેરખી આવતાં ફરફર્યો. બંધિયાર હવામાં ગતિ આવી. એ ગતિ સંકોચાતે પગલે ઓરડામાં દાખલ થઈ. વસ્તુઓના પડછાયા થરક્યા, સામી ભીંત પર પડતી સેન્ટરપીસ પરના થોરની છાયા એ જોઈ રહ્યો.

... સોનલ આવી જ રીતે પવનમાં અથડાતી બારીને આંકડી મારવા ઊઠી હતી. એની લટોએ મોઢું ઢાંકી દીધું હતું. ખભા પરથી રેશમી સાડીનો છેડો સરી પડ્યો હતો. ગભરાયેલી સંકોચાતી એ જ્યારે એની તરફ વળી ત્યારે એના લોહીમાં હજારો ધનુષોનો ટંકાર સંભળાતો હતો. એક શબ્દ બોલ્યા વિના એણે સોનલના બંને હાથ પડકી લીધા હતા. ખભા પરથી ખસેલો સાડીનો છેડો મુક્ત ગતિમાં અન્તરાય ન આવતાં છેક સરી પડ્યો હતો. સોનલની આંખમાં દૃષ્ટિ પરોવીને એણે પોતાના લોહીમાંના બધા ઉન્માદને જાણે એનામાં વહાવી દોધો હતો ...

પણ સોનલ જતી વખતે જે દૃષ્ટિથી એની સામે જોતી ગઈ એમાં એવું કશું હતું જે આજે પણ એનામાં ક્યાંક રહ્યું રહ્યું એ જ દૃષ્ટિએ તાકીને જોયા કરતું હતું. લોહીના ઉન્માદને નાથવો પડશે. એ રમતમાં દડો એવે સ્થળે પડ્યો છે કે હવે કાલીયમર્દન કરવું પડશે. નહીં તો આ ઉન્માદ બધી સીમા તોડશે. કોઈક વાર એ ચહેરાની સુરખીને પણ ભરખી જશે. એણે અનિષ્ટના ઓળા પડતા જોયા; એ કમકમી ઊઠ્યો ને મનમાં જ બબડ્યો: કાલીયમર્દન!

એણે પાસેની નારી તરફ જોયું: એ પરવશ બની ચૂકી હતી; ને છતાં એના સ્પર્શમાં ભયનો કમ્પ વરતાતો હતો. પણ એ હજુ ઉદાસીન હતો. અત્યાર સુધી એ વર્તમાન પરિસ્થિતિને નહીં પણ એની સાથે અધ્યાસને કારણે સંકળાયેલી ભૂતકાળની સ્મૃતિઓને વાગોળી રહ્યો હતો. પેલી સ્ત્રી તરફ જોતાં એને જુગુપ્સાનો ઊબકો આવ્યો. રાણીબાગમાં એક દિવસ જોયેલું દૃશ્ય યાદ આવ્યું. સિંહને માંસ ધર્યું હતું પણ માંસ વાસી ને બગડેલું હતું. સિંહ એ

તરફ નજર સરખી કરતો નહોતો. એ પિંજરાને એક ખૂણે ઉદાસીન બનીને ઊભો રહ્યો હતો.

પેલા ઉન્માદના મારણ તરીકે આ જુગુપ્સાનો ઉપયોગ કરવાનું એણે નક્કી કર્યું. જ્યારે જ્યારે ઉન્માદ લોહીમાં ફૂટી નીકળે ત્યારે આ ઓગાળેલી જુગુપ્સા મારણ તરીકે કામ કરે... કે પછી આ તર્ક પણ એ ઉન્માદની જ ધૂર્તતાનું પરિણામ હતો?

એ ઊઠ્યો; એની સાથે પેલી સ્ત્રી પણ ઘસડાઈ, એના સ્પર્શમાં કાકલૂદી હતી; કદીક એના પર આવો અનુગ્રહ કર્યો તે બદલની ધન્યતા એની આંખમાં વરતાતી હતી એનું આખું શરીર એને વળગી પડ્યું, બાઝી પડ્યું ને ફરી બબડ્યો: કાલીયમર્દન!

ઊંડાં ઘેરાં કાળાં જળ... પ્રસરીને પડેલો કાલીનાગ... લોહીના કણેકણમાં એણે ફણા માંડી છે... શ્વાસોચ્છ્વાસમાં એના વિષનો ફુત્કાર છે... સમસ્ત બળથી એણે એને કચડી નાંખવાને ઝંપલાવ્યું છે...

લોહીને ખૂણેખાંચરે બેઠેલી જુગુપ્સા એણે મરણિયા બનીને એકઠી કરવા માંડી. હવે ઊગરવાનો આરો નહોતો. પેલો નારીદેહ ધીમે ધીમે એની વિશિષ્ટતા ખોતો જતો હતો... ઉન્માદની એક છોળ સાથે જ બધા બન્ધ તૂટી ગયા, સોનલ...લીના...ને આ... એ બધું એકાકાર થઈ ગયું. નીચેના શરીરમાં ભયનો કમ્પ વધતો ગયો, એ સંકોચાઈને દૂર સરી જવા મથવા લાગ્યું. પેંતરા ભરીને એણે પણ આગળ વધવા માંડ્યું. પેલા સિંહે જાણે ત્રાડ નાખીને ખૂણો છોડ્યો, યાળ ખંખેરવાની સાથે ઉદાસીનતાને ખંખેરી, જે માંસના પર નજર સરખી નહોતી કરી તેના તરફ લાળ ટપકતી જીભે એ ધસ્યો.

અંધારાં ઊંડાં જળ... ચારે તરફ ભીંસમાં ભીડતી નાગચૂડ... છંછેડાયેલો નાગ ફંૂફાડા મારીને ધસતો હતો... ને પેલી સ્ત્રી ચીસ પાડી ઊઠી. અંધારાં જળમાં એ ચીસનો પડઘો પડ્યો, એ જાણે કાલીનાગના વિજયનો હુંકાર હતો. પેલી સ્ત્રીએ ભયવિહ્વળ ફાટેલી આંખે એની સામે જોયું ને પછી બંને આંખો ધ્રૂજતા હાથે દાબી દીધી. એની નજર સામેના આયના તરફ પડી. કપાળ પરની ફૂલી આવેલી નસ, આંખમાં ભયાનક ભૂખ, પરસેવાથી ભીંજાયેલા વાળ – એને પોતાને જ એ જોઈને ભય ઉત્પન્ન થયો, ફરી સ્ત્રીએ આંખ

ખોલી, ચીસ પાડીને મૂર્છામાં ઢળી પડી, એનું શરીર શિથિલ થઈ ગયું. એ ઊભો થયો. એ ઢળેલા શરીરને એણે જોયું. એને ક્યાંક ઉષ્ણ લોહીનો સ્પર્શ થયો. ચાદરનો થોડો ભાગ એણે લોહીથી રાતો થયેલો જોયો, એના દાંત પીસીને બીડેલા હોઠમાંથી પણ લોહી નીકળતું હતું.

એણે કાંટાળો થોર ને એની વચ્ચે લોહીના બિન્દુની જેમ ચમકતા ચણોઠીના દાણા જોયા… ચણોઠીના લાલચટ્ટક દાણા – ને એ હસ્યો.

# રિગર મોર્ટિસ

ઝાંઝર ઝણક્યાં, નૃત્યમાં ત્વરિત ગતિએ ઘૂમતા પગને વંદરાવન શેઠ જોઈ રહ્યા. એની ગતિના પૂરમાં એઓ કોણ જાણે ક્યાંના ક્યાં ફેંકાઈ ગયા. નાડીના ધબકારમાંથી આળસ મરડીને મસ્તી જાગી, શેઠ સાહસને માટે તૈયાર થયા, આંખમાં ચમક આવી. નૃત્યની નવી નવી અદાથી ઇન્દુબાલા એમને મોહના તન્તુમાં લપેટતી ગઈ. શેઠ પરવશ બનીને મોહના ઘેનમાં ચકચૂર થતા ગયા. ત્યાં એકાએક ગતિ રમણે ચઢી, જાણે બધી વસ્તુનાં મૂળ ઊખડી ગયાં, વંટોળિયો ચઢ્યો – એવી આંધીમાં હૈયું મૂઠીમાં સાચવીને શી રીતે બેસી રહેવાય? ફનાફિદાનો મામલો હતો. ત્યાં તબલાં પર સમની થાપ પડી. ગતિ ઢગલો થઈને અવકાશમાં ઢળી પડી, ઇન્દુબાલા ઢળી પડી શેઠના ખોળામાં. શેઠ પોતાને શરણે આવેલા શરીરને જોઈ રહ્યા. આંખનો એ સુરમો, અંગમાંથી આવતી માદક ખૂશબો... ધીમે ધીમે બે હાથ ઊંચા થયા – ડોલતા ફણીધરના જેવા ને શેઠને ગળે વીંટાયા. એ સ્પર્શમાં આવેગ નહોતો, શીતળતા હતી. સાપના શરીરની શીતળતા. એ હાથ ફૂલનો હાર બની ગયા – એનાં ફૂલમાંથી ક્યાંકથી એક કીડો નીકળ્યો. એની પાછળ એકાએક બે આંખ તગતગી ઊઠી. કીડો આગળ વધ્યો, પેલી બે આંખ એની પાછળ પાછળ જવા લાગી. પાછળ પડેલી ગરોળીથી બચવા માટે કીડાએ શેઠના ગળા પરની એક નસ કોતરી ને એ અંદર લપાઈ ગયો... શેઠ સફાળા બેઠા થઈ ગયા. હોસ્પિટલના વોર્ડમાં છેડેના બે જ દીવા ઝબૂકતા હતા, આજુબાજુની ચુપકીદીમાં ગમગીની હતી – એમાં જ ક્યાંક જાણે મૃત્યુ પેંતરો ભરીને ગરોળીની જેમ શિકાર મીટ માંડીને બેઠું હતું... વંદરાવન શેઠને શરીરે પરસેવો વળી ગયો. દીવાલ પરના પડછાયામાંથી આખી ભૂતાવળ એમને ચાલી આવતી દેખાઈ, એના પડછાયા ધસ્યે જ આવતા હતા, નજીક ને નજીક. શેઠે આંખ બંધ

કરી. કાનમાં એ ભૂતાવળના નાચતા પડછંદા ગાજી ઊઠ્યા. શેઠનું શરીર ભયથી ધ્રૂજી ઊઠ્યું – અનાથ બાળકની જેમ એમને કોઈકનો પાલવ પકડીને સંતાઈ જવાનું મન થયું. ચારે બાજુની ગમગીનીભરી નીરવતામાં બધું ડૂબીને તળિયે બેસી ગયું હતું. માત્ર પોતે જ એકલા ઉપર તરી રહ્યા હતા – ચોથે દિવસે ફૂલીને ઉપર તરી નીકળતા ડૂબેલા માણસના શબની જેમ...

શેઠની આંખ ઘેરાવા લાગી. તન્દ્રાના દ્રાવણમાં ઓગળતા વસ્તુઓના આકાર બદલાઈ ગયા. એમણે જોયું: પોતે ક્યાંક જઈ રહ્યા હતા. પણ એમણે ધારણ કરેલું શરીર કોઈક બીજાનું હતું. એ એમને પણ સાવ અજાણ્યું હતું. એમને બધા કોઈક બીજે જ નામે બોલાવતા હતા. ને એઓ પણ એમને પોતાનેય ન સમજાય એવી વાતો કહ્યે જતા હતા – ને અંદરથી મૂંઝાતા આ વિચિત્ર ઘટના જોઈ રહ્યા હતા. એ પેલા અજાણ્યા શરીરમાં પુરાઈને પરાણે ઘસડાઈ રહ્યા હતા ને છૂટવાનાં ફાંફાં મારી રહ્યા હતા. કોઈ રસ્તો જડતો નહોતો. એમણે પેલા શરીરને તોડીફાડીને બહાર નીકળવાનો મરણિયો પ્રયત્ન કરવા માંડ્યો. એમનો હાથ કશાક સાથે જોરથી અથડાયો. એની વેદનાથી એઓ જાગી ઊઠ્યા ને વળી બેઠા થયા. જોયું તો એમણે બધું ઓઢવાનું નીચે ફગાવી દીધું હતું. પોતાની જાત પર એમને રોષ ચઢ્યો. એમણે પથારી સરખી કરી ને હાથ પંપાળતા બેસી રહ્યા. એમને વિજયા શેઠાણી પર ગુસ્સો ચઢ્યો. પાછલા વરસના વાસી પંચાંગની જેમ, ચૂકવી દીધેલા બિલની જેમ એણે એમને અહીં ધકેલી દીધા. રોગ ચેપી છે તો તેથી શું થયું? તેથી ઘરનાં માણસ સારવાર નહીં કરે એવું કોણે કહ્યંુ? પૈસે ટકે હવે જરા ઘસાઈ ગયા છે તેથી શું? શેઠને પોતાની અસહાયતાનું ફરી ભાન થયું ને એઓ સમસમીને બેસી રહ્યા. શેઠાણીને હજુ માંડ બત્રીસ થયાં છે ને પોતે તો વન વટાવી ચૂક્યા છે. આ હકીકત ને એનાં હવે પછીનાં શક્ય પરિણામોની શેઠે કલ્પના કરવા માંડી. ડોકટર શ્રોફ, બાજુના બંગલામાંનો પેલો ચતુર્ભુજદાસનો ભત્રીજો પ્રિયકાન્ત, થોડા દિવસથી શેઠાણીને પિયરથી આવી રહેલો એનો દૂરનો સગો (!) હસમુખ... શેઠાણીના ભાવિ પ્રેમીઓની યાદી પોતાને હાથે તૈયાર થઈ રહી હતી તેનો શેઠને ખટકો લાગ્યો. પણ એથી એમને એક પ્રકારનું સુખ પણ થતું હતું. એ વાત એમણે સાથે કબૂલી લીધી. ને તેથી જ તો મન કલ્પનામાં આગળ વધ્યું... પ્રેમીઓનો વધતો જતો સમ્બન્ધ, એમનું હોસ્પિટલમાં આવવું, પોતે આંખ બીડીને ઊંઘવાનો ડોળ કરવો. એ દરમિયાનનો એમનો વાર્તાલાપ

ચોરીછૂપીથી કાન સરવા રાખીને સાંભળવો અને કદીક અસાવધાનીથી અન્યોઅન્યને થતા થઈ જતા સ્પર્શને જોવા – એની પોતાને ખબર છે એની જાણ કરીને એમને ચોંકાવી દેવાં...

ઘડિયાળમાં બારના ટકોરા પડ્યા. ક્યાંક કોઈક દરદથી કણસતું હતું. એમની ડાબી બાજુનો ખાટલો ખાલી હતો. ગઈ કાલે જ ત્યાંનો દરદી સારો થતાં છૂટો થયો હતો. ચોવીસ વરસનો જુવાન, એને ચાહનાર છોકરી... એ હજુ પરણ્યાં પણ નહોતાં – એણે એની કેવી માવજત કરી હતી! એ છોકરીના મોઢા પરથી હાસ્ય સુકાતું નહીં. કોણ જાણે ક્યાંથી એટલું બધું હાસ્ય એકઠું કરી લાવતી હશે? બંને જણાં વાતો કરતાં ને ખૂબ હસતાં. શેઠ કોઈક વાર આથી અકળાઈ ઊઠતા. જુવાન સારો થશે એવું એમને લાગતું નહોતું; પણ પેલી યુવતીના હાસ્યથી જાણે મૃત્યુની છાયા ડરીને દૂર ભાગતી હતી. એમનું રક્ષણ કરવાને એવા જ કોઈકના હાસ્યની એમને ઇચ્છા થઈ આવી. ઘણી વાર એ છોકરીની નાની શી ડોકને પોતાના હાથમાં લઈને મરડી જોવાનું મન એમને થઈ આવતું. એમની પાસે, અત્યન્ત નજીક, નિર્મળ આનન્દના સ્રોતમાં નાહીનાહીને પેલો જુવાન એના પરની મરણની રહીસહી છાયાને ધોયે જતો હતો... ને પોતે! ઇન્દુબાલાનું ખરીદેલું હાસ્ય પણ આજે ચોપડામાં ઉધાર બાજુએ પડી ચૂક્યું હતું. આથી કોઈક વાર મધરાતે પેલા જુવાનનો ટોટો પીસી નાંખવાનું એમને મન થયું હતું. એક વાર એમણે એક યુક્તિ પણ અજમાવી જોઈ હતી. પેલી યુવતીના ગયા પછી એમણે વાત ઉપાડી:

'ભાઈ, માઠું ના લગાડશો, પણ ઘણા દિવસથી તમને એક વાત પૂછું એમ મનમાં થયા કરે છે. પણ તમે કાંઈ અવળું તો નહીં સમજી બેસો ને? કારણ કે તમારી તબિયત નાજુક રહી એથી તમારા દિલને આઘાત લાગે તો!'

એમણે આટલું બોલીને પેલા જુવાન સામે જોયું. ધારેલી અસર થઈ. પેલાના મોઢા પર ચિન્તાની આશંકાની કરચલી પડી. એણે કહ્યું: 'શું છે શેઠ, કહી નાંખો ને, હું કશું અવળું નહીં સમજું.'

'એ તો ભાઈ, વાત એમ છે કે કાલે મેં આ તમને મળવા આવે છે તે બહેનને અહીંથી નીકળ્યા પછી બહાર કોઈ જુવાનની સાથે એકાદ કલાક ઊભાં ઊભાં વાતો કરતાં જોયા.'

આમ કહીને શેઠ ખંધું હાસ્યા. ત્યાં પેલાએ તરત હસી પડીને કહ્યું: 'ઓહો, એ તો ધીમન્ત જોડે વાતો કરતી હતી. એણે મને કહ્યું હતું.'

શેઠે પૂછ્યું: 'પણ એ ધીમન્ત કોણ છે?'

'એ તો એનો નાનો ભાઈ.' શેઠ જરા ખિસિયાણા પડી ગયા. આ ઘટનાના સ્મરણથી એમનું મન કડવું થઈ ગયું.

શેઠે ફરી આંખો બંધ કરી. એ દરવાજા બંધ કરતાં ક્યારે શું અંદર છાનુંછપનું ભરાઈ જાય છે તેની હવે ખબર પડતી નથી. સાવધ રહેલું કામમાં આવતું નથી. આથી હવે શેઠ ભીતિપૂર્વક શું વીતે છે તેની રાહ જોઈ રહ્યા. વિજયા શેઠાણી, ઇન્દુબાલા, પેલાં યુવકયુવતી, રેસકોર્સ, દોડતા ઘોડા, ઇયળ, પતંગિયું, આકાશમાં ઊડતો પતંગ, ભૂરો અવકાશ, એમાં તરતું લાલ બિમ્બ, એ બિમ્બમાંથી ઊપસી આવતો એક આકાર, એનો કાળો પડછાયો, એ પડછાયાનો વધતો જતો વિસ્તાર, એનાં નજીક ને નજીક આવતાં પગલાં, એનો ચહેરો, કપાળ પર વળેલી કરચલીની ગડી, એમાં થઈને વહેતી પરસેવાની નીક, આંખમાંની ચીકણી પીળાશ, ભીંસેલા હોઠ, ફૂલેલી નસો, શાહુડીના કાંટાની જેમ ઊભા થઈ ગયેલા વાળ, હાથના પહોળા પંજા, ટૂંકાં જાડાં આંગળાં, એ આંગળાં પર લોહી – એમણે ધારીધારીને જોયું – એ પોતાનો જ ચહેરો હતો! એઓ જાગી ઊઠ્યા. એમણે પોતાના હાથ પર નજર કરી. ખાટલાની ધારને જોરથી ભયના માર્યા પકડી રાખવાથી હાથમાંથી લોહી નીકળ્યું હતું. શેઠ એ હાથને જોઈ રહ્યા...

એમણે જમણી પડખેના ખાટલા પર નજર કરી. જગમોહન ઘોરતો હતો. દાક્તરે હજુ એને ગઈ કાલે સવારે જ કહ્યું: 'કાકા, તમે કોઈ દિવસ એકાએક થાપ આપીને રવાના થઈ જવાના છો!' ત્યારે જગમોહને હસીને કહેલું: 'ભાઈ, આ તો સંતાકૂકડીની રમત, એમાં સંતાતી વખતે 'આવજો' કહેવાની સહી નહીં.' ને એ અત્યારે નચંતિ જીવે ઘોરે છે. એ નિશ્ચિન્તતાની હૂંફ લેવાનો શેઠને વિચાર આવ્યો. એમણે જોયું તો હોસ્પિટલની નર્સ કોઈ ઇમરજન્સી કેસ આવ્યો હોવાને કારણે ઓપરેશન થિયેટરમાં ગઈ હતી. એઓ ઊઠ્યા. જગમોહનની પથારીમાં ગયા ને એની સોડમાં ભરાઈને સૂતા, એક હાથ લઈને એનાં આંગળાં પોતાનાં આંગળાં સાથે ગૂંથ્યાં ને આંખો બીડી.

માની સોડ, વિજયા શેઠાણીની સોડ, જગમોહનની સોડ.... શેઠ વિચારે ચઢ્યા. ધીમે ધીમે વિચારનો વળ ઊતરતો ગયો ને તન્દ્રાનું મોજું ફરી વળ્યું. શેઠનું થાકેલું શરીર આખરે હેઠે બેસતું લાગ્યું... નીચે, નીચે ને નીચે... પોતે નીચે ને નીચે જઈ રહ્યા છે. આજુબાજુ છે લીલો ને પીળાશ પડતો પ્રકાશ, ક્યાંય કશું એમની ગતિમાં અન્તરાય રૂપ નથી; તેઓ જઈ રહ્યા છે – નીચે ને નીચે... હવે ધીમે ધીમે એઓ ઓગળતા જાય છે. ચહેરો ભુંસાયો, શરીરની રેખાઓ ગઈ, પરપોટો રહ્યો. એ નાનો શો બુદ્‌બુદ ઓગળતો નથી. એ હજુ દેખાય છે – નીચે ને નીચે. હવે પેલો પીળાશ પડતો લીલો પ્રકાશ દેખાતો નથી; દેખાય છે કેવળ બુદ્‌બુદ – એ નવો આકાર ધારણ કરે છે – માંસનો પિણ્ડ – મરેલા અવતરેલા બાળકના જેવો. થાકીને સૂતેલી ઇન્દુબાલાનું નીચે ગબડી ગયેલું એક સ્તન – એના પર પોતાના હાથે આલેખેલી ઉઝરડાની લિપિ... ફૂલનો ગુચ્છો, અત્તરદાની, પાયલનો ઝણકાર, સારંગીનો કરુણ વિલાપ, મોઢામાંથી ટપકતી પાનની લાળ, પગની પાની પરનો હીનો, લાલ તરતો અવકાશ, એ અવકાશમાંથી ઝળુંબી રહેલો કાળો સાપ – એની એમના તરફ મંડાયેલી સ્થિર નિષ્પલક આંખ, એની ઘડીક બહાર નીકળીને અંદર ખેંચાઈ જતી જીભ, એની મૂછના ફરકતા વાળ, એની વાંકીચૂકી ગતિ, એનો ભીનો શીતળ સ્પર્શ... પગે, ત્યાંથી આગળ ઘૂંટણે, કેડ પર, છાતીએ, ગળે, એ વીંટાતો જાય છે – એની સાથે વીંટાતા જાય છે હજાર લાખ્ખોનાં જમાઉધારના ચોપડાનાં પાનાં, વિજયા શેઠાણીના ચન્દનહાર... એમના શરીરની બધી નસો પણ જાણે બહાર નીકળીને એમને વીંટળાઈ રહી છે, જાણે કોઈક એમને કસીકસીને બાંધી રહ્યું છે, ફરી કદી ન છટકી શકે એવા બન્ધને... ને એઓ ચોંક્યા, ચીસ પાડી ઊઠ્યા.

નર્સ આવી, દાક્તર આવ્યા. દાક્તરે કહ્યું: રિગર મોટિર્સ! મરી ગયેલા જગમોહનના શેઠને ગળે વીંટળાયેલા હાથ લાકડા જેવા થઈ ગયા હતા. એની પકડમાંથી શેઠનું ગળું છૂટતું નહોતું. મરણે જાણે શેઠને ગાઢ આલિંગનમાં જકડી લીધા હતા.

# પરગજુ વ્રજભૂખણદાસ

વ્રજભૂખણદાસ અંધેરીથી ચર્ચગેટની ડબલ ફાસ્ટમાં મહામુશ્કેલીએ થર્ડ ક્લાસમાં ચઢી તો શક્યા. ચઢ્યા પછી એમણે પોતાના ભારે શરીરનો ભાર કોઈને અન્યાય ન થાય એવી રીતે સરખે હિસ્સે આજુબાજુના મુસાફરોમાં વહેંચી નાંખ્યો – થોડી વાર સુધી એ ભાર સહન કર્યા પછી આજુબાજુના મુસાફરોએ પોતાની સ્થિતિચુસ્તતા પરના નવા આક્રમણનો વિરોધ પ્રકટ કર્યો. અંધેરી સ્ટેશનને વટાવીને પારલા તરફનો વળાંક લેતાં ગાડીએ આંચકો આપ્યો; એ આંચકાને પરિણામે વ્રજભૂખણદાસનું શરીર આજુબાજુના શરીર સાથે એકાએક વધુ નિકટના સમ્બન્ધમાં આવ્યું ને પછીથી એને કાંઈક અંશે વધુ દૃઢ એવી નવી સ્થિતિ પ્રાપ્ત થઈ.

સ્થિરતાની ખાતરી થતાં એમણે આજુબાજુની પરિસ્થિતિનું વિહંગાવલોકન કરી લીધું. જમણી બાજુના બારણા આગળનો દાંડો પકડીને આ ગાડીમાં હંમેશાં મુસાફરી કરતી પેલી ક્રિશ્ચિયન યુવતી આજે દેખાઈ નહીં. આથી એઓ ભારે નિરાશ થયા. પ્રવાસનો ખેદ નિવારવાનું એમને માટે એ યુવતી એક રમ્ય સાધન હતું. કદીક અળવીતરા પવનને કારણે તો કદીક એકાએક વળાંક લેતી ગાડીના આંચકાને કારણે જે સ્પર્શસુખનો લાભ એમને મળતો, એમાં કલ્પનાનો અંશ પોતાના તરફથી ઉમેરીને એઓ જે સુખ માણતા તે આજે ઝૂંટવાઈ ગયું. સવારે ધનકોર શેઠાણીનું મોઢું ચઢ્યું ત્યારથી જ ખાતરી તો થઈ જ ચૂકી હતી કે આજનો દિવસ સારો ઊગ્યો નથી. હવે એ વિશે એમના મનમાં જરાય શંકા રહી નહીં.

પરસેવાની ફૂટતી સરવાણીઓએ પ્રવાહની દિશા હવે શોધી લીધી હતી. એને માર્ગમાં

ઘણી નાની નાની શાખાઓ આવીને મળ્યે જતી હતી. અકળાટ વધતો જતો હતો. બાજુમાંના સહેજ કદમાં નીચા ગૃહસ્થની મૂછ કાન સાથે ઘસાઈને ગલગલિયાં કરતી હતી. એ જ માત્ર એક નાનું સરખું આશ્વાસન હતું. ક્યાંય કશું નાનું સરખું છમકલું, બોલચાલ (મારામારીને તો અવકાશ જ નહોતો કારણ કે અંગોનાં હલનચલનને આવશ્યક અવકાશ જ ક્યાં હતો!) થાય તો મન એમાં પરોવાય, હજુ તો ગાડીએ માંડ વાંદરાની ખાડી વટાવી હતી!

એટલામાં એક જણે વાત ઉપાડી: 'આ હું હમણાં સગી આંખે જોઈને ચાલ્યો આવું છું. પેપરમાં તો હજી કાલે આવશે.' એ કિસ્સો શાનો હશે તે વિશે વ્રજભૂખણદાસે અનેક અનુમાનો કર્યાં. શ્રોતાવર્ગમાં કુતૂહલનો સંચાર થયેલો જોઈને વાત કહેનારને સન્તોષ થયો. એણે વાત આગળ ચલાવી: 'અમારી પાડોશમાં જ બનેલો બનાવ છે. એક મદ્રાસી કુટુમ્બ બાજુમાં રહે છે. પુરુષ ક્યાંક બહાર ગયેલો. સવારે દૂધવાળો ભૈયો આવીને બારણાં ઠોકે પણ અંદરથી જવાબ જ ન મળે.' આટલું કહીને વળી શ્રોતાઓના મુખ પરનો ભાવ જોવા એ અટક્યો. એ દરમિયાન એક રસિક શ્રોતાએ અનુમાન રજૂ કર્યું: 'એ તો કાંઈ હશે કાળુંધોળું. ભાઈ બહાર હોય ત્યારે બાઈ કોઈ જોડે આડો સમ્બન્ધ રાખતી હશે. એની આજકાલ ક્યાં નવાઈ છે!' ત્યાં વળી બીજાએ ઉમેર્યું: 'બાઈ ઘરેણાંપૈસા ઉચાપત કરીને કોઈ જોડે ભાગી ગઈ હોય એમેય બને.' આમ ને આમ જો શ્રોતાઓ પોતાનાં અનુમાનો રજૂ કર્યે જાય તો પોતાની વાત આગળ ચાલી શકે જ નહીં એનો ખ્યાલ આવતાં સહેજ અધીર બનીને વારતા કહેનારે કહ્યું: 'તમેય શું મારા સાહેબ, હું કહું છું તે તો સાંભળો. વાત જુદી છે. બાઈ તો ઘરમાં હતાં જ નહીં, પિયેર ગયેલાં ને તે દિવસે સવારે પાછાં આવનાર હતાં ને પેલા ગૃહસ્થ એમને સ્ટેશને તેડવા ગયેલા.' આથી કાંઈ પેલા રસિક શ્રોતા નિરાશ થયા નહીં. તરત જ એ બોલી ઊઠ્યા: 'સમજ્યા મારા ભાઈ, બાઈની ગેરહાજરી દરમ્યાન ભાઈ સખણા રહ્યા નહીં હોય, એકાદ બીજી રાખી હશે. તે કાંઈ ઊંધુંચતું કરી બેઠી હશે!' હવે વાત કહેનારની અધીરાઈ વધી ગઈ: 'અરે મહેરબાન, વાત એમ નથી. મારું તો સાંભળો. દૂધવાળો ભૈયો મને તેડવા આવ્યો. મને થયું કે આમાં આપણે ક્યાં વચ્ચે પડીએ! બહારથી તાળું નહીં, અંદરથી બારણાં બંધ ને કોઈ ખોલે નહીં, વાત તો વહેમ જાય એવી જ કહેવાય ને?' એ પ્રશ્નનો જાણે જવાબ આપતા હોય તેમ એક ગૃહસ્થ બોલી ઊઠ્યા: 'અરે હા રે, એવી વાતમાં આપણે સારા

માણસે વચ્ચે પડવું નહીં. મારે એક વાર એવું જ બનેલું.' એમ કહીને એમણે મૂળ કથામાં પોતાનું ઉપાખ્યાન જોડી દીધું. ઉપાખ્યાનનો સાર માત્ર એટલો કે બારણું ઉઘડાવીને અંદર જતા અંદરની સ્ત્રીએ હોહા કરીને એમની ઉપર પોતાની છેડતી કરવાનું આળ ચઢાવ્યું. ને એને પરિણામે એમના આત્માને જેટલું દુ:ખ થયું (કદાચ કલ્પનામાં પણ એવા સાહસને અનુભવીને એમને આનન્દ પણ થયો હોય!) તેના કરતાં એમના શરીરને ઇજા વધારે થઈ! પછી મૂળ વાત આગળ ચાલી: 'આથી મેં તો ભૈયાને જ કહ્યું કે ભાઈ, તુમ હી જરા વેન્ટિલેટર ઊંચા કર કે દેખો ક્યા મામલા હૈ.' ભૈયાએ જોયું ને એને તમ્મર આવી ગયાં, એ તો એક હરફ બોલવા રહ્યો નહીં. કળ વળી એટલે ઊભો થઈને ચાલવા જ માંડ્યો.' અંદર શું હતું તેનો ઘટસ્ફોટ નહીં થવાથી, વળી શ્રોતાઓને અનુમાનો રજૂ કરવાની તક મળી:

'આપઘાત?'

'ખૂન?'

ગાડી એલ્ફિન્સ્ટન રોડ વટાવી રહી હતી. હજુ દશેક મિનિટ બાકી હતી. એટલા લાંબા ગાળા સુધી વાતને પાથરવાની અશક્યતા વાર્તા કહેનારને સ્પષ્ટ થઈ હશે તેથી કે કેમ પણ વાર્તાને વધુ કુતૂહલપૂર્ણ બનાવવાનો પ્રયત્ન એણે આખરે છોડી દીધો:'પોલિસને કોણ ક્યારે ખબર આપી આવ્યું કોણ જાણે! પણ પોલિસ આવી, બારણું તોડી પાડ્યું ને જોયું તો ઘરનો રસોયો ફાંસો ખાઈને લટકતો દેખાયો. એ લબડતા પગ, એ બહાર નીકળી પડેલા ડોળા, એ ફૂલી આવેલી નસો – મહેરબાન, હજુ આંખ આગળથી એ બધું ખસતું નથી.'

થોડી વાર શાન્તિ રહી. પણ શ્રોતાઓને આવા અન્તથી નિરાશા ઊપજી હોય એવું લાગ્યું. એક જણે તો કહ્યું પણ ખરું: 'અરે મારા સાહેબ, આવા કિસ્સા તો મુંબઈમાં દિવસના કેટલાય બને છે એમાં તમે નવું શું કહ્યું! અમારા મનમાં એમ કે તમે કાંઈક ભારે અદ્‌ભુત કહી નાખવાના હશો!' આના જવાબમાં વાર્તા કહેનાર ભાઈ કશુંક અસ્પષ્ટ ગણગણ્યા – પણ તે બધાને કાને પહોંચ્યું નહીં. નહીં તો એમાંથી નાનું સરખું વાગ્યુદ્ધ જરૂર ઊભું થઈ શક્યું હોત.

હવેનો સમય ભારે કસોટીનો હતો. લોઅર પરેલ વટાવ્યા પછી મહાલક્ષ્મી આગળ આવતાં ગાડીની ગતિ ધીમી પડી ગઈ. સેન્ટ્રલ આગળના વળાંકો ગાડીએ લીધા ત્યારે શરીરો વચ્ચેની નિકટતા વધુ ગાઢ બની. વ્રજભૂખણદાસની ને એમના હાથની વચ્ચે બીજું એક શરીર આવી ગયું. વચ્ચે પડેલા અન્તરને કારણે એ હાથ જાણે પોતાનો નહીં હોય, એને એનું સ્વતન્ત્ર અસ્તિત્વ હોય એવું એમને લાગ્યું. ને એવી જ એક ક્ષણમાં બાજુમાંના ગૃહસ્થના પહેરણના ખિસ્સામાંના પાકીટને વ્રજભૂખણદાસના હાથનો સ્પર્શ થયો. એ સ્પર્શથી એમની તન્દ્રા ઊડી ગઈ. મનમાં તો બબડ્યા: ‘આમ તે વળી પૈસાનું પાકીટ આવી ભીડમાં રખાતું હશે!’ પણ બીજી જ પળે એમનો હાથ નવા સાહસના ખ્યાલથી લોભાયો. એ પાકીટ જો સિફતથી હાથ કરવું હોય તો! હાથની સ્પર્શેન્દ્રિય સતેજ થઈ. એમની આંગળીનાં ટેરવાંએ પાકીટની રૂપરેખાનો ખ્યાલ મેળવી લીધો. એટલામાં બોમ્બે સેન્ટ્રલ છોડ્યા પછીનો ગ્રાન્ટ રોડનો વળાંક આવ્યો, એક આંચકા સાથે પાકીટવાળું ખિસ્સું વધારે પહોળું થઈને હાથની લગોલગ આવી ગયું. આ વસ્તુ વળાંકને કારણે આવેલા આંચકાથી આપોઆપ બની કે વ્રજભૂખણદાસના હાથની કોઈ ચાલાકીથી બની તે ખુદ વ્રજભૂખણદાસ પણ નક્કી કરી શક્યા નહીં. જૂના સંસ્કાર જાગ્યા. એમણે હાથને ખિસ્સાથી દૂર ખસેડવાનો પ્રયત્ન કર્યો. મરીન લાઇન્સ આવે તેની એઓ રાહ જોવા લાગ્યા. ત્યાં ગ્રાન્ટ રોડ અને ચર્ની રોડ વચ્ચેના ચોપાટી આગળના પુલ આગળનો વળાંક લેતાં ગાડીએ વળી આંચકો આપ્યો. આ વખતે વ્રજભૂખણદાસનો હાથ એમના કાબૂની બહાર જતો રહ્યો. એમની નજર આગળ એ હાથે ભારે સિફતથી પહોળા થયેલા ખિસ્સામાંથી પાકીટ સેરવી લીધું ને હજુ તો પોતે આ હકીકતને સમજે તે પહેલાં તો એમણે એ પાકીટને પોતાના ખિસ્સામાં પ્રવેશી ગયેલું અનુભવ્યું. એમના હાથે જાણે બળવો પોકારીને પોતાનું સ્વતન્ત્ર અસ્તિત્વ જાહેર કર્યું. બાળપણમાં એમણે મહામહેનતે એ હાથને આવાં અનેક કાર્યોમાંથી પાછો વાળીને કાબૂમાં આણેલો. પણ હવે કાળા બજારના વેપારના નફાના આંકડા એને લખવા દીધા ત્યારથી એને પોતાનો અસલ સ્વભાવ ફરી યાદ આવી ગયો હોય તો નવાઈ નહીં!

આખરે મરીન લાઇન્સ આવ્યું. પ્લૅટફૉર્મ પર પગ મૂકીને સ્થિર થતાં એમને આખી પરિસ્થિતિનો બરાબર ખ્યાલ આવ્યો. એ દરમિયાન જેમનું ખિસ્સું હળવું થઈ

ગયું હતું તે ગૃહસ્થ તો ટિકિટચેકરનું ચકરડું વટાવી જવાની તૈયારીમાં હતા. હવે જે તે નિર્ણય લઈ લેવાનો હતો. એમણે જમણા ખિસ્સામાંથી ડાબા હાથે પાકીટ બહાર કાઢ્યું ને બૂમ પાડી: ‘એ રેશમી પહેરણવાળા ભાઈ, જરા થોભો, આ તમારું પાકીટ પડી ગયું છે તેનુંય તમને ભાન નથી?’ ઘણા રેશમી પહેરણવાળાઓના હાથ ખિસ્સા તરફ વળ્યા. આખરે પેલા ગૃહસ્થને પોતાની ખોટનું ભાન થયું. એઓ ઊભા રહ્યા. વ્રજભૂખણદાસે જ્યારે પાકીટ પાછું વાળ્યું ત્યારે અત્યન્ત કૃતજ્ઞતાપૂર્વક એમણે કહ્યું: ‘ઘણો આભાર તમારો, તમારા જેવા તો સતજુગમાં જ જોવા મળે. આજે પાકીટ જાત તો ભારે થઈ જાત. હું મારી દીકરીના કરિયાવરનો સામાન લેવા જ નીકળ્યો હતો.’ પરગજુ વ્રજભૂખણદાસ જમણા હાથ પરના ડાબા હાથના વિજયથી સન્તોષ પામીને આગળ વધ્યા.

# કાદવ અને કમળ

જગ્ગુ પોતાના લોહીથી ખરડાયેલા હાથ ધોતો હતો ત્યાં કોઈએ બારણું ખોલ્યું. એ એકદમ ચોંકી ઊઠ્યો ને હાથને પીઠ પાછળ સંતાડીને એણે મોઢું ફેરવીને બારણા તરફ જોયું. એ દરમિયાન ગંગા ઉંબર વટાવીને થોડે સુધી અંદર ચાલી આવી હતી, દીવાના પ્રકાશમાં એનું મોઢું ઝગમગી ઊઠ્યું હતું. થોડી વાર સુધી જગ્ગુ અવાક્ બનીને એને જોઈ જ રહ્યો. એ ગંગાને કાંઈ પહેલી વાર જોતો નહોતો. છેલ્લાં પાંચ વરસથી ગંગા એની સામેની ઓરડીમાં રહેતી આવી છે. ત્યારે એનાં માબાપ હતાં. આ વર્ષે એ મરી પરવાર્યાં છે. નાચતીકૂદતી ગંગા ગમ્ભીર બની છે. ઘરનો ભાર ઉપાડે છે. નાના ભાઈને ભણાવીગણાવીને મોટો કરે છે. શેરીમાં ક્યાંય કોઈને કશું કામ પડ્યું તો ગંગા હાજર જ હોય. જગ્ગુ પોતે ગુંડાઓ સાથેની ઝપાઝપીમાં ઘવાઈને હોસ્પિટલમાં પડ્યો હતો ત્યારે ગંગાના પ્રસન્ન હાસ્યથી ઘા જાણે કે જલદી રુઝાઈ ગયા હતા. ગંગા... ગંગા... જગ્ગુ ગંગાની અનેક છબિ જોતો હતો ત્યાં ગંગા બોલી: 'જગ્ગુભાઈ, હું જરા બજાર જઈને આવું છું. મધુ ઘરમાં સૂતો છે. જો જાગે કરે તો જરા જોજો હં.' ને એ સમ્મતિસૂચક જવાબની રાહ જોતી ઘડીભર જગ્ગુ સામે જોઈ રહી. એ ક્ષણે એકાએક જગ્ગુને લાગ્યું કે ગંગા જાણે ગંગા નથી, પણ આરસી છે. એ આરસીમાં એ પોતાનો વરવો ચહેરો જોઈ રહ્યો છે. મોઢા પર પરુ દૂઝતાં ઘારાં છે. એ ઘારાંમાંથી કીડાનાં ગૂંછળાં એકસરખાં બહાર આવી રહ્યાં છે. એ ઘડીએ જો ગંગા ત્યાં સહેજ વધારે વાર ઊભી હોત તો કદાચ એનાથી એ ન સહેવાત. સદ્ભાગ્યે ગંગાને ઉતાવળ હતી એટલે એ તરત જ ચાલી ગઈ.

જગ્ગુ હાથ ધોવા પાછો વળ્યો. એણે હાથ તરફ જોયું. ફરી એને પેલાં ઘારાં દેખાયાં.

એણે નળ પૂરેપૂરો ખોલી નાખ્યો. આંખ બંધ કરીને એ ઘસીઘસીને હાથ ધોવા લાગ્યો. પણ આંખ બંધ કરતાંની સાથે જ ઘણાં દૃશ્યો એની નજર આગળ ખડાં થઈ ગયાં: એ શેરીનો વળાંક, એ વળાંકમાંનો અંધારો ખૂણો, દિલમાં વેરની આગ, લોહીમાં જલદ ઝેર, કાનમાં દબાયેલા અવાજે બોલાતા શબ્દો, ભીંત પર પડતા ભૂતાવળ જેવા પોતાના સાગરીતોના ઓળા – એ જાણે ચારે બાજુથી તરસ્યો બનીને ઝેર ચૂસે છે, ખુન્નસનો શ્વાસ લે છે. ને ત્યાં પગલાં સંભળાય છે. એ જ… ધનુષ્યની તંગ પણછની જેમ એની શિરાએ શિરા તંગ બને છે. એની મૂઠીમાંનું ખંજર અંધારામાં એની ધારને ચમકાવે છે. એ ચમકારો એને ગાંડો કરી મૂકે છે… ને ઘડી પછી એ લોહીથી ખરડાયેલા હાથે પાછો ફરે છે…

એણે આંખ ખોલવાની હિંમત કરી. એના હાથ તરફ નજર કરી. જમણા હાથની હથેળી પર એક ડાઘ રહી ગયો હતો. એ ડાઘ જાણે જ્વાળામુખીના મુખ જેવો હતો. એમાંથી ધગધગતો લાવા ચારે બાજુ પ્રસરી રહ્યો હતો, એ પોતે એ લાવાના રેલાતા પૂરમાં પરપોટા જેવો વહ્યે જતો હતો ને દૂર નિસ્પન્દ સરોવરને ખોળે પોયણીની જેમ ગંગા ઝૂલી રહી હતી.

ગંગા… એ હસે છે ને ચારે બાજુથી પ્રસન્નતાના સાતે સાગર ધસી આવે છે પણ એ સાગરની છોળ એને અડતાંની સાથે જ જાણે એકાએક ઓસરી જાય છે એવું જગ્ગુને લાગે છે. ગંગા બોલે છે. એના શબ્દો જગ્ગુ ભણી આવે છે – પવનમાં નાચતાં ફૂલ જેવા, મન્દિરની આરતીના મંજુલ ઘણ્ટારવ જેવા… ને એ શબ્દો એને કાને પડતાંની સાથે જ બધું બદલાઈ જાય છે. એ શબ્દો એની અંદર પ્રકાશના કિરણની જેમ ઘૂમી વળે છે. કાદવના અતાગ અમેય વિસ્તાર દેખાય છે… કાદવ જ કાદવ… એમાં પોતે ઊંડે ને ઊંડે ખૂંપતો જાય છે એવું જગ્ગુને લાગે છે; ને એ કાદવને ચૂસીને જાણે એ મત્ત બને છે. એની આંખમાં ફોસ્ફરસનો ભડકો છે, એના શ્વાસમાં ગન્ધકની સ્ફોટકતા છે. ને એ જ કાદવમાંની બધી સારપ, કોમળતા શોષીશોષીને એક પોયણી નાનકડી નાજુક દાંડી પર ડોક ઢાળીને ઝૂલે છે. ઝૂલતી ઝૂલતી મધનો સંચય કરે છે: ચન્દ્રનાં કિરણમાંથી, હવાના વિસ્તારમાંથી – ચારે બાજુથી આવીઆવીને મધ એના અન્તરમાં ટપક્યા કરે છે. પોયણી સામે એ નજર માંડે છે ને એને દેખાય છે એ જ પરિચિત મુખ… ગંગા!

ગંગા ગીત ગાય છે. હવાની લહર દૂરદૂરના દેશથી ગીતના સૂર લાવીને એને હોઠે મૂકી જાય છે. ગંગા નાચે છે. પવનમાં ઝૂલતી વૃક્ષની શાખાઓ, અવકાશમાં ઘૂમતાં નક્ષત્રો એને નૃત્યની નવી ભંગી શીખવી જાય છે. ગંગાનું આખું અસ્તિત્વ છલકાઈ છલકાઈને એ ગીત ને નૃત્યમાં બહાર વહી જાય છે. એની છોળ જગ્ગુને વાગે છે ને એ ચોંકે છે. એનું આખું શરીર અક્કડ છે. કશાક પક્ષાઘાતથી જડ થઈ ગયું છે. એમાં ગતિનો સંચાર નથી, લય નથી, કદીક આંચકી આવે છે. હાથની ખંજર પરની પકડ સખત બને છે ને પછી એ જ લોહી... વળી બધું અક્કડ થઈ જાય છે!

એની પાસે શબ્દો નથી. ઉદ્‌ગાર, નિ:શ્વાસ અને ચિત્કાર સિવાયની બીજી કોઈ ભાષા એ જાણતો નથી. બધા શબ્દો પેલા લાવાના પૂરમાં ઘસડાઈ ગયા છે. એ સ્પર્શને ઓળખે છે, લોહીની ઓછીવત્તી ગરમીને એ પારખે છે. અન્ધકારને એ રજેરજ ઓળખે છે પણ પ્રકાશથી એ ગભરાય છે ને ગંગાની આંખનો પ્રકાશ – પેલા નીતર્યા ઝરણાનાં જળ જેવો. નીચેનો એકેએક કાંકરો તમે ગણી શકો. હા, એ ગંગાની દૃષ્ટિ એની ઉપર થઈને એવાં નીતર્યાં જળની જેમ જ વહી જાય છે – તમે એની નીચેના એકેએક કીડાને ગણી લઈ શકો!

એને કડવો ઊબકો આવ્યો. એની શિરાએ શિરામાંથી ધીમે ધીમે ઝેર ઝમવા લાગ્યું. બધું એકઠું થવા લાગ્યું, એ ઝેરનો ભાર એની આંખ પર તોળાયો, એના શ્વાસ પર લદાયો, એ સહેજ ખૂંધો થઈ ગયો, એની આંખ સામે પોયણી ઝૂલી રહી: હસતી, ડોલતી, મધથી ભરી... ગંગા જેવી! ગંગા... ને એકાએક એને લાગ્યું કે ગંગા જ બધું શોષી લે છે... બધું જ – એની સારપ, સુવાસ, મધુરતા... હં, એ જ બધું પ્રત્યેક ક્ષણે પોતાનામાંથી શોષીને ખીલી રહી છે, પ્રસન્નતાથી ઝૂમી રહી છે! હા, આ પળે પણ એ દૂર રહી રહી પોતાનામાંથી બધું શોષી રહી છે!

ને એને લાગ્યું કે જાણે બધી ગૂંચ ઊકલી ગઈ છે. એણે ધીમે ધીમે એકઠા થતા જતા ઝેરને પોતાનામાં છલોછલ ભરાવા દીધું. ખૂણે ખૂણેથી ઊંડે ઊંડેથી એણે ઝેરને ઉલેચવા માંડ્યું... એની સ્મૃતિમાંથી, એનાં મધરાતનાં દુ:સ્વપ્નોમાંથી ... એ ઉલેચ્યે જ ગયો ને એના ભાર નીચે એ બેવડ વળી જઈને બેસી પડ્યો.

ક્યાં સુધી એ એમનો એમ બેસી રહ્યો તેની એને ખબર ન રહી. ત્યાં એણે પગલાં સાંભળ્યાં – એ જ પગલાં... એની મુક્તિના લયને ચારે બાજુ પ્રસારતાં એ જ પગલાં! એ ઊભો થયો, ઘસડાયો ને બારણું ખોલ્યું.

ગંગાએ એને જોયો. એણે ભયથી ચીસ પાડી નહીં, એ ચોંકી નહીં, એ હસી. એણે પૂછ્યું: 'કેમ જગ્ગુભાઈ, તમને ઠીક નથી?'

એ કશું બોલ્યો નહીં, નિષ્પલક દૃષ્ટિએ એ ગંગા તરફ જોઈ રહ્યો. ગંગાએ એનો હાથ પકડ્યો ને એ બોલી: 'અરે, તમારું શરીર તો ધગે છે. આવો, પથારી કરી દઉં.' ને મા બાળકને તેડી લે તેમ એને લઈને ગંગા પથારી પાસે આવી, પથારી સરખી કરી ને એને સુવાડ્યો; એના તપેલા કપાળ પર ગંગાનો હાથ ફરવા લાગ્યો.

ને એને બરાબર સમજાયું. એ હાથ ધીમે ધીમે બધું શોષ્યે જતો હતો, ચૂસ્યે જતો હતો. એણે ગંગાની સામે દૃષ્ટિ માંડી. ગંગામાં સહેજ સરખો પણ ભયનો સંચાર ન થયો. એને જોતાંની સાથે ભલભલાનાં હાંજા ગગડી જાય છે. પણ ગંગા તો એને સાવ અસહાય બાળકની જેમ પંપાળે છે, થાબડે છે ને ગંગાથી એ ભય પામે છે. એકાએક પોતાની અંદર ઝમીઝમીને એકઠા થયેલા ઝેરનો જાણે કે એક ભારે ગઠ્ઠો બાઝી જાય છે, એ એની રગેરગને રૂંધી નાંખે છે. એ ગઠ્ઠાને ઝાલીને હમણાં ને હમણાં ક્યાંક બહાર ફેંકી દેવો પડશે... નહીં તો...

એનું આખું શરીર ખેંચાયું. કશીક વેદનાના જંતરડામાં એ અમળાયું... ને પેલો હાથ એના કપાળ પર ફરતો જ રહ્યો. એ હાંફવા લાગ્યો. પેલો ઝેરનો ગઠ્ઠો ભારે ને ભારે થતો જ ગયો. ઊંડે ઊંડે ખાણમાં કામ કરતા માણસ પર જમીન ધસી પડે તેમ એ ભાર એના પર ધસ્યે આવતો હતો ને પેલો નાનો નાજુકડો હાથ પળે પળે એ ભારને જાણે પોતાની તરફ ધકેલ્યે જતો હતો, ધકેલ્યે જ જતો હતો...

એણે મરણતોલ બનીને પોતાના કપાળ પર ફરતા હાથને પકડી લીધો. એને જાણે પોતાનું સમસ્ત અસ્તિત્વ બાઝી પડ્યું. ગંગાના શરીરમાં સહેજ પણ ભયનો રોમાંચ નહોતો. એનો હાથ જગ્ગુના હાથની પકડમાં શિથિલ બનીને પડી રહ્યો, પછીથી જાણે પ્રવાહી

બનીને દ્રવી જવા લાગ્યો, એની આંગળીનાં છિદ્રોમાંથી વહી જવા લાગ્યો ને આખરે એની ખુલ્લી થઈ ગયેલી હથેળી વૈશાખની શુષ્ક નદીના રેતાળ પટ જેવી પડી રહી!

એણે ફરી આંખ ખોલીને જોયું: એ હાથ એનાથી ઝાઝો દૂર નહોતો, એ ધારે તો એને હમણાં જ પકડી લઈ શકે એમ હતું. ને એણે પોતાના હાથને ઊંચકવાનો ફરી પ્રયત્ન કર્યો. પેલો ભાર એને વધતો જ જતો લાગ્યો. ત્યાં ગંગાના હાથે સામેથી આવીને એને આધાર આપ્યો. એ આધાર પામીને એને સહેજ સ્થિરતા પ્રાપ્ત કરી. ચારે બાજુથી ઘેરી વળેલા પેલા ઝેરના પ્રસાર વચ્ચે જાણે એક નાના સરખા દ્વીપને સરજીને એણે આશ્રય લીધો. ગંગાના હાથના દ્વીપ પર એ ટકી રહ્યો.

એને એકાએક વિચાર આવ્યો: ધીમે ધીમે પેલા ઝેરના પ્રસારને આ દ્વીપ પર ઠાલવી દઉં તો? આ પોયણીના ગર્ભમાં એ ગઠ્ઠાને મૂકી દઉં તો પોયણીનું સત્ત્વ ચૂસીને એ પોષાય, પોષાતો જ જાય... એની આંખ સામે જાણે એકાએક પ્રકાશ થઈ ગયો. એ એકદમ ઊભો થઈ ગયો. એનામાં આંધળું બળ ઊભરાયું. એણે એક આંચકા સાથે ગંગાને પથારી પર ખેંચી લીધી, અચરજથી ખુલ્લા થઈ ગયેલા મોઢે ને પહોળી થઈ ગયેલી ગંગા એને જોઈ રહી. ગંગાના શરીર પર એની કાયા ઝઝૂમી રહી. ગંગાની રગેરગમાં પેલું ઝેર પ્રસરે, પોષણ પામે, વધે... બસ, એને માટે એ તલસી રહ્યો.

ગંગાએ કહ્યું: ‘પાણી!’

ને એ બારણાં વાસીને, દીવો બુઝાવીને પાણી લેવા ઊઠ્યો. અથડાતો ઠોકરાતો એ પાણી લાવ્યો. એ ક્રિયામાં જાણે યુગના યુગ પસાર થઈ ગયા. પથારી પરના હાથમાં એણે પાણીનો પ્યાલો મૂક્યો. પ્યાલો ઢળી ગયો ને એ શરીરના સ્પર્શથી જગ્ગુ ચોંક્યો. એ દીવો કરવા ઊઠ્યો, દીવો થતાં એણે જોયું તો હાથની કાચની બંગડીથી ગંગાએ પોતાની ધોરી નસ કાપી નાંખી હતી, લોહી વહ્યે જતું હતું ને અર્ધું ખુલ્લું રહી ગયેલું મોઢું ને પહોળી થઈ ગયેલી આંખો એની સામે તાકી રહ્યાં હતાં.

એકાએક એને લાગ્યું કે એનું શરીર પરાળથી ભરેલું છે, એની અંદર સૂકાં પાંદડાં ખખડે છે ને એમાં થઈને એક સાપ સરી રહ્યો છે.

# રાત્રિર્ગમિષ્યતિ!

બારણાની ઘંટડી વાગી. લીલાએ ઘડિયાળ તરફ જોયું. દશ વાગવા આવ્યા હતા. ધનંજય હશે? પણ એનો તો હજુ આજે જ કાગળ આવ્યો છે. એ તો બે દિવસ મોડો આવવાનો છે. તો આટલી રાતે કોણ હશે? આવા વિચાર કરતી ધનંજયને જોવાની આશાએ એ બારણા સુધી પહોંચી. એણે બારણું ખોલ્યું.

‘ધનંજય શ્રોફ અહીં જ રહે છે ને?’

‘હા.’

થોડી વાર સુધી એ અપરિચિત આગન્તુકને જોઈ જ રહી. બંને એકબીજાંને જોઈ રહ્યાં. પછી આ પરિસ્થિતિની વિચિત્રતાનો કેમ જાણે બંનેને એક સાથે ખ્યાલ આવ્યો હોય તેમ લગભગ એકસાથે બંને બોલવા ગયાં:

‘શું કામ હતું?’

‘તો હું…’

લીલા અંદર વળી. અંદર જતાં જતાં કહ્યું: ‘આવો ને!’

આગન્તુકે કહ્યું: ‘હું મધુકર, ધનંજયે તમને કોઈ વાર મારે વિશે કહ્યું હશે.’

‘ઓહ, તમે મધુકર? તમારી તો એમણે ખૂબ વાતો કરી છે.’

'ધનંજયે પણ મને તમારે વિશે ઘણું કહ્યું છે.'

'આવો, તો આપણે ધનંજયની ગેરહાજરીમાં એકબીજાંની સાચી ઓળખાણ કરી લઈએ.'

આ વાક્ય બોલી નાખ્યા પછી લીલાને પોતાને વિશે જ આશ્ચર્ય થયું. ધનંજયની ગેરહાજરીને એ આવકારે છે એવો અર્થ તો કદાચ એ એમાંથી નહીં કાઢે ને? પણ એને એવું કશું કરવાની તક ન મળે તે માટે તે તરત જ જલદી જલદી બોલી ઊઠી: 'જુઓ, આ ઓરડો તમને ફાવશે ને? ખાસ કશી તકલીફ નહીં પડે તમને. હા, રાતે એક મોટો ઉંદર પાઇપ પરથી ચઢીને બારીમાં થઈને અહીં આવે છે ખરો! પણ એને તો તમે પહોંચી વળશો, ખરું ને?'

'ને નહીં પહોંચી વળી શકું તો તમે ક્યાં દૂર છો?'

લીલા સહેજ થંભી ગઈ. આવનારને કશું અસ્વાભાવિક નહીં લાગે? પોતાના હૃદયમાં અણજાણપણે કશીક ભીતિનો સંચાર થઈ રહ્યો છે તેની જાણ કોઈ રીતે એને ન થાય તે માટે એ બને તેટલી આત્મીયતા દર્શાવવા મથી રહી હતી. એને લાગ્યું કે થોડી વાર એ મધુકરની ઉપસ્થિતિમાંથી દૂર થાય, એકલી પડે ને પછી જરાક વધારે સ્વસ્થતાથી પરિસ્થિતિને સાચવી લે તો ઠીક. તેથી એણે કહ્યું: 'તમે શું લેશો? કાંઈક તો ખાશો ને?

'ના, આટલી રાતે તકલીફ શા માટે લેશો?'

'વારુ, તકલીફ નથી લેતી. પણ આ તમારો કરંડિયો સાવ ખાલી તો નથી લાગતો, તમને સંકોચ થતો હોય તો ચાલો, હુંય થોડો ભાગ પડાવું.' એમ કહીને એ અનુમતિ મેળવ્યા વગર જ કરંડિયા તરફ વળી. મધુકર બેઠો બેઠો જોઈ જ રહ્યો. લીલાએ કહ્યું: 'આમ બેસી રહેશો તે નહીં ચાલે, ઊઠો.' ને એનો હાથ પકડીને ખેંચીને લીલા એને કરંડિયા પાસે લઈ આવી.

'અરે વાહ, કોને ખબર હતી કે નસીબમાં આજે મિષ્ટાન્ન હશે!' એમ કહીને એ અંદરથી નીકળેલી મીઠાઈ ખાવા લાગી. મીઠાઈ ખાતી ખાતી વિચારવા લાગી: ના, વાત સરળ

નથી. આ માણસ હજુ અંદર ભરાઈ બેઠો છે. સાવધ તો રહેવું જ પડશે. ખૂબ વાતો કરવી પડશે. હસવું પડશે. જો સહેજ સરખો અવકાશ ખાલી રહેશે તો...

પછી બોલી: 'ધનંજય તો કહેતો હતો કે તમે તો ભારે બહાદુર આદમી છો, સભાઓ ગજાવો છો, સાહસો ખેડો છે...'

મધુકરે કહ્યું: 'તમે મને જોઈને નિરાશ થયાં?'

લીલા બોલી: 'નિરાશ? ના, હજુ તમારે વિશે છેક આશા છોડી દીધી નથી. દશેક મિનિટમાં જ તમારે વિશે અભિપ્રાય બાંધી લઉં તો કદાચ તમને અન્યાય કરી બેસું.'

મધુકરે પૂછ્યું:, 'તો મારે કાંઈક સાહસ કરી બતાવવું પડશે, એમ?'

લીલાએ કહ્યું: 'હા, મારી પાસે બેસીને સાવ નિર્ભીક બનીને મારી જેમ ખાઈ શકશો?'ને એ હસી.

એને લાગ્યું: મધુકરે હસવું જોઈએ, બોલવું જોઈએ, એ જાણીકરીને પાછળ રહીને મનમાં કશુંક ગોઠવે છે. એની જાણ થવા દેતો નથી. એણે મધુકરને ફરી એક વાર દૃષ્ટિથી માપી લીધો: હા, આંખ છેતરામણી છે. એ આંખની પાછળ એક લુચ્ચું મન બેઠું છે. એ મનની પાછળ ધસમસતા લોહીનો પડકાર છે... એ એકાએક અટકી ગઈ. આટલો બધો વખત શાન્ત રહેવું ખતરનાક હતું. પણ આ વખતે પેલી ભીતિને સ્થાને દ્વન્દ્વયુદ્ધમાં ઝંપલાવવાની તત્પરતા પોતાનામાં ઉદ્‌ભવતી દેખાઈ. કોણ જાણે કેમ આ માણસને હારેલો દયામણો બનેલો જોવાની એને ઇચ્છા થઈ પણ એ સાવધ બની: કદાચ આ પ્રલોભન એની ચાલબાજીનું એક અંગ તો નહીં હોય! ને ફરી ભયનો એક આછો કમ્પ એની શરીરમાંથી પસાર થઈ ગયો.

આખરે એ જ બોલી: 'મારાથી ગભરાતા હો તો લો, હું આ ચાલી. હું રસોડામાં જઈને ચા બનાવી લાવું છું.' ને એ રસોડા તરફ વળી. મધુકર કશું બોલ્યો નહીં. પણ લીલાને લાગ્યું કે એની દૃષ્ટિ પાછળ પાછળ આવી રહી છે. આવી રહી છે તો ભલે, હુંયે જોઉં તો ખરી... ને એ ફરી અટકી પડી.

રસોડામાં આવીને એ સ્વસ્થ બની. એ જ પરિચિત સામગ્રીઓ, એ જ પરિચિત સ્ટવનો અવાજ, એ જ પરિચિત ક્રિયાઓ... આ પરિચિતતાની કિલ્લેબંદીની અંદર રહીને ગમે તેટલી મોટી અપરિચિતતાનો એ સામનો કરી શકશે એવું એને લાગ્યું. એ કશુંક ગુંજવા લાગી.

પણ મધુકર ઘેરો ઘાલનાર દુશ્મનની જેમ સ્થિર થઈ રહ્યો. એ દૃઢતાની સામે કશુંક શસ્ત્ર શોધવાની લીલાને જરૂર લાગી. એણે ચા લાવીને મૂકી. મધુકરે ચા પીવા માંડી. એ ક્રિયામાં એ સ્વાભાવિક દેખાયો પણ એ ક્રિયા પણ આખરે તો પૂરી થઈ. લીલા અકળાઈ. એની પાસે એક ખોટું પગલું ભરાવવું જોઈએ તો જ એનું જોર ભાંગી પડશે.

બહાર બધું સૂમસામ હતું. સહેજ સરખો પવન વાતો નહોતો. લીલાએ બારીઓ ખોલી નાખી. શેરીના દીવા, રસ્તા પર રડ્યોખડ્યો દેખાતો કોઈ માણસ, એક ખૂણામાં વાગોળતી બેઠેલી ગાય – રસ્તા પરની સૃષ્ટિની બધી જ વીગતોને એ જાણે પોતાની ઓરડીમાં વસાવવા લાગી. એની ખીચોખીચ વસતીની વચ્ચે એ પોતાની જાતને ખોઈ દેવાને ઇચ્છવા લાગી. ત્યાં મધુકરે કહ્યું: 'ભાભી!'

લીલા એ 'ભાભી' શબ્દને મનમાં ને મનમાં ચારે તરફ ફેરવીને તપાસવા લાગી. એને પોતાનામાં પ્રવેશ કરાવતાં પહેલાં એની નિરુપદ્રવતાની ખાતરી કરી લેવી એને જરૂરી લાગી. મધુકરે ફરીથી કહ્યું: 'ભાભી!'

આ વખતે ઉચ્ચારેલા એ જ શબ્દમાં કશોક અજાણ્યો સંકેત છુપાયો હોય એવો એને સન્દેહ થયો. પણ એ પોતાના જ નબળા મનની આશંકા તો નહીં હોય?

ને એ બારીએથી પાછી વળી. એણે કહ્યું: 'શું?'

મધુકરે કહ્યું: 'તમને ઊંઘ નથી આવતી?'

'તમે આવ્યા ન હોત તો અત્યાર સુધીમાં ક્યારની ઘોરતી હોત.'

'ભાભી, તો તમે નાહક મારે ખાતર થઈને શા માટે જાગી રહ્યાં છો?'

લીલાને લાગ્યું કે એ પકડાઈ ગઈ છે. આ જાગતા રહેવાની પાછળ કશીક ભીતિ છે તે એ કળી ગયો છે. આથી એ સહેજ ધૂંધવાઈને બોલી: 'તમારે ખાતર? ના રે ના...' પણ પોતાના શબ્દોમાં એને પોતાને જ વિશ્વાસ ન બેઠો એટલે એણે વાક્ય અર્ધેથી છોડી દીધું.

પછી કહ્યું: 'વારુ, તો તમને બીજું કશું જોઈતું કરતું તો નથી ને?'

મધુકરે કહ્યું; 'ના.'

ને લીલાને એકાએક વિચાર આવ્યો: ચાની અંદર થોડું બ્રોમાઇડ નાંખી દીધું હોત તો એય.. ને એને હસવું આવ્યું.

પછી ફરી એક વાર પૂછ્યું: 'વારુ, તો હું જાઉં?'

મધુકરે કહ્યું: 'હા.'

ને એ પોતાના ઓરડા તરફ વળી. પોતાના ને મધુકરના ઓરડા વચ્ચેના બારણાનો આગળો વાસવા જતી હતી ત્યાં એને થયું: એથી તો હું જાણે મારી હાર કબૂલ કરી લઉં છું. ના ના, હું તો એને કહીશ કે લો, બારણું ખુલ્લું છે, હું – એક સ્ત્રી – અહીં છું ને છતાં મને કશી ભીતિ નથી.

એણે એના ઓરડામાં આવીને કહ્યું: 'કાંઈ જોઈએ કરે તો મને ઉઠાડજો, આ બારણું અમથું જ વાસ્યું છે.'

લીલાએ દીવો બુઝાવી નાખ્યો. બાજુના ઓરડામાંનો દીવો પણ થોડી વાર પછી બુઝાઈ ગયો. અન્ધકાર અને નિસ્તબ્ધતા વચ્ચે ઘડીભર એ પોતાને શોધતી રહી. ધીમે ધીમે અન્ધકારમાંથી ઓરડામાંની વસ્તુના આકાર આછા આછા વરતાવા લાગ્યા. એણે પોતાના ટોઇલેટ ટેબલ પર નજર કરી. એ હતું છતાં એનો અડધાથીય ઉપરનો ભાગ અન્ધકારમાં ભળી ગયેલો હોવાથી એ જાણે નહોતું. એણે પોતાના તરફ નજર કરી. અવકાશની વચ્ચે થોડીક ઊપસી આવેલી આકૃતિ, નિસ્તબ્ધતાના પટ પર અંકાતી હૃદયના ધબકારની ભાત, એ ધબકાર ચારે બાજુની સૃષ્ટિના સ્પન્દનથી જુદો વરતાતો

નથી, એ આકૃતિને ચારે બાજુના અવકાશમાં વિસ્તરેલા અર્ધસ્પષ્ટ આકારોથી જુદી પાડીને વિશેષ સંજ્ઞા આપવાનું કશું પ્રયોજન રહ્યું નથી. નિર્વિશેષતામાં ધીમે ધીમે એ પોતાની આકૃતિને ઓગળતી જોઈ રહી, ઓગળીને વહી જતી જોઈ રહી. એમાં એક છાયા પડે છે, એ છાયા એ પ્રવાહમાં ઓગળતી નથી: બીજી છાયા પડે છે, એ પણ ઓગળતી નથી. આખરે એ છાયા ભુંસાઈ જાય છે – કેવળ પ્રવાહ વહેતો રહે છે. એ આવીને ભુંસાઈ જતી છાયાઓને જોઈ રહે છે.

‘ભાભી!’

નિસ્તબ્ધતાના ઘુમ્મટમાં ઘૂમરાઈને એક અવાજ એની પાસે આવે છે. એને એ ધ્વનિ તરીકે જ ઓળખે છે. એ ધ્વનિના સંકેત બધા ઓગળી ગયા છે. એને ફરી ઘડવાનો શ્રમ કરવાની એને ઇચ્છા નથી.

ફરી એ ધ્વનિ ‘ભાભી’ એની પાસે આવે છે. એ ધ્વનિ છાયાનું રૂપ ધારણ કરે છે. અવકાશમાં અન્ધકારના અણુઓમાંથી એક આકૃતિ ઊપસતી હોય એવું એને લાગે છે – માતાના ગર્ભના અન્ધકારમાં જેમ શિશુની આકૃતિ ઊપસતી જાય તેમ. એ પોતે ચારે બાજુથી ઢાંકીને રહેલા સંરક્ષક અન્ધકારની જેમ એ આકૃતિને પોતાની અંદર લઈને સંરક્ષી રહી છે. એને ચારે બાજુથી ઘેરી લઈને એની આકૃતિની રેખાને ફૂટતી જોઈ રહી છે. જેમ જેમ રેખાઓ ફૂટતી જાય છે તેમ તેમ અવકાશ અને અન્ધકાર જાણે ઘટ્ટ બનતા જાય છે. વધુ ને વધુ ઘટ્ટ... સૃષ્ટિના આદિ કાળનાં જળનો ઘુઘવાટ, આદિ વનસ્પતિના મર્મરનો છન્દ, નક્ષત્રોની નિષ્પલક દૃષ્ટિનું સ્થિર તેજ, પૃથ્વીની ધરી પરની ગતિનો લય – આ બધું એમાં મળતું જાય છે ને કશોક સંચાર એની નાડીમાં થાય છે. એ સંચારનો કોઈ નિશ્ચિત સંકેત નથી, એ સંચારમાંથી ગતિ માત્રને જાણે એનો લય પ્રાપ્ત થાય છે. એ લયની બહાર કશું નથી. એ લયના પ્રચણ્ડ આકર્ષણે બધું એક કેન્દ્ર તરફ ઘસડાઈ આવે છે, ઘસડાતું જ આવે છે, એના પ્રસારેલા બાહુની વચ્ચે બધું સમાતું જાય છે, એની બહાર કશું નથી, કોઈ નામ કોઈ સંજ્ઞા – કશું એની બહાર નથી...

ધીમે ધીમે બે નાનકડી હસતી આંખો ને દાંત વિનાના હોઠ ને એની વચ્ચેનું ફૂલગુલાબી

હાસ્ય એ લયના પ્રચણ્ડ આવેગમાંથી કંડારાઈને દેખા દે છે. ભરતી ઓસરે છે, બધું યથાસ્થાને પાછું વળે છે, ધીમે ધીમે… ધીમે ધીમે…

લીલાએ ધીમેથી આંખો ખોલી… ચારે બાજુથી ઓસરતા જતા પૂરની વચ્ચે એ જાણે સ્થિર ઊભી છે, જે કોઈને સ્થિર થવું હોય તેને નિમન્ત્રતી, આધાર આપતી એ સ્થિર ઊભી છે… ને એની આ સ્થિરતાની છાયામાં સાવ વિશ્વસ્ત બનીને, નિઃશંક નિર્ભીક બનીને મધુકર સૂઈ રહ્યો છે. એને મધુકર કહો કે ન કહો, એનો કશો ઝાઝો અર્થ નથી. પણ જો કહેવું જ હોય તો ભલે કહો મધુકર. ને એ મધુકર છે તો લીલાને લીલા પણ ભલે કહો… એનો કશો ઝાઝો અર્થ નથી. અથવા તો એનો અર્થ એટલો પ્રશસ્ત છે, વિસ્તૃત છે કે એમાં ધનંજય પણ છે, દ્ધ છે, દ છે, ક્ છે..

લીલાએ અવાજ સાંભળ્યો: 'ભાભી!'

ને એણે કહ્યું: 'મધુકર!' એના મુખમાંથી ફૂલની હળવી સુવાસના જેવો, દૂરદૂરના અજાણ્યા તારાની ક્ષીણ પણ સ્થિર પ્રકાશરેખાના જેવો એ શબ્દ… એને કેવળ પોતાનામાં સમાવી દેવાનું એને મન થયું નહીં. એને એણે વિસ્તરવા દીધો, વ્યાપવા દીધો… ધનંજય સુધી દૂર દૂર, પ્રભાતના પ્રકાશનાં કિરણોની સાથે એને વિસ્તરવા દીધો.

# વાતાયન

એણે બારીની બહાર નજર કરી. વરસાદના ભેજથી ધૂંધળા બનેલા કાચમાંથી જોતાં દુનિયા જાણે માયાવી સ્વરૂપ ધારણ કરતી હોય એવું એને લાગ્યું. સામેની રેલવે લાઇન પર એક એન્જિન સ્ટેશન છોડવાના સમયની રાહ જોતું વરાળ કાઢી રહ્યું હતું. ભીનાશના ધૂસર પટ ઉપર વરાળની રેખાઓ સુન્દર ભાત ઉપસાવીને આખરે એ ભીનાશમાં ભુંસાઈ જતી હતી. ત્યાં એકાએક એન્જિનમાં ગતિનો સંચાર થયો. એનાં મોટાં મોટાં પૈંડાં એકસાથે પાંચછ આંટા ફરીને પાછાં સ્થિર થઈ ગયાં. ગતિ જાણે જકડાઈ ગઈ હતી. ફરી એ જ રીતે એ ચક્રો ધણધણી ઊઠ્યાં ને જડતાના સકંજામાંથી મુક્ત થયાં, આગળ વધ્યાં. સ્ટેશન પર વિદાય આપવાને આવેલી બે આંખોની અશ્રુધૂસર દૃષ્ટિ આગળ ધૂંધળી દૂરતાનો પટ વિસ્તરતો ગયો. એક પછી એક ક્ષણ એ દૂરતાની લંબાતી જતી માળાનો મણકો બનતી ગઈ. પેલી બે આંખો શૂન્ય અવકાશમાં તરી રહી. અદૃશ્ય થઈ ગયેલા આકારનું આલમ્બન છૂટી ગયું...

સામેના મકાનના દાદર આગળ બે વર્ષનું બાળક... દાદરનાં પંદર પગથિયાં પર નજર નાંખતું બેઠું હતું. એકાએક એ ઊભું થઈ ગયું. આ ઊભા થવાની આકસ્મિકતાની જ જાણે કે ઠોકર ખાઈને એ પડ્યું. પછીથી તરત જ હાથને ટેકે ઊભું થયું ને એક પછી એક પગથિયાં ચઢવા માંડ્યું. બાળકના આરોહણને એ ઊંચે શ્વાસે જોઈ રહ્યો. એ સાતમે પગથિયે હતું ત્યાં નીચેથી છોકરાંઓની રમતનો અવાજ આવતાં એણે કુતૂહલથી નજર વાળીને નીચે જોવાનો પ્રયત્ન કર્યો. એમ કરવા જતાં એનો પગ છેક પગથિયાંની ધાર સુધી આવ્યો.'હમણાં પડશે કે શું' એવી આશંકાથી એ ઊંચે શ્વાસે એ બાળકને

જોઈ રહ્યો. લગભગ પડવાની અણી ઉપર આવીને ફરી બાળકે સમતોલપણું જાળવીને આગળ વધવા માંડ્યું. જેમ જેમ એ આગળ વધતું ગયું તેમ તેમ એનું હૃદય ભયથી વધુ ને વધુ ફફડવા લાગ્યું. દશમે પગથિયે ક્યાંકથી ઊડતા ઊડતા આવી ચઢેલા પતંગિયાને એ પકડવા ગયું... એનો પગ ખસ્યો... એણે બાળક તરફથી નજર વાળી લઈને આંખ આડે હાથ ધરી દીધા. પણ એનાથી રહેવાયું નહીં. એણે ફરી આંખો ખોલી. બાળકે સહેજ સરી જઈને વળી કોણ જાણે કેવી રીતે પોતાની જાત પર કાબૂ મેળવી લીધો હતો ને એ આગળ વધી રહ્યું હતું. હવે જો એ પડે તો?... ના, એ વિચારને એણે બળપૂર્વક બહાર ધકેલી દીધો. એની આ ગડમથલ દરમિયાન બાળક આગળ વધ્યે ગયું... તેરમું પગથિયું. ચૌદમું... પડશે? કોણ જાણે શાથી એ બાળક જો હવે નહીં પડે તો? – એવો પ્રશ્ન મનમાં થયો ને આખરે બાળકને એણે પંદરમું પગથિયું સહીસલામત ચઢતાં જોયું ત્યારે એના મનમાં એક પ્રકારની નિરાશા વ્યાપી જતી એણે અનુભવી. બાળકે છેક ઉપર પહોંચીને જાણે કે એની જ સામે આંખો માંડીને લુચ્ચાઈભર્યું હાસ્ય કર્યું. હસતાં હસતાં જાણે એને કહેતું ન હોય: જુઓ, એમ છે ત્યારે! ચઢી શકાયું ને મારાથી?...

ઉપરના માળની સામેની બારી ખૂલી. ચન્દ્રાએ બહાર ડોકિયું કર્યું. ભેજના ધૂંધળા આવરણની પાછળ લપાઈને એ ચન્દ્રને જોઈ રહ્યો. છટાથી ચન્દ્રાએ માથું હલાવીને આગળ ધસી આવેલી લટને ખભા પાછળ ખસેડી દીધી, એની આંખોની તરલ દૃષ્ટિ અહીંથી તહીં પતંગિયાની જેમ ઊડવા લાગી. એ બારી આગળથી ખસીને અંદર ગઈ. એણે ગુંજવા માંડેલા ગીતનો અસ્પષ્ટ ગુંજારવ હવાની ભીનાશમાં થરથરતો પ્રસરવા લાગ્યો. બાકીની અડધી ખુલ્લી રહેલી બારીને એણે બંધ કરી. એ રીતે પેલા થરથરતા ધ્વનિની અસ્થિર વિહ્વળતાથી જાણે કે પોતાની જાતને એણે સુરક્ષિત બનાવી દીધી. ફરીથી થોડી વાર રહીને ચન્દ્રા બારીએ આવી. એ નીચે કોઈ જોડે વાત કરતી હતી. એના હોઠ હાલતા હતા, એની આંખ નાચતી હતી ને એ તરત જ દોડી. એણે એને ધડધડ દાદર ઊતરતી જોઈ. એ દાદર ઊતરવાનો દ્રુત લય જાણે કે હવાને સિતારની જેમ બજાવી ગયો. એ સૂરને સાંભળવા કે પછી ચન્દ્રાનું લક્ષ્ય કોણ છે તે જોવા એણે સહેજ બારી ખોલીને ચોરની નજરે સહેજ જોઈ લીધું. ચન્દ્રા ... ને એની સાથે બીજું કોઈક, એને એ ઓળખી ન શક્યો; કારણ કે બંને એની તરફ પીઠ કરીને ચાલતાં હતાં. પણ એમનાં ચાર ચરણોની ચતુષ્પદીના છન્દને એ સાંભળતો હતો. એ છન્દ બધી

યતિઓને તોડીને નિર્બન્ધ વહી રહ્યો હતો. હવાની ભીનાશને ઠેલીને કશીક ઉષ્મા એની તરફ વહી આવતી હોય એવું એને લાગ્યું. એના લોહીમાં એ ઉષ્માના થતા પદસંચારને જાણે એણે સાંભળ્યોય ખરો ને એ સહેજ ચોંક્યો. એ ભયની એક ક્ષણમાં એની આંખ આગળથી અનેક દૃશ્યો પસાર થઈ ગયાં: હિમાલયનું એવરેસ્ટ શિખર, ગોળ ગોળ ફરતું ચકડોળ, બાગમાં લસરતાં બાળકો, બરફના ડુંગરો પરથી સ્કિઇંગ કરતાં સ્ત્રીપુરુષો, ઝડપથી દોડતી મોટર, તળાવમાં તરતી હંસી, પવનમાં ડોલતું કમળ, આછા પવનથી ઝૂમતું તૃણાંકુર ને એ જ આછા પવનથી ફરફરતો ચન્દ્રાનો વસ્ત્રાંચલ – એ અટક્યો. એણે બારી પરની ફૂલદાનીનો આશ્રય લીધો, એકાએક એના પર બધું વજન આવતાં ફૂલદાની તૂટી ગઈ. એણે ભીંતનો આધાર લીધો…

એણે ફરી આંખો ખોલી, હાથની આંગળીઓને સહેજ પહોળી કરીને એ બે આંગળીઓ વચ્ચેથી સહીસલામત રહીને એણે જોવાનો પ્રયત્ન કર્યો. ત્વરિત ગતિએ દોડ્યે જતા ઘોડાના પગ, એક છાપરા પરથી બીજા છાપરા પર ઠેકતી બિલાડી, પવનની આંગળી ઝાલીને નાચતુંકૂદતું પાંદડું, ઝાડની ડાળ પર સ્થિર બેઠેલું પંખી – એ પંખીના પર એની નજર ઠરી. એ પંખીની આંખમાં એને વિષાદ દેખાયો. એ કદાચ ધં◌ૂધળા ભેજનું પ્રતિબિમ્બ જ હશે! પણ પંખીની સ્થિરતા ને એની નિષ્પલક દૃષ્ટિને એ તારણાની જેમ બાઝી રહ્યો. ત્યાં બીજી બાજુથી દસપંદર પંખીઓનું ટોળું ઊડતું ઊડતું આવ્યું – ને એ પંખીઓની ગતિના આવર્તમાં આ સ્થિર બેઠેલું પંખી પણ ખેંચાઈ ગયું. એ જોઈ રહ્યો – અવકાશમાં જાણે કે એના ઉડ્ડયનની લકીરને આંકતું એ પંખી ઊંચે ને ઊંચે જઈ રહ્યું હતું. એ લકીરના તન્તુને હજુ એ બાઝી રહ્યો હતો. હવે તે તન્તુ પર ઝાઝું જોર દઈ શકાય એમ નહોતું તેની એને પળે પળે ખાતરી થતી જતી હતી. ને જો એ તન્તુને છોડી દે તો એ ક્યાં જઈને પટકાય?…

એણે મહામહેનતે આંખ ખુલ્લી રાખી પણ ઘડી ભર એને લાગ્યું કે એની આંખ જાણે જોવાની ક્રિયાને એકાએક ભૂલી ગઈ છે! બધું ધૂસર આર્દ્રતાથી લીંપાઈને એકરૂપ થઈ ગયું. ધીમે ધીમે ફરી એ આર્દ્રતાનું આવરણ આછું થયું ને એણે જોયું: રસ્તા પર એક મોટો કાળો પથ્થર સ્થિર થઈને પડ્યો હતો. એની દૃઢ સ્થિરતાના પ્રલોભનને સ્વીકારવું કે નહીં તેની દ્વિધામાં એ પડ્યો. છતાં એની દૃષ્ટિ એ પથ્થરને શેવાળની જેમ બાઝી રહી.

આ એની બાઝી પડેલી દૃષ્ટિની અસહાયતાના ભારથી અકળાઈને જ જાણે એ પથ્થરે પણ નાસવા માંડ્યું હોય એવું એને લાગ્યું. એ એની નજર આગળ સ્થિર છતાં અત્યન્ત ત્વરિત ગતિએ ભાગતા એ પથ્થરને જોઈ રહ્યો; ને કદાચ ધૂસરતાના પ્રલેપના જાદુથી એ પથ્થરને અવકાશમાં તેજનો લિસોટો મૂકીને દૂરસુદૂરની તારકમંડળીમાં ખોવાઈ જતો એણે જોયો.

એણે આંખ બંધ કરી. એના હૃદયના ધબકારા અન્ધકારે રચેલી નિસ્તબ્ધતામાં સ્પષ્ટ સંભળાવા લાગ્યા. એ ધબકારામાં એણે કોઈનાં દૂર ને દૂર ચાલ્યાં જતાં પગલાંનો પડઘો સાંભળ્યો. એની આંખમાંની દૃષ્ટિ, એની નસોમાં વહેતું લોહી – એ બધાં જાણે એની સ્થિરતાની શિલા નીચે કચડાઈને સળવળી ઊઠ્યાં, એનાથી છૂટવાને તલસી રહ્યાં.

ને એણે બારી તરફથી મોઢું ફેરવી લીધું, ભીંતને ટેકે મૂકેલી લાકડાની ઘોડી લીધી અને સ્થિર હાથે બંને બગલમાં ગોઠવીને એ બારીથી દૂર ને દૂર ખસતો ગયો.

મનીષા 8/1956

# ચુમ્બન

એણે એની સદ્‌ગત પત્નીની છબિ આગળ ઘીનો દીવો કર્યો, વીજળીનો દીવો બુઝાવ્યો ને બીજું કશું કરવાનું ન સૂઝતાં એ પથારીમાં પડ્યો. ઘીના દીવાની ઝાંખી પણ સ્થિર જ્યોત તરફ એ ઘડીભર જોઈ રહ્યો. એના ઝાંખા અજવાળામાં ઓરડો આખો જાણે તન્દ્રાવશ થયેલો લાગતો હતો. ઓરડાની બધી વસ્તુ, જાણે અધબીડી આંખે, પરાણે જાગતા રહેવાનો પ્રયત્ન કરતી, બેસી રહી હતી. એણે આંખ બંધ કરી. પત્નીના ચહેરાને મનશ્ચક્ષુ આગળ ઉપસાવવાનો પ્રયત્ન કર્યો. પણ એની બધી રેખા એના હાથમાં આવી નહીં. પાંચ વરસમાં આટલી હદે સ્મૃતિ ઝાંખી થઈ શકે ખરી? એ એના મનને સમજાવવા લાગ્યો: ના, કાંઈક આડે આવે છે. એ શું છે તે ખબર પડે તો એને ખસેડી નાખું ને તો એ છબિ પૂરેપૂરી પ્રકટ થશે. પણ આ પ્રયત્ન એને તરત જ પોકળ લાગ્યો. આખી પરિસ્થિતિની વિચિત્રતાથી એ મૂંઝાયો. ઘડીભર એમ ને એમ પડ્યો રહ્યો. થોડો વખત એણે જાગૃતિની સ્થિતિમાં ટકી રહેવાને કશુંક આલમ્બન શોધ્યું. એ શોધવાનો પ્રયત્ન ચાલુ હતો જ ને એ કશાક બળથી દૂર ઠેલાઈ ગયો...

માળિયામાં રહેલા ઉંદરે વીજળીનો દીવો હોલવાતાં સહેજ બહાર આવીને ડોકિયું કર્યું. થોડો શો પ્રકાશ જોતાં એને આશ્ચર્ય થયું. એ આશ્ચર્ય એણે નાકનાં નસકોરાંને બેચાર વાર સંકોચીને પ્રકટ કર્યું. કદાચ એને ઘીની વાસ આવી હોય ને તેથી એમ કર્યું હોય એમ પણ બને. એ વાસની દિશા તરફ એ થોડોક આગળ વધ્યો. પણ પછી એ વાસની દિશા ને પ્રકાશની દિશા એક જ છે એનું ભાન થયાથી કે પછી બીજા કશાક કારણે એ એકદમ થંભી ગયો. દિશા બદલી, ને પાછો માળિયામાં ભરાઈ ગયો...

... એને લાગ્યું કે એની ચારે બાજુ અંધારું હતું. એ અંધારું કાળું નહોતું. એનો રંગ ઊજળો હતો. એ બીજા કોઈ પદાર્થને પ્રકટ નહોતું કરતું માટે એ અંધારું હતું. અંધારાનો ઊજળો વિસ્તાર હતો. એ જોઈ રહ્યો. ઘડીભર એને થયું કે એ એની પથારીનો જ વિસ્તાર. તો પછી પોતે ક્યાં હતો? પથારીની ચાદરમાં એક જગ્યાએ કરચલી પડી હતી. એ કરચલીની પાછળ એણે પોતાને લપાઈ ગયેલો જોયો. ને એને તરત ભાન થયું કે કશાક ભયને કારણે જ એ આમ લપાઈ ગયો હશે. એ ભયનું કારણ આજુબાજુ જોવા લાગ્યો. પણ ક્યાંય કશું દેખાયું નહીં. આથી એ વધુ ગભરાયો ને એણે નાસવા માડ્યું...

ઉંદરે માળિયામાંથી બીજી વાર ડોકિયું કર્યું ત્યારે પરિસ્થિતિ બદલાઈ નહોતી. આથી ઘડીભર શું કરવું તેના વિચારમાં જાણે એ થોડી વાર એમ ને એમ ઊભો રહી ગયો. પછી એક પગે એણે નાકને સાફ કર્યું. એમ કરવાથી એનામાં સ્ફૂતિર્ આવી. વળી નસકોરાં સંકોર્યાં. પેલી ઘીની વાસ તો આવતી જ હતી. એણે કાન બરાબર માંડીને કોઈ પણ બાજુ ભયનું કારણ રહ્યું છે કે કેમ તેની તપાસ કરી ને આખરે આગળ વધવાનો નિશ્ચય કર્યો. તેમ છતાં એની ચાલમાં અનિશ્ચિતતા વર્તાતી હતી. એ થોડુંક ચાલીને એકાએક અટકી જતો હતો. એમ કરતાં કરતાં એ ટેબલ પર ખડકેલાં પુસ્તકોના ઢગ તરફ વળ્યો. નાક વડે એણે બરાબર સં◌ૂઘી જોયું. ઉપર પડેલા ભગવદ્ગીતાના જૂના ગુટકાનું એક પાનું સહેજ કાતર્યું. પણ પછી તરત જ અણગમો સૂચવવા નસકોરાં સંકોર્યાં. આજુબાજુ દૃષ્ટિ નાખી ને ખંચકાતે પગલે એ આગળ વધ્યો. દાંતના ચોકઠાવાળી દાબડીમાંથી આવતી વાસનું મનમાં પૃથક્કરણ કરતો હતો. એટલામાં જ પતંગિયાના ઝંપલાવવાથી દીવો બુઝાઈ ગયો. એ ચોંક્યો ને વળી માળિયામાં લપાઈ ગયો...

...નાસતાં નાસતાં જ એણે ધીમેથી આંખ ખોલીને જોયું તો અન્ધકારના વિસ્તારને વટાવી ગયો હતો. એ સહેજ થંભ્યો. ત્યાં એનાથી થોડે દૂર, એના તરફ જ મીટ માંડીને કોઈ એની પ્રતીક્ષા કરતું ઊભું હોય એમ એને લાગ્યું. એણે આંખ સ્થિર કરીને એ કોણ છે તે જોવાનો પ્રયત્ન કર્યો. પણ એ પ્રયત્ન કરતાંની સાથે જ જાણે કે પેલી દૂરતા એકાએક વધી ગઈ હોય એવું એને લાગ્યું. મનમાંથી એ પેલી વ્યક્તિ – ઘણું કરીને એ સ્ત્રી હતી એવું એને લાગ્યું – ને જોવાના પ્રયત્નને દૂર કરવા લાગ્યો. પણ એથી તો પેલી વ્યકિત વધુ ઝાંખી દૂરતામાં સરી જતી લાગી. આથી શું કરવું તેની વિમાસણમાં એ પડ્યો. આખરે

કશું ન સૂઝતાં એણે આંખ બંધ કરીને એ વ્યકિતનો આભાસ જે દિશામાં દેખાતો હતો તે તરફ દોડવા માંડ્યું. થોડી વાર સુધી એ એમ ને એમ દોડ્યે જ ગયો. પણ વળી એને કુતૂહલ થયું: લાવ ને, જોઉં તો ખરો, કદાચ હવે એ બહુ દૂર નહીં હોય! ને એણે આંખ ખોલી...

બુઝાયેલા ઘીના દીવાની ધૂમ્રસેર પણ જ્યારે અન્ધકારમાં પૂરેપૂરી અભિન્ન થઈને સમાઈ ગઈ ત્યારે બધે એકસરખા પથરાયેલા અન્ધકારથી કાંઈક વધુ વિશ્વસ્ત બનીને ઉંદર ફરી માળિયાની બહાર આવ્યો. હવે એ નિ:સંકોચ ઘીની વાસની દિશામાં આગળ વધવા લાગ્યો. બળી ગયેલા પૂમડાના અવશેષને એ ચાખવા ગયો. પણ એ તરતના હોલવાયેલા ગરમ પૂમડાથી એનું નાકનું ટેરવું દાઝ્યું. એણે વેદનાદર્શક ચૂંકાર કર્યો. થોડી વાર એ કચવાતો આમતેમ નજર ફેરવતો બેસી રહ્યો. પછી વળી પૂમડા તરફ વળ્યો. પણ બળેલા રૂની વાસવાળા ઘીમાં એને લિજ્જત આવી નહીં. નાકનું ટેરવું સંકોરીને એ ફરી આગળ વધ્યો. પથારીને એક છેડે ઓઢવાનું ખસી જતાં બહાર નીકળેલા પગના અંગૂઠાને એ જોઈ રહ્યો. નાકથી એને સૂંઘી જોયો. તેમ છતાં એ કશા નિર્ણય પર આવી શક્યો નહીં. આખરે હિંમત કરીને એણે એક દાંત માર્યો. ત્યાં તો એ અંગૂઠો એકદમ હાલ્યો ને ઉંદર વળી ભડકીને ભાગ્યો...

...આંખ ખોલતાં જ એને લાગ્યું કે જાણે પેલી વ્યક્તિ એને પગે બાઝીને એને વિનવી રહી છે. એ કાંઈક અસ્પષ્ટ બોલે છે પણ એનો કશો અર્થ એ સમજી શકતો નથી. એ એને કાંઈક કહેવા ગયો પણ એને શા નામે સમ્બોધવી તે એને સમજાયું નહીં. એ વાંકો વળ્યો. એના પોતાના પગ પેલી સ્ત્રીના વાળથી ઢંકાઈ ગયા હતા. એ સ્ત્રીના ખભાને પકડીને એને ઊભી કરવાનો એણે પ્રયત્ન કર્યો; પણ એમ કરવા જતાં એના હાથ એ વાળના અડાબીડ જંગલમાં જાણે કે ભૂલા પડી ગયા. ખભા જેવું કશુંક એના હાથમાં આવે એ માટે એણે ફંફોસ્યા કર્યું. પણ એના રેશમના તન્તુ જેવા વાળે રચેલી અટપટી જાળમાં એ એના હાથને વધુ ને વધુ ફસાતા જોઈ રહ્યો. એકાએક એનામાં ભયનો સંચાર થયો. એને પોતાના હાથ પોતાનાથી દૂર ને દૂર જતા લાગ્યા. એણે હાથને પાછા વાળી લેવા પ્રયત્ન કર્યો ને તેની સાથે જ એના પગ પરની પકડ મજબૂત થતાં એ ચમક્યો...

ઉંદર ફરી ખાટલા નીચેથી ઉપર આવ્યો. અંગૂઠાથી એ દૂર રહીને આગળ વધ્યો.

શરીરને ઢાંકતી ચાદર ઉપર થઈને એ દાઢી સુધી પહોંચ્યો. ત્યાં નાકમાંથી ચાલતા ઉષ્ણ શ્વાસોચ્છ્વાસનો એને સ્પર્શ થયો. આથી એ ખંચકાઈને ઊભો રહી ગયો. એની મૂછના વાળ ગાલને લાગતાં શરીર સહેજ હાલ્યું પણ આથી હવે ઉંદર ગભરાયો નહીં. થોડી વાર સ્થિર બેસી રહ્યો. ઓઢવાની ચાદરના ઊંચામાં ઊંચા ભાગ આગળ જઈને એને નસકોરાં સંકોરી સૂંઘવા માંડ્યું. ત્યાં એની નજર હોઠ પર પડી, એ તરફ આકર્ષાઈને એ સહીસલામત લાગતી જગ્યાએ સ્થિર થવાની પેરવીમાં પડ્યો, એકાદ વાર પગથી નાક સાફ કર્યું, આજુબાજુ નજર ફેરવી અને...

ત્યાં એકાએક એના હાથને પેલી સ્ત્રીના ખભાનો સ્પર્શ થયો. બધું બળ વાપરીને એણે સ્ત્રીને ઊભી કરી. એ ઊભી થયેલી સ્ત્રીનો ભાર એને પાડી નાખશે કે શું એવી એને ભીતિ લાગી. મહામુશ્કેલીએ એ સ્ત્રીના ઝૂકી પડેલા શરીરને આધાર આપીને પોતાની સ્થિરતા રાખી જાળવી શક્યો. ત્યાં વાળ ખસી જતાં સ્ત્રીનું મુખ ખુલ્લું થયું. એ ખુલ્લું થયેલું મુખ અમુક એક સ્ત્રીનું છે એવું એ નક્કી કરી શકતો નહોતો. એમ કરવામાં ક્યાંક કશુંક ખૂટતું હતું. એણે ફરીથી ધારીધારીને મુખ જોયું ને એકાએક લાલસાથી ઉત્તેજાઈને એણે મુખને વધારે નજીક આણ્યું. એક હાથને અર્ધવર્તુળાકારે રાખીને એના ઘેરાવામાં એણે મુખને સ્થિર કર્યું ને એના પર ઝૂકીને ચૂમવા વળ્યો; પણ એ ચૂમે તે પહેલાં અણધાર્યું જ એ મુખ એના તરફ વળ્યું ને એના હોઠને ચસચસાવીને ચૂમી લીધા. એના હોઠમાંથી નીકળતા લોહીના સ્વાદથી એ ચોંક્યો...

એણે લાઇટ કરીને જોયું તો એક ઉંદર ગભરાઈને માળિયામાં પેસી જતો દેખાયો.

# પ્રિયતમા

બપોરની ચાનાં વાસણ માંજવા શારદા વાડામાં ગઈ. એ વાંકી વળીને બેસવા ગઈ ત્યાં કબજાના ગજવામાં ગડી વાળીને મૂકેલા કાગળે અવાજ કર્યો. શારદાએ તરત જ ગભરાયેલી આંખે ચારે બાજુ નજર ફેરવીને જોઈ લીધું કે એ અવાજ કોઈ સાંભળી તો નથી ગયું ને! વાડામાં કોઢમાં બાંધેલી અધી ઊંઘતી વાછરડી ને આમતેમ દોડાદોડ કરતી બેચાર મરઘી સિવાય બીજું કોઈ નહોતું. છતાં ફરી પેલો અણસમજુ કાગળ અવાજ ન કરે એટલા માટે તેને ધીમેથી ઠપકો આપતી હોય તેમ એ બોલી: 'ચૂપ.'

વાસણ માંજતાં માંજતાં એના હાથમાંની બંગડીના થતા રણકારને સાંભળીને એનું મન ઓર તરંગે ચગ્યું. કશીક ન સમજાય એવી અધીરતાથી એ વિહ્વળ બની ઊઠી. એ કશુંક અસ્ફુટ સ્વરે ગુંજવા લાગી પણ એના ગુંજવાનો અવાજ સાંભળીને એને પોતાની જાતની જ નવાઈ લાગી, એ ગુંજતી અટકી ગઈ. વાસણ માંજવાનું કામ પૂરું થયું. રસોડામાં જઈને વાસણ ગોઠવ્યાં ને કશું કરવાનું નહીં સૂઝતાં એ વળી વાડામાં આવીને ઊભી રહી. વાછરડી પાસે જઈને વહાલથી પંપાળી. પેલા કાગળમાંની વાત વાછરડીના કાનમાં કહી દેવાને એ લલચાઈ. પણ તરત જ એ પોતાની આ મૂર્ખાઈ પર હસી પડી. એ કાગળમાં શું લખ્યું છે તેની એને પોતાને જ ક્યાં ખબર હતી! ને છતાં વાંચ્યા વગર, મનમાં ને મનમાં કેટલીય વાર પોતાની કલ્પનાથી આખા કાગળમાં શું લખ્યું હશે તેનું એ રટણ નહોતી કરી ચૂકી!

વાડામાંના આંબાની ઓથ લઈને કબજાના ગજવામાંથી કાગળ કાઢીને વાંચી લેવાની એને પ્રબળ ઇચ્છા થઈ. એ તરફ એ વળી પણ ખરી પણ તરત જ મનમાં થયું: 'એવી ઉતાવળ

શી છે?' ને એ પાછી વળી. એ આનન્દ જતો કરવાની એની ઇચ્છા નહોતી. એણે કોણ જાણે કેટલામી વાર એ દૃશ્યને ફરી મનની આંખ સામે ધારીને જોવા માંડ્યું: ગામને પાદરે, દવાખાનાના વળાંક આગળ, એકસાથે જૂથમાં ઊભેલી આમલીઓ વચ્ચે થઈને એ મલેરિયાથી પટકાઈ પડેલી માની દવા લેવા જતી હતી ત્યારે એકાએક એને કોઈએ ધીમેથી બોલાવી હોય તેવું લાગ્યું. સવારનો વખત હતો છતાં પહેલાં તો એ ચમકી, બીધી ને પછી સાવધ બનીને એણે આજુબાજુ નજર ફેરવી. પછી જોયું તો બલ્લુકાકાનો હેમન્ત! એને શું કામ પડ્યું હશે! એ ઘડીભર સ્તબ્ધ બનીને એની સામે જોઈ જ રહી. ત્યાં અધીર બનીને હેમન્તે એને હાથ કરીને પાસે બોલાવી. શબ્દને બદલે ઇશારાના થતા ઉપયોગથી એ વિચારમાં પડી ગઈ. એ પૂતળાની જેમ આગળ વધી. શિયાળાની સવારે એને શરીરે પરસેવો વળી ગયો. એ હજુ તો હેમન્ત સામે તાકી જ રહી હતી ત્યાં હેમન્તે ઝટ લઈને કશુંક એના હાથની આંગળીઓમાં ભરાવી દીધું. એમ કરવા જતાં હેમન્તનો હાથ એને સ્પર્શી ગયો. એ સ્પર્શથી ફરી ચોંકી ઊઠી ને આપોઆપ એક ડગલું પાછળ હઠી ગઈ. એના હાથમાંથી કાગળ નીચે પડી ગયો. હેમન્ત ધીમેથી પાસે આવીને લગભગ એના કાન પાસે મોઢું લાવીને બોલ્યો: 'શારદા, કાગળ લઈ લે, જલદી, કોઈ જોઈ જશે!'

હેમન્તનો ઉષ્ણ ઉચ્છ્વાસ એના કર્ણમૂળને સ્પર્શી ગયો. એને કારણે હેમન્તે શું કહ્યું તે સમજવાની સાન એ સાવ ખોઈ બેઠી ને ચિત્રવત્ ત્યાં ને ત્યાં ચકળવકળ જોતી ઊભી જ રહી ગઈ. હેમન્તે સહેજ દૂર સરી જઈને ઇશારો કર્યો, નીચે પડી ગયેલા કાગળ તરફ આંગળી ચીંધી. એ ભાનમાં આવી. એણે કાગળ ઉપાડી લીધો ને ઝટઝટ ગડી વાળીને કબજાના ગજવામાં સેરવી દીધો. પછી નજર કરી તો હેમન્ત નહોતો. એ પણ જલદી જલદી, જાણે કશું જ બન્યું નહીં હોય તેમ દવાખાના તરફ વળી.

એ સન્તોષથી હસી. આખું દૃશ્ય બરાબર ગોઠવાઈ ગયું. કશું બાકી રહી તો નથી જતું ને! એણે ફરી આખા દૃશ્ય પર એક નજર નાખી લીધી. ને ફરી વાર આંગળીને થયેલો પેલો સ્પર્શ સજીવ થઈ ઊઠ્યો, કાન આગળ પેલા ઉષ્ણ ઉચ્છ્વાસનો સ્પર્શ થયો. એને યાદ આવ્યું: મઘમઘતા મોગરાની વેણી પહેરીને એક દિવસ એ સૂઈ ગઈ હતી. પણ મોગરાની સુવાસ એને ઊંઘવા દે જ નહીં. થોડી વાર સુધી તો એને કશું સમજાયું જ નહીં. પછી એણે ગુસ્સે થઈને મોગરાની વેણી ઉતારીને ફેંકી દીધી ને ઘસઘસાટ ઊંઘી ગઈ. પણ

આ ઉષ્ણ ઉચ્છ્વાસના સૌરભભર્યા ઉત્તાપને એ શી રીતે ફેંકી દે? એ તો એને શ્વાસે શ્વાસે ઘૂંટાતો જતો હતો. એ વધુ ને વધુ વિહ્વળ બનતી જતી હતી. ગલગોટાનાં ફૂલ ઉપર ઊડી રહેલી પતંગિયાંની હારને એ જોવા લાગી. ત્યાં એકાએક અંદરથી એની માએ બૂમ પાડી ને એ ઘરમાં ગઈ.

માને તાવ ચઢતો હતો, ટાઢ વાતી હતી. એણે માને ધાબળો ઓઢાડ્યો ને પછી ખાટલાની એક કોરે બેસીને માને હાથ ફેરવવા લાગી. મા ચઢતા તાવના ભારથી કણસતી 'ઓ ભગવાન, હે પ્રભુ' બોલ્યે જતી હતી. થોડી વાર સુધી શારદા માનું એ રટણ સાંભળતી રહી. પણ તરત માનું એ રટણ સંભળાતું બંધ થયું ને એ તરંગે ચઢી: 'હવે નન્દિનીને ખબર પડશે. આજ સુધી મને ચીઢવતી હતી. પણ આજે આરતીને વખતે મહાદેવમાં મળશે ત્યારે આ કાગળની વાત કહીશ એટલે એ ઊભી ને ઊભી સળગી જશે. એ જોવાની કેવી મજા આવશે! એ એમ માને છે કે જાણે રૂપ તો એને એકલીને જ મળ્યું છે. હું કંઈ કમ નથી. નહીં તો હેમન્ત –' હેમન્ત આગળ આવીને એ અટકી. એકાએક શરમાઈ ને નીચું જોઈ ગઈ. એ નામ મનમાં લેતાં પણ એ શરમાઈ જતી હતી. આ શરમના ભારથી મન આગળ ઉપસાવેલી પેલી રેશમી ભાતનો તન્તુ તૂટી ગયો ને ફરી માનું 'હે ભગવાન, હે પ્રભુ'નું રટણ એને સંભળાવા લાગ્યું. માનો તાવ વધતો જતો હતો. ઘરમાં બીજું કોઈ હતું નહીં.

માએ કહ્યું: ' શારદા, દવાનો ભાગ આપ તો.'

એ દવા લેવા ઊઠી. કબાટના ધુમાડાથી ઝાંખા બનેલા કાચમાં એણે પોતાનું પ્રતિબિમ્બ જોયું ને એ સહેજ ઊભી રહી ગઈ. હેમન્તની આંખે એ પોતાને જોવા લાગી. ને એને નન્દિનીના શબ્દો યાદ આવ્યા: 'તારી સામે કોણ જુએ? જોને તારું નાક? કેટલું પહોળું થઈને પથરાયું છે! ને તારી આગળ ધસી આવેલી દાઢી ને આ ઝીણી ઝીણી આંખ…' એ અટકી. નન્દિનીની વાત ખોટી નહોતી. પણ તેથી શું? હેમન્તને જો એ ગમતી હોય તો પછી નન્દિની ભલે ને ગમે તે કહે! ને એ ફરી પોતાના પ્રતિબિમ્બને ધારીધારીને જોવા લાગી. ત્યાં માએ બૂમ પાડી: 'શારદા, ઓ શારદા! વળી ક્યાં ટળી? છોકરીનું કશામાં ચિત્ત જ નહીં ને! લાવ, દવા લાવ.'

શારદાએ પોતાની જાતને કબાટ આગળથી ખસેડી. દવા લીધી ને માને પાઈ. દિવસ નમવા આવ્યો હતો. જો મા થોડી વાર જંપે તો અંધારું થાય તે પહેલાં ઉપર મેડીએ જઈને કાગળ વાંચી લેવો એવું એણે મન સાથે નક્કી કર્યું. ને એ વળી ખાટલાની ધારે બેઠી બેઠી માને માથે હાથ ફેરવવા લાગી. માનું કણસવાનું ચાલુ જ રહ્યું. એકાએક એના મનમાં વિચાર આવ્યો: 'ધારો કે એણે મને સાંજ પહેલાં ક્યાંક મળવાનું લખ્યું હોય તો! ને મેં મૂરખીએ હજુ તો કાગળ ખોલ્યો સરખો નથી!' આ વિચારથી એ વળી ખૂબ અધીર બની ઊઠી. એનાથી ઊભા થઈ જવાયું. એ ફરી વાડામાં ગઈ. જઈને જોયું તો ગલગોટા સાંજના પવનથી લહરીના લયે ઝૂલતા હતા, વાછરડીની નજર ઝાંપા તરફ હતી, ગાયને આવવાનો વખત થયો હતા. દૂરનાં છાપરાંઓમાંથી ધુમાડો નીકળતો હતો. સાંજના ચૂલા સળગી ચૂક્યા હતા ને એણે તો હજુ કશું કર્યું નહોતું. એક વાત યાદ રાખવા જાય તો બીજી ભુલાઈ જતી હતી. પહેલાં શું કરવું તેનો વિચાર કરતી વળી એ થોડી વાર ઊભી રહી ગઈ. ત્યાં તો ગાય આવી. વાછરડીએ કૂદાકૂદ કરી મૂકી. ગાયને એણે બાંધી, દૂધ દોહવાની તામડી અંદરથી લઈ આવી ને વાછરડીને છોડી. વાછરડી માથું મારતી જાય ને ધાવતી જાય. શારદા મુગ્ધ બનીને એ જોઈ રહી. પછી એકાએક એને ભાન આવ્યું. વાછરડી બધું દૂધ ધાવી જશે તો! ને એણે વાછરડીને ખેંચીને ફરી બાંધી. દૂધ દોહવા માંડ્યું. દૂધની પહેલી સેર તામડીમાં પડતાં જે અવાજ થયો તેને એ કાન દઈને સાંભળી રહી. એ અવાજથી ફરી એ વિહ્વળ બની. ઘડીઘડીએ પોતાની જાત પરથી કાબૂ જતો રહેશે કે શું એવી એને ભીતિ લાગવા માંડી. એણે દૂધ દોહવાનું પૂરું કર્યું ને વાછરડીને ફરી છોડી. વાછરડી ગેલમાં આવી ગઈ ને ધાવવા લાગી. ફરી એને બાંધવા ગઈ ત્યારે વાછરડી એને ગાંઠી નહીં. વાછરડી એના હાથમાંથી દોરડી છોડાવીને આખા વાડામાં કૂદાકૂદ કરવા મંડી. એની અડફડમાં આવતાં મરઘીઓએ કકલાણ મચાવી મૂક્યું. શારદા વાછરડીની પાછળ દોડી, પણ વાછરડી એના હાથમાં આવતી નહોતી. એક વાર તો દોરડી માંડ હાથમાં આવી ને છૂટી ગઈ. વાછરડીની પાછળ શારદા પણ કૂદાકૂદ કરવા મંડી. એનામાં કોણ જાણે ક્યાંથી નવું બળ આવ્યું. વાછરડીને પકડવાની વાત એ લગભગ ભૂલી ગઈ. સાંજના પવનની લહેર સાથે એ ફેરફુદરડી ફરવા લાગી, આકાશની તારામઢી ચૂંદડી એને અંગે લપેટાઈ ગઈ, નદી એની સહિયર બનીને ગરબે ઘૂમવા લાગી, વાંસના વનમાં શરણાઈ બજી ઊઠી, એનાં કર્ણમૂળ આગળ હજારો મોગરા મહેકી ઊઠ્યા...

ત્યાં માએ અંદરથી બૂમ પાડી: 'શારદા, આ શી ધમાચકડી મચાવી છે? મારો જીવ જવા બેઠો છે ને તું આવડી મોટી ઢાંઢા જેવી થઈ છે તોય…' આટલું બોલતાં મા હાંફીને અટકી ગઈ.

શારદાએ વાછરડીને બાંધી માને સુવડાવી. પછી રસોડા તરફ વળી. બાપુને સીમમાંથી આવવાનો વખત થયો હતો. સાંજના છની બસ આવી ગઈ હતી. એ તુલસીના ક્યારા આગળ ઘીનો દીવો કરવા ગઈ. દીવો કરીને એણે હાથ જોડ્યા, આંખ બંધ કરી, મહાદેવનું ધ્યાન ધર્યું પણ આંખ સામે જુદી જ મૂતિર્ દેખાઈ. એણે ગભરાઈને આંખો ખોલી નાખી ને કોઈ ન જુએ તેમ કબજાના ગજવામાંથી કાગળ બહાર કાઢ્યો. એની ગડી ઉકેલતાં એની આંગળી કમ્પવા લાગી. સાંજના ઝાંખા અંધારામાં ઘીના દીવાને અજવાળે એ કાગળ વાંચવા લાગી:

'પ્રિયતમા…'

આ શબ્દ વાંચીને એ શરમાઈ ગઈ. એ શબ્દને એણે પાસાદાર હીરાની જેમ ચારે બાજુથી ધારીધારીને જોયા જ કર્યો, મનમાં રમાડ્યા જ કર્યો, થાબડ્યા જ કર્યો. ત્યાં મન્દિરની આરતીનો અવાજ સંભળાયો ને એ આગળ વધી:

'કાલથી તને મળવાની તક શોધું છું. પણ તું ભારે ચાલાક છે. બે વાર તો તું હાથતાળી આપીને છટકી ગઇ. તું રિસાઈ છે? રિસાઈ હોય તો તું કહે તેવી રીતે તને મનાવી લઉં. તારા સિવાય કશામાં મારું મન ચોંટતું નથી. આવી ચાંદની રાતે તારા ખોળામાં સૂતાં સૂતાં એકસાથે બે ચન્દ્રનાં દર્શન કરવાનું મને મન છે. નદીને કાંઠે પેલા પથ્થરોની વચ્ચે તું આવીને મારી રાહ જોજે. તારે રાહ જોવી નહી પડે, હું ત્યાં હોઈશ જ. તું દૂરથી મારા તરફ ચાલી આવતી હોય છે ત્યારે તું ન જાણે તેમ હું તને લપાઈને જોયા કરું છું, એ મને ખૂબ ગમે છે. તો તું આવીશ ને? આ કાગળ તને શારદા મન્દિરની આરતી વખતે આપશે. એ બાઘી બરાબર સમજી નહીં હોય એવું મને લાગ્યું પણ શું કરું? નન્દિની, નન્દિની, નન્દિની, જલદી આવ.

– હેમન્ત'

કાગળ શારદાની પહોળી થયેલી આંગળી વચ્ચેથી સરી ગયો. શારદા રસોડા તરફ વળી. ચૂલામાં લાકડાં સળગાવ્યાં. ધુમાડાથી એની રાતી આંખોમાં પાણી ભરાયાં. સાંજના છેલ્લા કિરણની શિખાએ આંસુ સળગી ઊઠ્યાં.

# ગૃહપ્રવેશ

પોતાના ઘરથી વીસેક ડગલાં દૂર જઈને એ ઊભો રહ્યો. એણે ઘર તરફથી આંખોને વાળી લીધી હતી છતાં પેલી બે છાયાઓને એ હજુ જોઈ રહ્યો હતો. ઠંડી એના હાડ સુધી ઊંડે ઊતરી જઈને જાણે એનામાંથી કશુંક શોધી કાઢીને બહાર છતું કરી દેવા ઇચ્છતી હતી. એ દરમિયાન એના મનમાં એક વિચિત્ર તરંગ સ્ફુર્યો. એણે થોડા શબ્દો મનમાં ગોઠવ્યા. એને રમત રમવાનું મન થયું. એને બાગબગીચાનો ખૂબ શોખ હતો. એ અનેક જાતની કલમો કરતો. ફળના છોડ સાથે ફૂલના છોડની કલમ કરીને ફળમાં એ ફૂલની સુવાસ ભેળવવાના એણે અનેક પ્રયત્નો કર્યા હતા. મનમાં ગોઠવેલા થોડા શબ્દો સાથે એણે એવી જ રમત શરૂ કરી. પ્રેમ, ઈર્ષ્યા, ઘૃણા, દયા, ઝંખના, પ્રતીક્ષા, આતુરતા – એ શબ્દોને છોડના રૂપમાં જોતો ગયો, એ બધાનું વિચિત્ર મિશ્રણ કરી એનાં એથીય વધુ વિચિત્ર પરિણામોની કલ્પના કરવાની એને મજા પડી. આખી ભાષાનું કલેવર બદલી નાખવાની રમત રમવાનું એને મન થઈ આવ્યું. શબ્દોને બાઝેલા અધ્યાસપિણ્ડને ખંખેરી નાખી એને નવેસરથી નવી ધરતીમાં, નવા વાતાવરણમાં એ રોપવા મંડી ગયો. ને એને યાદ આવ્યું: આવતી કાલે સવારે પેલા ગુલાબના છોડ પર બેઠેલી કળી ખીલતાં કેવો રંગ પ્રકટ કરે છે તે જોવા એ કેટલો આતુર હતો! ને એની સાથે એને ફરી ઘર યાદ આવ્યું ને ઘર સાથે પેલી બે છાયાઓ…

અન્ધકાર અને ઠંડીનાં પડ વચ્ચે એને જડી દેવાને કોઈ ખીલા ઠોકતું હોય તેમ દસના ટકોરા ક્યાંક ઠોકાયા. એક ટકોરાથી તે બીજા ટકોરા સુધીના અન્તર વચ્ચે એ ખેંચાયો, રહેંસાયો, ઉતરડાયો. દસનો ટકોરો પડ્યા પછી જ્યારે એના રણકા શમ્યા ત્યારે જાણે

એને કળ વળી. એણે ફરી જીવવું શરૂ કર્યું – પોતાની આખી જાતનો ભાર ઉપાડીને જીવવાનું એને કપરું લાગ્યું. એનાં અંગેઅંગ આજે એને મદદ કરવાને બદલે જાણે એના મનમાંના સહેજ સરખા ભારને વધારી મૂકવાનું કાવતરું કરી રહ્યાં હતાં. બે સંપીલી આંખોને છૂટી પાડીને દૂર ફેંકી દેવાનું એને મન થયું. બે પગને વિખૂટા પાડીને સ્થળના એક બિન્દુને હજારો ટુકડામાં છિન્નભિન્ન કરવાને એ મથ્યો. કસીને બાંધેલી ગાંઠ છોડી નાખીને બધું વેરવિખેર કરી નાંખવાની એને ઉત્કટ ઇચ્છા થઈ આવી. ને ત્યારે એને સમજાયું કે પેલા દર્દે જ એને સાંધીને એવું રેણ કરી દીધું હતું કે એ રેણને ઓગાળી નાખવા માટે એ દર્દથી અનેક ગણા ઉત્કટ દર્દનો તાપ જો એ પામી શકે તો જ એમાંથી છૂટી શકે એમ હતું. એ હતાશ થયો ને છતાં એ હતાશા એને સાવ નમાલી લાગી. એને પોતાની હતાશા કહેવા જેટલીય ઇચ્છા નહીં થઈ – એ હતાશાને એણે તિરસ્કારથી ફગાવી દીધી.

હતાશાના ફેંકાવા સાથે જાણે એ પણ ફેંકાયો. અત્યાર સુધી એ એક જગ્યાએ ઊભો જ રહી ગયો હતો. એને કોઈ અજાણી ગતિનો ધક્કો લાગ્યો ને એણે ચાલવા માંડ્યું, ચાલવાની સાથે જ જાણે એણે પેલી અજાણી શક્તિના રાજ્યમાં હાર કબૂલ કરીને પ્રવેશ કર્યો ને એણે જોયું તો કશું જ એ પાછળ મૂકી શક્યો નહોતો. પ્રેમ, ઈર્ષ્યા, ઝંખના, ઘૃણા – બધાં જ એની આંગળીએ વળગીને સાથે ચાલતાં હતાં, નવી આબોહવામાંથી નવું પોષણ મેળવીને એ બધાં હવે શો ભાગ ભજવશે તેની કલ્પનાથી એ ધ્રૂજી ઊઠ્યો ને એણે ફરી અટકી જઈને સ્થિર થવાનો પ્રયત્ન કર્યો…

‘કોણ?’

‘હું…’ બારણું ખૂલ્યું. ઉઘાડનાર સ્ત્રીની આંખમાં ભય હતો? કુતૂહલ હતું? કે નરી ઉદાસીનતા? એ સહેજ ઊભો રહી ગયો.

‘આવો ને, કેમ, કાંઈ ખાસ કામ હતું?’

‘હા…ના… એવું ખાસ તો કશું જ નહીં.’ એ શબ્દોને ઊંચકીને બહાર કાઢતાં થાકી ગયો. એનો છેલ્લો શબ્દ એને પોતાને જ સંભળાયો નહીં.

‘એ તો બે દિવસથી બહારગામ ગયા છે. કદાચ ગુરુવારે આવે…’

એને આશ્ચર્ય થયું. એણે જે શબ્દો સાંભળ્યા તેનો એ કશો અર્થ કરી શક્યો નહીં, કોઈએ જાણે એ શબ્દોના ચહેરાને ભૂંસી નાખ્યા હતા. માત્ર આકાર રહી ગયા હતા! ને એ જોઈ રહ્યો.

‘સારું થયું, તમે આવ્યા તો – કાલે બાજુમાં જ બે ગુંડાઓ ઘૂસી ગયા હતા.’

ફરી શબ્દોનો ભાર ઊંચકવાનો એણે પ્રયત્ન કર્યો. એ કશુંક બોલ્યો ખરો, શું તે એને જ સમજાયું નહીં. એના જવાબમાં પેલી સ્ત્રીએ પણ કશું કહ્યું ને એને લાગ્યું કે આખી પરિસ્થિતિથી એ બહુ છેટે રહી ગયો છે. હજુ એ ત્યાં પહોંચ્યો નથી તે પહેલાં પરિસ્થિતિ સરજાઈ ગઈ છે. ઘટનાનો વ્યુત્ક્રમ એ આશ્ચર્યથી જોઈ રહ્યો. પોતાની પાછળ રહી ગયેલી જાતને સહેજ ધક્કો મારીને વર્તમાન સુધી ખેંચી આણવાનો એણે પ્રયત્ન કરવા માંડ્યો…

‘મેક્સિકોમાં બર્નાડીનું ખૂન… સિનોરા ગિયોવાનીનો પ્રેમ મેળવવાની સ્પર્ધા… બ્રહ્મપુત્રામાં આવેલાં પૂર… ટાંગાનિકાના જંગલમાં લાગેલી આગ… સિંહોની નાસભાગ… જાપાનમાં ફુંકાયેલો ઝંઝાવાત…’ એણે પોતાની જાતને જેટલી બની શકે તેટલી દૂર વીંઝી. એને ખૂબ ખૂબ દૂર નીકળી જવું હતું, શબ્દોની જટાજાળને તોડીફોડીને એ ભાગતો હતો. એકાએક પેલી સ્ત્રીના એક શબ્દે એને જાણે રોકીને ઊભો રાખ્યો:

‘પ્રફુલ્લભાઈ…’

‘પ્રફુલ્લ’ અને ‘હું’ વચ્ચે સમ્બન્ધના તાણાવાણા ગુંથાવા માંડ્યા, એના તન્તુ વચ્ચે એ ફસાતો ગયો.

… સહરાનું રણ … આંધી … પવનનો સુસવાટ … રેતીના કણ … સમુદ્રની છોળ … કાળમીંઢ ખડકો … પાણીનો અથડાવાનો અવાજ … નજીક ને નજીક આવતો જતો અવાજ … છેક જ નજીક … છાતી પાસે … છાતીનો ધબકાર …

ને એ બોલ્યો: ‘રમાબહેન, ગભરાશો નહીં, હું ગુરખાને સાવચેત રહેવાનું કહીને જાઉં છું.’

‘પણ પ્રફુલ્લભાઈ, મને બહુ બીક લાગે છે. તમે માયાને લઈને અહીં આવો ને.’

‘માયા’... ને એ ઊઠ્યો. ઊઠતાં ઊઠતાં નહીં ‘હા’ કે નહીં ‘ના’ જેવું કશુંક એ બોલ્યો. એની પાછળ બારણું બંધ થયું. વળી એ અન્ધકાર વચ્ચે આવીને ઊભો. એ અન્ધકાર એના શરીરમાં અનેક છિદ્ર પાડીને પેસવા લાગ્યો, અન્ધકાર અને ઠંડીએ મળીને એને જાણે જર્જરિત કરી નાંખ્યો. એ જર્જરિત કલેવરમાંથી પેલી બે છાયા જો સરી પડે તો...

એણે જોયું તો એ વળી એક જગ્યાએ સ્થિર થઈને ઊભો રહી ગયો હતો. એની સાથે એનો પડછાયો પણ સ્થિર થઈને ઊભો હતો. સ્થિર થતાંની સાથે જ એની અંદરનું બધું ફરી એક કેન્દ્ર શોધીને વ્યવસ્થિત થવાને મથતું હોય એવું એને લાગ્યું ... ને એ ફરી ગભરાયો. એણે ચાલવા માંડ્યું. વળી એને લાગ્યું કે વર્તમાન એની આગળ નીકળી જાય છે, ને એ પાછળ રહી જાય છે. એ પહોંચે તે પહેલાં બીજી નવી ઘટના સરજાઈ ગઈ હશે એવી ભીતિથી એણે પોતાની જાતને ધક્કો માર્યો.

‘કોણ? પ્રફુલ્લ? અત્યારે ક્યાં નીકળ્યો છે?’

એણે પાછળ ફરીને જોયું તો સુહાસ એને બોલાવી રહ્યો હતો. એણે પોતાની જાતને સુહાસને સોંપી દીધી. એની સાથે એણે ચાલવા માંડ્યું. સુહાસનું ઘર આવ્યું. એ અંદર દાખલ થયો, એની સાથે જાણે એક નવી ઘટનામાં એ પણ દાખલ થયો. એ ઘટનાની કોઈ ત્રિજ્યા એને અડે નહીં તેની એણે સાવસેતી રાખી. વાતો શરૂ થઈ.

‘અમે તો જુલાઈમાં કાશ્મીર જવાનાં છીએ, તું આવશે ને?’

‘હું તો કાશ્મીર આગળ જ અટકવા માગતો નથી, ત્યાંથી આગળ જવા ઇચ્છું છું.’

‘એમ? તારો કાર્યક્રમ ઘડી પણ રાખ્યો છે?’

‘ના, કાર્યક્રમ મને ઘડે છે. ચીનની શાહજાદીનું નિમન્ત્રણ છે. ત્યાં જવું પડશે... ‘

સુહાસ હસ્યો,' મૂરખ, ચીનમાં હવે શાહજાદી રહી નથી તે જાણતો નથી?'

'શાહજાદીને હાથતાળી આપીને છટકી જવું પડશે, નહીં તો એના બાહુપાશમાંથી છૂટવું બહુ મુશ્કેલ છે.'

વળી સુહાસ હસ્યો. 'પછી મોંગોલિયાના ચંગિઝખાનનો જમાઈ થવા જઈશ, નહીં?'

'ચંગિઝખાનને મળવાનો તો વખત નથી. કામરૂદેશની રાણીની આંખમાંથી મોતીની વર્ષા વરસે છે. એ ઝીલું નહીં ત્યાં સુધી એ વૃષ્ટિ અટકે એમ નથી.'

સુહાસ હસતાં હસતાં બેવડ વળી ગયો. અંદરના ઓરડામાંથી કાન્તાએ આવી પૂછ્યું: 'તમને બંનેને થયું છે શું? મધરાતે આ શો ધંધો લઈને બેઠા છો?'

સુહાસ હસવું ખાળી શક્યો નહીં. માત્ર અણસારથી એણે પ્રફુલ્લને બતાવ્યો. 'ત્યાંથી જરા ઉર્વશીનો પગ મચકોડાઈ ગયો છે તે સરખો કરવા જવાનું છે.' કાન્તા પણ હસવા માંડી. તથ્યની સીમામાંથી એ ભાગ્યો, એને જાણે પાંખ આવી. હાસ્યનાં મોજાં ઉછાળતો એ ભાગ્યો.

ત્યાં કાન્તાએ પૂછ્યું: 'કેમ, માયાને એકલી મૂકીને અત્યારે ક્યાંથી આવી ચઢ્યો?'

ને તે અટક્યો. પછડાયો. 'માયા'... એને કશુંક ચારે બાજુથી વીંટળાઈ વળ્યું ને એ નીચે ને નીચે ઊતરતો ચાલ્યો. બ્રહ્મપુત્રાનાં પૂર ... સહરાના રણની આંધી ... જાપાનનો ઝંઝાવાત ... એ ગરકતો ચાલ્યો.

વાતો ચાલતી રહી, એ બોલતો રહ્યો, સાંભળતો રહ્યો ને સાથે સાથે ગરકતો ગયો – બ્રહ્મપુત્રાના પેટાળમાં, આંધીના આવર્તમાં, ઝંઝાવાતના અત્યન્ત ગતિથી ઘૂમતા ચક્ર નીચે! ને છતાં એ અખણ્ડ છે. એના ચૂરેચૂરા થતા નથી? એનામાંનું બધું જ એકબીજાને બાઝીને, વળગીને રહ્યું છે, કશું છૂટું પડતું નથી, કશું એને ભીંસી રહ્યું છે.

ને એણે સુહાસ તરફ જોયું. એ દૃષ્ટિમાં વફાદાર કૂતરાની આંખમાં માલિકને અમુક

જગ્યાએ લઈ જવાને માટેની જે નિ:શબ્દ વિનંતી હોય છે તે હતી, એ સુહાસ તરફ જોતો જ ઊભો થયો.

‘ચાલો, મોડું થયું. હું જાઉં.’ ને એ ચાલ્યો. જતાં જતાં વફાદાર કૂતરો જેમ માલિકને કપડું મોઢામાં ઘાલીને ખેંચે તેમ સુહાસને ખેંચતો ગયો. આખે રસ્તે બંને કશું બોલ્યા નહીં. કરાડની સાંકડી ધાર પર એકાએક આવી ચઢતાં જેમ નીચેની ઊંડી ગર્તાને જોતાં હેબતાઈ જવાય તેમ એ બંને હેબતાઈને મૂક થઈ ગયા હતા. દસ મિનિટનો એ રસ્તો પૂરો કરતાં જાણે ખગોળની પ્રદક્ષિણા ફરી વળ્યા હોય એવું એમને લાગ્યું.

પ્રફુલ્લ ઊભો રહી ગયો. માયાનું ઘરમાંથી આવતું મુક્ત હાસ્ય એના તરફ ધસી આવ્યું, એને ઘેરી વળ્યું. એણે એને વમળમાં ઘૂમરી ખવડાવી. બધું એને ફરતું લાગ્યું, આકાશના તારા નીચે આવીને વેરાઈ ગયા, સૂર્યચન્દ્ર ક્યાં ને ક્યાં ફેંકાઈ ગયા … બધું વિખૂટું પડીને વેરાવા લાગ્યું …

સુહાસ ઘરમાં દાખલ થયો. પેલું હાસ્ય થંભી ગયું. ઘરમાં બે પડછાયાને બદલે ત્રણ પડછાયા દેખાયા. એક પડછાયાએ બીજાને બોચીમાંથી ઝાલ્યો ને ભોંય પર પછાડ્યો. કોઈની ચીસ સંભળાઈ. એ ચીસ એને જાણે બહારથી અંદર તેડી ગઈ. એ અંદર ગયો ત્યારે એને લાગ્યું કે એ બહાર રહી ગયો હતો ને એનો પડછાયો જ અંદર પ્રવેશ્યો હતો.

મનીષા 1/1956